## ACKNOWLEDGEMENT


We sincerely express our gratitude to **“Shree Kundkund Kahan Sat Sahitya Prachar, Borivali”** from where we have sourced **“Samaadhini Swatantrataa Part-1”**(Pravachans on Shree Samaadhitantra by Pujya Shree Kanji Swami)


**“Shree Kundkund Kahan Sat Sahitya Prachar, Borivali”** have taken due care, However, if you find any typographical error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to “**Shree Kundkund Kahan Sat Sahitya Prachar, Borivali**” at gnayakforever@gmail.com



# સમાધિની સ્વતંત્રતા

ભાગ - ૧





ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# સમાધિની સ્વતંત્રતા

## ભાગ ૧

પૂજ્યપાદસ્વામી વિરચિત

## સમાધિતંત્ર

શાસ્ત્ર ઉપર થયેલ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના

શ્લોક નં. ૧ થી ૭ સુધીનાં અક્ષરશઃ ૧૫ પ્રવચનો

: પ્રકાશક :

શ્રી કુંદકુંદ - કહાન સત્ સાહિત્ય પ્રચાર - બોરીવલી

D - 16/205, યોગી નગર, એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - 400 092

ફોન - 2863 1155 / 93228 90089

E-mail - gnayakforever@gmail.com

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઇ. સ. |
| --- | --- | --- | --- |
| ૩૨ | ૨૫૩૮ | ૨૦૬૮ | ૨૦૧૨ |


: પ્રકાશન :

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૩ મી જન્મજયંતિનાં

મંગલમય પ્રસંગે, ગજપંથા સિદ્ધક્ષેત્રે

તા. ૨૩.૪.૨૦૧૨ વૈશાખ સુદ - ૨

સુધારેલી આવૃત્તિ : ૧૦૦૦ પ્રત

મુલ્ય : ધારાવાહિ સ્વાધ્યાય

મુદ્રક : સિલ્વર પ્રિન્ટસ્, વસઇ - પૂર્વ.
ટે. ૦૨૫૦ ૩૨૧૧૩૦૪ / ૦૫

# ''સમાધિની સ્વતંત્રતા'' પ્રાપ્તિ સ્થાન

**મુંબઇ:**

**બોરીવલી:**

**શ્રી કુંદકુંદકહાન સત્ સાહિત્ય પ્રચાર**
ડી-૧૬/૨૦૫, યોગી નગર,
એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ)
મુંબઇ - ૪૦૦ ૦૯૨.
ફોન: **2863 1155 / 9322890089**

**પાર્લા:**

**શ્રી કવિન્દ્ર ગાલા**
ચોથેમાળે, સિદ્ધિ દીપ,
રુઇયા સ્કુલની સામે,
મહંત રોડ, વિલેપારલે (ઇસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૫૭
ફોન: **2610 2865 / 9892238006**

**દાદર:**

**શ્રી રમેશભાઇ બુરિચા**
૩૦૧, સનશાઇન હાઇટસ,
જ્ઞાનમંદિર રોડ, દાદર (વેસ્ટ),
મુંબઇ - ૪૦૦ ૦૨૮
ફોન: **2438 8787 / 9820498454**

**ઘાટકોપર:**

**શ્રી વિજયભાઇ બોટાદરા,**
B/27, મહાવિર - પ્રકાશ,
વલ્લભબાગ લેન,
ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.
ફોન: **2506 8790 / 98191 95353**

**કલકત્તા:**

**શ્રી પ્રકાશભાઇ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ,
ખાલસા સ્કુલની સામે, ભવાનીપુર,
કલકત્તા -૨૦.
ફોન: **033-24868518 / 9830331010**

**રાજકોટ:**

શ્રી સીમંધર કુંદ કુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
સ્વરૂચી, યોગીનિકેતન પ્લોટ,
સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન: **0281-2477728 / 9374100508**

**જામનગર:**

શ્રી પરેશભાઇ વાધર
૨૫, દિગ્વીજય પ્લોટ, જામનગર.
ફોન: **02882-560566**

**સોનગઢ:**

**ડૉ. માધુરીબેન એસ. નંદુ**
ધ્રુવધામ, રોજકોટ-ભાવનગર મેઇનરોડ,
મુ.પો. સોનગઢ, જી. ભાવનગર.
ફોન: **02846-244132**

શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૧૧૫ પ્રવચનો ટોટલ પાંચ ભાગમાં પ્રકાશિત કરવામાં આવશે.

શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર, બોરીવલીનુ આ ‘સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧’ (સુધારેલી આવૃત્તિ) તે છઠ્ઠું પુસ્તક છે.

આ પુસ્તક પ્રકાશનમાં અજાણતાં કાંઇ ક્ષતિ રહી ગઇ હોય તો તે બદલ અમો ક્ષમા માંગીએ છીએ અને મુમુક્ષુગણ પાસે માર્ગદર્શનની અપેક્ષા પણ રાખીએ છીએ.

અંતમાં આ પુસ્તકનાં સ્વાધ્યાયથી સૌ આત્માર્થીઓ પૂજ્ય આચાર્ય ભગવંત તથા પૂજ્ય ગુરુદેવશ્રીનું હ્રદય સમજીને પોતાના જ્ઞાન - શ્રદ્ધાનમાં અવધારીને ત્વરીત પોતાના ભગવાન આત્માના દર્શન કરી લ્યે તેવી મંગલ ભાવના....

## —: શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચારના પ્રકાશનો :-

૧. સ્વતંત્રતાનો ઢંઢેરો

૨. સ્વતંત્રતાની પરાકાષ્ટા

૩. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧

૪. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૨

૫. જ્ઞાનનો સ્વતંત્ર સ્વયંવર

આ પુસ્તક http:/www.AtmaDharma.com તથા http:/www.vitragvani.com પર ઉપલબ્ધ છે.

**સમાધિપ્રાપ્ત સર્વે સંતોને નમસ્કાર**

# સુધારેલી આવૃત્તિનું પ્રકાશકીય નિવેદન

શરીરાદિ પરપદાર્થોમાં તથા પરભાવોમાં એકત્વબુદ્ધિ છોડીને, સંસારથી મુક્ત થવાના દિવ્ય સંદેશા **ભગવાન શ્રીપૂજ્યપાદઆચાર્યે** આ **સમાધિતંત્ર યા સમાધિશતક**માં આપ્યા છે. તે શાસ્ત્ર ઉપર સંસ્કૃતટીકા શ્રીપ્રભાચંદ્રઆચાર્યે કરી છે.

સમાધિની પ્રાપ્તિ સર્વ કાળે દુર્લભ છે, તેમાં પણ આ વર્તમાન યુગમાં તો અત્યંત દુર્લભ છે. છતાં સમાધિપ્રાપ્ત આત્મજ્ઞ સંત ગુરુદેવ **પૂજ્ય શ્રીકાનજીસ્વામી**નાં ભવતાપનાશક અમૃતમય પ્રવચનોથી મુમુક્ષુઓને તેવી સમાધિની પ્રાપ્તિ સુલભ થઇ રહી છે એ મહાન સદ્‌ભાગ્ય છે.

સિલ્વર પ્રિન્ટસ, મુંબઇના વ્યવસ્થાપક શ્રી રજતભાઇ દોશીએ કુશળતાપૂર્વક આ ગ્રંથનું સુંદર છપાઇ આદિ કાર્ય કરી આપ્યું છે તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

આ શાસ્ત્રનાં પ્રવચનો સુંદર રીતે ટાઇપ કરવા બદ્દલ કુમારી બીનાબેન શેઠનો (કાંદીવલી, મુંબઇ) સંસ્થા આભાર માને છે.

આ શાસ્ત્રનાં પ્રવચનો ફરી-ફરીને વાંચી, સાંભળી, પ્રુફ રીડીંગ કરવા બદ્દલ ડૉ. (શ્રીમતી) વસુબેન દિપકભાઇ શાહનો (તારદેવ, મુંબઇ) સંસ્થા ખુબ આભાર માને છે.

પરમપદની પ્રાપ્તિનો માર્ગ દર્શાવનાર આ શાસ્ત્રનાં સારી રીતે અધ્યયન તથા અનુભવ કરીને જગતના સર્વ જીવો આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત પરમ જ્ઞાનાત્મક સમાધિની પ્રાપ્તિ કરો એવી ભાવના ભાવીએ છીએ.

**શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર**
**બોરીવલી**

# પ્રસ્તાવના

## ગ્રન્થ - સમાધિતંત્ર અપરનામ સમાધિશતક

શ્રીપૂજ્યપાદઆચાર્યે આ ગ્રન્થમાં જીવની ત્રણ અવસ્થાઓ - બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સુંદર રીતે નિરૂપણ કર્યું છે અને બહિરાત્માવસ્થા છોડી અંતરાત્માવસ્થાદ્વારા પરમાત્મપદની પ્રાપ્તિ કેવી રીતે થાય તેનો ઉપાય સૂચવ્યો છે. સ્વ-પરના ભેદવિજ્ઞાન વિના અંતરાત્મપણું પ્રગટ થઈ શકે નહિ, તેથી આચાર્યદેવે આ ગ્રન્થમાં ભેદ-વિજ્ઞાનનું મહત્વ વિશેષપણે સમજાવ્યું છે.

આચાર્યદેવે આધ્યાત્મિક રસસાગરને આ નાની ગ્રન્થ-ગાગરમાં અતિ કલાપૂર્ણ કૌશલ્યથી ભરી દીધો છે. તેમાં ભેદજ્ઞાનનો ધ્વની પ્રત્યેક શ્લોકમાં ગુંજી રહ્યો છે. ભેદજ્ઞાનની ભાવના અને તેના અભ્યાસ માટે પૂરતી સામગ્રી પૂરી પાડે છે અને અભ્યાસીને આગળ વધવા માટે સારી પ્રેરણા આપે છે. આધ્યાત્મિક ભાવનાનો આ એક અત્યુત્તમ ગ્રન્થ છે.

પરમાત્મપદની પ્રાપ્તિ ભેદવિજ્ઞાનદ્વારા જ થઈ શકે, બીજી કોઈ રીતે થઈ શકે નહિ - એ બાબત ઉપર ગ્રન્થકારે આગમ, યુક્તિ અને જાત અનુભવદ્વારા પોતાની અનોખી, રોચક, હૃદયગ્રાહી, સરળ શૈલીમાં ઇ સુંદર રીતે પ્રકાશ પાડ્યો છે.

આ ગ્રન્થના અભ્યાસથી ચિત્ત અતિ પ્રફુલ્લિત બને છે અને અનાદિકાળથી અજ્ઞાનવશ થતી ભૂલોને પરંપરાનો પદે પદે બોધ થાય છે. ભેદવિજ્ઞાનદ્વારા તે ભૂલો ટાળી પરમપદની પ્રાપ્તિ કેમ કરવી તેની માર્ગદર્શનપૂર્વક પ્રેરણા, આચાર્યે સચોટ ભાવવાહી શબ્દોમાં કરી છે. આ ગ્રન્થના ભાવપૂર્વક વાંચન, વિચાર અને મનનથી ભવદુ:ખથી સંતપ્ત થયેલા જીવોને આત્મશાન્તિ થયા વગર રહેશે નહિ. ગ્રન્થની એ એક અદ્‌ભૂત ખૂબી છે.

આચાર્યદેવે આ ગ્રન્થની રચના મોક્ષમાર્ગના અભિલાષી જીવોને લક્ષમાં રાખીને કરી છે-એ વાત શ્લોક (૩) ઉપરથી જણાઈ આવે છે.

અંતિમ શ્લોક (૧૦૫) માં ગ્રન્થનો ઉપસંહાર કરતાં આચાર્યદેવે ગ્રન્થના નામ- **'સમાધિતંત્ર'**-નો નિર્દેશ કરી તેની ઉપયોગિતા દર્શાવતાં કહ્યું છે કે આ મોક્ષમાર્ગભૂત ગ્રન્થનો સારી રીતે અભ્યાસ કરી તથા તેને અનુભવમાં ઉતારી, પરમાત્મામાં નિષ્ઠાવાન જીવ પરમપદની-પરમસુખની પ્રાપ્તિ કરી શકે છે.

આ ગ્રન્થમાં આત્મ-વિષયને સ્પષ્ટ કરવા માટે એકાર્થવાચક ભિન્ન ભિન્ન શબ્દોનો



# પરમ પૂજ્ય શ્રી પૂજ્યપાદ સ્વામી

સુંદર શૈલીમાં જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે જોતાં, સાહિત્યદ્રષ્ટિએ પણ ગ્રન્થની મહત્તા વિશેષ પ્રતિભાસે છે. રચનાચાતુર્ય અને શબ્દપ્રયોગનું કૌશલ્યાદિ કર્તાનું સંસ્કૃતભાષાનું અગાધ જ્ઞાન પ્રગટ કરે છે.

પ્રસ્તુત ગ્રન્થ ભાષા–સૌષ્ઠવ, પદ્ય–રચના અને સાહિત્યગુણોની દ્રષ્ટિએ જૈન સાહિત્યમાં એક વિશિષ્ઠ – અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે.

આ ગ્રન્થના સંસ્કૃત–ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર પોતાની ટીકા–પ્રશસ્તિમાં, ગ્રન્થના અપર નામ **'સમાધિશતક'** નો ઉલ્લેખ કર્યો છે. આથી પ્રસ્તુત ગ્રન્થ, **'સમાધિતંત્ર' અને 'સમાધિશતક'** – એ બંને નામોથી જૈન સમાજમાં પ્રસિદ્ધ છે.

## ગ્રન્થકર્તા શ્રી પૂજ્યપાદાચાર્ય

શ્રી પૂજ્યપાદાચાર્ય મૂલસંઘ – અન્તર્ગત નન્દિસંઘના પ્રધાન આચાર્ય હતા. તેઓ સુપ્રસિદ્ધ, બહુ પ્રતિભાશાલી, પ્રખર તાર્કિક વિદ્વાન્ અને મહાન તપસ્વી હતા.

### સમય

શ્રવણ બેલ્ગોલના શિવાલેખ નં.૪૦(૧૦૮)માં ઉલ્લેખ છે કે તેઓ **શ્રી સમંતભદ્રાચાર્ય**ની પછી થયા અને તેઓ તેમના મતાનુયાયી હતા.

તેમણે પોતાના **'જૈનેન્દ્ર વ્યાકરણ'**માં 'चतुष्टयं समन्तभद्रस्य' (૫–૪–૧૬૮)–એવો ઉલ્લેખ કર્યો છે. તે પણ બતાવે છે કે શ્રી સમન્તભદ્રાચાર્ય તેમના પૂર્વગામી હતા.

વિદ્વાનોના મત પ્રમાણે શ્રી સમન્તભદ્રાચાર્ય ઈ.સ.૨૦૦માં બીજી શતાબ્દિમાં થઈ ગયા.

**શ્રી ભટ્ટાકલંકદેવે** (સમય–ઈ.સ.૬૨૦ થી ૬૮૦) પોતાની **'તત્વાર્થરાજવાર્તિક'** માં અને શ્રી વિદ્યાનંદે (સમય ઈ.સ. ૭૭૫ થી ૮૦૦) પોતાની **'તત્વાર્થશ્લોકવાર્તિક'** ટીકામાં, શ્રી પૂજ્યપાદરચિત **'સર્વાથસિદ્ધિ'** નાં વાક્યોનો ઉપયોગ અને અનુસરણ કર્યું છે. આથી અનુમાન થાય છે કે શ્રી પૂજ્યપાદ સ્વામી શ્રી ભટ્ટાકલંકદેવની પહેલાં અર્થાત્ ઈ.સ.૬૨૦ પહેલા થઈ ગયા હોવા જોઈએ.

આ બંને આધારોથી સાબિત થાય છે કે તેઓ ઈ.સ.૨૦૦ અને ઈ.સ.૬૨૦ની વચ્ચેના કાળમાં થઈ ગયા.

શિલાલેખો અને ઉપલબ્ધ જૈન સાહિત્ય ઉપરથી વિદ્વાનોએ નક્કી કર્યું છે કે આ સુપ્રસિદ્ધ આચાર્ય ઈ.સ.પાંચમી શતાબ્દિમાં અને વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયા.

## નિવાસસ્થાન અને માતા-પિતાદિ

તેઓ કર્ણાટક દેશના નિવાસી હતા. કન્નડ ભાષામાં લખેલા **'પૂજ્યપાદચરિતે'** તથા **'રાજાવલીકથે'** નામના ગ્રન્થોમાં તેમના પિતાનું નામ **'માધવભટ્ટ'** અને માતાનું નામ **'શ્રીદેવી'** આપ્યું છે અને અને લખ્યું છે કે તેઓ બ્રાહ્મણકુલમાં ઉત્પન્ન થયા હતા. શ્રી દેવસેનાચાર્ય કૃત **'દર્શનસાર'** માં લખ્યું છે કે તેમના એક વજનન્દી નામના શિષ્યે વિ.સં.૫૨૬માં દ્રાવિડ સંઘની સ્થાપના કરી.

## તેમનું નામ

તેમનું દીક્ષાનામ દેવનન્દી હતું; અને પાછળથી તેઓ પૂજ્યપાદ, જિનેન્દ્રબુદ્ધિ આદિ અપર નામોથી લોકમાં પ્રસિદ્ધ થયા.
શ્રવણ બેલ્ગોલાના શિલાલેખમાં ઉલ્લેખ છે કે

**यो देवनन्दिप्रथमाभिधानो बुद्धया महत्या स जिनेन्द्रबुद्धिः ।**
**श्री पूज्यपादोऽजनि देवताभिर्यत्पूजितं पादयुगं यदीयम् ।।**

(-શ્રમણ બેલ્ગોલ શિ.લે.નં. ૪૦(૬૪); શક સં.૧૦૮૫)

**प्रागभ्यधायि गुरुणा किल देवनन्दी,**
**बुद्ध्या पुनर्विपुलया स जिनेन्द्रबुद्धिः ।**
**श्री पूज्यपाद इति चैव बुधैः प्रचख्ये,**
**यत्पूजितः पदयुगे वनदेवताभिः ।।**

(-શ્ર.શિ.લે.નં. ૧૦૫ (૨૫૪); શક સં. ૧૧૨૦)

ઉપરોક્ત લેખોથી જણાય છે કે તેઓ ત્રણ નામ-દેવનન્દી, જિનેન્દ્રબુદ્ધિ અને પૂજ્યપાદ-થી પ્રસિદ્ધ હતા. દેવનન્દી-એ તેમના ગુરુએ આપેલું દીક્ષાનામ છે, બુદ્ધિની પ્રકર્ષતા-વિપુલતાના કારણે તેઓએ પાછળથી **'જિનેન્દ્રબુદ્ધિ'** -એ નામ પ્રાપ્ત કર્યું અને તેમના ચરણયુગલની દેવતાઓએ પૂજા કરી તેથી બુધજનોએ તેમને **'પૂજ્યપાદ'** નામથી વિભૂષિત કર્યા.

## તેમની અદ્‌ભૂત જીવન-ઘટનાઓ

નીચેના શિલાલેખો તેમના જીવન ઉપર સારો પ્રકાશ પાડે છે :-

**श्रीपूज्यपादोद्धृतधर्मराज्यस्ततः सुराधीश्वरपूज्यपाद : ।**
**यदीयवैदुष्यगुणानिदानीं वदन्ति शास्त्राणि तदुद्धृतानि ।।**
**धृतविश्वबुद्धिरयमत्र योगिभिः कृतकृत्यभावमनुबिभ्रदुच्चकैः ।**
**जिनवद् बभूव यदनङ्गचापहृत्स जिनेन्द्रबुद्धिरिति साधुवर्णित्तः ।।**

(-શ્ર.શિ.લે.નં. ૧૦૮(૨૫૮); શક્ર સં. ૧૩૫૫)

श्रीपूज्यपादमुनिरप्रतिमौषर्द्धि र्जीयाद्विदेहजिनदर्शनपूतगात्र : ।
यत्पादधौतजलसंस्पर्शप्रभावात् कालायसं किल तदा कनकीयकार ।।

(–શ્ર.શિ.લે.નં. ૧૦૮(૨૫૮)

ઉપરોક્ત શિલાલેખોમાં દર્શાવ્યું છે કે –

શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ પૂજ્યપાદ કહેવાયા, તેમના દ્વારા ઉદ્ધાર પામેલાં શાસ્ત્રો આજે પણ તેમના વિદ્યાવિશારદ ગુણોનું કીર્તિગાન કરે છે. તેઓ જિનવત્ વિશ્વબુદ્ધિના ધારક હતા અર્થાત્ સમસ્ત શાસ્ત્ર–વિષયોમાં પારંગત હતા. તેમણે કામદેવને જીત્યો હતો તેથી કૃતકૃત્યભાવધારી ઉચ્ચ કોટિના યોગીઓએ તેમને **'જિનેન્દ્રબુદ્ધિ'** નામે વર્ણવ્યા છે.

વળી આ શિલા–લેખમાં એવો પણ ઉલ્લેખ છે કે

૧.તેઓ અદ્વિતીય ઔષધ–ઋદ્ધિના ધારક હતા,

૨.વિદેહક્ષેત્રેસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થઈ ગયું હતું;

૩.તેમના પાદોદક (ચરણ–જલ)ના સ્પર્શથી એક વખત લોઢું પણ સોનુ થઈ ગયું હતું.

આ ઉપરાંત ઘોર તપશ્ચર્યાદિથી તેમની આંખનું તેજ નષ્ટ થયું હતું, પરંતુ શાન્ત્યષ્ટક ના એકાગ્રતાપૂર્વક પાઠથી નેત્ર–તેજ પુનઃ પ્રાપ્ત થયું હતું.

મહા યોગીઓને માટે આવી ઘટનાઓ અસંભવિત નથી.

## ગ્રન્થરચના

શ્રી પૂજ્યપાદ સ્વામીએ જે ગ્રન્થો રચ્યા છે તેમાં 'જૈનેન્દ્ર વ્યાકરણ', શબ્દાવતાર; સર્વાર્થસિદ્ધિ, સમાધિતંત્ર, ઈષ્ટોપદેશાદિ ગ્રન્થો પ્રમુખ સ્થાને છે. નીચેના શિલાલેખથી તેમના રચિત ગ્રન્થોનો ખ્યાલ આવે છે

जैनेन्द्रं निजशब्दभागमतुलं सर्वार्थसिद्धिः परा,
सिद्धान्ते निपुणत्वमुद्धकवितां जैनाभिषेकः स्वकः ।
छन्दः सूक्ष्मधियं समाधिशतकं स्वास्थ्यं यदीयं विदा
माख्यातीह स पूज्यपादमुनिषः पूज्यो मुनीनां गणैः ।।४।।

(–શ્ર.શિ.લે.નં. ૪૦)

જેમનું **'જૈનેન્દ્ર વ્યાકરણ'** શબ્દશાસ્ત્રોમાં પોતાના અનુપમ સ્થાનને, **'સર્વાર્થસિદ્ધિ'** સિદ્ધાન્તમાં પરમ નિપુણતાને, **'જૈનાભિષેક'** ઉચ્ચ કક્ષાની કવિતાને, **'છન્દશાસ્ત્ર'** બુદ્ધિની સૂક્ષ્મતા (રચનાચાતુર્ય)ને અને **'સમાધિશતક'** સ્વાત્મસ્થિતિ (સ્થિતપ્રજ્ઞતા)ને સંસારમાં વિદ્વાનો પ્રતિ જાહેર કરે છે, તે પૂજ્યપાદ મુનીન્દ્ર મુનિગણોથી પૂજનીય છે.

## જૈનેન્દ્ર વ્યાકરણ

આ સંસ્કૃત વ્યાકરણનો ગ્રન્થ છે. તેનાં સૂત્રોના લાઘવાદિના કારણે તેનું મહત્વ ઘણું છે, અને તેથી તેણે લોકમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. ભારતમાં આઠ પ્રમુખ શાબ્દિકોમાં આ વ્યાકરણના કર્તા શ્રી પૂજ્યપાદ સ્વામીની સારી ગણના છે.

**सर्वव्याकरणे विपश्चिदधिपः श्रीपूज्यपादः स्वयम् ।**

(શ્ર.શિ.લે.નં. ૪૭, ૫૦)

**जैनेन्द्रे पूज्यपादः**

(શ્ર.શિ.લે.નં. ૫૫)

સર્વ વ્યાકરણોમાં, શ્રી પૂજ્યપાદ સ્વયં વિદ્વાનોના અધિપતિ હતા; અર્થાત્ સર્વ વ્યાકરણ પંડિતોમાં શિરોમણિ હતા.

## શબ્દાવતાર

આ પણ વ્યાકરણનો ગ્રન્થ છે. તે પ્રખ્યાત વૈયાકરણ પાણિનીના વ્યાકરણ ઉપર લખેલો 'શબ્દાવતાર' નામનો ન્યાસ છે. 'નગર' તાલુકાના શિલાલેખમાં પણ તેનો ઉલ્લેખ છે.

## સર્વાર્થસિદ્ધિ

શ્રી ઉમાસ્વામી રચિત '**તત્ત્વાર્થસૂત્ર**' ની સંસ્કૃત ટીકારૂપે આ ગ્રન્થ છે. '**તત્ત્વાર્થસૂત્રની**' આ સૌથી પ્રથમ ટીકા છે. તેની પછી શ્રી અકલંકદેવે '**તત્ત્વાર્થ રાજવાર્તિક**' અને શ્રી વિદ્યાનંદે '**તત્ત્વાર્થશ્લોક**' નામની ટીકાઓ લખી. આ ટીકાઓમાં '**સર્વાર્થસિદ્ધિ**' નો સારો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેનું ઠીક પ્રમાણમાં અનુસરણ કરવામાં આવ્યું છે. સિદ્ધાંત ગ્રન્થોમાં આ ગ્રન્થ બહુજ પ્રમાણભૂત ગણાય છે અને જૈન સમાજમાં તેનું સારું મહત્વ અંકાય છે.

## સમાધિતંત્ર અને ઈષ્ટોપદેશ

આ બંને આધ્યાત્મિક ગ્રન્થો છે. સમાધિતંત્રનું અપરનામ સમાધિશતક છે. તેની સં.ટીકા શ્રી પ્રભાચંદ્રે કરી છે અને ઈષ્ટોપદેશની સં.ટીકા પં.આશાધરજીએ કરી છે. બંને ગ્રન્થો જૈન-સમાજમાં સુપ્રસિદ્ધ છે.

શ્રી પૂજ્યપાદાચાર્યે '**સમાધિતંત્ર**' માં શ્રી કુંદકુંદાચાર્ય જેવા પ્રાચીન આચાર્યોનાં આગમ-વાક્યોનું સફળતાપૂર્વક અનુસરણ કર્યું છે. મોક્ષ પાહુડ, સમયસારાદિ આધ્યાત્મિક શાસ્ત્રોનો આંશિક પ્રતિધ્વનિ, આ ગ્રન્થમાં તુલનાત્મક દ્રષ્ટિવાળાને જરૂર જણાયા વગર રહેશે નહિ.

## ઉપસંહાર

શિલાલેખો, ઉપલબ્ધ ગ્રન્થો અને ઐતિહાસિક ગવેષણાથી જ્ઞાત થાય છે કે **પૂજ્યપાદ સ્વામી** એક સુપ્રતિષ્ઠિત જૈન આચાર્ય, અદ્વિતીય વૈયાકરણ, મહાન દાર્શનિક, ધુરંધર કવિ, મહાન્ તપસ્વી અને યુગપ્રધાન યોગીન્દ્ર હતા. મહત્વના વિષયો ઉપર તેમણે જે ગ્રન્થો રચ્યા છે તે તેમની અપાર વિદ્વત્તાની સાક્ષી પૂરે છે.
તેમના દિગંતવ્યાપી યશ અને વિદ્વત્તાથી આકર્ષાઈ કર્ણાટકના ઇ.સ.૮મી, ૯મી, ૧૦મી શતાબ્દિના પ્રાયઃ સર્વ પ્રાચીન વિદ્વાન કવિઓએ પોતપોતાના ગ્રન્થોમાં બહુ ભક્તિ - ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી તેમની મુક્તકંઠે ખૂબ ખૂબ પ્રશંસા કરી છે.


## સંસ્કૃત ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર

પ્રસ્તુત ગ્રન્થની સંસ્કૃત ટીકાને અંતે આપેલી પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે શ્રી પ્રભાચંદ્ર (પ્રભેન્દુ) આ ગ્રન્થના સંસ્કૃત ટીકાકાર છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તેઓ 'શ્રી સમન્તભદ્રાચાર્ય' રચિત 'રત્નકરંડ-શ્રાવકાચાર' ના પણ સંસ્કૃત ટીકાકાર છે. તેમણે સમાધિતંત્રના (સમાધિશતકના) પ્રત્યેક શ્લોકમાં ગર્ભિત રહેલા ભાવને (હાર્દને) સરળ સંસ્કૃત ભાષામાં સારી રીતે વ્યક્ત કર્યો છે.

# આભારદર્શન

શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૧૧૫ પ્રવચનો સાંભળીને નિજ હિતનાં લક્ષે અક્ષરશઃ લખવાનું તથા પ્રુફ રીડીંગ કરવાનું સૌભાગ્ય જેમને પ્રાપ્ત થયું છે તેવા ભવ્યજીવોઃ

- શ્રી વિજયભાઇ શેઠ — બોરીવલી
- શ્રી અનિલભાઇ શાહ — બોરીવલી
- શ્રી સમીરભાઇ શાહ — બોરીવલી
- શ્રી ધીરેનભાઇ વખારીયા — બોરીવલી
- શ્રી જયેશભાઇ શેઠ — પાર્લા
- શ્રી મણિભાઇ ગાલા — પાર્લા
- શ્રી અજયભાઇ શાહ — પાર્લા
- શ્રી બીપીનભાઇ શાહ — પાર્લા
- શ્રી ધીરેન્દ્રભાઇ ગાલા — પાર્લા
- શ્રી કવિભાઇ ગાલા — પાર્લા
- શ્રીમતી લક્ષ્મીબેન સાવલા — પાર્લા
- શ્રીમતી દિવાળીબેન ગડા — પાર્લા
- શ્રીમતી મંજુલાબેન ગાલા — પાર્લા
- શ્રીમતી મીનાક્ષીબેન નંદુ — પાર્લા
- શ્રીમતી કિરણબેન — પાર્લા
- શ્રીમતી ભારતીબેન સાવલા — પાર્લા
- શ્રીમતી ઝવેરબેન છેડા — પાર્લા
- શ્રીમતી રેખાબેન ગાલા — પાર્લા
- શ્રીમતી વસુબેન શાહ — તારદેવ
- શ્રીમતી જ્યોતિબેન ડગલી — અંધેરી
- શ્રીમતી શુશીલાબેન ગાલા — વડાલા
- શ્રીમતી સોનલબેન વખારીયા — બોરીવલી
- શ્રીમતી રીટાબેન ભેદા — બોરીવલી
- શ્રીમતી વર્ષાબેન શાહ — બોરીવલી
- કુમારી શીતલબેન શાહ — બોરીવલી
- શ્રીમતી છાયાબેન વખારીયા — બોરીવલી
- કુમારી પૂર્વી દેઢીયા — બોરીવલી
- શ્રીમતી પારુલબેન કપાસી — બોરીવલી
- શ્રીમતી પીંકીબેન શાહ — બોરીવલી
- શ્રીમતી ભારતીબેન મહેતા — બોરીવલી
- શ્રીમતી જયાબેન ગાલા — પાર્લા
- શ્રીમતી રજનીબેન શેઠ — પાર્લા
- શ્રીમતી વંદનાબેન સાવલા — પાર્લા
- શ્રીમતી ઉષાબેન શાહ — પાર્લા
- શ્રીમતી ચંદનબેન છેડા — પાર્લા
- શ્રીમતી મુક્તાબેન — પાર્લા
- શ્રીમતી વર્ષાબેન શાહ — પાર્લા
- શ્રીમતી વિણાબેન નંદુ — પાર્લા
- શ્રીમતી રૂપાબેન શેઠ — મુંબઇ
- શ્રીમતી લીનાબેન સચદેવ — મુંબઇ
- શ્રીમતી હર્ષિતાબેન દેઢીયા — વાશી




ભૂતકાળના 'રાજેન્દ્ર', વર્તમાનનાં 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર' એવા અનંત ઉપકાર

## પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

**ભૂતકાળના 'રાજેન્દ્ર', વર્તમાનના 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર' એવા**
**અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**

# સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જીલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઇના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિ. સં.૧૯૪૬ વૈશાખ સુદ બીજ, (તા. ૨૧.૪.૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા આ ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઇ ગયો હતો. કોઇક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંત સ્વભાવ, સૌમ્ય ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઇ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિં અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે, માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ, પિતાજીનો સ્વર્ગવાસ થતાં, સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિક્તા ચલાવી લેતાં નહિં. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળ સ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે, ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીનું કાવ્યની રચના કરે છે :

''શીવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રીના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે અજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સ.૧૯૭૦, ઇ. સ. ૧૯૧૪) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઇક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી - કર્મ છે તો વિકાર થાય છે ને ? જો કે ગુરુદેવશ્રીને હજુ દિગંબર શાસ્ત્રો મળ્યા નહોતાં, છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતા પૂર્વક સિંહગર્જના કરે છે - ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિં. જીવ પોતાના ઉંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.''

વિ. સં.૧૯૭૮ (ઇ. સ.૧૯૨૨)માં મહાવીરપ્રભુના શાસન - ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સુચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઇ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ વિરચિત 'સમયસાર' નામનું મહાન પરમાગમ એક શેઠ દ્વારા મહારાજશ્રના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે - ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતી નિજ ઘર દેખે છે. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, મોક્ષમાર્ગપ્રકાશક, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાનદીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી તેઓશ્રીને નિશંક નિર્ણય થઇ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઇક અને બહારમાં વેષ કંઇક - એવી સ્થિતી તેમને અસહ્ય થઇ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતા કરતા, સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા'' નામના એકાંત મકાનમાં ''મહાવીર જન્મકલ્યાણક''ના દિવસે (વિ. સ.૧૯૯૧, ચૈત્ર સુદ તેરસ, ઇ. સ.૧૯૩૫) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિન્હ મુહ્પતિનો ત્યાગ કરે છે અને

જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી; સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.'' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભૂત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઇન્ડિયા' માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન - પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યા મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં.૧૯૯૪ (ઇ. સ.૧૯૩૮) વૈશાખ વદ ૮ (આઠમ)ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના - મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઉંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા. જેમાં શ્રીસમયસાર ગ્રંથ પર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, સમયસાર કળશ - ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ઇ. સ.૧૯૬૦થી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ ગુરુવાણી દેશ - વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમ જ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર - ઘેર ગુંજતી થઇ ગઇ છે, તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ - વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં.૨૦૦૦ ના માગશર (ઇ. સ. ૧૯૪૩ ડીસેમ્બર) માસથી ''આત્મધર્મ'' નામની માસિક અધ્યાત્મ - પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઇ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઇ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું દૈનિક ''શ્રી સદ્-ગુરુ પ્રવચનપ્રસાદ'' સપ્ટેમ્બર, ૧૯૫૦થી નવેમ્બર, ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે ! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો - મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તકો છપાવવાનું કાર્ય વિ. સં.૧૯૯૯ (ઇ. સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ - વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઇ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ પર અપાર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દશલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ - વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં.૧૯૯૭(ઇ. સ.૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થાય છે. વડિલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં.૨૦૦૩ (ઇ. સ.૧૯૪૭)ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવે છે.

સોનગઢમાં વિ. સં.૧૯૯૭(ઇ. સ.૧૯૪૧)ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઇ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર - પાંચ દિગંબર જિનમંદિરો હતાં અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં દરરોજ અડધો કલાક ભક્તિ થાય છે. જેમાં જિનવરભક્ત ગુરુરાજ હમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય - વ્યવહારની અપૂર્વ સંધીપૂર્વકનું હતું.

ઇ. સ.૧૯૪૧ થી ઇ. સ.૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર - ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નૈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઇ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઇ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક ૮૦૦ પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધીનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઇમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદ્શિખરજીની યાત્રા નિમિત્તે ઇ. સ.૧૯૫૭ અને ઇ. સ.૧૯૬૭માં - એમ બે વખત, સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૭ અને ઇ. સ.૧૯૬૭માં - એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાન્તકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઇ ગઇ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલાં અભિનંદન પત્ર અર્પણ થયા છે.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ.૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઇ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતાં, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

વિ. સં.૨૦૩૭ કારતક વદ ૭,(તા.૨૮.૧૧.૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ - દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી, અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ જ દૂર જન્મ લઇને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહી દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું, તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; આવો પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેઓશ્રીના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એજ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, કર્મબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધસ્વરૂપ, સમ્યગ્દર્શન અને

તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ – વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમપ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમ કે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતાં જ નહિં. દિવ્યભાવશ્રુતધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે:

: સિદ્ધાંતો :

૧. એક દ્રવ્ય, બીજા દ્રવ્યને અડે નહિં, સ્પર્શે નહિં.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે; વ્યય કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ, પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦ ધ્રુવનું આલંબન, પણ વેદન નહિં; અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિં.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીથંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રૂચતાં જગતની રૂચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહિ;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર–વીર–કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ–ગુણ–પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઇ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું સત્ સત્ જ્ઞાન જ્ઞાન ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
–રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર–અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, – મનરથ મનનો પૂરજો શક્તિશાળી!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક ક્રમાંક | પાના ક્રમાંક |
|---|---|---|---|
| પ્રવચન - ૧ | ૧૧.૧૨.૧૯૭૪ | ૧ | ૧ થી ૨૧ |
| પ્રવચન - ૨ | ૧૨.૧૨.૧૯૭૪ | ૧ | ૨૨ થી ૩૪ |
| પ્રવચન - ૩ | ૧૩.૧૨.૧૯૭૪ | ૧, ૨ | ૩૫ થી ૫૦ |
| પ્રવચન - ૪ | ૧૪.૧૨.૧૯૭૪ | ૨ | ૫૧ થી ૬૨ |
| પ્રવચન - ૫ | ૧૫.૧૨.૧૯૭૪ | ૨ | ૬૩ થી ૭૭ |
| પ્રવચન - ૬ | ૧૬.૧૨.૧૯૭૪ | ૨, ૩ | ૭૮ થી ૯૩ |
| પ્રવચન - ૭ | ૧૭.૧૨.૧૯૭૪ | ૩ | ૯૪ થી ૧૦૬ |
| પ્રવચન - ૮ | ૧૮.૧૨.૧૯૭૪ | ૩, ૪ | ૧૦૭ થી ૧૨૪ |
| પ્રવચન - ૯ | ૧૯.૧૨.૧૯૭૪ | ૪ | ૧૨૫ થી ૧૩૯ |
| પ્રવચન - ૧૦ | ૨૦.૧૨.૧૯૭૪ | ૪, ૫ | ૧૪૦ થી ૧૫૮ |
| પ્રવચન - ૧૧ | ૨૧.૧૨.૧૯૭૪ | ૫ | ૧૫૯ થી ૧૭૨ |
| પ્રવચન - ૧૨ | ૨૨.૧૨.૧૯૭૪ | ૫ | ૧૭૩ થી ૧૮૭ |
| પ્રવચન - ૧૩ | ૨૩.૧૨.૧૯૭૪ | ૬ | ૧૮૮ થી ૨૦૧ |
| પ્રવચન - ૧૪ | ૨૪.૧૨.૧૯૭૪ | ૬, ૭ | ૨૦૨ થી ૨૧૬ |
| પ્રવચન - ૧૫ | ૨૫.૧૨.૧૯૭૪ | ૭ | ૨૧૭ થી ૨૩૧ |

## શ્રીમદ્ દેવનન્દી અપરનામ પૂજ્યપાદસ્વામીવિરચિત

ॐ

### श्री प्रभाचंद्र विनिर्मित संस्कृत टीका

#### मंगलाचरण

सिद्धं जिनेन्द्रमलमप्रतिमप्रबोधम्
निर्वाण मार्गममलं विबुधेन्द्रवन्धम् ।
संसारसागरसमुत्तरणप्रपोतं
वक्ष्ये समाधिशतकं प्रणिपत्य वीरम् ।।

**श्री पूज्यपादस्वामी मुमुक्षूणां मोक्षोपायं मोक्षस्वरुपं चोपदर्शयितुकामो निर्विध्नतः शास्त्रपरिसमाप्त्यादिकं फलमभिलषन्निष्टदेवताविशेषं नमस्कुर्वन्नाह -**

**येनात्माऽबुद्धयतात्मैव परत्वेनैव चापरम् ।**
**अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मने नमः ।।१।।**

નમું સિદ્ધ પરમાત્મને, અક્ષય બોધસ્વરૂપ;
જેણે આત્મા આત્મરૂપ, પર જાણ્યું પરરૂપ ।। ૧ ।।

**મૂળ શ્લોક અને સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ**

#### મંગલાચરણ

**અર્થ** : સિદ્ધ, અનુપમજ્ઞાનવાન્ (અનંતજ્ઞાની), નિર્વાણમાર્ગરૂપ, નિર્મળ (વીતરાગ), દેવેન્દ્રોથી વંદનીય તથા સંસાર-સાગરને પાર કરવા માટે ઉત્કૃષ્ટ નાવરૂપ-એવા વીર જિનેન્દ્ર ભગવાનને પ્રણિપાત કરીને, હું (શ્રી પ્રભાચંદ્ર) સમાધિશતક કહીશ.

શ્રી પૂજ્યપાદસ્વામી (આ સમાધિતંત્રનાં રચયિતા) મુમુક્ષુઓને મોક્ષનો ઉપાય અને મોક્ષનું સ્વરૂપ બતાવવાની કામનાથી તથા નિર્વિઘ્ને શાસ્ત્રની પરિસમાપ્તિ-આદિરૂપ ફલની અભિલાષાથી ઈષ્ટદેવતાવિશેષને નમસ્કાર કરીને કહે છે:-

**અન્વયાર્થ** : (येन) જેનાથી (आत्मा आत्मा एव) આત્મા આત્મારૂપે જ (अबुध्यत) જણાયો (च) અને (अपरं परत्वेन एव) પર પરરૂપે જ જણાયું (तस्मै) તે (अक्षयानन्तबोधाय) અવિનાશી

અનંત જ્ઞાનસ્વરૂપ (सिद्धात्मने) સિદ્ધાત્માને (नमः) નમસ્કાર હો !

**टीका :** अत्र पूर्वार्द्धेन मोक्षोपाय उत्तरार्द्धेन च मोक्षस्वरूपमुपदर्शितम्। सिद्धात्मने सिद्धपरमेष्ठिने सिद्धः सकलकर्मविप्रमुक्तः स चासावात्मा च तस्मै नमः । येन किं कृतं? अबुद्धयत ज्ञातः। कोऽसौ ? आत्मा । कथं ? आत्मैव । अयमर्थः येन सिद्धात्मनाऽत्रात्मैवाध्यात्मैवाध्यात्मत्वे-नाबुद्धयत न शरीरादिकं कर्मापादितसुरनरनारकतिर्यगादिजीवपर्याया-दिकं वा । तथा परत्वेनैव चापरम । अपरं च शरीरादिकं कर्मजनितमनुष्यादि- जीवपर्यायादिकं वा परत्वेनैवात्मनोभेदेनैवाबुद्धयत । त्तस्मै कथंभूताय ? अक्षयानन्तबोधाय अक्षयोऽविनश्वरोऽनन्तोदेशकालानवच्छिन्नस्समस्तार्थपरिच्छेदको वा बोधो यस्य तस्मै । एवंविधबोधस्य चानन्तदर्शनसुखवीर्यैरविनाभावित्वसामर्थ्यादनंतचतुष्टयरूपायेति गम्यते । ननु चेष्टदेवताविशेषस्य पञ्चपरमेष्ठिरूप - त्वात्तदत्र सिद्धात्मन एव कस्माद् ग्रन्थकृता नमस्कारः कृत ईति चेत्, ग्रन्थस्य कर्तुर्व्याख्यातुः श्रोतुरनुष्ठातुश्च सिद्धस्वरूपप्राप्त्यर्थत्वात् । यो हि यत्प्राप्त्यर्थी स तं नमस्करोति यथा धनुर्वेदप्राप्त्यर्थी धनुर्वेदविदं नमस्करोति । सिद्धस्वरुपप्राप्त्यर्थी च समाधिशतकशास्त्रस्यकर्ता व्याख्याता श्रोता तदर्थानुष्ठाता चात्मविशेषस्तस्मात्सिद्धात्मानं नमस्करोतीति । सिद्ध- शब्देनैव चार्हदादीनामपि ग्रहणम्। तेषामपि देशतः सिद्धस्वरुपोपेतत्वात् ।। १ ।।

**ટીકા :** અહીં પૂર્વાર્ધથી મોક્ષનો ઉપાય અને ઉત્તરાર્ધથી મોક્ષનું સ્વરૂપ દર્શાવ્યું છે.

સિદ્ધાત્માને એટલે સિદ્ધપરમેષ્ઠીને-સિદ્ધ એટલે સર્વ કર્મથી સંપૂર્ણપણે (અત્યંત) મુક્ત એવા આત્માને-નમસ્કાર હો !

જેણે શું કર્યું ? જાણ્યો. કોને ? આત્માને. કેવી રીતે (જાણ્યો) ? આત્મારૂપે જ અર્થ એ છે કે સિદ્ધાત્મા એ અહીં આત્માને આત્મારૂપે જ અર્થાત્ અધ્યાત્મરૂપે જ જાણ્યો, તેને શરીરાદિક કે કર્મોપાદિત સુર-નર-નારક–તિર્યંચાદિ જીવપર્યાયાદિકરૂપે ન જાણ્યો તથા (જેણે) અન્યને એટલે શરીરાદિક વા કર્મજનિત મનુષ્યાદિ જીવપર્યાયાદિને પરરૂપે અર્થાત્ આત્માથી ભિન્નરૂપે જ જાણ્યા.

કેવા તેમને (નમસ્કાર) ? અક્ષય અનંત[1] બોધવાળા-અક્ષય એટલે અવિનશ્વર અને અનંતર એટલે દેશકાલથી અનવચ્છિન્ન એવા સમસ્ત પદાર્થોના પરિચ્છેદક અર્થાત્ જ્ઞાનવાળા-તેમને (નમસ્કાર). આવા પ્રકારના જ્ઞાન અનંત દર્શન-સુખ-વીર્ય સાથેના અવિનાભાવીપણાના સામર્થ્યને લીધે તેઓ અનંતચતુષ્ટયરૂપ છે એમ બોધ થાય છે.

**શંકાઃ** ઈષ્ટદેવતા વિશેષ પંચપરમેષ્ઠી હોવા છતાં અહીં ગ્રન્થકર્તાએ સિદ્ધાત્મને જ કેમ

૧ અનંત – ક્ષેત્રની અંતરહિત અને કાલથી અંતરહિત (જુઓ–પંચાસ્તિકાય ગાથા ૧ની સં.ટીકા)

નમસ્કાર કર્યો ?

**સમાધાન** : ગ્રન્થકર્તા, વ્યાખ્યાતા, શ્રોતા અને અનુષ્ઠાતાને સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિનું પ્રયોજન હોવાથી (તેમણે તેમ કર્યું છે) જે જેની પ્રાપ્તિનો અર્થી હોય તે તેને નમસ્કાર કરે છે; જેમ ધનુર્વિદ્યા-પ્રાપ્તિનો અર્થી ધનુર્વેદીને નમસ્કાર કરે છે તેમ. તેથી સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિના અર્થી-સમાધિશતક શાસ્ત્રના કર્તા, વ્યાખ્યાતા, શ્રોતા અને તેના અર્થના અનુષ્ઠાતા આત્મવિશેષ - (એ સર્વે) સિદ્ધાત્માને નમસ્કાર કરે છે.

'સિદ્ધ' શબ્દથી અર્હંતાદિનું પણ ગ્રહણ સમજવું કારણકે તેમણે પણ દેશતઃ (અંશે) સિદ્ધસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે. (૧)

**ભાવાર્થ** : ગ્રન્થકારે શ્લોકના પૂર્વાર્ધમાં સ્વ-પરનું ભેદવિજ્ઞાન તે જ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે એમ સૂચવ્યું છે અને તેના ઉત્તરાર્ધમાં ફળસ્વરૂપ પરિપૂર્ણ જ્ઞાન આનંદરૂપ એવી સિદ્ધદશા તે મોક્ષસ્વરૂપ છે એમ દર્શાવ્યું છે; અર્થાત્ પ્રસ્તુત શ્લોકમાં મોક્ષનો ઉપાય અને મોક્ષનું સ્વરૂપ બતાવ્યું છે.

જેમણે આત્માને આત્મારૂપે જ યથાર્થ જાણ્યો છે શરીરાદિ અને સુર નર-નારકાદિ પર્યાયરૂપે જાણ્યો નથી અને પરને પરરૂપે જાણ્યા છે-અર્થાત્ શરીરાદિ અને નર-નારકાદિ પર્યાયને આત્માથી પર જાણ્યા છે, તેવા અવિનાશી અનંતજ્ઞાનસ્વરૂપ સિદ્ધાત્માને અહીં નમસ્કાર કર્યા છે.

## વિશેષ

આત્મા આત્મારૂપે છે અને શરીરાદિ પર પદાર્થોરૂપે નથી તથા શરીરાદિ પર પદાર્થો પરરૂપે છે અને આત્મારૂપે નથી-એવું નિર્ણયપૂર્વક સ્વ-પરનું ભેદવિજ્ઞાન સિદ્ધપદ પામવાનો મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે.

શ્રી સમયસાર ગાથા ૨ની ટીકામાં પણ લખ્યું છે કે–

'........ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉદય પામે છે ........ '

એ પ્રમાણે ભેદજ્ઞાનજ્યોતિ જ કેવળજ્ઞાન પ્રગટ કરવાનું સાધન (ઉપાય) છે.

## સ્વ - પરનું - જીવ - અજીવનું ભેદજ્ઞાન

''પ્રથમ તો દુઃખ દૂર કરવા માટે સ્વ-પરનું જ્ઞાન અવશ્ય જોઈએ કારણકે

સ્વ-પરનું જ્ઞાન જો ન હોય તો પોતાને ઓળખ્યા વિના પોતાનું દુઃખ તે કેવી રીતે દૂર કરે ?

અથવા સ્વ-પરને એકરૂપ જાણી પોતાનું દુઃખ દૂર કરવા અર્થે પરનો ઉપચાર કરે તો તેથી પોતાનું દુઃખ કેવી રીતે દૂર થાય ? અથવા પોતાથી ભિન્ન એવા પરમાં આ જીવ અહંકાર-મમકાર કરે તો તેથી દુઃખ જ થાય. માટે સ્વ-પરનું જ્ઞાન થતાં દુઃખ દૂર થાય છે.

હવે સ્વ-પરનું જ્ઞાન જીવ-અજીવનું જ્ઞાન થતાં જ થાય છે કારણકે પોતે જીવ છે તથા શરીરાદિક અજીવ છે. જો લક્ષણાદિ વડે જીવ-અજીવની ઓળખાણ થાય તો જ સ્વપરનું ભિન્નપણું ભાસે; માટે જીવ-અજીવ જાણવા જોઈએ .... ''[૨]

## ભેદ - જ્ઞાનની આવશ્યકતા

.......... સર્વે દુઃખોનું મૂળ કારણ મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર છે. એ સર્વે દુઃખોનો અભાવ કરવા માટે તેને બે પ્રકારનું ભેદજ્ઞાન કરાવવામાં આવે છે.

## પહેલા પ્રકારનું ભેદજ્ઞાન

જીવ પોતાના ગુણો અને પર્યાયોથી એક છે-અભિન્ન છે તથા પરદ્રવ્યો, તેના ગુણો અને પર્યાયોથી અત્યંત જુદો છે અર્થાત્ જીવ સ્વદ્રવ્યે સ્વક્ષેત્રે સ્વકાળે અને સ્વભાવે, પર દ્રવ્યનાં દ્રવ્યક્ષેત્રકાળભાવથી અત્યંત જુદો છે. તેથી તે અપેક્ષાએ પર દ્રવ્યો, તેના ગુણો અને તેના પર્યાયો સાથેનો સંબંધ માત્ર વ્યવહારનયે સંયોગરૂપ કે નિમિત્તરૂપ છે એવું જ્ઞાન કરાવવામાં આવે છે.

આ દ્રષ્ટિએ પર દ્રવ્યો સાથેનો સંબંધ અસદ્ભૂત-અસત્ય હોવાથી તે સંબંધીનું જ્ઞાન કરાવનારા નયને 'વ્યવહારનય' કહેવામાં આવે છે અને જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના હોવાથી તે સદ્ભૂત-સત્ય હોવાથી તે સંબંધીનું જ્ઞાન કરાવનારા નયને 'નિશ્ચયનય' કહેવામાં આવે છે.

## બીજા પ્રકારનું ભેદજ્ઞાન

પણ પહેલા પ્રકારનું ભેદજ્ઞાન કરવા માત્રથી જ સમ્યગ્દર્શનજ્ઞાન થતું નથી. અનાદિથી જીવનો પર્યાય અશુદ્ધ છે. તેને પોતામાં થતો હોવાની અપેક્ષાએ 'નિશ્ચયનય' નો વિષય કહે છે, તો પણ તે પરનાં આશ્રયે થતો હોવાથી તેને વ્યવહારનયનો પણ વિષય

૨ – મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ પૃ. ૮૨

કહેવાય છે. વળી શુદ્ધ પર્યાયો પણ જીવનું ત્રિકાલી સ્વરૂપ નથી, તેમજ તેના આશ્રયે તથા ગુણભેદના આશ્રયે વિકલ્પ ઉત્પન્ન થાય છે તેથી તેનો આશ્રય છોડાવવા માટે તેને પણ વ્યવહાર કહેવામાં આવે છે અને જીવ દ્રવ્યનું ત્રિકાલી શુદ્ધ-સ્વરૂપ કે જે ધ્રુવ છે તેને 'નિશ્ચય' કહેવામાં આવે છે કેમકે તેને આશ્રયે જ ધર્મની શરૂઆત-તેનું ટકવું-તેની વૃધ્ધિ અને પૂર્ણતા થાય છે. [૩]

## સિદ્ધાત્માને નમસ્કાર શા માટે?

'.......સિદ્ધ ભગવંતો સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના (પ્રતિબિંબના) સ્થાને છે-જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, તેમના જેવા થઈ જાય છે......'

'સંસારીને શુધ્ધ આત્મા સાધ્ય છે અને સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે તેથી તેમને નમસ્કાર કરવા ઉચિત છે ........'

વળી શ્રી મોક્ષમાર્ગપ્રકાશક-ગુ.આવૃત્તિ પૃ.૩માં સિદ્ધ[૪] ભગવાનનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે -

'......... જેના ધ્યાન વડે ભવ્યજીવોને સ્વદ્રવ્ય-પરદ્રવ્યનું ઉપાધિક ભાવ તથા સ્વાભાવિક ભાવનું વિજ્ઞાન થાય છે, જે વડે પોતાને સિદ્ધ થવાનું સાધન થાય છે. તેથી સાધવા યોગ્ય પોતાનું શુદ્ધ સ્વરૂપ, તેને દર્શાવવા માટે જે પ્રતિબિંબ સમાન છે તથા જે કૃતકૃત્ય થયા છે તેથી એ જ પ્રમાણે અનંતકાળ પર્યંત રહે છે એવી નિષ્પન્નતાને પામેલા શ્રી સિદ્ધ ભગવાનને અમારા નમસ્કાર હો ...... '

**પ્રશ્ન** : પંચ પરમેષ્ઠીમાં પહેલા અરિહંત દેવ છે; તો તેમના બદલે અહીં સિદ્ધ ભગવાનને પ્રથમ નમસ્કાર કેમ કર્યા?

**ઉત્તર** : સિદ્ધ દશા તે આત્માનું પરમ ધ્યેય છે. તે જ આત્માને ઈષ્ટ છે. ગ્રન્થકર્તા વ્યાખ્યાતા, શ્રોતા અને અનુષ્ઠાતાને સિદ્ધસ્વરૂપ પ્રાપ્ત કરવાની ભાવના છે, તેથી સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી કર્તાએ ગ્રન્થની શરૂઆત કરી છે. જેને જે ગુણની પ્રાપ્તિની ભાવના હોય તે તે ગુણધારીનું બહુમાન કરી તેને નમસ્કાર કરે એ સ્વાભાવિક છે. જેમ ધનુર્વિદ્યાનો પ્રાપ્તિનો અભિલાષી પુરુષ ધનુર્વિધા જાણનારનું બહુમાન કરે છે, તેમ સિદ્ધપદની પ્રાપ્તિની

૩ – જુઓ : શ્રી સમયસાર – શ્રી રાયચંદ્ર ગ્રંથમાળા – શ્રી જયસેનાચાર્ય ટીકા – ગાથા ૫૭; પૃ. ૧૦૧, ગાથા ૧૦૨; પૃ. ૧૬૭, ગાથા ૧૧૧ થી ૧૧૫; પૃ. ૧૭૯, ગાથા ૧૩૭ – ૧૩૮; પૃ. ૧૯૮ (ગુ. દ્રવ્યસંગ્રહ પૃ ૮, ૯)

૪ – શ્રી સમયસાર – નવી ગુ. આવૃત્તિ પૃ. ૬, ૭.

ભાવનાવાળો જીવ, સિદ્ધપદને પામેલા સિદ્ધ ભગવાનને નમસ્કાર કરીને શુદ્ધાત્માનો આદર કરે છે.

વળી આ અધ્યાત્મ શાસ્ત્ર છે તેથી તેમાં પ્રથમ સિદ્ધ ભગવાનને નમસ્કાર કરવા તે ઉચિત છે.[૫]

શ્રી કુંદકુંદાચાર્યે પણ શ્રી સમયસારની શરૂઆત કરતાં પ્રથમ 'वंदित्तु सव्वसिद्धे' કહીને સર્વ સિદ્ધોને નમસ્કાર કર્યા છે.

અરહંતાદિને એકદેશ સિદ્ધપણું પ્રગટ થયું છે, માટે સિદ્ધ ભગવાનોને નમસ્કાર કરતાં પંચપરમેષ્ઠી ભગવંતોને પણ તેમાં નમસ્કાર આવી જાય છે.

આ કારણથી શાસ્ત્રકર્તાએ મંગલાચરણમાં પ્રથમ સિદ્ધ ભગવાનને નમસ્કાર કર્યા છે.

---

# પ્રવચન – ૧

## શ્લોક – ૧

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૧૧.૧૨.૭૪**

### મંગલાચરણ

**ણમો લોએ સવ્વ અરિહંતાણં;**
**ણમો લોએ સવ્વ સિદ્ધાણં;**
**ણમો લોએ સવ્વ આયરિયાણં;**
**ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;**
**ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;**
**ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।**
**કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।**

---

૫ – જુઓ : બૃ.દ્રવ્યસંગ્રહ–ગાથા ૧ની ટીકા.

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।**
**મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।**
**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....**

આ એક સમાધિશતક નહીંતર સમાધિતંત્ર શાસ્ત્ર છે. જેમાં આત્માને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની સમાધિ કેમ પ્રગટ થાય અને એના ફળરૂપે મોક્ષ કેમ થાય એની આમાં વ્યાખ્યા છે.

સમાધિ આવે છે શબ્દ લોગસ્સમાં, નથી આવતો 'સમાહિ વર મુત્તમં દિંતુ' એ સમાધિ ઝીણી વાત છે ભાઈ! આત્મા આનંદ, જ્ઞાન સ્વરૂપ છે, એનું અંતરમાં, જ્ઞાનમાં, વેદનમાં, રાગ ને પુણ્ય-પાપના વેદનનાં વિકલ્પથી ભિન્ન પડી અને સ્વરૂપ શુધ્ધચૈતન, સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જે વસ્તુનું સ્વરૂપ આત્માનું કહ્યું તેવું અંતરમાં જાણીને, અંદરમાં ઠરે એનું નામ મોક્ષનો મારગ છે, એનું નામ સમાધિતંત્ર છે. આહાહા! ભારે વાત ભાઈ!

એ સમાધિતંત્ર પૂજ્યપાદસ્વામી થયા છે, લગભગ ૫૦૦ - ૬૦૦ વિક્રમ સંવત, દિગંબર મુનિ હતા, સંત હતા. એમણે આ જગતના કલ્યાણ માટે આ એક સમાધિશતક બનાવ્યું છે. એની ટીકા કરનાર પ્રભાચંદ્ર છે. એમણે એની ટીકા કરી છે. એનો મંગલાચરણનો શ્લોક પહેલો છે. સમાધિનો અર્થ આ બાવા ચઢાવી દે સમાધિ, એ સમાધિ નથી આ, લોગસ્સમાં નથી આવતું એ 'સમાહિ વર મુત્તમં દિંતુ' પણ એને અર્થની ખબર ન મળે, સમાહિ શું થાય, ઘડીયા હાંકે જાય, પોપટભાઈ!

**શ્રોતા** : ઘડીયા હાંક્યા'તા?

**પૂ. ગુરુદેવ** : ઘડિયા હાંક્યા'તાને. આહાહા!

આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે એ તો જાણનાર-દેખનાર એનો સ્વભાવ છે. સવારે જે આવ્યું'તું ને કે ભાઈ, દરેક વસ્તુની સમયની તે તે કાળની પર્યાય, તે કાળે ઉપજે, તે કાળમાં પૂર્વની પર્યાયનો વ્યય થાય અને ધ્રુવ એટલે કાયમ રહે વસ્તુ, એને જાણનારો જે છે આત્મા. આહાહા! થાય તેને જાણે, વ્યય થાય તેને જાણે, ધ્રુવ રહે એનેય

જાણે. આહાહા! એવો એનો જ્ઞાનનો સ્વભાવ છે. એ એને અનંતકાળમાં સમ્યગ્દર્શન શું છે? એને એણે જાણ્યું નથી, જોયું નથી, પ્રગટ કર્યું નથી. સમજાણું કાંઈ? એ વિના કરવું, કરવું, કરવું, કાંઈક, કાંઈક વ્રત કરવાને, કાંઈક તપ કરવાને, કાંઈક તપસ્યા કરવીને એ બધો વિકલ્પ છે, રાગ છે એ તો. આહાહા!

**શ્રોતા** : કાંઈ ન કરવું એ તો અશુભ ભાવ છે એના કરતા શુભ ભાવ કરે છે ને?

**પૂ. ગુરુદેવ** : શુભ ભાવ છે એ વિકાર છે, દુઃખ છે. આહીં તો શુભભાવને થવા કાળે, જ્ઞાન એને જાણે એવી પર્યાય પણ સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. આહાહા!

બહુ મારગ વીતરાગનો બહુ સૂક્ષ્મ છે. જગતને મળ્યો નથી (અજૈનને નામે જૈનને પીરસાણું છે), જૈનને નામે અજૈન પીરસાણું છે. આહાહા!

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ એમ કહે છે કે, સમાધિ એટલે કે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર, એટલે કે જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા એને દ્રષ્ટિમાં લઈને, તેની પ્રતીતિ અનુભવ કરીને કરવી અને એ સ્વરૂપમાં સ્થિર થવું તે ચારિત્ર, એ ત્રણ થઈને સમાધિ કહેવામાં આવે છે. હેં ? ઓલા બાવા ચઢાવી દે સમાધિ ઈ નથી આ વાત. આહાહા!

આત્મા ચૈતન્યઘન જે આનંદનો નાથ છે, એ અનાકૂળ આનંદને શાંતિનો સ્વભાવ એનો આત્માનો છે. એને પર્યાયમાં એની દશામાં એ વસ્તુ એવી છે ધ્રુવ એની દશામાં એનું વેદન કરવું. આહાહા! હું જ્ઞાન જ છું, આનંદ છું એ ક્રિયાકાંડના જે વિકલ્પો ઉઠે છે એ પણ 'હું' નહિં. આહાહા! એવી આત્મચીજની અંદર સહજાનંદસ્વરૂપ પ્રભુ આત્મા, એની સન્મુખની દ્રષ્ટિ, એના સન્મુખનું જ્ઞાન અને એના સન્મુખની સ્થિરતા એને આહીં મોક્ષનો મારગ કહે છે, એને અહીંયા સમાધિ કહે છે. સમજાણું કાંઈ?

આચાર્ય તો કહે છે કે મોક્ષના અભિલાષી જીવને માટે હું આ એક મોક્ષનો મારગ, સમાધિ કહીશ! જે અનંતકાળમાં એણે એક સમયમાત્ર પણ એણે કર્યું નથી. જે કર્યું એણે પુણ્યને પાપના વિકલ્પોનાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધાદિનાં ભાવ એ અશુભ. દયા, દાન, વ્રત, ભક્તિ તપનાં ભાવ તે શુભ, બેય વિકલ્પ છે, બેય રાગ છે. આહાહા! બેય અસમાધિ છે. એણે એને અનંતવાર એ કર્યુંને દુઃખી થઈને ચારગતિમાં રખડે છે. પણ એ પ્રભુ પોતે જે મૂળ સ્વભાવ એનો છે જ્ઞાનને આનંદને શાંત, અકષાય સ્વભાવ એની અંતરમાં જઈને ઠરવું, સ્થિતપ્રજ્ઞ. આહાહા! એ જ્ઞાન સ્વભાવ ચૈતન

વસ્તુમાં દ્રષ્ટિ કરીને ઠરવું એમાં આનંદની દશાનો અનુભવ થાય એને અહીંયા મોક્ષનો મારગ કહે છે. એને અહીંયા સમાધિ કહે છે. સમજાણું કાંઈ?

એ 'સમાહિ વર મુત્તમં દિંતુ' હે! સિધ્ધ ભગવાન! આપતાં નથી કાંઈ પરમાત્મા કોઈને, પણ એણે પોતાની માગણીમાં 'સમાહિ વર મુત્તમં દિંતુ', મારી આનંદ, શાંતિ મારા સ્વરૂપમાં ઠરવું એવી જે સમાધિ એનું વરદાન હે! પ્રભુ મને આપો. આહાહા! એ તો એક ભક્તોની માંગણી છે, કોઈ કાંઈ આપતા નથી, પરમેશ્વર પાસે એની મુક્તિ નથી કે પરમેશ્વર એને આપે, હેં? તીર્થંકર સર્વજ્ઞદેવ પરમાત્મા એ તો એની પાસે એની તો સમાધિને શાંતિ એની એની પાસે છે. એ કાંઈ બીજાને આપતા નથી, પણ વિનયવંતની એવી એક માંગણીમાં ભાવ એવો આવે, હે! પ્રભુ! મારો આનંદ સ્વભાવ આપે જે વર્ણવ્યો ને કહ્યો એ મને સમાધિ આપો! આહાહા! મને શાંતિ આપો, શાંતિ! એ પુણ્ય પાપના રાગ વિનાની દશા મને પ્રાપ્ત થાવ એમ કહેતાં પ્રભુને કહે છે કે મને આપો! કોઈ આપતું નથી, ઈશ્વર કોઈ એવો નથી કે તને આપી દે કાંઈ! સમજાણું કાંઈ?

પણ આ પોતે જે ઈશ્વર છે, સત્ ચિદાનંદ સ્વરૂપ સર્વજ્ઞ તીર્થંકરે જોયું એવું. સત્ નામ શાશ્વત કાયમ અને જેનો જ્ઞાન ને આનંદ શાંતિ જેનો સ્વભાવ છે એનું એ સ્વરૂપ છે. એનો એ શાંતિને આનંદની એ આત્મા ખાણ છે. આહાહા! એ ખાણમાં નજર દેતાં, બીજેથી નજર ઉઠાવી દઈ અને જ્યાં પૂરણ આનંદ પડયો છે પ્રભુ આત્મામાં, ભગવાને પ્રગટ કર્યો, તે અંદર હતો એમાંથી પ્રગટ કર્યો. આહાહા! એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ અંતરમાં આવવો, એને આંહીં સમાધિને એને મોક્ષનો મારગ કહે છે. ચંદુભાઈ! આવી વાત છે!

જેણે અનંતકાળમાં એક સમયમાત્ર પણ પોતાની જાતને જાણી નહીં, જાતમાં ભાત પાડી નહીં, જાત શું એની ચીજ છે પ્રભુ આત્મા, એને એણે ઓળખ્યો નહીં, એને એના વિશ્વાસમાં એણે લીધો નહીં તો એમાં ઠરે તો ક્યાંથી! આવું વસ્તુનું સ્વરૂપ છે. એ કહે છે જુઓ, મૂળ શ્લોક અને સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ, મંગલાચરણ કરે છે.

## मंगलाचरण

**सिद्धं जिनेन्द्रमलमप्रतिमप्रबोधम्**
**निर्वाण मार्गममलं विबुधेन्द्रवन्धम् ।**
**संसारसागरसमुत्तरणप्रपोतं**
**वक्ष्ये समाधिशतकं प्रणिपत्य वीरम् ।।**

વીર પરમાત્મા તીર્થંકરદેવ પૂરણ આનંદને પ્રાપ્ત થયેલા પ્રભુ એને હું વંદન કરું છું કહે છે. આહાહા! એ સિદ્ધ થયા, વીર, પોતાની દશા પૂરણ હતી તે પ્રગટ કરી પરમાત્માએ. અનુપમ જ્ઞાનવાન છે. એ વીર પરમાત્મા અનુપમ જ્ઞાનવાન, જેના જ્ઞાનને કોઈ ઉપમા નથી. ઓહોહો! સર્વજ્ઞ કેવળજ્ઞાની એટલે? આહાહા! જેની એક સમયની જ્ઞાનની દશામાં ત્રણકાળ, ત્રણલોકને જાણવારૂપે જ્ઞાનની પર્યાય પરિણમે, આહાહા! એવા અનુપમજ્ઞાનના ધરનારા પરમાત્મા એને મંગલાચરણમાં હું વંદન કરું છું. આહાહા! સમજાણું કાંઈ? અનંતજ્ઞાની, અનુપમજ્ઞાન નો અર્થ કર્યો, જેની જ્ઞાનની પર્યાય, એ તીર્થંકર દેવની કેવળજ્ઞાનની અનુપમજ્ઞાન પર્યાય એને ઉપમા શું દેવી? ઓહોહો!

'નમો અરિહંતાણં' એવા જેણે રાગ ને દ્વેષ ને અજ્ઞાનરૂપી અરિને જેણે નાશ કર્યા. આહાહા! અને જેણે કેવળજ્ઞાનને આનંદ જેણે પ્રગટ કર્યા. આહાહા! એવા અનંતજ્ઞાનવંત અનુપમજ્ઞાનધારી પ્રભુ અને નિર્વાણ માર્ગરૂપ નિર્મળ એ મોક્ષનો મારગ છે એ. વીર પોતે મોક્ષનો મારગ કહે છે અથવા એ પોતે મોક્ષનો મારગ સ્વરૂપ છે. નિર્મળ મોક્ષનો મારગ એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એને પ્રાપ્ત કરીને જેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. દેવેન્દ્રોથી વંદનીય, જે દેવનાં ઈન્દ્રો પણ જેને વંદે, વંદન કરે છે. સો ઈન્દ્રો વંદન કરે. આહાહા! આ તો વીર શાસન ચાલે છે ને? ભગવાન મહાવીર પરમાત્માનું એટલે વીર શાસનમાં વીરને વંદન કર્યુ પહેલું. આમ તો ભગવાન બિરાજે છે સીમંધરસ્વામી મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાનીપણે સીમંધરસ્વામી મહાવિદેહમાં અત્યારે બિરાજે છે, કરોડ પૂર્વનું જેનું આયુષ્ય છે, પાંચસે ધનુષનો જેનો દેહ છે, બે હજાર હાથ જેના ઉંચામાં દેહ છે. આહાહા! અત્યારે આ સામાયિકમાં નથી પ્રતિજ્ઞા લેતાં? આજ્ઞા સીમંધરસ્વામીની ઈ.

શ્રોતા: પડિક્રમણા વખતે લે.

પૂ.ગુરુદેવ: પડિકમણા વખતે લે છે પણ કોને ખબર શું છે? મિચ્છામિ દુક્કડં! જય ભગવાન! આહાહા!

એ સર્વજ્ઞ ભગવાન પરમાત્મા, વર્તમાનમાં મનુષ્યદેહે બિરાજમાન છે. આ પૃથ્વી ઉપર મહાવિદેહમાં છે. એને વંદન ન કરતાં આમને કર્યું કેમ કે એમનું વીરશાસન ચાલે છે. સમજાણું કાંઈ? અને એકને વંદન કરતાં, અનંતને વંદન એમાં આવી જાય છે. આહાહા! કહે છે કે જે દેવેન્દ્રોથી વંદનીય, દેવના ઈન્દ્રોથી પણ જે પૂજનીક છે. આહાહા! સંસાર સાગરને પાર કરવા માટે ઉત્કૃષ્ટ નાવરૂપ છે. નિમિત્તથી વાત કરે છે. સર્વજ્ઞ

પરમાત્મા વીતરાગ વીર પ્રભુ એમને જે કેવળજ્ઞાન થયું ને પછી મારગ જે કહ્યો એ મારગ તો સંસારસાગરને પાર ઉતરવા માટે નાવ ઉત્કૃષ્ટ છે. એમણે જે મારગ કહ્યો એમાં જે બેસે, એ નાવથી જેમ પાર પડે એમ સંસારથી પાર પડીને કાંઠે મોક્ષ ચાલ્યો જાય છે. આહાહા!

પૂરણ શાંતિ ને આનંદનો સ્વભાવ જેનો પ્રભુનો, એમાં એમાં જે જાય, ઠરે, એ ભગવાને એ નાવ કહી છે. આહાહા! સમજાણું કાંઈ? મારગ નિશ્ચય સત્ય મારગ એવો ઝીણો છે કે લોકોને હાથ આવ્યો નથી, ને સાંભળ્યો નથી. બહારની કડાકૂટમાં પડયા અને તત્ત્વ આખી વાત જે સત્ય છે આખી રહી ગઈ અને જીવન એના ચાલ્યા જાય છે ભાઈ! આવું જીવન દેહના અંતની સ્થિતિને સમીપ જાય છે. આહાહા! એમાં જો આ કામ ન કર્યું. આહાહા! ભગવાને નાવ, ભગવાન નાવસમાન છે કહે છે. હેં ? આહાહા! ત્રણલોકના નાથ, વીર પરમાત્મા એ કેવળજ્ઞાનની વ્યાખ્યાનું સ્વરૂપ કહ્યું એ પામ્યા એની વાત કરી, અને એ કેમ પમાય એની એમણે વાત કરી. આહાહા!

એ મારગ કાંઈ બહારથી આવતો નથી, અંદરમાં છે. આહાહા! ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા, પૂરણ દાખલો આમાં આપ્યો છે લીંડી પીપરનો. આપીએ છીએ ને એ આમાં આપ્યો છે આંહિ લીંડીપીપરનો એણે સાંભળ્યું'તુંને આ સમાધિશતક. આમાં આવ્યું છે ક્યાંક. લીંડીપીપરનો દાખલો છે આત્મધર્મમાં છે એમ લખ્યું છે ક્યાંક છે ખરું! લીંડીપીપરનો દાખલો હતો લીંડીપીપર સમજાણી? આ પીપર નથી થાતી આ, ચોસઠપહોર ઘુંટે ને ચોસઠપહોરી તીખાશ આવે. આ પીપર, પીપર, પીપરનો દાણો થાય છે ને હેં? (શ્રોતા: ૧૬મે પાને) છે? એ ક્યાંક આવ્યું'તું ખરું, એણે ઓલા સાંભળેલું ખરુંને લીંડીપીપર - જુઓ ૧૬ મે પાને છે. જેમ લીંડીપીપરના દાણે દાણે ચોસઠપહોરી તીખાશની તાકાત ભરી છે. આ તો ઘણીવાર વ્યાખ્યાનમાં આપીએ છીએને. લીંડીપીપર દાણો નાનો, રંગે કાળો પણ એનામાં ચોસઠપહોરી તીખાશ એટલે એ તો હવે પૈસા, સો પૈસાનો રૂપિયો થયોને, બાકી તો ચોસઠ પૈસે રૂપિયો હતોને? એટલે ચોસઠ પૈસા એટલે રૂપિયે - રૂપિયો ચોસઠપહોરી તીખાશ અંદર ભરી છે. ઘૂંટવાથી આવે છે એ કાંઈ પીપરમાં એમાં બહારથી નથી આવતી. આહાહા! એ એમાં ચોસઠપહોરી તીખો રસ, તીખો રસ, સોળઆના રૂપિયે - રૂપિયો, ચોસઠ પૈસા, ચોસઠપહોરી પડયો છે. છે ને? તીખાશની તાકાત ભરી છે, તેમ પ્રત્યેક આત્માનો સ્વભાવ પરિપૂર્ણ જ્ઞાન, આનંદથી ભરેલો છે. આહાહા!

એ વાત એને બેસે, આ આત્મા દેહ પ્રમાણે હોવા છતાં દેહના રજકણથી

તો ભિન્ન તત્ત્વ છે, પ્રભુ આતો માટી છે, વાણી માટી છે, એનાથી ભિન્ન ભગવાન ચૈતન્ય સ્વરૂપ જે છે, એ લીંડીપીપરની પેઠે એમાં જેમ રૂપિયે-રૂપિયો તીખો રસ ને લીલો રંગ પડયો છે એમાં, બહારમાં કાળો છે ને અલ્પ તીખાશ છે એ રહેતી નથી પછી. અંદરમાં લીલો રંગ ને તીખાશ જે પૂરી છે એ પ્રગટ થાય છે. એમ ભગવાન આત્મામાં, આહાહા! શરીર પ્રમાણે એનું કદ હોવા છતાં અને પુણ્યને પાપના મેલની કાળપ દેખાવા છતાં એના સ્વરૂપમાં તો પૂરણ, પૂરણજ્ઞાન ને પૂરણઆનંદ પડયો છે. કો સમજાણું કાંઈ? આહાહા! પણ તેનો વિશ્વાસ કરીને અંતરમુખ થઈને તેમાં એકાગ્ર થાય તો તે જ્ઞાન ને આનંદનો સ્વાદ અનુભવમાં આવે. આહાહા! જેમ એ પીપરના દાણામાં ચોસઠપહોર એટલે રૂપિયે રૂપિયો રસ તીખો ને રંગ લીલો પડયો છે પણ પ્રગટ થાય ત્યારે એમાંથી બહાર આવે છે, એમ ભગવાન આત્મામાં જ્ઞાન ને આનંદની પૂરણ શક્તિ પૂરણ શક્તિ અસ્તિ અત્યારે આહીં પડી છે અંદર. આહાહા! એનો જ્યારે સ્વીકાર, અંતર સન્મુખ થઈને જેવી રીતે છે પૂરણ આનંદને પૂરણ જ્ઞાન એનો સમ્યગ્શ્રધ્ધામાં, સમ્યગ્જ્ઞાનમાં સ્વીકાર થાય ત્યારે એને આનંદની દશાનું વેદન આવે. આહાહા! એ આનંદની દશાનું વેદન આવે એને ધર્મ કહીએ. આવો વીતરાગ ધરમ છે બાપુ! આહાહા! સમજાણું કાંઈ?

આ બાકી બધી વાતું છે, આ કરોને તે કરો ને ઉપવાસ કર્યાને આ કર્યાને એ બધી વિકલ્પની જાત છે, રાગની છે. આહાહા ! એની જાતમાં જઈને ભગવાન જાત એની ચોસઠપહોરી જ્ઞાન ને આનંદથી પરિપૂર્ણ ભરેલો પ્રભુ! એ કેમ બેસે? અલ્પજ્ઞદશામાં રહેલી રમતુંમાં એને આ પૂરણ છે ઈ કેમ બેસે અંદરમાં? (શ્રોતા: લીંડીપીપરનું બેસે) હેં! ઓલાનું બેસે એ તો એણે ગાંધી પાસે સાંભળ્યું હોય. આહાહા! વઢવાણમાં કરતા ડાહયા જેઠા હતા ને? ડાહયા જેઠા હતા વઢવાણમાં, રાયચંદ ગાંધીના વેવાઈ. એ ધરે કરી રાખતા બસે, ચારસે, પાંચસે આ પીપર ચોસઠપહોરી, ભૈયા! ભૈયા! ભૈયા બોલાવીને. ઘણા વરસની વાત છે, ૭૬માં તો ગુજરી ગયા એ. ત્યારે હું ત્યાં હતો. ૭૬ ની સાલમાં વઢવાણ ગુજરી ગયા. ડાહયા જેઠા, શું નામ એનો નાનોભાઈ (શ્રોતા: નાગર જેઠા) નાગર જેઠા, નાગરજેઠા, નાનોભાઈ નાનોભાઈ બધાને ઓળખીએ ત્યાં કાપડની દુકાન જોડે. ઈ ઘરે ભૈયા પાસે ઘૂંટાવતા ચોસઠપહોરી. ગૃહસ્થ માણસને એ કોઈ ગરીબ માણસ આવે, મફત આપે અડધા ભાર, પા ભાર જોતી હોય, પીપર મફત આપે બસે, ચારસે, પાંચસે કરી રાખતા એ ડાહયા જેઠા. એમ સર્વજ્ઞે કરી રાખેલી છે વાત કહે છે. આહાહા! ડાહયો જેઠો ડાહયો ઈ થયો જેઠો હેં? આહાહા!

જેણે અંતર અનંત જ્ઞાન ને આનંદ જે પડયું છે એને અંતર ઘૂંટીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા જેણે જ્યેષ્ઠપદ, ડાહયાએ પ્રગટ કર્યું એણે. આહાહા ! એય ! એ આંહી ભગવાન હવે બીજાને આપે છે કહે છે, ભાઈ તારું સ્વરૂપ આવું છે ને ભાઈ ! આહાહા ! તારે ક્યાંય બહારથી લેવા જવું. એવું છે નહિં. આહાહા ! તને એ બેસતું નથી ભાઈ ! તારી નજરમાં એ આવ્યું નથી. આહાહા ! એવું જ્ઞાનને આનંદનું પૂરણરૂપ એવું જે જીવસ્વરૂપ, એવો જે આતમભાવ આહાહા ! એને પ્રતીતમાંને જ્ઞાનમાં જ્ઞેય તરીકે લેવો અને એમાં ઠરવું ત્યારે એને આનંદને જ્ઞાન, જે શક્તિરૂપે હતાં, એ પર્યાયમાં જેમ ઓલા ચોસઠપહોરી તીખાશ બહાર આવે છે, પહેલી પહેલી એક પહોર, બે પહોર, ચાર પહોર એમ આવે.

એમ સાધક સ્વભાવમાં પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એ પૂરી પ્રગટતા પર્યાયમાં ન આવે. સમજાણું કાંઈ ? ઘૂંટતાં તો પહેલું કાંઈ ચોસઠપહોરી તરત થઈ જાય ? પહેલી એક પહોરી, બે પહોરી, ચાર પહોરી એમ થાય. એમ ભગવાન આત્મા ! પૂરણ આનંદ ને જ્ઞાનનો સ્વભાવથી ભરેલો પ્રભુ એનું જે સમ્યગ્દર્શન ને જ્ઞાન થયું ત્યાં એને અમુક પહોરી જેમ તીખાશ પ્રગટી એમ અમુક દશા પ્રગટી અને એ દશા પ્રગટ થતાં અંદરમાં એકાગ્રતા કરતાં કરતાં, કરતાં, કરતાં પૂરણ કેવળજ્ઞાન દશા પ્રગટ થઈ, એ મારગને લઈને. આહાહા ! સમજાણું કાંઈ ? એ ચૈતન્યના સ્વભાવમાં ઘૂંટવાથી, એકાગ્ર થવાથી એ કેવળજ્ઞાનરૂપી ચોસઠપહોરી તીખાશ જેમ પ્રગટે એમ કેવળજ્ઞાન પરમાત્માને પ્રગટયું. એજ વિધિએ પરમાત્માએ જગતને પ્રગટ કરવાની વિધિ કહી.

અપૂર્વ વાત છે બાપુ ! લોકો માને છે કે આમ સામાયિક કરીને પડિક્રમણા કર્યાને, આ પોહા કર્યા ને ધરમ એ ! અરે ભાઈ, તને હજી ખબર નથી બાપુ ! સામાયિક કોને કહેવી ? આહાહા ! અને પ્રતિક્રમણ કોને કહેવા ? પૌષધ કોને કહેવા ? આહાહા ! એ તો ભગવાન પૂરણ આનંદને જ્ઞાન સ્વરૂપે પૂરણ છે એની એકાગ્રતાથી જે પર્યાયમાં શુધ્ધિ, શાંતિ, વીતરાગતા અતીન્દ્રિય આનંદ આવે એને પૌષધ ને એને સામાયિક કહે છે. આહાહા ! પોપટભાઈ, આવી સામાયિક તો ઘણી કરેલી. બીજી. હેં ? દરિયાપુરીના અપાસરે કરતા વઢવાણ.

**શ્રોતા** : એક પાથરણે ચાર-ચાર સામાયિક કરતાં ....

**પૂ. ગુરુદેવ** : ચાર ચાર કરતાં બે વખતે ?

**શ્રોતા** : એનું કાંઈક તો પુણ્ય હશે ને પ્રભુ ?

**પૂ. ગુરુદેવ** : એ તો બધા અમેય કરતાં બાપુ! પહેલાં અમારી દુકાનમાં ન્યાં, વસ્તુ શું હતી? ખબર કેને હતી? દુકાન પાલેજમાં બધું અમેય કરતાં સામાયિક કરતાં, ઉપવાસ કરતાં, ચાર ચાર એવું તો નહોંતા કરતાં, કારણકે નાની ઉંમરને તે દિ'તો.

**શ્રોતા** : ચાર ચાર સામાયિક એક પાથરણે કરે એનું ફળ તો ખરુંને?

**પૂ. ગુરુદેવ** : એનું ફળ મિથ્યાત્વ. ધરમ માન્યોને, પોપટભાઈ! આહા!

પ્રભુ કહે છે કે એ તો નિર્વાણનો મારગ કહેનારા અથવા નિર્વાણનો મારગ પરમાત્મા છે. એને જેણે ઓળખ્યા સર્વજ્ઞ પરમાત્માને, એની સમ્યગ્દ્રષ્ટિ થઈ એ એની નાવ છે. એ ભગવાને કહેલી આ મારગની નાવમાં બેસે એને સંસારનો અંત આવ્યા વિના રહે નહીં. આહાહા! પણ બાપુ મારગ બહુ ઝીણો હોં! મારગ કોઈ અપૂર્વ છે. આહાહા!

દુનિયા માની બેસે કે અમે સાધુ થઈ ગયા ને આ બાયડી છોકરા છોડયાને માટે સાધુ થયા. બાપુ! ઘણી ઝીણી વાતું છે ભાઈ! સમજાણું કાંઈ? આહાહા! હજી સમ્યગ્દર્શન કોને કહેવાય એની ખબરું ન મળે અને એને સાધુપણાં આવી જાય! આહાહા! કહે છે કે પ્રભુ પરમાત્મા પોતે નાવ છે કહે છે. આહાહા! કીધું ને? એ સંસારસાગરને પાર કરવા માટે ઉત્કૃષ્ટ નાવ છે એવા વીર જિનેન્દ્ર, એમણે કહેલા ભાવને જે અંદર પ્રગટ કરે એ નાવ દ્વારા સંસારનો પાર આવે. સમજાણું કાઈ! આહાહા! એવા વીર જિનેન્દ્ર ભગવાનને પ્રણિપાત કરીને નમન કરીને, હું સમાધિશતક કહીશ. ટીકાકાર કહે છે કે હું આ સમાધિશતકની ટીકા કરીશ કહીશ. હવે પોતે ગ્રંથકર્તા જે સિધ્ધાંત સમાધિશતકકર્તા પુરુષ મહામુનિ હતા, દિગંબર મુનિ, જૈનમાં જૈનપણે દિગંબર મુનિને મુનિ કહેવામાં આવે, એવો અનાદિનો મારગ હતો, એ લોકોએ ફેરવી નાંખ્યો. સમજાણું કાંઈ?

અનાદિ તીર્થંકરો, સર્વજ્ઞો, પરમેશ્વરો એમણે જે મુનિ મારગ કહ્યો એ તો અંતરમાં ત્રણ કષાયનો અભાવ થઈ અને વીતરાગતા અંદરમાં પ્રગટ થાય એની દશા નગ્ન થઈ જાય, એને વસ્ત્રનો પણ કટકો ન રહે. આહાહા! એવા મુનિવર તે જંગલમાં વસે, એ ગામમાં હોય નહીં. આહાહા! સમજાણું કાંઈ? એવા સમાધિશતકના કરનારા મુનિ પૂજ્યપાદ એવા હતા. એ મુનિ પોતે પરમ, એમ કહેવામાં આવે છે કે પોતે ભગવાન પાસે ગયા હતાં.

જેમ કુંદકુંદ આચાર્ય સંવત ૪૯ માં પરમાત્મા, સીમંધર પરમાત્મા પાસે

ગયા હતા, હજી સીમંધર ભગવાન તો બિરાજે છે. એમનું આયુષ્ય તો મોટું, કરોડ પૂર્વનું, બિરાજે છે મનુષ્યપણે સમવશરણમાં, દિવ્યધ્વનિનો ઉપદેશ થાય છે, ઈચ્છા વિના ૐ ધ્વની નીકળે છે, ઈન્દ્રોને ગણધરો સાંભળે છે, વાઘ ને સિંહ જંગલમાંથી આવીને પણ સાંભળે છે મહાવિદેહ ક્ષેત્ર છે જમીન ઉપર. સમજાણું કાંઈ ? ત્યાં આગળ આ પૂજ્યપાદસ્વામી ગયા હતા એમ આવે છે. પહેલા લખ્યું છે બધું એને ઘણું પ્રસ્તાવનામાં ત્યાં ગયા હતાં, અને દેવો જેના પગ પૂજતા પાદ પૂજ્ય, એવી તો એની લબ્ધિ હતી બહુ. એવી એક લબ્ધિ હતી કે પગે એ ચોપડે તો અધ્ધર આકાશમાં ચાલ્યા જાય, મહાબ્રહ્મચારી બ્રાહ્મણ હતા.

બ્રાહ્મણ બ્રહ્મ પણ, 'બ્રહ્મ પિલે સો બ્રાહ્મણ' આત્મા બ્રહ્માનંદ ભગવાન સર્વજ્ઞે કહ્યો એવો આત્માને જાણીને અનુભવે તેને બ્રાહ્મણ કહીએ. સમજાણું કાંઈ ? એ બ્રાહ્મણ થયા, બ્રાહ્મણ બ્રાહ્મણ થયા સાચા. બ્રાહ્મણની નાતમાં જન્મેલા, પણ પછી વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો મારગ મળ્યો અંદરમાં. આહાહા ! બ્રહ્મચારી, બાળ બ્રહ્મચારી હતા. સંવત પાંચસો ને છસો ની લગભગ સાલમાં, સમંતભદ્રાચાર્યની પછી, સમંતભદ્રાચાર્ય દિગંબર મુનિ થયા એ ભગવાન પછી બસે વરસે ભગવાન પછી ઘણા વરસે, પણ સંવત બસે વરસે. વિક્રમ સંવત બસો, ભગવાન પછી ચારસો વરસે. એના પછી આ થયા પૂજ્યપાદ સ્વામી. ઓહોહો !

ધર્મના થાંભલા, નગ્ન મુનિ દિગંબર જેને એક વસ્ત્રનો કટકોય ન હોય. સમજાણું કાંઈ ? જેને એક મોરપીંછી ને કમંડળ બે ઉપકરણ હોય અને અંતરની ઝૂલતી દશા જેમ હિંડોળે હીંચકે ને ઝૂલે એમ અંદરમાં અતીન્દ્રિય આનંદમાં ઘડીકમાં આવે, ઘડીકમાં વિકલ્પ ઉઠે જરી પ્રમાદ પંચમહાવ્રત આદિનો એ વિકલ્પ છે રાગ છે, એવી દશામાં ઝૂલતા સમાધિશતકના કરનારા મુનિ એવા હતા. આહાહા ! અને જે મુનિ હોય ઈ બધા આવા જ હોય. આહાહા ! સમજાણું કાંઈ ? અત્યારે તો આ ઉંધુ પડયું છે, ગોટો ચડયો છે બધો, વસ્ત્ર-પાત્ર રાખેને હજી તો શ્રધ્ધાની ખબર ન મળે અને આ મુનિ છીએ ને માને ને મનાવે છે, બધી દશાઓ ઉલટી છે બાપુ ! આહાહા ! સમજાણું કાંઈ ? ગીરધરભાઈ ! આ બધા શેઠિયાઓ ન્યાંનાં વઢવાણના.

કહે છે, પૂજ્યપાદ સ્વામી આ એનો અર્થ કર્યો પહેલો. ઈ પૂજ્યપાદ સ્વામી આવા હતા. આહાહા ! બ્રાહ્મણ હતા પછી મુનિ થયા આત્મજ્ઞાન થયું, સ્વરૂપનું વેદન થઈ. આહાહા ! એમ સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન એટલે આત્માના આનંદનું વેદન થઈ, આહાહા ! અને એમાં સ્વરૂપની રમણતામાં જામી ગ્યાં, એવા જે પૂજ્યપાદસ્વામી

મુનિ આ સમાધિતંત્રના રચયિતા. વહેવારથી તો એમ કહેવાયને, બાકી સવારમાં તો ના પાડી, ઈ કાલ, કાલને, ભાઈએ, શાસ્ત્રની રચના આત્મા કરી શકે નહીં. આહાહા! એક અક્ષર જે છે એ અનંત રજકણથી બનેલો છે એને આત્મા કરી ન શકે. આહાહા! હેં? પણ નિમિત્ત કોણ હતું એમ જાણીને સમાધિશતક એમણે કર્યું એમ કહેવામાં આવે છે. આહાહા! એક અક્ષર જે આ બોલાય છે એ આત્માથી નથી બોલાતો ઈ, એ અક્ષર એ અનંતા રજકણથી બનેલી એક સ્કંધની દશા છે. આહાહા! એને આત્મા અક્ષરને બનાવે એ ત્રણકાળમાં બની શકે નહીં. આહાહા! પણ નિમિત્ત કોણ હતું એમ જણાવવાં, સમાધિતંત્રના રચયિતા એમ કહ્યું. સમજાણું કાંઈ? આહાહા!

પર્યાયના પર્યાય સ્વકાળે થાય એમ જે કહ્યું છે ને અને સ્વકાળે એ પૂર્વની પર્યાયનો વ્યય થાય એ પણ એ જ સમયે અને ધ્રુવ એમ કહીને એમ કહ્યું છે કે આત્મા તો જાણનાર જ છે બસ! એ કોઈ પર્યાયને કરું એમેય નથી. આહાહા! પર્યાય ને કાળે પર્યાય થાય છે, પૂર્વની પર્યાયનો મિથ્યાત્વનો વ્યય થાય છે, સમકિતની ઉત્પત્તિ થાય છે, ધ્રુવપણે રહે છે, એમ જ્ઞાન જાણે છે. આમ આનું નામ જ્ઞાતા ને દ્રષ્ટા વર્ણવ્યો છે. સમજાણું કાંઈ? આહાહા! એના જાણવા દેખવાના સ્વભાવ સિવાય જો આઘે જઈને કંઈપણ માને કે મેં આ દયાનો ભાવ મેં કર્યો, મેં પરની દયા પાળી તદ્દન મિથ્યાત્વભાવ છે. મિથ્યાદ્રષ્ટિ એની દ્રષ્ટિમાં મિથ્યાત્વ છે. આહાહા!

પોપટભાઈ! આ લાદીનો ધંધો કર્યો મેં. વઢવાણથી ત્યાં ગ્યા તે કંઈક ધંધો ને મહેનત કાંઈક કરી હશે તો પૈસા થ્યાં હશે? કે એમ મફતના થ્યાં હશે? (શ્રોતાઃ થ્યાં છે જ ક્યાં? મમતા થઈ છે.) કોઈક કહે છે બે કરોડ થ્યાં કોઈક વળી કયે પાંચ કરોડ થ્યાં કો'ક વળી એવું કહેતા'તા. કો, ઈ રજકણો છે જડના બાપુ! એ તો જડના કારણે આવ્યા છે. આત્માએ રાગ કર્યો રળવાનો માટે આવ્યા છે.

**શ્રોતા** : તો અમારી પાસે શું કરવા આવ્યાં?

**પૂ. ગુરુદેવ** : હાં તે એની ક્ષેત્રાંતર થવાની એની શક્તિ છે તે એને કારણે આવે છે. ક્ષેત્રાંતર થવું, ક્રિયાવર્તીશક્તિ છે રજકણમાં. ઈ રજકણમાં ક્રિયાવર્તી એટલે ક્ષેત્રાંતર થવું એનો સ્વભાવ છે, એને કારણે એ અહીંયા આવ્યા છે. એ પોપટભાઈને કારણે ત્યાં નથી આવ્યા પૈસા.

**શ્રોતા** : નિમિત્તપણું તો કહેવાયને?

**પૂ. ગુરુદેવ** : નિમિત્તની વ્યાખ્યા શું? એક હતો પુરૂષાર્થ કરનારો રાગનો એટલું નિમિત્ત. પણ એથી પૈસા આવ્યા એને કારણે એ વાતમાં કાંઈ માલ નથી. આહાહા! મિથ્યાદ્રષ્ટિ એમ માને કે મેં આ રળ્યો માટે પૈસા આવ્યા. આહાહા!

**શ્રોતા** : અરે સાહેબ, કમાઈ કમાઈને થાકી ગ્યાને આપ કહો કે કમાણા નથી.

**પૂ. ગુરુદેવ** : લ્યો, એય, બસ્સે નોતા લેતાને દિવસ રામજીભાઈ કોર્ટમાં જતા તે. આ ત્રીસ વરસ પહેલાંની વાત છે. હેં? પાંચ કલાકના બસો રૂપિયા લેતા આ રામજીભાઈ! કોર્ટમાં એ હોંશિયારીથી લેતાં'તા ને?

**શ્રોતા** : મફત કોઈ દયે?

**પૂ. ગુરુદેવ** : ધૂળેય નથી હોશિયાર આહાહા! એય! આને આ જુઓને પંદરસો નો પગાર છોડયો છે ને આહીં. લ્યો જુઓ, પંદરસોનો પગાર મહિને માસિક બ્રહ્મચારી છે, આ કાંતિભાઈએ, પંદરસોનો પગાર માસિક છોડી દીધો. નોકરી છોડી દીધી, છોડી દીધી એ સાચી વાત હશે?

**શ્રોતા** : વહેવારે કહેવાય.

**પૂ. ગુરુદેવ** : કોણ નોકરી કરતું'તું! ત્યાં રાગ કરતો'તો રાગ. પ્લેનમાં આમ છે ને આમ થાય ને આમ થાય ને. પ્લેનમાં હતાં ને? ભાઈ! મુંબઈ પંદરસોનો પગાર. બે વરસે છોડી દીધી નોકરી. અઢાર હજાર બાર મહિને હવે, એમાં ધૂળમાં શું છે? આહાહા!

ત્રણલોકનો નાથ હાથ આવે ત્યાં લક્ષ્મીનો પાર નથી જેમાં. આહાહા! ચૈતન્ય ભગવાન જેમાં અનંતીજ્ઞાનને આનંદની લક્ષ્મી પડી છે. આરે, તને કેમ બેસે ભાઈ? એવો મહાન. આહાહા! એક બીડી પીવે ત્યાં એને આમ થઈ જાય જાણે આહાહા! મગજ તેજ થઈ જાય. અને ચા કપ પીવે સવારમાં પાશેર દોઢ પાશેરનો ઉકાળો, ત્યારે એને મગજ સારું ઠીક થઈ જાય. આહાહા! આવા વ્યસનના માનનારા ભ્રમણા છે પ્રભુ તારી તને કહે છે. ભાઈ તું તો આનંદનો નાથ છો, જ્ઞાનનો સાગર છો, એ જ્ઞાનની ઉત્પત્તિ તારા સ્વભાવમાંથી આવવી જોઈએ. આહાહા! એ વાણી સાંભળવાથીય નહીં. આહાહા! સમજાણું કાંઈ?

આમ વીતરાગ સર્વજ્ઞનો મારગ તો આ છે. એ વાણીથીય ત્યાં જ્ઞાન થાતું નથી કહે છે. આહાહા! એનો ભગવાન અંદર જે જ્ઞાન સ્વભાવે છે એનો પર્યાયમાં જે વિકાસ થાય છે એ પર્યાયની ઉત્પત્તિ એને કારણે થાય છે. આહાહા! તે સાંભળવાના લક્ષે

જે જ્ઞાનની પર્યાય લક્ષમાં આવી, થઈ એ પણ કાંઈ સમ્યગ્જ્ઞાન નથી. આહાહા! કેમ કે એ પરલક્ષમાં રહેતાં પર્યાયનો વિકાસ થયો એ આત્મજ્ઞાન નહીં, એ જ્ઞાનની દશા નહીં. આહા! એ ઉપયોગ અચેતન, જડ છે. આહાહા! જેમાં ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપે બિરાજમાન અંદર છે ઈ કળી ખીલે અંદરથી, એના સ્વભાવ ઉપર દ્રષ્ટિ જતાં એ શક્તિમાંથી વ્યક્તતા જ્ઞાનનો અંશ છે, શાંતિને આનંદ લેતી દશા જે પ્રગટ થાય તેને જ્ઞાન કહે છે. વીતરાગના મારગમાં જ્ઞાનની વાતેય જુદી બાપુ! આખી દુનિયાથી જુદી. અને આવું સ્વરૂપ વીતરાગ સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહીં, કોઈએ કહ્યું નથી, કોઈએ જાણ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા!

આવા સમાધિતંત્રના રચનારા મુનિ વીતરાગી સંત આનંદકંદમાં ઝૂલનારા. આહાહા! જેને વસ્ત્રનો કટકો પણ જેને ન હોય. આહા! અને આચાર્ય તો કહે છે કે વસ્ત્રનો કટકો રાખીને પણ અમે મુનિ છીએ એમ માને, મનાવે નિગોદમાં જશે. એ પોપટભાઈ! આહાહા! બાપા! આ મારગ એવો ઝીણો છે ભાઈ! આહાહા! વીતરાગ સર્વજ્ઞનો મારગ એવો છે. એ ક્યાંય બીજે એવું મળે એવું છે નહીં! સમજાણું કાંઈ? એવા આ મુનિ હતા! એ સાધુ આહાહા! બાળ બ્રહ્મચારી, અતીન્દ્રિય આનંદમાં ઝૂલનારા, ઝૂલતાં-ઝૂલતાં વિકલ્પ એક આવ્યો વૃત્તિ ઉઠી શુભરાગ એના એ કર્તા નહોતા એ, આહાહા! અને આ શાસ્ત્રના શબ્દોની રચના, શબ્દોથી થઈ છે. આહાહા! ભારે, ભાઈ! એ તો સવારમાં કહ્યું તું, કાલ કહ્યું'તું ને! આહાહા! આ વાણી ને આ જડ એ તો ધ્વનિ જડનો છે, એ આત્મા કરે? એ આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે એમાંથી વાણીનું ઉઠવું ક્યાંથી થાય? વાણીનું ઉઠવું થાય છે એ જડમાંથી, પરમાણુંમાંથી, રજકણમાંથી, પુદ્ગલમાંથી થાય છે. આહાહા! અરે! કેમ બેસે એને વાત. એ અજીવની પર્યાય થાય એને એમ માને કે મારાથી થઈ એણે જીવને અજીવ માન્યો. આહાહા! એણે જીવને અજીવ માન્યો એને મિથ્યાત્વ લાગે છે, મહાપાપ આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુઓને મોક્ષનો ઉપાય હવે આ રચીને શું એમાં બતાવ્યું કહે છે? મુમુક્ષુઓને, ભાષા એમ છે ને? આહાહા! જેને અંતરમાં પૂર્ણાનંદ સ્વરૂપ પ્રગટ કરવાની જેને જિજ્ઞાસા છે એને મુમુક્ષુ કહેવામાં આવે છે. જેને આત્મા પૂરણ આનંદરૂપી મુક્તિ અનંત કેવલજ્ઞાનરૂપી દશા રૂપી મુક્તિ એની જેને જિજ્ઞાસા છે એને અહીંયા મુમુક્ષુ, ધર્મના ઈચ્છકો એને કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

પુણ્યને કરવું ને આ છોડવું ને આ મૂકવું ને એ, એ નહીં. આહાહા! જેવું

એનું મુક્ત સ્વરૂપ છે, પ્રભુનું મુક્ત સ્વરૂપ જ છે અંદર, આત્મા મુક્ત છે. વસ્તુ મુક્ત છે, રાગથી ભિન્ન વસ્તુ છે. આહાહા! એવી જ ભિન્નતાની જેની દશા પ્રગટ કરવાની ભાવના છે એને ધર્મી જીવ ને જિજ્ઞાસાવાળા એને કહીએ! આહાહા! એને ધર્મની જિજ્ઞાસાવાળા કહીએ. એને મોક્ષનો ઉપાય, પૂર્ણાનંદની પ્રાપ્તિ, અનંત સિદ્ધપદ જે છે, સિદ્ધપદ જે છે મોક્ષપદ એ પર્યાય છે, સિદ્ધપદ, મોક્ષપદ એ પર્યાય છે, અવસ્થા છે. એવા મોક્ષનો ઉપાય એની પર્યાયની પ્રાપ્તિનો ઉપાય અને મોક્ષનું સ્વરૂપ, એ આત્માના મોક્ષ મારગથી અંતર સ્વરૂપની દ્રષ્ટિ, જ્ઞાન ને રમણતાના નિર્વિકલ્પભાવથી જે પૂરણ મોક્ષ દશા પ્રગટે એની વાત કહેશું કહે છે. મુમુક્ષુઓને મોક્ષનો ઉપાયને મોક્ષની વાતો કહીશું. આહાહા!

એને પુણ્ય આમ થાય ને પછી એના ફળમાં આમ થાય ને એના ફળમાં આ થાય એ વાતો અમે નહીં કરીએ. કહે છે આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

**શ્રોતા** : અમારી પાસે એ વાત નથી.

**પૂ. ગુરુદેવ** : એ વાત આવે, પણ એ વાત વીતરાગતા માટે આવે. સમજાણું કાંઈ? પુણ્યના પરિણામ એ રાગ છે ને રાગથી બંધન છે. આહાહા! એ વાત વીતરાગતા બતાવવા માટે આવે. ઉપાય બતાવવા માટે આવે એમ કહે છે, પણ એ રાખવા લાયક છે ને કરવા લાયક છે એમ, એમ એ ન આવે. આહાહા! ચંદુભાઈ! આવી વાતું છે બાપુ! ઓહો! દુનિયાથી વીતરાગનો મારગ કોઈ જુદો છે.

એ સ્વરૂપ બતાવવાની કામનાથી એટલે ઈચ્છા, વૃત્તિ ઉઠી છે એમ કહે છે, અને નિર્વિઘ્ને શાસ્ત્રની પરિસમાપ્તિ, મંગળિક છે ને? પૂરણ શાસ્ત્ર થાય, ભાવ પૂરા થાય! એ આદિરૂપ ફળની અભિલાષાથી ઈષ્ટદેવતા વિશેષને નમસ્કાર કરીને કહેશું. લો! હવે પોતે સમાધિશતકના કર્તા નિમિત્તથી જે પૂજ્યપાદસ્વામી સંત મુનિ, દિગંબર મુનિ, જૈન દર્શનમાં અનાદિનો દિગંબર મુનિનોજ ધર્મ હતો. અનાદિનો એ મારગ છે, મહાવિદેહમાં એ મારગ છે. પછી તો આ વચમાં દુકાળ પડયા બાર, એમાંથી આ શ્વેતાંબરપંથ નીકળ્યો, એ વસ્તુની દ્રષ્ટિથી વિપરીત થઈને નીકળ્યો છે. બાપુ! એ આકરું પડે છે એવું છે ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન પછી છસે વરસે શ્વેતાબંરપંથ નીકળ્યો, જૈનમાંથી, સનાતન જૈનમાંથી, વિપરીતદ્રષ્ટિ થઈને એ પંથ નીકળ્યો અને એમાંથી આ સ્થાનકવાસીપંથ તો પછી પંદરસે વરસ પછી નીકળ્યો, એમાંથી શ્વેતાંબરમાંથી. આહાહા! અરેરે! એ પણ

વિપરીતદ્રષ્ટિ થઈને એમાંથી નીકળ્યો એને જૈન ધરમ કહેતાં નથી. ચંદુભાઈ! આવું બાપુ! આકરું બહુ છે, ગળે ઉતરવું કઠણ બહુ માણસને. એ પોપટભાઈ! જેમાં પડયા ને માની બેઠા હોય છે, એમાંથી એને કહેવું કે આ મારગ નહીં. આહાહા! સ્વરૂપચંદ ભાઈ! સત્યતો આ છે પ્રભુ! આહાહા!

આવા જે દિગંબર સંત જે અનાદિની ચીજ છે એ ચીજ એ દિગંબર સંત કહે છે, કે હું મોક્ષની કામના, મોક્ષનું સ્વરૂપ બતાવવાની ઈચ્છા વૃત્તિ કલ્પના થઈ છે વિકલ્પ, તેથી આ હું શાસ્ત્ર થાય છે શાસ્ત્ર થાય છે, રચાય છે એમ કહેવામાં આવે છે. પહેલો શ્લોક, મુનિઓ તો જંગલમાં રહેતાં. ભગવાનના વખતમાં ને ભગવાન પછી છસે વરસ સુધી સંતો જંગલમાં રહેતા. ગામમાં મુનિ આવે નહીં. ગામમાં ભિક્ષા માટે આવે! એ ભિક્ષા લઈને ચાલ્યા જાય. સમજાય છે કાંઈ? એમાં ભિક્ષા માટે આવ્યા હોય ને કોઈ માણસ ભેગા થયા હોય તો કંઈક પ્રરૂપણા આવે તો આવી જાય. બાકી ચાલ્યા જાય પાછા જંગલમાં. આહાહા! આવું અનાદિ સનાતન વીતરાગ મારગનું સ્વરૂપ હતું. એ વીતરાગ મારગના સ્વરૂપવાન પોતે સમાધિશતક કરનારા ઈ કહે છે કે હું મંગળિક કરું છું, ઓલું ટીકાકારે મંગળિક કર્યું પહેલું.

## શ્લોક

**येनात्माऽबुद्धयतात्मैव परत्वेनैव चापरम् ।**
**अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मने नमः ।। १ ।।**

**નમું સિદ્ધ પરમાત્મને, અક્ષય બોધસ્વરૂપ;**
**જેણે આત્મા આત્મરૂપ, પર જાણ્યું પરરૂપ ।। ૧ ।।**

જેનાથી એનો અર્થ આત્મા આત્મારૂપે જણાયો છે. આહાહા! પોતે પોતાની વાત કરે છે, મને મારો આત્મા મારા ભાનથી, જ્ઞાનથી જણાયો છે મને. આહાહા! અને **'अपरं परत्वेन एव'** પરરૂપે જણાયું છે પર! આહાહા! હું એક જ્ઞાન સ્વરૂપી ભગવાન છું એમ મને જણાણું છે અને આ દયા, દાન, વિકલ્પ આદિ વૃત્તિ ઉઠે છે એ પર છે એમ મને જણાણું છે. સમજાણું કાંઈ?

સ્વ છે તે સ્વપણે જણાણું છે, જ્ઞાન અને આનંદનો નાથ પ્રભુ હું સ્વ છું તે જણાણું છે, અને રાગઆદિ, શરીરઆદિ, વાણીઆદિ, કર્મઆદિ એ બધા પર છે તેમ પરપણે જણાણા છે. આહાહા! સમજાણું કાંઈ? જુઓ આનું નામ ભેદજ્ઞાન! આનું નામ

સમ્યગ્દર્શનની જ્ઞાનની કળા ! આહા જેનાથી **'आत्म आत्मा एव'** એવ છે ને નિશ્ચયે આહાહા ! અને **'अपरं'** બીજા તે **'परत्वेन'**, પરપણે જણાયા છે. તે **'अक्षयानन्तबोधाय'**. આહાહા ! એવા અવિનાશી, અનંતજ્ઞાન સ્વરૂપ શુધ્ધાત્મા ને નમસ્કાર હો ! જેને આમ જણાણું એને તો નમસ્કાર પણ મને પણ આમ જણાણું એને હું મને નમસ્કાર કરું છું. આહાહા !

ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપે બિરાજમાન છે. એમ અંતરમાં ભાનમાં જણાણું છે, રાગાદિ પર છે તેમ જણાણું છે, એવો જે સિદ્ધ ભગવાન અથવા સિદ્ધ સ્વરૂપ મારું એને હું નમસ્કાર કરું છું. સમજાણું કાંઈ ? એમ કરીને આ મંગલાચરણ મંગળિક કર્યું છે. સિદ્ધાત્માને અનંત અવિનાશી, અનંતજ્ઞાનસ્વરૂપ સિદ્ધ ભગવાન જેને પૂરણ જ્ઞાનને આનંદ થયો એણે પરને પર જાણ્યું ને સ્વને સ્વ જાણ્યું એવું કેવળજ્ઞાન પ્રગટ થયું એવો તે 'હું' પણ એવો છું. આહાહા ! એને નમસ્કાર કરું છું. એની હવે ટીકા વિશેષ કરશે.

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

**ભગવાન જિનેન્દ્ર સર્વજ્ઞની દિવ્યધ્વનિ આવી તેમાં સિંહનાદ આવ્યો ! શું આવ્યો ? કે હે જીવ ! તું સચ્ચિદાનંદ પરમાત્મ સ્વરૂપ છો. પ્રભુ ! તું પોતે પરમાત્મસ્વરૂપ મારી જાતનો જ છો. બકરાંનાં ટોળામાં સિંહ ભળી ગયો હોય તેમ શુભાશુભ ભાવમાં ભગવાન ભળી ગયો છે તેને ભગવાન સર્વજ્ઞનો સિંહનાદ આવ્યો કે તું મારી જાતનો ભગવાન સ્વરૂપ છો તેમ જાણ !**

**દૃષ્ટિનાં નિધાન ૧૫**

# પ્રવચન – ૨

## શ્લોક – ૧

**સ્થળ : સુવર્ણપુરી　　તારીખ : ૧૨.૧૨.૭૪**

**श्री पूज्यपादस्वामी मुमुक्षूणां मोक्षोपायं मोक्षस्वरुपं चोपदर्शयितुकामो निर्विघ्नतः शास्त्रपरि समाप्त्यादिकं फलमभिलषन्निष्टदेवताविशेषं नमस्कुर्वन्नाह -**

**येनात्माऽबुद्धयतात्मैव परत्वेनैव चापरम् ।**
**अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मने नमः ।।१।।**

નમું સિદ્ધ પરમાત્મને, અક્ષય બોધસ્વરૂપ;
જેણે આત્મા આત્મરૂપ, પર જાણ્યું પરરૂપ ।। ૧ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

પહેલો શ્લોક. સિદ્ધને નમસ્કાર કરે છે. કાલે ચાલ્યું છે, આજ ફરીને લઈએ. જેને આત્મા, આત્મારૂપે જણાયો છે, પહેલું આ ભેદજ્ઞાન બતાવે છે. સિદ્ધને આત્મા, આત્મારૂપે જણાયો છે. શુદ્ધઆનંદ અને જ્ઞાનસ્વરૂપ આત્મા, એને એ જ્ઞાન સ્વરૂપે જણાયો છે, અને ''**अपरं परत्वेन एव**'' પર, પરરૂપે જણાયું એ પહેલો મોક્ષનો ઉપાય બતાવ્યો. સમજાણું કાંઈ ? સ્વ સ્વરૂપ ચૈતન્ય આનંદ ને જ્ઞાન સ્વભાવ એને સ્વપણે જાણવો એટલે કે વસ્તુનાં સ્વભાવથી એ વસ્તુ અભિન્ન છે અને પર વસ્તુ પરવસ્તુના સ્વભાવથી અભિન્ન છે, સ્વથી ભિન્ન છે. એમ પહેલું જેણે જાણ્યું કે છે એ પહેલું ભેદજ્ઞાન કર્યું, મોક્ષનો ઉપાય કર્યો.

પોતે પોતાનું સ્વરૂપ જેવું છે એવું ચૈતન્ય સ્વભાવને, જ્ઞાનની પર્યાયમાં લક્ષમાં લઈને સ્વસન્મુખથી એકત્વ, પરથી ભિન્ન, પોતાના સ્વભાવથી અભિન્ન અને પરથી ભિન્ન એ પરવસ્તુ એ હું નથી, પર એ પરરૂપે જણાણું. આહાહા ! દયા, દાન ને રાગાદિનો જે વિકલ્પ છે, એ પરવસ્તુ છે. એને અહિંયા પરવસ્તુ કીધી છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ પણ એક વિકલ્પ છે, એ પરવસ્તુ છે, પરને પર તરીકે જાણ્યું, સ્વને સ્વ તરીકે જાણ્યું, એવા સિદ્ધાત્મા, પણ એમ કહીને મોક્ષનો ઉપાય પણ સાથે કહ્યો. હેં ?

**શ્રોતા** : મોક્ષ ઉપાય ને મોક્ષ બેય કહ્યો.

**પૂ. ગુરુદેવ** : એ પછી કહેશે હવે મોક્ષ તો, તે, તે હવે મોક્ષ ઉપાય આ કહ્યો. તે ''अक्षयानन्तबोधाय,'' અવિનાશી, અનંત જ્ઞાનસ્વરૂપ પર્યાયમાં, અવસ્થામાં અવિનાશી અક્ષય, એની જ્ઞાનદશા અક્ષય થઈ, આહાહા ! અને જે અનંત જ્ઞાનસ્વરૂપ અક્ષય તો છે, પણ સ્વરૂપ જેનું અનંત છે જ્ઞાનનું, એ મોક્ષસ્વરૂપ કહ્યું, એ સિદ્ધ સ્વરૂપ કહ્યું. એવા સિદ્ધાત્માને, આ રીતે ઓળખીને હું સિદ્ધાત્માને નમસ્કાર કરું છું એમ કહે છે. સમજાણું કાંઈ ? છે વિકલ્પ સિદ્ધાત્માને નમસ્કાર કરવો એ, પણ અંતરમાં સ્વસંવેદનમાં આવીને નમસ્કાર થાય જીવને, એ ભાવનમસ્કાર છે. પોતાના સ્વભાવની પરિપૂર્ણતા તરફ ઢળી ગયો, નમી ગયો ને વિનય થઈ ગયો એનો, એનું નામ અંતર સ્વસંવેદન ભાવનમસ્કાર છે. આહાહા ! વિકલ્પ ઉઠયો છે એટલે ઈ જાતનો નમસ્કાર, દ્રવ્ય નમસ્કાર કહેવાય. પણ એમાં બેય વાત એક ગાથામાં બતાવી, સિદ્ધપણે થયા, એ કઈ રીતે થયા ? કે સ્વપરના ભેદજ્ઞાન દ્વારા થયા. એ ઉપાય કહ્યો. આહાહા ! સમજાણું કાંઈ ? જેને સિદ્ધપદ પ્રાપ્ત કરવું છે એને કયા ઉપાયે થાય ? કે સ્વપરની ભિન્નતાના ભાનથી થાય આહાહા ! સવાર કરતાં આ શબ્દ જરી જાડું છે કાંઈ, સવાર જેવું ઝીણું નથી ? સમજાણું કાંઈ ? પોતાના પૂરણસ્વરૂપનું ભાન અને તેમાં રાગાદિ અજીવ પરરૂપે છે, એ આમાં નથી એવું બેય

પ્રકારનું જ્ઞાન એને હોવું જોઈએ. આહાહા!

એક તો સ્વસ્વરૂપનું અને પર, અશુદ્ધતા પર્યાયમાં છે, એનું એને જ્ઞાન થવું જોઈએ. એ સ્વ - પરનું જ્ઞાન, ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે, એનું જ્ઞાન અને પર્યાયમાં અશુદ્ધતા છે એનુંય જ્ઞાન, બે પ્રકારે કહેશે અર્થમાં. પહેલું પોતાનો સ્વભાવ શુદ્ધ છે, એવી દ્રષ્ટિમાં, અભિન્નતા સ્વભાવ સાથે કરીને, સ્વને જાણ્યો, ત્યારે એની પર્યાયમાં અશુદ્ધતા છે, વહેવાર છે. નિશ્ચયથી એની પર્યાયમાં અશુદ્ધતા છે, પણ ત્રિકાળની અપેક્ષાએ, એ અશુદ્ધતાને વહેવાર કહેવાય છે. સમજાણું કાંઈ ? છે તો એનો નિશ્ચય, અશુદ્ધતા, સંસારદશા, એ પ્રકારનો રાગ ઉત્પન્ન થાય, છે એ અશુદ્ધદશા, છે એ પોતાની પર્યાયમાં નિશ્ચયથી અસ્તિત્વ છે. પરમાં છે ને, પોતામાં નથી, એમ નથી, એ બેનું જ્ઞાન થતાં, દ્રવ્યનું આ રીતે ને પર્યાયનું આ રીતે. આહા સમજાણું કાંઈ ? એ જ્ઞાન થતાં એને મોક્ષના ઉપાયનું પણ ભાન થયું અને એના ફળ તરીકે અનંતજ્ઞાન જેને પ્રાપ્ત થયું એવી મુક્તદશા, એનું પણ એને ભાન થયું. સમજાણું કાંઈ ? બહુ ટુંકામાં.

આ મહામુનિ હતાં ને, આહાહા લબ્ધિ ઘણી, ચમત્કાર ઘણો. આહાહા! પુણ્યનો ચમત્કારેય બહુ હતો એવું લખ્યું છે શાસ્ત્રમાં, પવિત્રતાની તો વાતેય શું કરવી ? આત્માના આનંદમાં લીન, લીન હતા. લબ્ધિ પણ ઘણી હતી. પહેલામાં લખાણમાં છે, ભગવાન પાસે ગયા હતાં, જેમ કુંદકુંદ આચાર્ય ગયા હતાં, એમ એ પણ સાક્ષાત્ ભગવાન બિરાજે છે, ત્યાં ગયા હતાં, એવી એની લબ્ધિ હતી. આહાહા! એ પોતે આ શાસ્ત્ર રચે છે, નિમિત્તથી તો એમ કહેવાયને ? હેં ! રચનામાં તો એનું નિમિત્ત છે, રચાય છે શાસ્ત્રની ભાષા જડથી. આહાહા ! પણ જ્યારે કથન કહેવું હોય ત્યારે એમ ચાલેને, હેં ? બોલવાની રીત એમજ હોય.

સંત પૂજ્યપાદ સ્વામી, જેના પાદ નામ પગો, ઈન્દ્રો પૂજતાં. કહો, એ પંચમઆરાનાં સાધુ. સમજાણું કાંઈ ? કુંદકુંદ આચાર્ય પછી થયેલાં, છતાં જેને દેવો પૂજતાં, જંગલમાં ધ્યાનમાં, આત્માના અતીન્દ્રિય આનંદમાં મસ્ત હતાં, એને મુનિપણું કહીયે. આહાહા! સમજાણું કાંઈ ? એને પંચમહાવ્રત આદિનાં વિકલ્પો હો, પણ એ તો અશુદ્ધ છે, વિકાર છે, પર છે, એમ જ્ઞાનમાં હતું. સમજાણું કાંઈ ? એ આચાર્ય કહે છે કે સિદ્ધાત્માને નમસ્કાર, નિશ્ચયથી તો જેવો સિદ્ધ ભગવાન છે, એવો જ અહીં આત્મા છે. ન્યાં પર્યાયમાં ફેર છે એ જુદી રાખો વાત, પણ જેવા સિદ્ધ ભગવાનને અનંતગુણો છે અને એની પર્યાય નિર્મળ અનંત થઈ છે, પણ અહિંયા પર્યાય ભલે અનંત નિર્મળ ન હોય, પણ વસ્તુ જે છે એ

તો સિદ્ધ સમાન, અનંતગુણોથી નિર્મળ, પૂર્ણાનંદ સ્વરૂપ જીવનું છે, એ સિદ્ધ જ છે એને અહિંયા ભાવથી નમસ્કાર કર્યો છે. દ્રવ્યથી સિદ્ધ ભગવાનને પણ નમસ્કાર કર્યો છે.

**ટીકા** : અહિં ટીકા પૂર્વાર્ધથી મોક્ષનો ઉપાય, પહેલા બે પદમાં મોક્ષનો ઉપાય આહાહા ! આ તો વાતો બાપુ અંદરની, આહાહા ! અને ઉત્તરાર્ધથી મોક્ષનું સ્વરૂપ બતાવ્યું છે, બીજા બે પદે મોક્ષ બતાવ્યો છે. સિદ્ધાત્માને એટલે સિદ્ધપરમેષ્ઠિને, સિદ્ધાત્માને એટલે સિદ્ધપરમેશ્વરને. આહાહા ! પ્રવચનસારમાં કહે છે ને મારી દીક્ષામાં, હું સિદ્ધોને, અને અરિહંતોને સાક્ષી તરીકે, આહાહા ! મારી જે ચારિત્રદશા, શુદ્ધ ઉપયોગરૂપી રમણતા એવી ચારિત્રની દીક્ષાનો મહોત્સવ, શું કહેવાય ? સ્વયંવર, સ્વયંવર. આહાહા ! હું સ્વયં, મારી નિર્મળ પર્યાયને વરું છું. આહાહા ! એ મારો સ્વયંવર છે.

હું આત્મામાં પૂર્ણાનંદને, પૂર્ણ વીતરાગતા જે પડી છે, એમાંથી મેં પૂર્ણ આનંદનું સાધન એવું જે ચારિત્ર, દર્શન, જ્ઞાન, ચારિત્રદશા, એ મારા સ્વયંવર મંડપની, મહોત્સવની દશા છે. આહાહા ! હું સ્વયં પોતે, એ જ્ઞાન, દર્શનને આનંદની દશા, એને હું વર્યો છું. મેં પ્રસન્ન કરીને એને હું વર્યો છું. આહાહા ! સમજાણું કાંઇ ? પણ એમાં સાક્ષી અરિહંતોને ને સિદ્ધોને રાખ્યા છે. આહિં એ સાક્ષીમાં નમસ્કાર સિદ્ધને કરે છે. સમજાણું કાંઇ ?

મોટા લગન હોય તો, એમાં ગૃહસ્થને હારે લઇ જાય, હેં ? ગૃહસ્થ નવનીતભાઇ જેવા હોય, ભગવાનદાસ શેઠ જેવા હોય પોપટભાઇ જેવા હોય લઇ જાય હારે. સાધારણ માણસ હોય ને ઓળખીતા હોય એની કન્યા જે ટાઇમ હોય એ ન ફરે. એને કદાચિત એનો બાપ છૂટયો હોય ટાઇમે કે આટલા પૈસા આપો ખાનગી, પછી કન્યા આવશે. આહાહા ! વાર લાગે એક સેકંડની તો ઓલો સાંભળે, શેઠિયો બેઠો, કેમ થ્યું ? કે અંદર કંઇ ગડબડ છે. સમય વર્તે સાવધાન, એમ આવે છે ને ? સમય હેં ? બ્રાહ્મણ બોલે પણ અહીં સમય વર્તે એનો સમય છે ત્યાં સાવધાન. આહાહા ! પોતાનો કાળ છે, આનંદની દશાનો, એમાં સાવધાન, ત્યાં એને લગનનો કાળ છે. એ મોટા પુરુષો ત્યાં જાય અંદર, કેમ વાર લાગી ? પચાસ હજાર રૂપિયા પહેલા મૂકો. કહે છે પણ ન્હોતુંને લેવા - દેવાની વાત કાંઇ ? ગમે તે હોય ? પણ અત્યારે આમ છે. સ્વરૂપચંદભાઇ ! એ ડોકમાંથી હાર ઉતારીને, લે આ, કર ટાઇમસર અરે હું ને કન્યા ફરે, ત્રણ કાળમાં નહિં, એમ કહે છે કે પ્રભુ મારી ચારિત્રની દશાની દીક્ષામાં પ્રભુ આપની સાક્ષીને આપની હાજરી કરી છે મેં તો ! હેં ? એ મારી દશા ન ફરે હવે. આહાહા ! મેં સર્વજ્ઞ પરમાત્મા સિદ્ધોને સાક્ષીમાં રાખ્યા છે. આહાહા ! એ કહેશે આહીં જુઓ.

સિદ્ધ એટલે સર્વ કર્મથી સંપૂર્ણપણે, સર્વકર્મથી સંપૂર્ણપણે, અત્યંત મુક્ત, એવા આત્માને નમસ્કાર. આહાહા! એ ભાષાની વાત નથી હોં અહિંયા. એ આ ભાવની અંદર છે. આહાહા! જેણે શું કર્યું? સિદ્ધ પરમાત્માએ શું કર્યું? જાણ્યો. શું કર્યું એણે ભેદજ્ઞાન પહેલું, પહેલા પદમાં બતાવ્યું ને? જાણ્યો. કોને? આત્માને. આહાહા! ભગવાન આત્મા, જે પર્યાયની અંશબુદ્ધિમાં જે હતો, એણે દ્રવ્યબુદ્ધિમાં આવીને એણે દ્રવ્યને જાણ્યું, આહાહા ! હું એક, પૂર્ણાનંદ પરમાત્મ સ્વરૂપ છું એમ એણે જાણ્યું, કેવી રીતે જાણ્યો? આત્મારૂપે. આત્માને આત્મારૂપે જાણ્યો, એ રાગરૂપ નહિં, પુણ્યરૂપ નહિં, ગતિરૂપ નહિં, સમજાણું કાંઇ? આહાહા!

એને આત્મારૂપે અર્થ એ છે કે સિદ્ધાત્મા એ અહીં આત્માને આત્મારૂપે, અધ્યાત્મરૂપે જાણ્યો. આહાહા! અંતરના સ્વસંવેદનથી આત્માને જાણ્યો. શરીરાદિ કે કર્મોપાદિત, શરીરઆદિ કે કર્મથી ઉપાદિત પ્રાપ્ત થયેલ સૂર નામ દેવ નર, ને નારક ને તિર્યંચ આદિ જીવ પર્યાયરૂપે ન જાણ્યો, એ જીવની પર્યાય છે એમ ન જાણ્યું. આહાહા! સમજાણું કાંઇ? એવી જીવની પર્યાયરૂપે જીવને ન જાણ્યો. આહાહા! એ તો પર છે, છકાયમાં નથી આવતું, પ્રવચનસારમાં? છકાયના જીવ. એ છકાયના જીવ એ જીવ નથી. જીવનું સ્વરૂપ તો છકાયના શરીરથી ભિન્ન છે, આવે છે ને? પ્રવચનસારમાં આવે છે. એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રિઇન્દ્રિયા કે ના ના, એકેન્દ્રિય બેઇન્દ્રિય એ જીવનું સ્વરૂપ છે જ નહિં હેં? એ તો પુદ્‌ગલની પર્યાય, ત્યાં જ્ઞાનની, અલ્પજ્ઞાન અવસ્થા છે, ઇ કાંઇ જીવનું સ્વરૂપ નથી, વાસ્તવિક જીવનું સ્વરૂપ નથી. આહાહા! કહે છે કે એકેન્દ્રિય, બેઇન્દ્રિયાદિ શરીરાદિ અને સૂર નર આદિ ગતિ, એવી પર્યાયરૂપે જીવને ન જાણ્યો. આહાહા! તથા જેણે અન્યને એટલે શરીરાદિક વા કર્મજનિત, એ કર્મ ઉપાર્જિત કહ્યું.

મનુષ્યાદિ જીવ પર્યાયને, પરરૂપે આહાહા! આ મનુષ્યનીગતિ, રાગાદિ ભાવ એને પરરૂપે જાણ્યો જેણે. આહાહા! એ હું નહિં, હું એમાં નહિં, એ મારામાં નહિં. આવો જે પ્રથમ મોક્ષના ઉપાયરૂપ ભેદજ્ઞાન, આહાહા ! સિદ્ધે કરેલું અને એ કરવાનું જગતને કહે છે. આહાહા! આત્માથી ભિન્નરૂપે જાણીને, ગતિ, રાગ, પર્યાપ્તિ, અપર્યાપ્તિ આદિ એ તો પરરૂપે છે, મારું સ્વરૂપતો જ્ઞાનઘન છે, ચૈતન્યબિંબ છે એ સ્વરૂપને સ્વરૂપે જાણ્યું ને પરને પરરૂપે જાણ્યું. આહાહા! જુઓ, આનું નામ ભેદજ્ઞાન. કેવા તેમને નમસ્કાર કર્યો? એ સિદ્ધ ભગવાન કેવા? કે જેને નમસ્કાર કર્યો. અક્ષય, અનંતબોધવાળાને પાઠમાં ઇ છે ને? અક્ષય, અનંતજ્ઞાન, અક્ષય અનંતજ્ઞાન, અક્ષય અનંતબોધ એમ ત્રણ શબ્દ છે

ને ? આહાહા !

કેવું છે એમનું જ્ઞાન ? અક્ષય, અવિનશ્વરજ્ઞાન, લ્યો, કેવળજ્ઞાનની પર્યાય આમ તો નાશવાન છે. હેં ? પણ તેવી ને તેવી રહેતાં, તેમાં અપૂર્ણતા ન આવતાં એ અવિનશ્વર દશા પ્રત્યક્ષ થઇ ગઇ. આહાહા ! અક્ષય અનંતજ્ઞાન જેની દશામાં પ્રાપ્ત થયું એવા સિદ્ધને હું નમસ્કાર કરું છું. આહાહા ! જેને આવી લક્ષ્મી મળી, અનંત અક્ષય જ્ઞાન, ક્ષય ન થાય એવું અને અનંત. એક બાજુ નિયમસારમાં કહે કે કેવળજ્ઞાન અને મોક્ષનોમારગ અને પુણ્ય પાપનો ભાવ, એ બધી પર્યાયો નાશવાન છે. અવિનાશી, કાયમ ટકનારો તો ભગવાન આત્મા, નિત્યાનંદ પ્રભુ છે. ઇ અવિનાશી ત્રિકાળ સત્‌ની અપેક્ષાએ એને નાશવાન કહ્યું, અને આંહિ એ અક્ષય અનંત કહ્યું, એવી ને એવી દશા એમ ને એમ રહેશે, સાદી અનંત. આહાહા ! ચૈતન્યસૂર્ય ઝળહળ જ્યોતિએ પ્રકાશ્યો, મોક્ષના ઉપાય વડે. હેં ?

આહિં તો કહે કે મોક્ષનો ઉપાય જુદી ચીજ છે અને મોક્ષની પર્યાય જુદી ચીજ છે. ઉપાય વડે કરીને પર્યાય પ્રગટે એમ નહિં, એ બીજી અપેક્ષા. આહાહા ! એ તો સ્વતંત્ર કેવળજ્ઞાનની દશા, પોતાને કારણે ત્યાં ઉત્પન્ન થઇ, પણ પૂર્વે પૂર્વે શું હતું ? એ બતાવવા એને ઉપાય અને કારણ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઇ ? આહાહા ! કેટલી અપેક્ષાઓ ન સમજે તો એને એકાંત થઇ જાય. એ કેવળજ્ઞાન અક્ષયબોધવાળાને આહાહા ! અક્ષય એટલે અવિનશ્વર, અનંત એટલે દેશકાળથી અનવચ્છિન્ન દેશકાળનો કોઇ પાર નહિં, બધો દેશકાળનો પાર આવી ગયો જેને જ્ઞાનમાં. આહાહા ! દેશ નામ લોકાલોક ક્ષેત્ર અને કાળ, ત્રિકાળ, જેની જ્ઞાન પર્યાયમાં જણાઇ ગયું. ઓહોહો ! આવી સિદ્ધની દશા, એ મોક્ષના ઉપાયથી મોક્ષ થયો છે. કહે છે સમજાણું કાંઇ ? એમાં એમ ન કહ્યું કે ભાઇ ! વહેવાર મોક્ષમારગ જે છે, એનાથી આ મોક્ષ થયો. આહાહા ! અહિંયા તો વહેવારને તો અશુદ્ધતામાં જાણ્યું, પરરૂપે જાણ્યું અને સ્વની શુદ્ધતાને પોતાની પરિપૂર્ણતાને શુદ્ધ તરીકે જાણ્યું. સમજાણું કાંઇ ? આહાહા ! આવા ધીરાના મારગ છે. આ તો ભાઇ ! આહાહા !

વેપારમાં પણ ગાંડા થઇને મશગુલ થાય છે ને, જુઓને હેં ? નહોતું કીધું એક ફેર તે'દિ ઓલા, શું કહેવાય ? મુંબઇ, કોલાબા, કોલાબા એ કોલાબા, પહેલા ગયેલાને જ્યારે માલ લેવા, દુકાનેથી, કીધું હાલો કોલાબા જોવા જઇએ, તે'દિ ૬૪ની સાલ, હશે ૬૪-૬૫ સંવંત, ૬૪-૬૫ મુંબઇ એ કોલાબા જોવા ગયાં ત્યાં. એ ન્યાં આવે ઓલા ન્યાં હતાને ? શું કહેવાય એને ? અમેરિકાની સાલ ત્યાં આવે, ભાવસાર, ન્યાં આવતાં તે ન્યાં જોયેલું એક મારવાડી હતો આમ કઠોર બંધ દીઠું શરીર દીધું, દીધું, એ તો જુઓ તમારે

ગાંડા. હાય કીધું આ શું કરે છે?

**શ્રોતા** : કરોડો રૂપિયા કમાય છે.

**પૂ. ગુરુદેવ** : ધૂળમાંય કમાતા નથી. એય કોલાબે, મુંબઈમાં દરિયાને કાંઠે છે ને ત્યાંથી આવતાં'તા. આહાહા! આ દીધું, આ ભાવે દીધું, આટલું દીધું, આટલું દીધું આમ બાઝે, તે'દિ એમ લાગતું હેં ! એ શું કરે છે આ. આહાહા! આ તો ધીરાના કામ છે. જેણે પોતાના સ્વરૂપને જાણીને, પોતાને સ્વરૂપ પૂરણ દીધું. આહાહા! અને અશુદ્ધને અશુદ્ધતાને જાણીને અશુદ્ધતાનો નાશ કર્યો. એવો જે મોક્ષનો ઉપાય, એનાથી આ અવિનશ્વર અનંતજ્ઞાનની દશાને પામ્યા છે. આહાહા!

સમસ્ત પદાર્થોના પરિચ્છેદક, પરિ એટલે સમસ્ત પ્રકારે એનાં જાણનારા, પરિ સમસ્ત પ્રકારે છેદક, 'સર્વભાવાંતરચ્છિદે' આવે છે ને? ચ્છિદે ત્યાં આવે છે, સર્વભાવાંતરે. જ્ઞાનવાળા તેમને નમસ્કાર. આહાહા! જેને અક્ષય અનંત પર્યાયનું જ્ઞાન પ્રગટ થયું, આવા અસ્તિત્વને મારો નમસ્કાર. સમજાણું કાંઈ? તેમને નમસ્કાર. આવા પ્રકારના જ્ઞાનનું, અનંતદર્શન, સુખવીર્ય સાથે, આવા પ્રકારનું જે જ્ઞાન, અક્ષયજ્ઞાન એક સમયની દશામાં, પરમાત્માને મોક્ષદશા માં થઈ ગ્યું આહા! એ જ્ઞાનનું અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય સાથે અવિનાભાવીપણાના સામર્થ્યને લીધે આહાહા! એક હારે હોય છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ ને અનંતવીર્ય પુરુષાર્થ, એ એક સમયે સાથે હોય છે, તેથી તેને અનંત ચતુષ્ટયરૂપ છે એમ બોધ થાય છે. આહાહા!

સિદ્ધ પરમાત્મા, આ તો 'નમો સિદ્ધાણં', 'નમો સિદ્ધાણં' કરે પણ શું સિદ્ધ શું? પર્યાય શું? સિદ્ધપણે તે પર્યાય છે, કાંઈ ગુણ દ્રવ્ય નથી. હેં? ગુણ દ્રવ્ય તો ત્રિકાળ છે. સિદ્ધભગવાનની પણ એક દશા છે, એ પર્યાય છે. અનંત, અનંત, અનંત જેની પર્યાયનું પરિમિતપણું, મર્યાદિતપણું નથી. અનંત અનંત જ્ઞાન જેને પ્રગટ થયું છે, એની હારે અનંતદર્શન, વીર્ય ને આનંદ પ્રગટ થયો છે, એવું એનું અનંત ચતુષ્ટય સ્વરૂપ છે. બીજા અનંતા હારે છે, મુખ્ય આ ચાર, એવા સામર્થ્યને લીધે, તેઓ અનંત ચતુષ્ટય સ્વરૂપ છે, એમ બોધ થાય છે, એમ જ્ઞાનમાં જણાય છે. અનંતજ્ઞાનની સાથે એક સમયની અંદર અનંતદર્શન, અનંતઆનંદ ને અનંતવીર્ય હોય છે, એમ બોધ થાય છે, એમ જ્ઞાનમાં જણાય છે કહે છે.

**શંકા** - ઈષ્ટદેવતા વિશેષ પંચપરમેષ્ઠી હોવાં છતાં ઈષ્ટદેવ તો પાંચ પરમેશ્વર છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. ગ્રંથકર્તાએ સિદ્ધાત્માને જ કેમ નમસ્કાર કર્યો? પંચપરમેષ્ઠી

ને નમસ્કાર ન કરતાં, સિદ્ધ પરમાત્માને કેમ નમસ્કાર કર્યો ?

**સમાધાન** - ગ્રંથકર્તા, વ્યાખ્યાતા, એનો વ્યાખ્યા કરનાર એને સાંભળનારા, શ્રોતા અને તેના અર્થના અનુષ્ઠાનને જાણનારા, અર્થ, જે વસ્તુ કહે છે તેનો ભાવ અર્થ એના અનુષ્ઠાતા.

આત્મા વિશેષ દશા એને જાણનારા, એવા અનુષ્ઠાતાને સિદ્ધ સ્વરૂપની પ્રાપ્તિનું પ્રયોજન હોવાથી, આ ચારેયને, ગ્રંથકર્તાને, ગ્રંથકર્તાના વ્યાખ્યાતાને, એના સાંભળનારાને અને એના અર્થને સમજનારાને, બધાને સિદ્ધ સ્વરૂપની પ્રાપ્તિનો હેતુ છે. આહા ! સિદ્ધપણું પ્રાપ્ત કરવું એ જ એની અભિલાષા છે. આહાહા ! સમજાણું ? શ્રોતા પણ એવા હોવા જોઈએ કહે છે, કે જેને પરમાત્મપદની પ્રાપ્તિનું જ એક કામ છે. સમજાણું કાંઈ ? વ્યાખ્યાતાને પણ એ પ્રયોજન છે, ગ્રંથકર્તાને પણ એ પ્રયોજન છે અને એના અર્થના વિશેષપણે જાણનારાઓ, એનું પણ પ્રયોજન તો આ છે, આહાહા ! ઈ આ કહેશે દાખલો આપશે પંડિતનો છે ને ? જે જેની પ્રાપ્તિનો અર્થી હોય, કેમ નમસ્કાર કર્યો કહે છે એને ? જે જેની પ્રાપ્તિનો અર્થી હોય, જેને જે જોઈતું હોય, તેને તે નમસ્કાર કરે છે, તેમાં તે નમન ને વલણ કરે છે.

જેમ ધનુર્વિધા પ્રાપ્તિનો અર્થી, ધનુર્વિધા થાય છે ને આ ? ઈ ધનુષદિને ધનુર્વેદિને નમસ્કાર કરે છે, તેમ સિદ્ધના અનુષ્ઠાનના, સિદ્ધના ભાવના અભિલાષી, એ સિદ્ધને નમસ્કાર કરે છે. આહાહા ! સમજાણું કાંઈ ? તેથી સિદ્ધ સ્વરૂપની પ્રાપ્તિના અર્થી આ મોક્ષ આવે છે ને ? કામ એક મોક્ષ શું આવે છે ? હેં ? 'કામ એક આત્માર્થનું, બીજો નહિં મનરોગ' આહા ! એક આત્માર્થ પ્રયોજન મોક્ષ, તેનું જેને પ્રયોજન છે, એવા જીવોએ સમાધિશતક શાસ્ત્રના કર્તા, એના વ્યાખ્યાતા, એના શ્રોતા અને એના અર્થના અનુષ્ઠાતા એટલે આત્મ વિશેષ દશા એ સર્વે સિદ્ધાત્માને નમસ્કાર કરે છે. આહાહા ! તીર્થંકર પણ જ્યારે દીક્ષા લે છે ને ? 'નમો સિદ્ધાણં' બસ પંચપરમેષ્ઠીને ન કરે. ત્રણ જ્ઞાનને સમ્યગ્દર્શન જ્ઞાનને સ્વરૂપાચરણની સ્થિરતા છે. 'નમો સિદ્ધાણં' બસ. તીર્થંકર ભગવાન જ્યારે ચારિત્ર અંદરના આનંદની દશા એ ચારિત્ર હો. આ બધા અત્યારે જે કહે છે કે આ વ્રત ને તપ ને એ બધું વ્રતેય નથી ને ચારિત્રેય નથી. હજી સમ્યગ્દર્શન કોને કહેવું બાપા એ ચીજનીય ખબર નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

એક એક દ્રવ્યની એક એક સમયની પર્યાય પોતાથી થાય, પરથી થાય નહિં. પરથી થાય નહિં, પણ એના પૂર્વની અવસ્થાના વ્યયથી ન થાય. આહા ! અને તે તે સમ્યગ્દર્શનની પર્યાય, ધરમની પહેલી, ધ્રુવને લઈને ન થાય. આહાહા ! એને એમ માનવું

કે આ જ્યાં આ રાગ કરીએ ને આ ક્રિયા કરીએ એનાથી થાય, તદ્દન દૃષ્ટિ વિપરીત ને મિથ્યાત્વ છે. કો મહેન્દ્રભાઇ, શેઠિયાઓને આ બધું બહાર તો કાંઇ ત્યાગ કરી શકે નહિં અને બીજાનો ત્યાગ એવો ભાળે તો જય મહારાજ, જય નારાયણ.

**શ્રોતા :** નગ્ન તો છે.

**પૂ. ગુરૂદેવ :** હેં ? નગ્ન શું થયું ? પણ હમણાં ક્યાંક આવ્યું'તું નગ્ન એટલે શું થયું કહે ? ઇ શબ્દકોષમાં આવ્યું'તું જેને સમ્યગ્દર્શનનું ભાન નથી, એ બધાં નગ્નો આહાહા ! ચાહે એમાં શબ્દકોષમાં નાંખ્યું છે ભાઇએ, એને બીજામાં છે ત્યાં અષ્ટપાહુડમાં તો છે, એણે બીજામાં ક્યાંક છે એમાંથી લીધું છે. નાંખ્યું એવા નગ્નપણા શું ? ને એના પંચમહાવ્રતના પરિણામેય ક્યા ? આહા !

એને માટે આહાર બનેલો લે, ચોકા કરીને લે, ખબર છે કે આ મારે માટે આ બનાવ્યું છે ત્યાં વહેવારના વ્રતેય ક્યાં છે ? નવનીતભાઇ, એ સ્વરૂપચંદભાઇ. એ તો શ્વેતાંબર હતાં. નવનીતભાઇ દિગંબર ને ? (મૂળ દિગંબર) હેં ? ઇ મૂળ દિગંબર, આ શ્વેતાંબર હતાં ને. આહાહા ! મુનિમારગ બાપુ એવો ઝીણો છે. ઝીણી વાત છે. આહાહા ! ચૈતન્ય સ્વરૂપ આનંદનો નાથ પોતાના અનુભવમાં, જેને રાગની અને નિમિત્તની પણ અપેક્ષા નથી. આહાહા ! જેને ભગવાન, ગુરુદેવ ને શાસ્ત્રની અપેક્ષા નથી આહા ! એવી જે અંતરની દશા, સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ પ્રતીતિ અને નિર્વિકલ્પ પ્રતીતિમાં અતીન્દ્રિય આનંદના સ્વાદનું વેદન ભેગું આહાહા ! એને તો હજી સમ્યગ્દર્શન કહે છે. આહાહા ! એ સમ્યગ્દર્શન વિના વ્રતને તપને ચારિત્ર બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઇ ? આહાહા !

એ કોઇ વ્યક્તિનાં સ્વરૂપ માટે (નહીં), વસ્તુનું સ્વરૂપ આવું છે. હેં ? આહાહા ! ભાઇ ! જેમાં ચારિત્ર એટલે ચરવું, ચરવું એટલે ઠરવું, જે ચીજમાં ઠરવું એ ચીજનો જ્યાં અનુભવ નથી. સમજ્યા ? તો ઠરવું આવે ક્યાંથી એમાં ? આહાહા ! રાગની ક્રિયા છે એકલી. આહા ! અને તે પણ એક જ સર્વજ્ઞદેવ, પરમેશ્વર, વીતરાગ, ત્રિલોકનાથે કહેલો મારગ એક, એ સિવાય કોઇ મારગ બીજો છે નહિં. બીજાનો સમન્વય કરે છે ને ? બધાંને અત્યારે સરખા માનો, કોઇ સાથે વિરોધ નહિં, કોઇ વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિં, વેર નહિં તિરસ્કાર નહિં, દ્વેષ નહિં, પણ વસ્તુનું સ્વરૂપ હોય એવું તો જાણવું જોઇએને એણે મહેન્દ્રભાઇ. આહાહા ! બધાં ભગવાન આત્મા છે. સત્વેષુ મૈત્રી, સત્વ જીવ તરીકે તો મૈત્રી હોય પણ એની ભૂલ જે છે પર્યાયમાં એને તો મોટી, જેમ છે એમ એને જાણવી જોઇએ. આહાહા !

આહિં તો કહે છે કે પ્રથમ જ્યાં દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ જે શુભ રાગ એને હું કરું ને એ કરવા લાયક છે. શાસ્ત્ર, ચરણાનુયોગમાં એમ આવે, વહેવારનયના ગ્રંથોમાં એ પાળે છે, અતિચાર પાળે છે, એ નિર્મળ વ્રતને એમ આવે પણ એનો પરમાર્થ? વસ્તુના સ્વરૂપમાં ઠરતાં, પૂરણ ઠરી શક્યો નથી એથી એવા એ વિકલ્પો આવે, ઈ આવે એને કરે એમેય નથી. આહાહા! અને ઈ કરે અને એનાથી આત્માને કલ્યાણ થાય, એમ નથી. આહાહા! એવી વસ્તુની હજી સમ્યગ્દ્રષ્ટિ. અહિં કહ્યુંને પહેલું, પરથી ભેદજ્ઞાન જ જ્યાં પહેલું નથી, ત્યાં ઠરે શેમાં? અને ખસે શેમાંથી? સમજાણું કાંઇ?

રાગ આદિની ક્રિયાથી ખસવું છે, હઠવું છે અને સ્વભાવમાં ઠરવું છે. પરથી ખસ, સ્વમાં વસ, એ ટૂંકું ટચ. આહાહા! એ વ્રતની ક્રિયા પણ એમાંથી ખસ એ રાગ છે, આસ્ત્રવ છે, ભાઇ, એ ચારિત્ર નહિં, એ વ્રત નહિં, એ સંવર નહિં આહાહા! એવા રાગને પરરૂપે જાણી મને લાભદાયક નથી. આહાહા! મને લાભદાયક તો સ્વરૂપની દૃષ્ટિ અને સ્થિરતા એજ મને લાભદાયક છે. હેં? ભગવાન ત્રણલોકના નાથ એને હું માનું એવો જે વિકલ્પ એ પણ આત્માને લાભદાયક નથી. આહાહા! અહિંયા તો કહ્યું કે ધરમની પ્રાપ્તિ સ્વરૂપની દૃષ્ટિ આહાહા! એને લાભને માટે હું પૂર્વની મિથ્યા દશાનો વ્યય એ પણ લાભને, આ લાભને માટે મદદગાર નથી કહે છે. આહાહા! સમજાણું કાંઇ?

એવો જે એનું સ્વરૂપ જ એની જાતમાં એવી જાત જ એની છે એ કાંઇ ભગવાને કર્યું નથી એવું. બધાને ત્યાં એનું કર્યું ને આ હું એનો કર્તા છું. હેં? વસ્તુનું સ્વરૂપ એવું છે. આહાહા! આ ભાષાની દશા થાય એ પણ આત્માથી થતી નથી. એક જણાને કહ્યું'તું નહિં? આહિં સાંભળવા આવ્યા'તા, કોઇ અમદાવાદના, શ્વેતાંબર હતાં, પછી આવ્યા નથી ને? પછી આવ્યા હતાં, પંદર દિ' રહ્યા'તા અંદર ઉતરેલા અહીં સાંભળ્યું ને ન્યાં જઇને કહે કે મહારાજ આ બોલે છે કોણ? કહે, આહિંનું સાંભળેલું ખરુંને? કે બોલે એ આત્મા નહિં, બોલે એ જડની ભાષા. આહાહા! ત્યાં સામે જવાબ આપ્યો મહારાજ, આ બોલે છે કોણ? તો કહે તારો બાપ બોલે છે? આ કોણ બોલે છે?

એ સ્વરૂપચંદભાઇ! અરે ભગવાન! જવાબેય કેવો. આ તારો બાપ બોલે છે, ઈ કોણ બોલે છે? તું બોલતો નથી? ઓલોતો બિચારો. અહિંથી સાંભળીને ગયેલો. ઘણા વરસની વાત છે હોં. ૨૦-૨૫ વર્ષ થઇ ગ્યા, બે જણા આવ્યા'તા, શ્વેતાંબર, બે આવ્યા'તા, આવું છે. આહાહા! અરેરે! તને એવી ભાષા આવે એને સાંભળવા તને રુચે નહિં, હેં? અને અમે બોલીએ છીએ ને અમે ભાષા કરીએ છીએને, અરેરે! એ તો

મિથ્યાત્વભાવ છે. મિથ્યાદષ્ટિપણાની દશા છે એ તો. આહાહા! એને આહિં કહે છે જેને સિદ્ધપણાની જિજ્ઞાસા છે કે જેની જેને રુચિ તેની તેને તેનો તેને નમસ્કાર હોય એમ કહે છે. આહાહા! સમજાણું કાંઇ? સિદ્ધપદની પ્રાપ્તિ જે મારી પૂર્ણદશા જે મારી પૂરણ પદવી, જે મારી પર્યાયની પૂરણ સ્થિતિ ઇ છે, એવી દશાનો જિજ્ઞાસુ એવી દશાના પ્રાપ્તને નમસ્કાર કરે છે. સમજાણું કાંઇ? આહાહા! એ સર્વે સિદ્ધાત્માને નમસ્કાર કરે છે.

સિદ્ધ શબ્દથી અર્હંતાદિનું પણ ગ્રહણ સમજવું. એક દેશ અરિહંતને એ બધાં સિદ્ધ જ છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આહાહા, આદિ શબ્દ છે ને? અર્હંતાદિનું પણ ગ્રહણ સમજવું. કારણકે તેમણે પણ એક દેશતઃ સિદ્ધસ્વરૂપ પ્રાપ્ર કર્યુ છે. આહાહા! આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને અરિહંત, એમણે પણ, અરિહંતને હજી પૂરી સિદ્ધદશા થઇ નથી. હજી એને અસિદ્ધ ભાવ ઉભો છે, ચાર (ઘાતિ) અઘાતિ કર્મનો ભાવ. પણ એક દેશ સિદ્ધ થયા છે એમ કહે છે. આહાહા! છે? અર્હંતાદિ ને પણ એકદેશતઃ છે સિદ્ધસ્વરૂપ આહાહા! એમ આચાર્ય ઉપાધ્યાય, સાધુ, વીતરાગપણાની દશાથી ઉત્પન્ન થયા છે એ બધા એક દેશ, એક ભાગ સિદ્ધ જ છે. સમજાણું કાંઇ?

એ સિદ્ધને નમસ્કાર કરતાં એમાં પાંચે આવી જાય છે. ગ્રંથકારે પૂર્વાર્ધમાં સ્વ પરનું ભેદવિજ્ઞાન, છે ને? કીધું ને પહેલું સ્વપરનું. તે જ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે. એમ સૂચવ્યું છે, ''भेदविज्ञानतः सिद्धाः सिद्धाये किलकेचन'' અભીતક અત્યાર સુધી જે કોઇ મોક્ષને પામ્યા તે બધાં દયા, દાન, વ્રત, ભક્તિના રાગથી ભિન્ન પાડીને, પોતાના સ્વરૂપમાં ઠરીને ભેદજ્ઞાન કરીને પામ્યા છે. સમજાણું કાંઇ? ઇ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ તો રાગ, અશુદ્ધ છે. આહાહા! એ મલિનભાવથી સિદ્ધપદ પામ્યા છે એમ છે નહિં. એનાથી તો ભિન્ન પાડીને પોતાના શુદ્ધ સ્વભાવની નિર્મળ દશા પ્રગટ કરીને પવિત્રતા પ્રગટ કરીને મોક્ષને પામ્યા છે. સમજાણું કાંઇ?

**ભાવાર્થ** : ગ્રંથકારે શ્લોકના પૂર્વાર્ધમાં સ્વ-પરનું ભેદજ્ઞાન તે જ મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે એમ સૂચવ્યું તેના ઉત્તરાર્ધમાં બીજા બે પદમાં ફળ સ્વરૂપ પરિપૂર્ણ જ્ઞાન અને આનંદરૂપ સિદ્ધદશા ઇ બધું પહેલું નાંખી ગ્યા છે. જ્ઞાન, દર્શન, આનંદને વીર્ય, પરિપૂર્ણ જ્ઞાન દર્શનાદિરૂપ સિદ્ધદશા તે મોક્ષ સ્વરૂપ છે એમ દર્શાવ્યું છે, એ ભેદજ્ઞાનથી પ્રાપ્ત થતી દશા એ મોક્ષ સ્વરૂપ છે, એ એનું ફળ છે એ ઉપેય છે, સિદ્ધદશા તે ઉપેય છે અને ભેદજ્ઞાન તે ઉપાય છે. ઉપાય અને ઊપેય આવે છે ને? સમયસારમાં, પાછળ આવે છે. આહાહા!

અહિંયા તો કહે છે, આત્મામાં જે મોક્ષદશાની જિજ્ઞાસાવાળા એણે જે ઉપાય કર્યો એ શુદ્ધ કર્યો. આહાહા! ઈ વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિના ભાવ પણ એ અશુદ્ધ છે. આહાહા! એ રાગ છે, એનાથી ભિન્ન પાડીને મોક્ષનો ઉપાય કર્યો, એને આદરીને રહીને મોક્ષનો ઉપાય કર્યો એમ નથી. આહાહા! પહેલેજ હજી વાંધા. આહાહા! એ રાગની મંદતા કરે શુભભાવ, તો એટલી તો શાંતિ તો આવે? એમ કહે છે. અરે! ભગવાન એ શુભરાગ પોતે જ અશાંતિ છે. ભગવાનનું સ્મરણ કરવું, ભક્તિને, પૂજાને, જાત્રાનો ભાવ પોતે જ અશાંતિ છે, એને ખબર ક્યાં છે? આહાહા! આવે, પૂરણ વીતરાગ ન હોય એને આ આવે, પણ આવે એ હોય છે. સાધકપણામાં મદદગાર એ નથી. આહાહા! અરે! ક્યાં આ વાતને? કહે છે કે સમ્યગ્દર્શનની પર્યાયની પ્રાપ્તિ એને દેવ-ગુરુની અપેક્ષા નથી અને દેવ-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ પણ સમ્યગ્દર્શન પામવાને કારણ નથી. આહાહા!

અરે! એ તો નથી પણ મિથ્યાત્વનો વ્યય એ છે માટે સમ્યક્ પર્યાય ઉત્પન્ન થઈ એમેય નથી. આહાહા! અને એ સમ્યક્ પર્યાય ઉત્પન્ન થઈ ભેદજ્ઞાનની દશા. એ વસ્તુ ધ્રુવ છે, ત્રિકાળ ધ્રુવ છે માટે તે પર્યાય ધ્રુવને આશ્રયે થઈ એમ કહેવું એ પણ એ વહેવાર છે. આહાહા! ''भूदत्थमस्सिदो खलु'' ૧૧મી ગાથામાં આવ્યું ને? ભૂતાર્થને આશ્રયે સમકિત આહાહા! એ પણ વહેવાર છે. સમકિતની પર્યાય સમકિતની પર્યાયથી થાય છે, એને ધ્રુવથી પણ છે નહીં. આહાહા! આવો વીતરાગનો મારગ એવી વસ્તુની સ્થિતિ છે, એવી વસ્તુની મર્યાદા છે. સમજાણું કાંઈ? એ મર્યાદા જ્ઞાનમાં આવે નહિં અને એને ધરમ થઈ જાય. આહાહા! એવા તો પંચમહાવ્રત પાળ્યા, પાંચ સમિતિને, ગુપ્તિને, જૈનનો દિગંબર સાધુ અનંતવાર થયો !

**'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો'**

મુનિવ્રતધાર, મુનિવ્રત તે સાચા હો, વહેવારે. પંચમહાવ્રત પાંચસમિતિ ગુપ્તિ એ નગ્નદશા નિર્દોષ આહાર-પાણી લેવાની વૃત્તિ, એને માટે બનાવેલું પ્રાણ જાય તોય ન લે, એવો મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો. એવી મુનિપણાની ક્રિયાથી સ્વર્ગમાં ગયો, અંતિમ ગ્રૈવેયક, પણ 'આતમજ્ઞાન બિના લેશ સુખ ન પાયો' પણ ભગવાન આત્માના સ્પર્શ વિના. આહાહા! ચિદાનંદ સ્વરૂપનો સ્પર્શ નહિં, વેદન નહિં, પણ કહે છે કે એ પંચમહાવ્રતના પરિણામને મુનિવ્રત એ બધું દુઃખરૂપ હતું. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. પણ ઈ સુખ નહોતું, એ તો દુઃખ હતું. આહાહા! ગજબ વાત છે. આંહી તો કહે જેટલો ત્યાગ કરો એટલો ધરમ. કોનો પણ? મિથ્યાત્વનો કે પરનો? આહાહા!

પરને તો ગ્રહણ ત્યાગ છે જ નહિં આત્મામાં. આહાહા ! પરને હું છોડું છું અને આ હું અંગીકાર કરું છું શુભરાગને, એ વસ્તુમાં ક્યાં છે ? આહાહા ! એવી ચીજની અંતરદ્રષ્ટિ થનારને કહે છે કે તે મોક્ષ સ્વરૂપ બતાવ્યું એને. અંતરદ્રષ્ટિનું સ્વરૂપ બતાવ્યું અને એના ફળ તરીકે મોક્ષ બતાવ્યો એને.

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

**જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીસે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે ! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડયો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઉતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથી ને ! અને સ્વર્ગની અનુકૂળતામાં પડયો હોય તો પણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઉતરી જાય છે અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે ! મારે આમ છે ને તેમ છે - તેમ કરી કરીને અનંતકાળ ગુમાવ્યો ! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઉતરી જા ને ભાઈ ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી.**

**દૃષ્ટિનાં નિધાન ૨૮**

# પ્રવચન – 3

## શ્લોક – ૧ અને ૨

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૧૩.૧૨.૭૪**

**येनात्माऽबुद्धयतात्मैव परत्वेनैव चापरम् ।**
**अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मने नमः ।।१।।**

નમું સિદ્ધ પરમાત્મને, અક્ષય બોધસ્વરૂપ;
જેણે આત્મા આત્મરૂપ, પર જાણ્યું પરરૂપ ।। ૧ ।।

**अथोक्तप्रकारसिद्धस्वरुपस्य तत्प्राप्त्युपायस्य चोपदेष्टारं सकलात्मानमिष्टदेवताबिशेषं स्तोतुमाह-**

**जयन्ति यस्यावदतोऽपि भारतीविभूतयस्तीर्थकृतोप्यनीहितुः ।**
**शिवाय धात्रे सुगताय विष्णवे जिनाय तस्मै सकलात्मने नमः ।।२।।**

બોલ્યા વિણ પણ ભારતી-ઋદ્ધિ[1] જ્યાં જયવંત,
ઈચ્છા વિણ પણ જેહ છે તીર્થંકર ભગવંત,
વંદું તે સકલાત્મને શ્રી તીર્થેશ જિનેશ,
સુગત તથા જે વિષ્ણુ છે, બ્રહ્મા તેમ મહેશ. ।। ૨ ।।

**टीका :-** यस्य भगवतो जयन्ति सर्वोत्कर्षेण वर्तन्ते । काः ? भारतीविभूतयः भारत्याः वाण्याः विभूतयो बोधितसर्वात्महितत्वादिसम्पदः । कथंभूतस्यापि जयन्ति ? अवदतोऽपि ताल्वोष्ठपुटव्यापारेण वचनमनुच्चारयतोऽपि । उक्तं च –

**“यत्सर्वात्महितं न वर्णसहितं न स्पंदितोष्ठद्धयं,**
**नो वांछाकलितं न दोषमलिनं न श्वासरुद्धक्रमं ।**
**शान्तामर्षविषैः समं पशुगणैराकर्णितं कर्णिभिः,**
**तन्नः सर्वविदः प्रणष्टविपदः पायादपूर्व वचः” ।।१।।**

अथवा भारती च विभूतयश्च छत्रत्रयादयः। पुनरपि कथम्भूतस्य ? तीर्थकृतोऽप्यनीहितुः ईहा वाच्छा

---

१ – ભારતી–ઋદ્ધિ = વાણીની વિભૂતિ

मोहनीयकर्मकार्यं, भगवति च तत्कर्मणः प्रक्षयात्तस्याः सद्भावानुपपत्तिरतोऽनीहितुरपि तत्करणेच्छारहितस्यापि, तीर्थर्वृं त संसारोरत्तणहेतुभूतत्वात्तीर्थमिव तीर्थमागमः तत्कृतवतः। किं नाम्ने तस्मै सकलात्मने ? शिवाय शिवं परमसौख्यं परमकल्याणं निर्वाणं चोच्यते तत्प्राप्ताय। धात्रे असिमसिकृष्यादिभिः सन्मार्गोपदेशकत्वेन च सकललोकाभ्युद्धारकाय। सुगताय शोभनं गतं ज्ञानं यस्यासौ सुगतः, सुष्ठु वा अपुनरावर्त्यगतिं गतं सम्पूर्णं वा अनन्तचतुष्टयं गतः प्राप्तः सुगतस्तस्मै । विष्णवे केवलज्ञानेनाशेषवस्तुव्यापकाय। जिनाय अनेकभवगहनप्रापणहेतून् कर्मारातीन् जयतीति जिनस्तस्मै। सकलात्मने सह कलया शरीरेण वर्तत ईति सकलः सचासावात्मा च तस्मै नमः ।।२।।

હવે ઉક્ત પ્રકારના સિદ્ધસ્વરૂપના તથા તેની પ્રાપ્તિના ઉપાયના ઉપદેશદાતા ઇષ્ટદેવતા વિશેષ સકલાત્મની (અરહંત ભગવાનની) સ્તુતિ કરતાં કહે છે:-

**અન્વયાર્થ :** (यस्य अनीहितुः अपि) જેમને ઈચ્છા પણ નથી, (अवदतः अपि) જેમને તાલુ, ઓષ્ઠાદિદ્વારા શબ્દોચ્ચારણ પણ નથી, (तीर्थकृत) જેઓ તીર્થના કરનાર છે અને જેમની (भारतीविभूतयः) વાણીની (સર્વ પ્રણીઓને હિત ઉપદેશવારૂપ) વિભૂતિએ ? (जयन्ति) જયવંત વર્તે છે, (तस्मै) તે, (शिवाय) શિવને, (धात्रे) વિધાતાને-બ્રહ્માને, (सुगताय) સુગતને, (विष्णवे) વિષ્ણુને, (जिनाय) જિનને અને, (सकलात्मने) સશરીર શુદ્ધાત્માને (અરહંત પરમાત્માને), (नमः) નમસ્કાર હો.

**ટીકા :** જે ભગવાનની જયવંત વર્તે છે અર્થાત્ સર્વોત્કર્ષરૂપે વર્તે છે-શું (જયવંત વર્તે છે) ? ભારતીની વિભૂતિઓ-ભારતીની એટલે વાણીની અને વિભૂતિઓ એટલે સર્વ આત્માઓને હિતનો ઉપદેશ દેવો ઈત્યાદિરૂપ સંપદાઓ-(જયવંત વર્તે છે).

કેવા હોવા છતાં (તેમની વાણીની વિભૂતિઓ) જયવંત વર્તે છે ? નહિં બોલતા હોવા છતાં અર્થાત્ તાલુ-ઓષ્ઠના સંપુટરૂપ (સંયોગસમ) વ્યાપારદ્વારા વચનોચ્ચાર કર્યા વિના પણ (તેમની વાણી પ્રવર્તે છે).

વળી કહ્યું છે કે -

'જે સર્વ આત્માઓને હિતરૂપ છે, વર્ણરહિત નિરક્ષરી છે, બંને હોઠના પરિસ્પંદન (હલન-ચલનરૂપ વ્યાપારથી) રહિત છે, વાંચ્છારહિત છે, કોઈ દોષથી મલિન નથી, તેના (ઉચ્ચારણમાં) શ્વાસનું રૂંધન નહિ હોવાથી અક્રમ (એક સાથે) છે અને જેને શાન્ત તથા ક્રોધરૂપી વિષથી રહિત (મુનિગણ) સાથે પશુગણે પણ કર્ણદ્વારા (પોતાની

ભાષામાં) સાંભળી છે તે દુ:ખવિનાશક સર્વજ્ઞની અપૂર્વ વાણી અમારી રક્ષા કરો.'

અથવા 'भारतीविभूतयः' નો અર્થ 'ભારતી એટલે વાણી અને વિભૂતિઓ એટલે ત્રણ છત્રાદિ' એમ પણ થાય.

વળી કેવા ભગવાનની ? તીર્થના કર્તા હોવા છતાં ઈચ્છા રહિતની-ઈહા એટલે વાંચ્છા જે મોહનીયકર્મનું કાર્ય છે, તે કર્મનો ભગવાનને ક્ષય હોવાથી તેમનામાં તેનો (વાંચ્છાનો) અસદ્ભાવ (અભાવ) છે; તેથી તેઓ ઈચ્છા રહિત હોવા છતાં-તે કરવાની ઈચ્છા રહિત હોવા છતાં 'તીર્થકૃત' છે અર્થાત્ સંસારથી તારવાના (પાર કરાવવાના) કારણભૂતપણાને લીધે તીર્થ સમાન અર્થાત્ તીર્થ એટલે આગમ-તેના કરનાર છે-તેમની (વાણી જયવંત વર્તે છે).

કેવા નામવાળા તેમને (નમસ્કાર) ? સકલાત્માને, 'શિવ'ને[૨] શિવ એટલે પરમ સુખ, પરમ કલ્યાણ અને જે નિર્વાણ કહેવાય છે તે જેમણે પ્રાપ્ત કર્યું તેવાને, 'ધાતાને' - અસિ-મસિ-કૃષિ આદિ દ્વારા સન્માર્ગના ઉપદેશક હોવાના કારણે જેઓ સકલ લોકના અભ્યુદ્ધારક (તારણહાર) છે તેમને, 'સુગતને' - સારું છે ગત એટલે જ્ઞાન જેમનું અથવા જે સારી રીતે અપુનરાવર્ત્યગતિને (મોક્ષને) પામ્યા છે તેમને, અથવા સંપૂર્ણ કે અનંતચતુષ્ટયને જેમણે પ્રાપ્ત કર્યું છે તેવા સુગતને, વિષ્ણુને[૩] - જેઓ કેવળજ્ઞાન દ્વારા અશેષ (સમસ્ત) વસ્તુઓમાં વ્યાપક છે એવાને, 'જિને'[૪] - અનેક ભવરૂપી અરણ્યને (વનને) પ્રાપ્ત કરાવવાના કારણભૂત કર્મશત્રુઓને જેમણે જીત્યા છે તે જિનને - એવા સકલાત્માને - કલ એટલે શરીર સહિત જે વર્તે છે તે સકલ; અને સકલ અર્થાત્ સશરીર આત્મા તે 'સકલાત્મા'-તેમને નમસ્કાર હો ! (૨)

**ભાવાર્થ** : જેઓ તીર્થંકર છે, શિવ છે, વિધાતા છે, સુગત છે, વિષ્ણુ છે તથા સમવસરણાદિ વૈભવ સહિત છે અને ભવ્ય જીવોને કલ્યાણરૂપ જેમની દિવ્ય વાણી (દિવ્ય ધ્વનિ) મુખેથી નહિ પણ સર્વાંગેથી ઈચ્છા વગર છૂટે છે અને જયવંત વર્તે છે તે સશરીર શુદ્ધાત્માને અર્થાત્ જીવનમુક્ત અરહંત પરમાત્માને અહીં નમસ્કાર કર્યા છે.

---

૧. शिवं परम कल्याणं निर्वाणं शान्तमक्षयं ।
प्राप्तं मुक्तिपदं येन स शिवः परिकीर्तितः ।।

૨. विश्वं हि द्रव्यपर्यायं विश्वं त्रैलोक्यगोचरम् ।
व्याप्तं ज्ञप्तिषा येन स विष्णुर्व्यापकोजगत् ।। (आप्तस्वरूपः)

૩. रागद्वेषादयो येन जिताः कर्म - महाभटाः ।
कालचक्रविनिर्मुक्तः स जिनः परिकीर्तितः ।। २१ ।। (आप्तस्वरूपः)

આ પણ માંગલિક શ્લોક છે. તેમાં ગ્રન્થકારે શ્રી અરહંત ભગવાનને અને તેમની દિવ્ય ધ્વનિને નમસ્કાર કર્યા છે.

## શ્રી અરહંત દેવ કેવા છે ?

તાળુ-ઓષ્ઠ વગેરેની ક્રિયારહિત અને ઈચ્છારહિત તેમની વાણી જયવંત વર્તે છે, તેઓ તીર્થના કર્તા છે અર્થાત્ જીવોને મોક્ષનો માર્ગ બતાવનારા છે-હિતોપદેશી છે, તેમને મોહના અભાવને લીધે કોઈપણ પ્રકારની ઈચ્છા શેષ રહી નથી અર્થાત્ તેઓ વીતરાગ છે અને જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિયાં કર્મોનો નાશ થવાથી તેમને અનંતજ્ઞાનાદિ ગુણો પ્રગટ થયા છે અર્થાત્ તેઓ 'સર્વજ્ઞ' છે.

વળી તેઓ શિવ છે, ધાતા છે, સુગત છે, વિષ્ણુ છે, જિન છે અને સકલાત્મા છે. આ બધાં તેમનાં ગુણવાચક નામો છે.

## ભગવાનની વાણી કેવી છે ?

તે દિવ્ય વાણી છે. તે ભગવાનના સર્વાંગેથી ઇચ્છા વિના છૂટે છે, સર્વ પ્રાણીઓને હિતરૂપ છે અને નિરક્ષરી છે.

વળી ભગવાનના દિવ્ય ધ્વનિને દેવ, મનુષ્ય, તિર્યંચાદિ સર્વ જીવો પોતપોતાની ભાષામાં પોતાના જ્ઞાનની યોગ્યતાનુસાર સમજે છે. તે નિરક્ષર ધ્વનિને 'ૐકાર ધ્વનિ' કહે છે. શ્રોતાઓના કર્ણપ્રદેશ સુધી તે ધ્વનિ ન પહોંચે ત્યાં સુધી તે અનક્ષર જ છે અને જ્યારે તે શ્રોતાઓના કર્ણો વિષે પ્રાપ્ત થાય છે ત્યારે તે અક્ષરરૂપ થાય છે.[૫]

' ...... જેમ સૂર્યને એવી ઇચ્છા નથી કે હું માર્ગ પ્રકાશું પરંતુ સ્વાભાવિક જ તેનાં કિરણો ફેલાય છે, જેથી માર્ગનું પ્રકાશન થાય છે, તે જ પ્રમાણે શ્રી વીતરાગ કેવલી ભગવાનને એવી ઇચ્છા નથી કે અમે મોક્ષમાર્ગને પ્રકાશિત કરીએ, પરંતુ સ્વાભાવિક પણે જ અઘાતિકર્મના ઉદયથી તેમનાં શરીરરૂપ પુદ્ગલો દિવ્યધ્વનિરૂપ પરિણમે છે, જેનાથી મોક્ષમાર્ગનું સહજ પ્રકાશન થયા છે ...... '[૬]

ભગવાનની દિવ્યધ્વનિ દ્રવ્યશ્રુત વચનરૂપ છે. તે સરસ્વતીની મૂર્તિ છે, કારણકે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે પરોક્ષ બતાવે છે. કેવળજ્ઞાન

૫. જુઓ : ગોમ્મટસાર-જીવકાંડ ગાથા ૨૨૭ની ટીકા;
૬. જુઓ : મોક્ષમાર્ગપ્રકાશક–ગુ. આવૃત્તિ પૃ.૨૦-૨૧
૭. જુઓ : શ્રી સમયસાર–ગુ. આવૃત્તિ પૃ.૪.

અનંતધર્મસહિત આત્મતત્ત્વને જણાવનારી જ્ઞાનરૂપ અને વચનરૂપ અનેકાન્તમયી સરસ્વતીની મૂર્તિ છે. સરસ્વતીનાં વાણી, ભારતી, શારદા, વાગ્દેવી, ઈત્યાદી ઘણાં નામ છે.[૭]

# પ્રવચન – 3

**મંગલાચરણ**

**ણમો લોએ સવ્વ અરિહંતાણં;**
**ણમો લોએ સવ્વ સિદ્ધાણં;**
**ણમો લોએ સવ્વ આયરિયાણં;**
**ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;**
**ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;**
**ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।**
**કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।**
**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।**
**મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।**
**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....**

શ્રી સમાધિતંત્ર એમાં વિશેષ પહેલી ગાથાનું છે. આત્મા આત્મારૂપે છે અને શરીરાદિ પરપદાર્થરૂપે નથી. જુઓ એમાં કેટલું આવ્યું ? કે આત્મા આત્મારૂપે છે પરિપૂર્ણ, વીરશાસન, જૈનશાસનની વિશેષતા એ છે કે દરેક આત્મા પરમાત્માસ્વરૂપ છે અને પરમાત્માસ્વરૂપ થઈ શકે છે. સમજાણું કાંઈ ? એ આત્મા આત્મારૂપે છે પૂરણઆનંદને પૂરણજ્ઞાન સ્વભાવસ્વરૂપે છે અને આ રાગાદિ પરસ્વરૂપે નથી એ અનેકાન્ત છે. અત્યારે આ ચારેકોર હાલે છે ને જુઓને આ પચ્ચીસો વરસનું, ભગવાનનો મારગ અનેકાન્ત છે, અપરિગ્રહવાદ છે અને અહિંસક છે, પણ એટલે શું ?

ઈ આત્મા આત્મારૂપે છે ભેદજ્ઞાન બતાવ્યું'તુંને પહેલું, કે આત્મા પોતાના સ્વરૂપે પૂરણ છે અને એ રાગાદિ તે એક સમયની પર્યાયથી નથી એ અનેકાંત સ્વરૂપ છે! સમજાણું કાંઈ? અને એ અહિંસા સ્વરૂપ છે. પૂરણ સ્વરૂપ જે છે, આત્મા આત્મા રૂપે છે એવું જે પૂરણ સ્વરૂપ એનો સ્વીકાર સમ્યક્ થવો એ જ અહિંસા, એટલે જેવું છે જીવન એનું તેને તે રીતે સ્વીકાર્યું, માન્યું એનું નામ અહિંસા છે. કો નવિનભાઈ આવી વાત છે! આહાહા!

અને અપરિગ્રહવાદ પણ એ, એક વિકલ્પમાત્રનો પણ પક્કડ સ્વરૂપમાં નથી. એ આત્મા આત્મારૂપે છે એમાં એ વાત આવી જાય છે. સમજાણું કાંઈ? એ શરીરાદિ પરપદાર્થરૂપે નથી. આહાહા! એમાં એક દયા, દાન ને ભક્તિનો વિકલ્પ ઉઠે એ પણ આત્મામાં નથી, ઝીણી વાત છે ભાઈ! આહાહા! કેમકે એ પરસ્વરૂપ, વિભાવ છે, એ પૂરણ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન, એક જ આત્મા પોતે પરમાત્મા થવાની શક્તિવાળો છે, એ ક્યારે? એ પરમાત્મા સ્વરૂપે છું, પૂર્ણાનંદ સ્વરૂપે છું એમ સ્વીકાર થયે, એને પરમાત્મા સ્વરૂપ તાકાત છે મારી ને હું પોતે જ પરમાત્મા થઈ શકુ છું. મારી પરમાત્મા થવામાં કોઈ આ દયા, દાનને, વ્રત, ભક્તિનાં પરિણામ એ મને સહાયક - બહાયક નથી આહાહા! આવી વાત ઝીણી બહું બાપુ ! સમજાણું કાંઈ? એ અનેકાંત છે. આહાહા!

લોકોને તો આમ બહારની પ્રવૃત્તિ દયા પાળવીને, વ્રત પાળવાને, અપવાસ કરવાને, એ જાણે ધરમ હોય એમ અજ્ઞાનીએ માની લીધું છે અનાદિથી. પણ જે એ કરવા માંગે છે એવી ક્રિયાનો રાગ એ સ્વરૂપમાં નથી પરસ્વરૂપે છે. સમજાણું કાંઈ?

એ કહે છે કે આત્મા આત્મારૂપે છે, શરીરાદિ પરપદાર્થરૂપે નથી, આહા જુઓ આ અનેકાંત. આ અનેકાંત છે એ આત્મા પોતાના સ્વભાવે પરિપૂર્ણ છે એવો અંતર સ્વીકાર સમ્યગ્દર્શનમાં થવો અને અપૂરણ અને રાગરૂપે હું નથી. આહાહા! એમ જે અંતરમાં સ્વની, પૂરણની અસ્તિ, સત્તાના સ્વીકારમાં પૂરણનું હોવાપણું અને અપૂરણ પર્યાય અને રાગાદિપણે નહિં હોવાપણું એમાં. આહાહા! એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આહાહા! દુનિયાને તો એવું કઠણ પડે! બહારની વાતો માંડી ને બેઠા છે જાણે. હેં? કાંઈક વ્રત પાળવાને ને કાંઈક દયા પાળવી ને કાંઈક ઉપવાસ કરવા એ ધરમ છે એમ અજ્ઞાની માને છે. આહાહા! કહે છે કે એ વસ્તુનું આમ કરવું ને આમ કરવું એવો જે વિકલ્પ છે રાગ એ પરવસ્તુ છે, ચંદુભાઈ! આહાહા! એ વિકલ્પમાત્ર જે દયા, દાન કે વ્રત ભક્તિનો છે એનું સ્વરૂપ મારામાં નથી એવો જે એનો પક્કડ છૂટી જવો એનું નામ નિવૃત્ત

સ્વરૂપ ભગવાન આત્મા અપરિગ્રહ સ્વરૂપ છે ! આહાહા ! મારગ એવો છે !

અને અત્યારે તો આ પચ્ચીસો વરસના નામે હો, હા, હો, હા, કેટલાં લખાણ આવે છે એ એક શુભ ભાવ છે ભગવાનનો આવો કાંઈ, પણ એ શુભભાવ પોતે ધરમ નથી ! આહાહા ! સમજાણું કાંઈ ? એ શુભભાવ સ્વરૂપે આત્મા નથી. આહાહા ! કેમ કે ઈ શુભભાવ તો આસ્ત્રવ છે. એ આસ્ત્રવસ્વરૂપે આત્મા નથી, એ તો જ્ઞાનને આનંદને શાંતિ સ્વરૂપે છે. એવું જે સ્વ-પરનું ભેદજ્ઞાન એ જ આત્માને મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ ? તથા શરીરાદિ પરપદાર્થો પરરૂપે છે. આહાહા ! ખરેખર તો એક સમયની પર્યાય જે છે એ પણ પરદ્રવ્ય સ્વરૂપે છે સ્વદ્રવ્ય સ્વરૂપ નથી. હોય છે જ્ઞાનીને રાગ, સમજાય છે ? પણ એ રાગનો એને પક્કડ નથી, એ રાગ હું છું અને એ રાગથી મને લાભ થશે એવી મિથ્યાદ્રષ્ટિપણું જેને છૂટી જાય છે. આહાહા ! સમજાણું કાંઈ ? તે શરીરાદિ, વિકલ્પાદિ પર પદાર્થો પરરૂપે છે અને તે આત્મારૂપે નથી. સમજાય છે કાંઈ ?

ભગવાનની ભક્તિનો વિકલ્પ ઉઠે,નામ સ્મરણ, અરિહંતનું નામ સ્મરણ થાય એ પણ એક વિકલ્પ, રાગ છે, એ આત્મા નથી. આહા આ તે કાંઈ ગળે ઉતરવું ! એ પરપદાર્થ પરરૂપે છે. છે ખરા અને તે આત્મારૂપે નથી. આહાહા ! ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ, જ્ઞાનને, શાંતિને, આનંદથી પરિપૂર્ણ ભરેલો પદાર્થ તે રૂપે એ રાગાદિ નથી. સમજાણું કાંઈ ? એવું નિર્ણયપૂર્વક, એવું નિર્ણયપૂર્વક એટલે કે આત્મા પૂરણશુધ્ધ છે એવો અંતરમુખ થઈને નિર્ણય કરવો અનુભૂતિમાં. આહાહા !

સ્વ-પરનું ભેદવિજ્ઞાન એવું જે સ્વ-પરનું ભેદ નામ જુદાઈનું જ્ઞાન, રાગાદિ વ્રતનો વિકલ્પ ઉઠે દયા, દાન, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ એવા પંચમહાવ્રત એનો જે વિકલ્પ ઉઠે એ પણ રાગ છે, એ આસ્ત્રવ છે, એ બંધમાં જાય છે, એ પરપદાર્થમાં જાય છે. સમજાય છે કાંઈ ? એમ અંતરમાં સ્વભાવની પરિપૂર્ણતાનો સ્વસન્મુખમાં નિર્ણય, એની પરવસ્તુ એમાં નથી એવો નિર્ણય એમાં નાસ્તિનો આવી જાય છે. આહાહા ! એને અહીંયા ભેદવિજ્ઞાન કહે છે.

અરે, વીતરાગને બહાને કાંઈક ચાલ્યું છે જગતમાં. આહાહા ! અજૈનને જૈનપણું મનાવ્યું છે અને માને છે કે અમે જૈન છીએ આહાહા.. સમજાણું કાંઈ ? અને અમે અનેકાંતવાદી છીએ. રાગથી પણ થાય અને સ્વભાવથી પણ થાય એમ અનેકાંતવાદિ છીએ. વહેવારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય, આંહી તો કહે છે કે વહેવાર, વહેવાર પરપદાર્થ રૂપે છે, એ સ્વપદાર્થરૂપે નથી. એવું પરથી ભેદજ્ઞાન અંતર અનુભવમાં

નિર્ણય થવો. અનુભૂતિ થઈને નિર્ણય થવો એમ કહે છે. આહાહા! ભેદજ્ઞાન થયુંને, એ સિદ્ધપદ પામવાનો એ મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે લ્યો! આ મોક્ષનો મારગ છે બાકી બીજો મારગ માને તે બધા મિથ્યાદ્રષ્ટિ છે! એ જૈન નથી એને જૈનની ખબર નથી. આહાહા સમજાણું કાંઈ?

શ્રી સમયસાર ગાથા ૨ ની ટીકામાં પણ લખ્યું છે કે, આવે છે ને બીજી ગાથામાં? સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને, બધા પદાર્થોને જાણવામાં પ્રકાશવામાં સમર્થ એવી જે કેવળજ્ઞાનદશા, કેવળજ્ઞાનદશા, અરિહંતદશા એને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉદય પામે છે. આહાહા! એ કેવળજ્ઞાન જે મોક્ષપદ, એને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાન જ્યોતિ, ચૈતન્ય પૂરણ સ્વરૂપમાં એકાગ્રતા અને અપૂરણ અને રાગમાંનો નકાર, નિષેધ અંદરમાં નાસ્તિનું પરિણમન આહાહા! એવી ભેદજ્ઞાન જ્યોતિ ઉદય થાય છે તે મોક્ષનું કારણ થાય છે, તે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરવાનું કારણ થાય છે. આહાહા! કહો. આવો વાદ-વિવાદ કરે તો કાંઈ મેળ ખાય એવું નથી ભાઈ! આહા! એવો મારગ છે અંદરનો, કહે કે, કેટલાકને તો એ સાંભળવાય મળ્યો નથી, હજી કાનેય પડયો નથી! આહાહા! જૈન ધરમ એટલે શું? જીતવું કહો કે ભેદજ્ઞાન કરવું કહો, સમજાણું? એ સર્વ પદાર્થને પદાર્થના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ. સ્વ અને પરની ભિન્નતા, એવી જ્ઞાનજ્યોતિ, ચૈતન્ય સમ્યગ્દર્શનમાં પ્રગટ થાય છે. આહાહા! એ કેવળજ્ઞાન એટલે મોક્ષને પ્રાપ્તિનો ઉપાય છે આહાહા! સમજાણું કાંઈ? એ પ્રમાણે ભેદજ્ઞાનજ્યોતિ જ, ભાઈએ ખુલાસો વિશેષ કર્યો છે. છોટાભાઈને? છોટાલાલ ગુલાબચંદ, ગુલાબચંદને? એનો અર્થ, એણે ભર્યા છે.

એ પ્રમાણે ભેદજ્ઞાનજ્યોતિ જ, આ તો એકાંત કરી નાખ્યું, લ્યો! જે વહેવાર કહે છે ને, દયા, દાનને, વ્રત ને ભક્તિને તપ ને તપસ્યાને એ તો બધો વિકલ્પ છે, રાગ છે. એ માને છે કે આ અમારી તપસ્યા છે ને આ અમારો ધરમ છે એ વિકલ્પ છે. એનાથી ભિન્ન પડેલું જ્ઞાન એને રાખીને કેવળજ્ઞાન થાય, કે એનાથી થાય, એનાથી જુદો પડીને. આહાહા! અપૂર્વ વાત છે બાપુ.. હેં? એને અચિંત્ય ને અપૂર્વ સ્વરૂપ છે એનું!

પરથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્ર થવું, સ્વ જેને કહીએ આત્મા, આનંદને જ્ઞાન, એમાં એકાગ્ર થવું અને રાગથી અભાવરૂપે પરિણમવું એવી ભેદજ્ઞાનજ્યોતિ, કેવળજ્ઞાન પ્રગટ કરવાનો એક ઉપાય છે. આહાહા! આ મારગ છે વીતરાગનો, સર્વજ્ઞ પરમેશ્વર, ત્રિલોકનાથ, તીર્થંકરદેવ આમ ફરમાવે છે. આહાહા! એને નામે અત્યારે

એટલા ગોટા હાલ્યા છે, બિચારાને ખબર ન મળે, વાડામાં પડયા મૂંઝાઈને, પ્રેમચંદભાઈ, પ્રેમચંદભાઈ તો કહેતાં તો બચારા કે આ ૭૦ વરસ, ૭૧ વરસ પાણીમાં ગ્યા તમારાં, આ ભાન વિના, ન્યાં તો બધાં શેઠિયામાં ગણાતાં, ભગુરભાઈના બાપ ને કાકાને, એ, એને કાકાને ઘરે આવ્યા'તા ને એ ભગુરભાઈ ને આહાહા!

અરે ભાઈ! વીતરાગ મારગ બાપુ! પોતામાંથી પ્રગટ થાય કે પરથી થાય? હેં?

**શ્રોતા** : પોતામાંથી.

**પૂ. ગુરૂદેવ** : પણ પોતે કોણ છે એને જાણ્યા વિના શેમાંથી આવે એ વાત?

પોતે ભગવાન સ્વરૂપે ચૈતન્ય પરમાત્મા પોતે જ આત્મા, પરમાત્મા છે. પરમઆત્મા એટલે પરમસ્વરૂપે બિરાજમાન પ્રભુ છે. આહાહા! એની અંતરમાં, રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાનની જ્યોતિ પ્રગટ થવી એ ભેદજ્ઞાનજ્યોતિ જ મોક્ષનો ઉપાય છે. આંહી તો ઉપાયથી ઉપેય મળે એમ કહેવું છે ને? સમજાણું કાંઈ?

એ પ્રવચનસારમાં. ૧૦૧ માં કહ્યું, ઈ બીજી રીત છે, ત્યાં તો મોક્ષની પર્યાય જે ઉત્પન્ન થાય છે કેવળની ઈ પોતાથી થાય છે. એ પૂર્વના ભેદજ્ઞાનથી પણ નહીં આહાહા! ભેદજ્ઞાનની દશા જે મોક્ષ મારગની પર્યાય, એનો વ્યય થાય છે, ત્યારે ઈ વ્યયને કારણે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે એમ પણ નથી. આહાહા! આવો મારગ વીતરાગનો ક્યાંય છે નહીં હો! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમાત્માનો આ કથનને આ પ્રવચનનો આ સાર છે આ. આ સિધ્ધાંતનો આ સાર છે. આહાહા!

અમારે હીરાજી મહારાજ કહેતા બિચારા ઈ, 'अहिंसा समयं चेव एयावत्त वियाणिया एवं खु णणिणो सारं जं न हिंसइ किंचणम्' (સૂયગડાંગ સૂત્ર, શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧)' ... બહુ કષાય મંદ હતો, એ વખતની ક્રિયા એની સ્થાનકવાસીમાં એવી ક્રિયા નોતી એવી એની ક્રિયા હતી. હતાં ગરીબ માણસમાં થયેલાં પણ પછી થોરે કેળુ થયું બહુ શાંત, જોયેલા તમે? નહીં જોયેલા. ૭૪માં તો ગુજરી ગયા. તો મનુભાઈએ તો ક્યાંથી જોયા હોય, બાબુભાઈએ જોયા નથી, હેં? ૭૪ માં ગુજરી ગયા. એ પણ આમ કહેતાંતા હો. હજારો માણસો એનું વ્યાખ્યાન સાંભળે અને મોરલીની જેમ ભાઈએ તો જોયા'તાને (શ્રોતા: રાજકોટ પધાર્યાતા'ને)! ૭૧માં હેં? રાજકોટ ૭૧માં ઠાકરશીભાઈએ વિનંતી કરી, ૭૧માં સાલની ચોમાસાની. શાંત, પણ આ એની શ્રધ્ધા. આહાહા! એવમ્ ખુ ણાણીણો

સારં...જ્ઞાનીનો એ સાર છે કે जं न हिंसइ किंचणम् ... કોઈપણ પ્રાણીને ન હણવો એ જ્ઞાનીનો સાર, આ આવ્યું, અહિંસા સમયંચેવ ... કોઈપણ પ્રાણીને ન મારવો એ સિધ્ધાંતનો સાર છે એતાવતમ્ વિયાણિયા ... એ જાણ્યું એણે બધું જાણ્યું. શાંતથી કહેતાં, ધીમેથી બહું, પણ ખબર નહીં વસ્તુની શું કરે ? આહાહા ! પોપટભાઈ ! જોયા'તાં તમે નહિં જોયા હોય ? ઘણાં વરસ થઈ ગયા '૭૪ માં ગુજરી ગયા ૭૪ એટલે ૨૬ ને ૩૦ આ તો હવે ૩૧ થયા ને ? ૫૭ વરસ થઈ ગયા, ગુજરી ગયા. આહાહા !

આંહીં કહે છે કે સર્વજ્ઞનો સિધ્ધાંતનો એ સાર છે કે આહાહા ! એ મુલકચંદભાઈ, આ તમે તો સાંભળ્યા'તા, તમે પણ જોયા હશે. આંહી તો કહે છે કે વસ્તુ સ્વભાવ જે પૂર્ણાનંદ જ્ઞાન સ્વરૂપ છે, એને રાગના વિકલ્પથી ભિન્ન પાડીને જે ભેદજ્ઞાન અથવા સ્વરૂપનું અભેદ જ્ઞાન, રાગથી ભેદજ્ઞાન. આહાહા ! એ સિધ્ધાતનો સાર ને એ મોક્ષમારગ છે ! આહાહા ! પરને ન મારવા, મારવાની ક્રિયા આત્મા કરી શકતો જ નથી આહાહા ! પરને મારવું એમ માની શકે એ પણ મિથ્યાદ્રષ્ટિ છે. જૈનની એને ખબર નથી એમ પરની દયા પાળી શકુ છું, એ પણ મિથ્યાદ્રષ્ટિ અજ્ઞાની જૈન નથી એ. આહાહા ! કારણ કે પરપદાર્થની અવસ્થાનું થવું એ આત્માથી થાય એમ માનતા, જેમ ઈશ્વર જગતનો કર્તા માને છે એમ આણે પરની દયા પાળી શકુ છું માન્યું બે ની શ્રધ્ધા એક જ સરખી છે. આવે છે ને ભાઈ ત્યાં છકાય નું ફળ, સર્વવિશુધ્ધમાં આવે છે ને ? ઈશ્વર કર્તા માને છે, ને આ છકાયના જીવની હું રક્ષા કરી શકું, માને બેય એક સરખા મિથ્યાદ્રષ્ટિ છે. આહાહા.. સમજાણું કાંઈ ?

એ પ્રમાણે ભેદજ્ઞાન જ્યોતિ જ કેવળજ્ઞાન પ્રગટ કરવાનો ઉપાય છે. આહાહા ! સ્વપરનું, જીવ-અજીવનું ભેદજ્ઞાન એટલે શું ? કહે છે હવે. પ્રથમ તો દુ:ખ દૂર કરવા માટે સ્વ-પરનું જ્ઞાન જરૂર જોઈએ. કારણ કે સ્વ-પરનું જ્ઞાન જો ન હોય તો પોતાને ઓળખ્યા વિના પોતાનું દુ:ખ તે કેવી રીતે દૂર કરે ? આહાહા ! પોતે જે દુ:ખ સ્વરૂપ છે એમ માને તો એ દુ:ખને કેમ ટાળી શકે ? પણ આત્મા દુ:ખનો ભાવ રહીત આત્મા છે. દુ:ખની દશા એટલે રાગની દશા, વિકલ્પની દશા, એ દુ:ખદશા એનાથી ભગવાન રહિત છે એવા જો સ્વને જાણે તો પરને ટાળવાનો ઉપાય ત્યાં રહે. દુ:ખને નાશ કરવાનો ઉપાય રહે. પણ દુ:ખ, રાગ અને પોતે બેય પોતાને માને તો તો પરને ટાળવાનું રહ્યું નહીં ત્યાં, એ તો પોતે છે એમ માન્યું એણે. આહાહા ! સમજાણું કાંઈ ? સ્વ-પરનું આહાહા !

પોતાનું દુ:ખ દૂર કરવા અર્થે પરનો ઉપચાર કરે, લ્યો, જુઓ, પોતાને

ઓળખ્યા વિના, પોતાનું દુઃખ તે કેવી રીતે દૂર કરે? અથવા સ્વપરને એકરૂપ જાણી, જોયું? રાગ ને આત્મા બેને એક જાણ્યા, પોતાનું દુઃખ દૂર કરવા અર્થે પરનો ઉપચાર કરે. આહાહા! રાગની સંભાળ કરે. જે વૃત્તિનું ઉત્થાન થાય છે આ કરું, આ કરું, દયા પાળું, વ્રત પાળું, ઉપવાસ કરું એ તો બધું વૃત્તિનું ઉત્થાન છે, રાગ છે, એ તો પર છે. આહાહા! એ પોતાનું સ્વ-પર ને એકરૂપ જાણી પોતાનું દુઃખ દૂર કરવા અર્થે પરનો ઉપચાર કરે, કારણ કે પરથી જુદો જાણે નહીં અને પરને ને પોતાને એક માને તો પરનો ઉપચાર કરે. તેથી પોતાનું દુઃખ કેવી રીતે દૂર થાય? બહુ સાદી ભાષામાં, અથવા પોતાથી ભિન્ન એવા પરમાં આ જીવ અહંકાર-મમકાર કરે. આહાહા!

પોતાનો આનંદ ને જ્ઞાન સ્વભાવ છે એમ ન જાણે અને રાગમાં અહંકાર કરે, રાગ વિકલ્પ ઉઠે એ પણ હું છું. આહાહા! એ હું છું ને એ મારા છે એમ, અહંકાર-મમકાર, દયાનો, દાનનો, વ્રતનો વિકલ્પ અપવાસનો તપનો એ વિકલ્પ છે, ઉઠવું, આમ કરું, ઉપવાસ કરું આમ કરું તેમ કરું, એ વિકલ્પને પોતાના જાણે, જુદા ન માને તો એને જ રાખવા મથે હેં? આહાહા કહો જેઠાભાઈ આવું વસ્તુ બહું ઝીણું! આમાં કોઈની હારે ચર્ચા કરે તો પાર આવે એવું નથી. આહાહા!

અથવા પોતાથી ભિન્ન એવા પરમાં આ જીવ અહંકાર-મમકાર કરે તો તેથી દુઃખ જ થાય. રાગનો વિકલ્પ, પુણ્યનો વિકલ્પ, દયા, દાનનો વિકલ્પ એ પોતાને માને અને હું એનો અને એ મારા, એ તો દુઃખ જ થાય, મિથ્યાત્વ થાય, મિથ્યાત્વ થાય એટલે દુઃખ જ થાય. આહાહા! માટે સ્વ-પરનું જ્ઞાન થતાં દુઃખ દૂર થાય છે.

સ્વ એટલે ચૈતન્યમૂર્તિ ભગવાન, પર એટલે વિકલ્પને રાગાદિ, શરીરાદિ, કર્મઆદિ બધું પર, બેનું ભેદજ્ઞાન થતાં દુઃખ દૂર થાય છે. આહાહા! અને હવે સ્વ પરનું જ્ઞાન જીવ-અજીવનું જ્ઞાન થતાં થાય છે. જ્ઞાન થતાં, દુઃખનું, કારણ કે પોતે જીવ છે તથા શરીરાદિ તો અજીવ છે, જડ છે. આની ક્રિયા આમ હાલચાલ થાય, આમ થાય એ તો બધી જડની ક્રિયા છે. એને એમ માને કે મેં આમ શરીરને હલાવ્યું, મેં બીજાની દયા પાળી, મેં જીવને બચાવ્યો એ બધી ક્રિયા તો જડની છે, એને પોતાનું માન્યું. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! મારગ વીતરાગનો કાંઈક રહી ગયો ને લોકો બિચારા કંઈક રસ્તે ચડી ગ્યા. એમ જીંદગીયું વહી ગઈ ઘણાની. આહાહા!

જો લક્ષણ આદિ વડે જીવ-અજીવની ઓળખાણ થાય, જીવનું લક્ષણ જાણવું દેખવું, આનંદ, રાગાદિનું લક્ષણ આકુળતા ને દુઃખ, શરીરાદિનું લક્ષણ અજીવ ને

જડ. આહાહા! એમ જો લક્ષણ આદિ વડે જીવ-અજીવની ઓળખાણ થાય તો જ સ્વ-પરનું ભિન્નપણું ભાસે. માટે જીવ-અજીવ જાણવા જોઈએ. પણ એ જીવને જીવ, મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ પૃષ્ઠ બ્યાસી(૮૨) એમાંથી નાખ્યું છે હેઠે લખ્યું છે ને ત્યાં.

હવે ભેદજ્ઞાનની આવશ્યકતા. એ અજીવને જીવની જુદાપણાની જરૂરિયાત. સર્વે દુ:ખોનું મૂળ કારણ મિથ્યાદર્શન. સર્વ દુ:ખનું મૂળ કારણ મિથ્યાશ્રધ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાઆચરણ, એ સર્વે દુ:ખોનો અભાવ કરવા માટે એને બે પ્રકારનું ભેદજ્ઞાન કરાવવામાં આવે છે. આહાહા! પહેલા પ્રકારનું ભેદજ્ઞાન, જીવ પોતાના ગુણો અને પર્યાયથી એક છે. જોયું! ભગવાન આત્મા, જ્ઞાન, આનંદ ગુણો અને એની નિર્મળ પર્યાય એનાથી એક છે, અભિન્ન છે. એકત્વ-વિભક્ત સિધ્ધ કરવું છે ને? તથા પરદ્રવ્યો અને તેના ગુણો અને પર્યાયોથી અત્યંત જુદો છે. આહાહા! રાગાદિને શરીરાદિની ક્રિયાને પર્યાયથી તદન જુદો છે એનાથી, અર્થાત્ જીવ આંહિ પોતાને ચતુષ્ટપણે સિદ્ધ કરવો છે ને! સ્વદ્રવ્યે, ગુણ-પર્યાયોનો પિંડ ઈ 'સ્વદ્રવ્ય', સ્વક્ષેત્રે અસંખ્ય પ્રદેશી 'સ્વક્ષેત્ર', સ્વકાળ, એની સમયની પર્યાય, 'સ્વભાવ', એમાં ત્રિકાળી શક્તિના ગુણો આહાહા! એવા સ્વદ્રવ્યે, સ્વક્ષેત્રે, સ્વકાળે ને સ્વભાવે, પરદ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ–ભાવથી અત્યંત જુદો છે. આહાહા! આ સપ્તભંગી પહેલી કરી. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ–ભાવથી અસ્તિ છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ છે.

પોતે ચૈતન્ય સ્વરૂપ છે એનું એ દ્રવ્યપણું ગુણને પર્યાયોનો પિંડ, એનું ક્ષેત્રપણું અસંખ્ય પ્રદેશી, એનું કાળપણું વર્તમાન અવસ્થા એનું ભાવપણું ત્રિકાળી શક્તિ. હવે આયે સાંભળ્યું ન હોય, હવે એને કહે એને જીવનું જ્ઞાન ને અજીવનું જ્ઞાન. આહાહા!

સ્વક્ષેત્રપણેને, સ્વવસ્તુપણે, સ્વકાળપણેને સ્વભાવપણે છે, અને પરકાળ શરીર, વાણી, મન, કર્મ ને રાગાદિ, એના દ્રવ્ય-ક્ષેત્ર–કાળ-ભાવથી એ છે નહીં. તેથી તે અપેક્ષાએ પરદ્રવ્યો, તેના ગુણો, તેની શક્તિ અને તેના પર્યાય સાથેનો સબંધ માત્ર વહેવારનયે, સંયોગરૂપ કે નિમિત્તરૂપ છે, લ્યો! એવું જ્ઞાન કરાવવામાં આવે છે. પહેલું આ ભેદજ્ઞાન.

આ દ્રષ્ટિએ પરદ્રવ્યો સાથેનો સંબંધ અસદ્‌ભૂત, અસત્ હોવાથી! તે સંબંધીનું જ્ઞાન કરાવવાનું, કરાવનારાનયને 'વહેવારનય' કહેવામાં આવે છે. આહાહા! અને જીવના દ્રવ્ય, ગુણ, પર્યાય પોતાના હોવાથી તે સદ્‌ભૂત, સત્ય હોવાથી તે સબંધીનું જ્ઞાન કરાવનારા નયને 'નિશ્ચય' કહેવામાં આવે છે. પરદ્રવ્યથી ભિન્ન બતાવવું છે ને? સમજાણું કાંઈ?

બીજા પ્રકારનું ભેદજ્ઞાન, આ પહેલાં પ્રકારનું કહ્યું. પણ પહેલાં પ્રકારનું ભેદજ્ઞાન કરવા માત્રથી જ સમ્યગ્દર્શન, જ્ઞાન થતું નથી કારણ કે પર્યાયની અશુધ્ધતાનું જ્ઞાન કરવું જોઈશેને એને. અનાદિથી જીવની પર્યાય અશુધ્ધ છે. અનાદિકાળથી કર્મના નિમિત્તના સંબંધમાં એની દશામાં મલિનતા છે, અશુધ્ધતા છે, પુણ્ય પાપના ભાવની મલિનતા એની પર્યાયમાં છે. આહાહા! તેને પોતામાં થતી હોવાની અપેક્ષાએ નિશ્ચયનયનો વિષય કહે છે જોયું ! પોતામાં થાય છે ને ? એ અપેક્ષાએ, તો પણ તે પરના આશ્રયે થતી હોવાથી તેને વહેવારનયનો પણ વિષય કહેવાય છે. આહાહા .. પુણ્યને પાપ, દયાને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ એવા જે વિકલ્પો મલિન દશા, એ એનામાં છે, એની છે, એ અપેક્ષાએ નિશ્ચય કહેવાય છે, પણ ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ એ મલિનતાને વહેવાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

વળી શુધ્ધ પર્યાયો પણ જીવનું ત્રિકાળી સ્વરૂપ નથી. જોયું! શુધ્ધ પર્યાય થાય નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્રની સ્વભાવને આશ્રયે થતી નિર્મળદશા એ પણ ત્રિકાળી સ્વરૂપ નથી, એક સમયની દશા છે એ તો. આહાહા! તેમજ તેના આશ્રયે થતાં ગુણ ભેદના આશ્રયે વિકલ્પ ઉત્પન્ન થાય છે. એક તો ઈ કહ્યું કે નિર્મળ દશા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે દ્રવ્યને આશ્રયે થાય, તેથી તે ત્રિકાળી સ્વરૂપ નથી એક સમયની દશા છે. તેમ જ તેનો આશ્રય કરવા જાય નિર્મળ પર્યાયનો તો રાગ ઉઠે છે. આહાહા! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે પર્યાય નિર્મળ પ્રગટી એનો આશ્રય કરવા જાય તો પર્યાય છે તો રાગ ઉઠે છે. આ તો બહુ સરળ સીધું છે. તેથી તેનો આશ્રય છોડાવવા માટે તેને પણ વહેવાર કહેવામાં આવે છે. મલિન પર્યાય અશુધ્ધ છે એ પોતાની છે એ અપેક્ષાએ નિશ્ચય કહ્યો પણ ત્રિકાળની અપેક્ષાએ એને વહેવાર કહ્યો. ઓલા સ્વભાવની અપેક્ષાએ.

હવે નિર્મળદશા થાય. આહાહા! મોક્ષનો મારગ પ્રગટ થાય, રાગથી ભિન્ન પડીને, સમ્યગ્દર્શન ને જ્ઞાન સ્વભાવના અભિન્નપણાથી પ્રગટ થાય પણ તે પણ એક સમયની પર્યાય છે માટે પણ વહેવાર અને એને આશ્રયે ઉઠે જે વિકલ્પ, પર્યાયને આશ્રયે, લક્ષ કરે તો. આહાહા! દેવ, ગુરૂ, શાસ્ત્રનું લક્ષ કરે તો તો વિકલ્પ ઉઠે. પણ નિર્મળ પર્યાયનું લક્ષ કરવા જાય એનો આશ્રય કરે તો વિકલ્પ ઉઠે. આશ્રય કરે લક્ષ, આશ્રય કરવા જાય તો વિકલ્પ ઉઠે એમ કહે છે. સમજાણું કાંઈ? તેથી તેનો આશ્રય છોડાવવા માટે પર્યાયની નિર્મળદશાને પણ વહેવાર કહેવામાં આવે છે. આહાહા! આમાં તો સાદી ભાષા છે ગુજરાતી છે. આમાં કાંઈ બહું લેખા લખવા જેવા નથી, પણ એને

દરકાર નહીં, દરકાર નહીં. આહાહા! મારું શું થશે? હું ક્યાં છું ? અને શું થઈ રહ્યું છે, એના ફળમાં થઈ રહ્યાના ફળમાં શું આવશે? હેં? આહાહા!

આંહી તો, ત્રિકાળી શુધ્ધ સ્વભાવ નિત્યાનંદપ્રભુ એનો આશ્રય લેવાથી ધરમ થાય માટે દ્રવ્યનો આશ્રય કરવો અને પર્યાયનો આશ્રય છોડવો. અશુધ્ધતા તો છોડવી પણ શુધ્ધ નિર્મળદશા થાય એનો પણ આશ્રય છોડવો. આહાહા! ધરમ કરનાર જીવે ધરમની પર્યાયનો પણ આશ્રય છોડવો એમ કહે છે, કેમ કે ધરમની પર્યાય એક સમયની દશા છે. સમજાણું કાંઈ? એ ત્રિકાળી સ્વરૂપ નથી. અને જીવ દ્રવ્યનું ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ જે ધ્રુવ છે તેને નિશ્ચય કહેવામાં આવે છે. ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ તે જ સત્યાર્થ છે, તે જ ભૂતાર્થ છે, તે જ સત્નું સત્ય નિશ્ચય છે. આહાહા! સમજાણું કાંઈ? કેમ કે તેને આશ્રયે ધર્મની શરૂઆત, નિત્ય ધ્રુવ સ્વરૂપ ભગવાન આત્મા એને આશ્રયે ધરમ પ્રગટ થાય તેનું શરૂઆત થાય, તેનું ટકવું થાય ને તેની વૃધ્ધિ અને પૂરણતા થાય છે. પૂરણ શુધ્ધ ધ્રુવ વસ્તુ એનો આશ્રય કરવાથી ધરમની શરૂઆત થાય એની વૃધ્ધિ થાય એ ધરમ ટકી રહે ત્રિકાળીને આશ્રયે આહાહા! અને તેની પૂરણતા થાય છે.

ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય નિત્યાનંદ સ્વરૂપ પ્રભુ એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય છે અને તે ધરમ તેના આશ્રયે ટકી રહે છે અને તેની ધ્રુવને આશ્રયે ધરમની વૃધ્ધિ થાય છે અને તે ધ્રુવને આશ્રયે ધરમની પરિપૂર્ણતા થાય છે. આ તો સાદી વાત છે બહુ સાદી ભાષા લખી છે.

**શ્રોતા** : ભાવ ઊંચા છે.

**પૂ. ગુરૂદેવ** : ભલે ભાવ ગમે ઈ. આહાહા!

હવે કહે છે કે શુદ્ધાત્માને નમસ્કાર શા માટે? સિદ્ધને નમસ્કાર કર્યોને પહેલો. કે સિદ્ધ ભગવંતો, સમયસારનું, સિધ્ધપણાને લીધે સર્વજ્ઞ પરમેશ્વર સિદ્ધ નમો સિદ્ધાણં, જેણે પૂરણ આનંદની દશા, જ્ઞાનની દશા પૂરણ પ્રગટ થઈ એવા જે સિદ્ધ ભગવાન નમો સિદ્ધાણં એને નમસ્કાર કેમ? શા માટે? એ સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા, સાધવો છે તે આત્મા, પૂરણ કરવો છે તો આત્માનેને? સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે. હે! સિદ્ધ ભગવાન આપ પૂરણ છો, એમ ધ્વનિ ઉઠે તો સામો થાય છે કે હે! આત્મા તું પૂરણ છો! પ્રતિચ્છંદ, અવાજ આવે ને સામો, પડઘો પડે છે પ્રતિઘાત આહાહા! હેં? પરમાત્મા આહાહા! સિદ્ધા સિદ્ધિ મમ્ દિસન્તુ આવે છે ને?

સિદ્ધ પરમાત્મા કેવળજ્ઞાની પ્રભુ તમે પૂરણ છો મને સિધ્ધ પદ દેખાડો! સામો ધ્વનિ આવે છે તું પૂરણ છો, તું સિદ્ધપદને જો! આહાહા! મૂળ તો સમ્યગ્જ્ઞાન ને દર્શન વિના આ બધા આ ગોટા ઉઠયા. મૂળ પાયો ખોટો ને પછી બધા ઉઠયાં માથેથી આ કર્યા ને તે કર્યાને ધૂળ કરી. એમને એમ રખડપટ્ટી અનાદિથી રહી મૂળ હાથ ન આવ્યું.

સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદને, પ્રતિબિંબના સ્થાને છે જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આવે છે ને ઈ? 'ચેતન રૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો', હું તો ત્રિકાળ સિદ્ધ સ્વરૂપ જ છું, જો સિદ્ધ સ્વરૂપ ન હોય તો સિદ્ધની પર્યાય આવશે ક્યાંથી? કાંઈ બહારથી આવવાની છે? આહાહા! ચોસઠપહોરી લીંડીપીપરમાં, ચોસઠપહોરી તીખાશ અંદર ભરી છે તો એની દશામાં ચોસઠપહોરી તીખાશ બહાર આવે છે, એમ પૂરણ પરમાત્માદશા આત્મામાં પડી છે. આહાહા! તો એ પરમાત્મા પૂરણદશા પ્રગટ થાય છે. આહાહા! એ સંસારી જીવ સિધ્ધ સમાન પોતાના સ્વરૂપને વિચારી ચિંતવન કરી તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઇને, હું પૂરણ શુદ્ધ સિદ્ધ સમાન છું એવી અંતરદ્રષ્ટિ કરીને એનું સ્વરૂપનું ધ્યાન કરીને તેમના જેવા થઈ જાય છે, સિદ્ધનું ધ્યાન કરીને સિદ્ધ જેવા થઈ જાય છે. આહાહા 'હું સિદ્ધ છું' એમ ધ્યાન કરીને હોં! સિદ્ધ ઉપર લક્ષ રાખીને એમ નહીં.

**શ્રોતા** : એ સમાન પોતાનું સ્વરૂપ.

**પૂ. ગુરૂદેવ** : હા, એમ, સિદ્ધ ઉપર લક્ષ રાખે કે આ સિદ્ધ છે એ તો વિકલ્પ છે. આહાહા!

પણ એ સિદ્ધ કહે છે ને કે સાધ્ય જે આત્મા સિદ્ધ કરવો છે આત્માને પૂરણ, એવું જે સાધ્ય આત્મા એના સ્થાને સિદ્ધ પરમાત્મા પ્રતિછંદના સ્થાને છે. આહાહા! એ સમયસારની ભાષા છે. સંસારીને શુધ્ધ આત્મા સાધ્ય છે જોયું? શુધ્ધ પૂરણ પવિત્ર આત્મા તે સાધ્ય છે. ઉપાય-ઉપેય આવે છે ને? ઉપેય કહો કે સાધ્ય કહો, શુધ્ધ આત્મા તે સંસારીને સાધ્ય છે. પૂરણ શુધ્ધ, પૂરણ પવિત્ર, પૂરણકેવળજ્ઞાન આદિથી પ્રાપ્ત, એવો જે શુધ્ધઆત્મા તે સિદ્ધઆત્માને સાધ્ય પ્રગટ કરવા લાયક એ છે. સિદ્ધ સાક્ષાત્ શુધ્ધાત્મા છે. સિદ્ધને તો વર્તમાન દશામાં જ પૂરણતા પ્રગટ થઈ ગઈ છે, સાક્ષાત્ છે એમ. તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે, તેથી તે સિદ્ધ ભગવાનને નમસ્કાર કરવો એ વ્યાજબી છે.

વળી શ્રી મોક્ષમાર્ગપ્રકાશક ગુજરાતી આવૃત્તિ પૃષ્ઠ ત્રીજામાં સિધ્ધ ભગવાનનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે મોક્ષમારગનો આધાર આપ્યો. જેના ધ્યાન વડે ભવ્ય જીવોને સ્વદ્રવ્ય-પરદ્રવ્યની ઉપાધિક ભાવ સિદ્ધમાં જે નથી તે મારામાં નથી એમ ઉપાધિકભાવનો

ખ્યાલ આવે છે. સિદ્ધમાં નથી રાગ નથી દયા, દાન, વ્રત, ભક્તિનો કાંઈ વિકલ્પ છે નહીં, તો હું પણ એના જેવો છું, મારામાં પણ એ છે નહીં! આહાહા! જેના ધ્યાન વડે ભવ્ય જીવોને સ્વદ્રવ્ય પરદ્રવ્યનો ઉપાધિકભાવ, સ્વદ્રવ્યપરદ્રવ્ય ઉપાધિકભાવ અને સ્વાભાવિક ભાવનું વિજ્ઞાન થાય છે, જે વડે પોતાને સિદ્ધ સમાન થવાનું સાધન થાય છે. જોયું? એનામાં રાગ નથી, પુણ્ય નથી, દયા-દાનના, વ્રતનો વિકલ્પ નથી એને, એ તો ઉપાધિકભાવ છે એનો વિચાર કરતાં એ ઉપાધિકભાવ છે, તો મારામાં પણ એ નથી. આહાહા! મારગ એવો ઝીણોને, અંતરમારગ છે, એ એને બહારથી પકડવો એને માણસને. આહાહા!

આ ક્રિયાકાંડ કરી આ કર્યું ને તે કર્યુંને વ્રત પાળ્યાને , દયા પાળી આજ અમે નિર્દોષ, હવે ઓલા નીકળે છે ને દયા પાળવા, વહોરવા જાય છે કંદોઈની દુકાનેથી ક્યાંકથી દયા પાળી, આજ તો દયા પાળી,સ્થાનકવાસીમાં બહુ થાય છે, એમાં મારવાડીઓ બહુ કરાવે. બધી ભ્રમણા. આજ નિર્દોષ આહાર લઈ આવ્યાં કોકને ત્યાંથી, દયા પાળી. અરે, ધૂળેય નથી દયા, તને દયાની ખબરેય નથી. આહાહા! એ વિકલ્પ છે એ તો ઉપાધિ છે અને લઉં છું એ માન્યતા મિથ્યાત્વ છે. પરવસ્તુ ને લઉ છું પરવસ્તુને મે દયા પાળી, રાખી એ જ મિથ્યાત્વભાવ છે, એ તો મિથ્યાત્વનું પોષક છે. ધરમથી અધરમનું પોષણ છે. શું થાય? અધરમને બહાને ધરમ માનીને લુંટાય છે જીવ એની એને ખબર નથી. હેં ? ખબર નથી. હોંશથી, હરખથી લુંટાય છે પાછા. આહાહા!

આહીં કહે છે કે સિદ્ધનું ધ્યાન કરે અને એનો અંતરમુખમાં સ્વ તરફ વાળે તો એમાં એને ઉપાધિનો ભાવ નથી તો મારામાંય નથી. આહાહા! ઈ કહ્યુંને સ્વભાવિકભાવનું વિજ્ઞાન થાય એનો સ્વભાવભાવ તો તદ્દન શુધ્ધ રહ્યો કેવળજ્ઞાનમય. તો મારો પણ એવો શુધ્ધ સ્વભાવ છે કેવળજ્ઞાનમય. આહાહા! એ આ પુસ્તકો થોડા છે થોડા રહ્યા. ૧૫૦૦ છપાણાં ને એટલે ખલાસ થઈ ગયા. ઘણાં પાસે નથી, અપાઈ ગયા ને અપાઈ ગયા. એ વખતે લીધા હોય એ ઈ લીધા હોય. તેથી સાધવા યોગ્ય પોતાનું શુધ્ધ સ્વરૂપ સાધવા યોગ્ય તો પોતાનું શુધ્ધ સ્વરૂપ છે, પરિપૂર્ણ કેવળજ્ઞાનને આનંદને પ્રાપ્ત કરવા યોગ્ય તો આત્મા પોતે છે. આહાહા! તેને દર્શાવવા માટે જે....

।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।

# પ્રવચન – ૪

## શ્લોક – ૨

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૧૪.૧૨.૭૪**

**अथोक्तप्रकारसिद्धस्वरुपस्य तत्प्राप्त्युपायस्य चोपदेष्टारं सकलात्मानमिष्टदेवताबिशेषं स्तोतुमाह-**

**जयन्ति यस्यावदतोऽपि भारतीविभुतयस्तीर्थकृतोप्यनी हितुः ।**
**शिवाय धात्रे सुगताय विष्णवे जिनाय तस्मै सकलात्मने नमः।।२।।**

બોલ્યા વિણ પણ ભારતી - ઋદ્ધિ[1] જ્યાં જયવંત,
ઈચ્છા વિણ પણ જેહ છે તીર્થંકર ભગવંત,
વંદું તે સકલાત્મને શ્રી તીર્થેશ જિનેશ,
સુગત તથા જે વિષ્ણુ છે, બ્રહ્મા તેમ મહેશ ।। ૨ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

૧ – ભારતી–ઋદ્ધિ = વાણીની વિભૂતિ

**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....**

---

સ્તુતિ કરતાં કહે છે એનો **અન્વયાર્થ** :- જેમને ઈચ્છા પણ નથી, ભગવાન અરિહંતને ઈચ્છા નથી બોલવામાં, ભગવાન બોલતે હૈ ને, એને ઈચ્છા હોતી નથી. આહાહા! અને તાલુ અને ઓષ્ઠાદિ દ્વારા શબ્દ ઉચ્ચારણ પણ નથી, અવાજ થાય આ તાલનુ અડીને એવું ભગવાનને નથી. આહાહા! तीर्थकृत જેઓ તીર્થના કરનાર છે અને જેમની भारतीविभूतयः ભારતી એટલે નામ વાણીની વિભૂતિઓ સર્વ પ્રાણીઓના હિત હિત ઉપદેશવારૂપ જયવંત વર્તે છે. તે શિવને, આવા શિવને હો! તે વિધાતા બ્રહ્માને પણ આ બ્રહ્મા ને એનો અર્થ કરશે, એ જગતના કર્તા બ્રહ્મા ને વિધાતાને એ શિવને એ નહીં.

જેને વીતરાગતા પ્રગટ થઈ છે. પૂરણ આનંદ ને શાંતિ સમાધિ પ્રગટ થઈ છે એને ભાષાની વિભૂતિઓ હોય છે. એ જીવને 'શિવ' **કહીએ, તે જીવને** 'શિવ' **કહીએ શંકર એને વિધાતા - બ્રહ્મા કહીએ એને** 'સુગત' **કહીએ** 'બૌદ્ધ' **એને 'વિષ્ણુને'** ને '**જિન**' **સકલ આત્માને**, સશરીરી શુદ્ધાત્મા અરિહંતની વાત છે. સકલ આત્મા છે ને સકલ એટલે શરીર સહિત, સકલ શરીર સહિત અરિહંતદેવને, સશરીર શુદ્ધાત્માને, અર્હંત પરમાત્માને નમસ્કાર હો! પણ આ, આવાને, દુનિયા જે શિવ ને શંકરને વિધાતાને બુદ્ધને કહે છે એ નહીં! આમા એ લગાડી દે છે કેટલાક કે જુઓ આ બધા શિવ ને શંકરને બધાને નમસ્કાર કર્યો છે. આહાહા!

**ટીકા**ઃ જે ભગવાનની જયવંત વર્તે છે અર્થાત્ સર્વોત્કર્ષરૂપે વર્તે છે. શું? જતવંત વર્તે છે? ભારતીની વિભૂતિઓ. ભારતી એટલે વાણી એની વિભૂતિઓ એટલે બોધિત સર્વ જીવોને હિતપણાઆદિ સંપદાઓ. જે સમજવાલાયક જીવ છે. એ સર્વ જીવો ને હિતપણાદિરૂપ સંપદાઓ જયવંત વર્તે છે. એ વાણી જયવંત વર્તે છે એમ ક્હે છે ભગવાન આવા છે પરમાત્મા પૂર્ણાનંદ સ્વરૂપ એની વાણી સમજનાર પ્રાણી માટે જયવંત વર્તે કહે છે. આહાહા! હેં? એ વાણી છે ને ઇ નિમિત્ત છે ઇ. આહાહા ! એ વાણીનો પ્રવાહ જયવંત છે. આહાહા! જે પોતે સમજે છે એમ કહ્યું'ને ત્યાં. બોધિત વિભૂતિઓ એટલે બોધિત સર્વજીવોને સમજનાર સર્વજીવોને હિતપણારૂપ એ વાણી છે એમ કહે છે. આહાહા! નિમિત્તથી કથન

આવે ત્યારે તો ઈ આવે ને! આમ તો સમજે છે ઈ આત્મા પોતાની જ્ઞાન પર્યાય પોતાના ધ્રુવ પર્યાયને આશ્રયે સમજે છે. પણ બાહ્ય નિમિત્ત અંતરંગ સાધન તો એ છે! આવ્યું'તું ને **સવારમાં. બાહ્ય નિમિત્તપણે સાધન ઈ છે એટલી હૈયાતી.** આહાહા !

**શ્રોતા : સાધન કાંઈક કામ કરતું હશે ત્યારે એને નિમિત્ત કહેવાયને!**

**પૂ. ગુરુદેવ : કાંઈ કરતું નથી, કરતું કાંઈ નથી એને બાહ્ય સાધન કહેવું છે ઈ જ વાત છે ને ઝીણી, અનેકાંત વાણીની વિધ - વિધ વિવિધતા.** આહાહા! સર્વજીવોને હિતપણાદિરૂપ સંપદાઓ જયવંત વર્તે છે, જીવોને હિતપણાદિરૂપ સંપદા છે વિભૂતિ. આહાહા! વાણી એ જયવંત વર્તે છે. આહાહા!

કથન શૈલી એવી હોય છે વહેવારની, એનો અર્થ ન સમજે તો ગોટો ઉઠે એવું છે. આહાહા! આહીં તો એમ કહે પરમાત્મા તો આ અહીંથી ત્યાં જરીક જોયું'તું ઓલુ આનું જરી ધરમ લબ્ધિકાળ. આહાહા! સવારની શૈલી છે ને ઈ, એને ધર્મની ઉત્પત્તિનો સ્વકાળ હોય છે. આહાહા! જીવને સમજનારને, એને અંતરના દ્રવ્ય સ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો ધરમ એનો લબ્ધિનો કાળ હોય છે, તે તેને કાળે તે જન્મક્ષણ, ધર્મની ઉત્પત્તિનો એ કાળ છે. આહાહા! એનું સાધન અંતરંગ તો દ્રવ્ય સ્વભાવ છે એટલું! પણ એ ધર્મની લબ્ધિકાળ હોય ત્યારે હોય છે. આહાહા! બહુ ઝીણી વાત છે!

બધા જીવો એનો તે તે ધર્મ કે અધર્મ કે રાગ કે અજ્ઞાન એનો ઉત્પત્તિનો એ કાળ છે એનો. જન્મક્ષણ કહો કે ઉત્પત્તિ, એનુ અંતરંગ સાધન તો આત્મા છે. આહાહા! રાગ થાય એ પણ ત્યાં આત્માને આશ્રયે થાય છે. એ કાંઈ પરને આશ્રયે થતો નથી. ઈ આવે છે. આહાહા! અને ધર્મની દશા થાય એ પણ સ્વને આશ્રયે સ્વના સાધનથી થાય છે અને તે તેનો કાળ હોય છે. આ ઝીણી વાત છે. સમજાણું કાંઈ ? છ યે દ્રવ્યોનો તે સમયે જે પર્યાય થવાનો તે તેનો લબ્ધિકાળ છે. આહાહા! છયે દ્રવ્ય, એની જે વર્તમાન સમયે જે દશા ઉત્પન્ન થાય એનો એ સ્વકાળ છે. આહાહા!

અહીયાં ધર્મ લબ્ધિકાળ, જેને એક ક્ષણમાં ધર્મની ઉત્પત્તિ થવાની છે તે ક્ષણ એનો ધર્મ ઉત્પત્તિકાળ છે, અને એનું સાધન અંતરંગ પ્રભુ છે. આહાહા! ત્યારે બહારની વાણી એને હિત ઉપદેશનું નિમિત્ત છે એમ એને વહેવારે આરોપિત આરોપિત તો અંદરનાય આરોપિત કહ્યું'તુ, અંતરંગ સાધન આરોપિત છે. ધર્મકાળની દશામાં અંતરંગ સાધન આરોપ છે કે આત્માથી એ થયું, અંતર સાધનથી થયું. આહાહા! સમજાણું કાંઈ ? અને બાહ્યના નિમિત્તને આરોપિત સાધન કહેવામાં આવે છે. આમાં ઝઘડા બહુ. આહાહા!

એનાથી થાય એમ નથી, કેમકે ધર્મકાળ, સ્વકાળ પોતાનો છે એ પોતાથી થાય છે, પર ને નિમિત્ત ને સાધન કહ્યું તેનો સ્વકાળ છે એનામાં, એનો આમાં અભાવ છે. સમજાણું કાંઇ ? છતાંય એને આરોપિત બાહ્ય સાધન કહેવામાં આવે છે. આહાહા !

શાસ્ત્ર ને અર્થ કરવામાં પણ મોટો ગોટો ઉઠે છે. અહીં કહે કે આ એની વાણી આ હિતોપદેશમાં નિમિત્ત સાધન છે બાહ્ય લ્યો !

**શ્રોતા** : સાધ્ય થાય ત્યારે સાધન કહેવાયને.

**પૂ. ગુરુદેવ** : ઈ સાધના જ્યારે અંતરનું જે સમયે કરે છે, ત્યારે તે સમયે બાહ્ય સાધન ને આરોપિત કહેવામાં આવે છે, આ સાધન છે એવો આરોપ કરવામાં આવે છે ! કો મહેન્દ્રભાઇ, આવી વાતો બહુ ઝીણી !

કેવી હોવા છતાં એ વાણીની વિભૂતિઓ જયવંત વર્તે છે ? છે ? ઓલી કોર છે. કેવી હોવા છતાં એ વાણીની વિભૂતિઓ. આહાહા ! ઓમ્ધ્વનિ છૂટે, જયવંત વર્તે ! નહીં બોલતા હોવા છતાં, ભગવાન બોલતા નથી. આહાહા ! બોલે એ તો જડની ભાષા છે. ભગવાન બોલતા નથી. આહાહા ! નહીં બોલતાં હોવા છતાં, તાલુ ઓષ્ઠના સંપુટ સંયોગસમ વ્યાપાર દ્વારા, તાલુ ઓષ્ઠનો સંયોગ સંપુટ એટલે વ્યાપાર દ્વારા વચનો ઉચ્ચાર કર્યા વિના, આમ ભાષાની જે આ વચનો કહેવાય એવા વચનો ઉચ્ચાર કર્યા વિના, એ પંચાસ્તિકાયની ટીકામાં છે એમાંથી લીધું છે. પણ તેમની વાણી પ્રવર્તે છે. વળી કહ્યું છે કે, જે સર્વ આત્માઓને હિતરૂપ છે દેખો ! જે વાણી સર્વ આત્માઓને હિતરૂપ છે નિમિત્તથી કથન, હિતરૂપ તો એનો ધર્મપર્યાય સ્વભાવ તે હિતરૂપ છે. આહાહા ! વર્ણરહિત છે, એ વાણીમાં વર્ણ એટલે આમ અક્ષર બોલાય એમ નથી. નિરક્ષરી હોય છે, ઓમ્ધ્વનિ, હોઠ બંધ હોય છે, તાળવું કંપતુ નથી. છતાં નિરક્ષરી વાણી, અક્ષરોનો સમુદાય જેમ આમ છે એમ નહિં નિરક્ષરી ઓમ્ધ્વનિ છૂટે છે. આહાહા !

બંન્ને હોઠોના, બંન્ને હોઠનાં પરિસ્પંદરહિત છે. આમ જે આમ હલે છે આ હોઠ એમ ભગવાનને હલતાં નથી હોઠ ક્હે છે. આ, અ, કા, ક એમ અહીં હોઠ હલે છે ને, કંઠ હલે ઓલા અંદર, શું કહેવાય છે ? આવે છે ને પંચ હોષ્ઠાદિ હેં ? પંચ કંઠસ્થાનીય, પંચ કંઠસ્થાનીય, પાંચ તાલુસ્થાનીય એ પંચ હોષ્ઠદિ આવે છે ને ? એ બધું ભણવામાં આવતું ઈ, એ ક, ખ, ગ, ઘ બધુ અહીંથી તાલુષ્ઠાદિથી ત, થ, દ બધું અહીંથી હા એ પ, ફ, બ, ભ આંહીથી ભૂ પા એટલે ભૂ એટલે અહીં હોઠથી આંહીથી કંઠનું ભૂ પા એમ શીખવ્યું છે ને નિશાળમાં ? એ બધી શૈલી છે એની એ હોઠમાંથી બોલાય એવું પહેલું એને શીખવે,

પછી કંઠાને પછી તાલુના એવા એના આહાહા ! કહે છે કે બન્ને હોઠના પરિસ્પંદરહિત છે વીતરાગની વાણી, સર્વજ્ઞની. આહાહા ! ધ્વનિ ઉઠે છે અવાજ, એ બે હોઠના કંપન વિનાની વાણી છે. આહાહા ! હોઠ બંધ હોય છે છતાં આખા શરીરમાંથી ઉઠે છે અવાજ વાત બધી જુદી જાતની ભાઇ આ. હેં !

વાંછારહિત છે, ઇચ્છા વિના એ વાણી નીકળે છે. ઇચ્છા નથી કે હું બોલું ને દુનિયાને સમજાવું એવું ભગવાનને ઇચ્છા નથી. એ તો વીતરાગ છે. સર્વજ્ઞ છે. આહાહા ! ઓલાં કહે છે ને કેટલાક કે વાત ચાલી'તી ત્યારે, છઠ્ઠી સાલમાં, કેવળી પહેલા વર્ગણાને ગ્રહે છે પહેલે સમયે બીજે સમયે ભાષા નીકળે છે. હેં ?

**શ્રોતા** : શાસ્ત્રમાં એવું આવે છે.

**પૂ. ગુરુદેવ** : આવે એ શાસ્ત્ર સાચા નથી. આહાહા ! એ ત્યાં ખોલાણું'તુ પાલિતાણામાં છઠ્ઠી સાલ જુઓ. આ કહે છે પણ એમ ન હોય એ વચન વર્ગણા પહેલે સમયે ગ્રહે બીજે સમય બોલે એ ભાષા નીકળે અરે, ભાઇ ! આહાહા ! એમ છે જ નહીં ! એને વાણીની ઉત્પત્તિમાં હોઠનું હલવું ને કંપન ને ઇચ્છા ઇ છે જ નહિં. આહાહા !

એને વાણી ને કારણે વાણીની પર્યાય તે કાળે છૂટે છે વિભૂતિ એનો વૈભવ છે તો એ વાણી નો વૈભવ છે. આહાહા ! ચૈતનનો વૈભવ તો અંદરમાં જ્ઞાન - દર્શન ને આનંદ છે. આહાહા ! વાંછારહિત છે, કોઇ દોષથી મલિન નથી, એ વાણીમાં કોઇ દોષ ને મલિનપણુ છે નહીં, નિર્દોષવાણી. આહાહા ! આ વાણી નિર્દોષ દેખો તો ખરા. આહાહા ! નિર્દોષ પરમાત્માના મુખથી નીકળે એમ કહેવાય, પંચાસ્તિમાં આવ્યુંતું'ને મુખથી નીકળે છે. ઓલાં લોકો એમ સમજેને ઇ અપેક્ષાએ કહ્યું પંચાસ્તિકાયમાં કહ્યું છે મુખથી નીકળે, મૂળ તો આખા શરીરથી. આહાહા ! પૂર્વે ભાષા પર્યાપ્તિ બાંધી છે તેથી નીકળે એમ પણ કહેવું એ વહેવારની વાત છે. આહાહા ! તે સમયનાં રજકણો ભાષાનાં ભાષાપણે શબ્દપણે પરિણમે છે એમાં વીતરાગની ઇચ્છા નથી અને એ ભાષામાં સદોષતા નથી, આહીં દોષ નથી ઇચ્છાનો ને ત્યાં દોષ નથી એમ કહે છે. નિર્દોષ વીતરાગની વાણી નીકળે અંદરથી. આહાહા !

સર્વ પ્રાણીને હિતરૂપ. તેના ઉચ્ચારણમાં શ્વાસનું રૂંધન નહીં હોવાથી અક્રમે એકી સાથે અવાજ આવે છે, શ્વાસ ન્યાં રૂંધાય તો ક્રમ પડે. રૂંધાતો નથી, ભાષા ભલે ક્રમથી પણ આ રૂધાંતાને કારણે ક્રમ નથી સમજાણું કાંઇ ? શ્વાસ રૂંધાય આમ ભાષા નીકળે તો શ્વાસ રૂંધાય છે કે નહીં ? આંહી તો એને એ નથી. આહાહા ! જેને અક્રમે

એકસાથે નીકળે છે, આમ ભારતી ક્રમ હોય છે, પણ ઓલા હોઠનું હલવું ને શ્વાસનું રૂંધાવુ નથી એ અપેક્ષાએ એને એકસાથે વાણી નીકળે છે, જેને શાંત તથા ક્રોધરૂપી વિષથી રહિત મુનિગણ સાથે પશુપણે પણ કર્ણદ્વારા સાંભળી છે. આહાહા!

જેને અંદર સર્વજ્ઞપણું ને પૂરણદશા પ્રગટ થયેલી છે, એની વાણી, વાણી એની નિર્દોષ છે અને શાંત છે. આહાહા! અને ક્રોધરૂપી ઝેરથી રહિત એવા મુનિગણ સાથે સાંભળનારા મુનિઓ છે, સાથે પશુ પણ. આહાહા! નાગ ને વાઘ, બે - બે પાંચ - પાંચ ગાઉનાં લાંબા નાગ હોય, વાઘ હોય મોટા, એ બધાં ભગવાનની વાણી સાંભળે છે. વાણી સાંભળનારા ઈ પશુગણ પણ કર્ણદ્વારા પોતાની ભાષામાં સાંભળી છે તે. આહાહા! ઈ પોતાની ભાષામાં સાંભળે છે ઈ. આહાહા! એને જે સમજવાની ભાષા છે ને તેવી ભાષાથી સમજે છે. આહાહા! આહીં તો ૐધ્વનિ નીકળે પણ એ એની ભાષામાં સમજે કે મને આમ ભગવાન કહે છે. આહાહા! એ વાણીને સમજવા માટે પણ એને કેટલાં આગ્રહ છોડી દેવા જોઈએ. આહાહા!

ભગવાન બોલે ત્યારે નીકળે છે અરે! બોલે કોણ બાપુ? બોલે ઈ બીજો, ભાષાની જડની અવસ્થા છે. એ તો આહાહા! કર્ણદ્વારા સાંભળી છે તે દુઃખવિનાશક સર્વજ્ઞની અપૂર્વ વાણી, ભાષા દેખો! એ દુઃખવિનાશક સર્વજ્ઞની વાણી, એની વાણીમાં તો દુઃખનો નાશ અને આનંદની ઉત્પત્તિ થાય એવી એ વાણી છે. આહાહા! સમજાણું કાંઈ? નિમિત્તપણાની શક્તિ આવી છે કહે છે, ઈ સમજે છે પોતાના ઉપાદાનથી, અને તે કાળે તેની પર્યાયની ઉત્પત્તિનો કાળ છે, એમાં એ સમજે ને શ્રદ્ધા કરે છે. આહાહા! સમજાણું કાંઈ? પોતાની અપૂર્વવાણી અમારી રક્ષા કરો, કહે છે આવી જે વાણી દુઃખનાં નાશની કરનારી એનો ભાવ બોલે છે ને અંદર, રાગને અજ્ઞાનની નાશ કરનારી ને વીતરાગતાની ઉત્પત્તિ કરનારી નિમિત્તથી. આહાહા! એવી અપૂર્વ વાણી અમારી રક્ષા કરો, કહો સંતો, મુનિઓ પણ એમ કહે છે ભાષા વહેવારથી આવે તો શું કહે? રક્ષા એ વાણી કરે છે હેં? નિમિત્ત છે, નિમિત્તનો અર્થ એ રક્ષાનો કરનાર બીજી વાણી છે એમ નથી. આહાહા! સમજાણું કાંઈ?

ભાષા તો આવી છે જુઓ! અમારી રક્ષા કરો, છે ને? એ મુનિઓ પણ એમ કહે છે એ વાણી દ્વારા એવું આવે એને. આહાહા! બહું આકરું! મારગ એવો વીતરાગનો છે એને ઘણાં પડખાથી અનેકાંતપણે એને સમજવું પડે. આહીં તો કહે છે એ સર્વજ્ઞની અપૂર્વ વાણી અમારી રક્ષા વાણી અમારી રક્ષા કરો. કો પોપટભાઈ! આ શું આ

વળી પાછું, એક કોર આવ્યું'તું કે ધર્મની ઉત્પત્તિનો એનો પોતાનો કાળ છે તે કાળે ધર્મ ઉત્પન્ન થાય છે હિતરૂપ દશા, તે પૂર્વના અહિતનાં પરિણામના વ્યયથી પણ નહીં અને ધ્રુવથી પણ નહીં, પ્રત્યેક ત્રણ પર્યાયો ભિન્ન ભિન્નના સ્વભાવે વર્તતી. આહાહા! તેમાં બાહ્યનું નિમિત્ત આને કહેવામાં આવે છે. સમજાણું કાંઇ ? એવી દુ:ખવિનાશક સર્વજ્ઞની કેમકે એની વાણીમાં વીતરાગતા તાત્પર્ય આવે છે. ગમે તે વાત આવે પણ વીતરાગતા આવે છે એટલે કે સ્વભાવની સન્મુખ થા, તો તને નિર્દોષદશા વીતરાગતા પ્રગટ થશે એમ વાણીમાં આવે છે. સમજાણું કાંઇ ? આહાહા!

આમાં બધા વાંધા ઉઠયા ને ? આ પચ્ચીસો વરસના નામે ચારેકોર અત્યારે પુસ્તકો એટલાં છપાયાં, ગોટેગોટા જાણે કે બસ! બધા પ્રાણીઓ કલ્યાણ કરી દયો, ભગવાનનો એનો અર્થ ઇ ભાઇ, જ્યારે તને એ વાણી સાંભળવાની લાયકાત હોય છે ત્યારે એ નિમિત્ત હોય છે ને ત્યારે ઉપાદાન તો તારી જાગૃત દશા, એ તને હિતરૂપ ને રક્ષા કરનાર છે. સમજાણું કાંઇ ? વાણીનો કાળ ને પર્યાયનો કાળ તો ભિન્ન છે. આહાહા! આવું બધુ ક્યાં ભઇ સમજવા જાય ? આહાહા! વહેવારવાળાને તો આ બધું મોઢાગળ નાંખે ઇ વહેવાર. વાણીને હિતરૂપ કીધી એનો અર્થ એ કે એ હિતરૂપ તો દશા ભગવાન આત્મા પોતાના ધ્રુવ સ્વભાવને આશ્રયથી કરે છે અને તે પણ તે ધર્મની દશા હિતરૂપ નો ઉત્પત્તિનો સ્વકાળ જ એનો એ છે. આહા! ઓહોહો! એ વખતે હિત કરનારી પોતાની દશા છે! વીતરાગ પરિણતી સ્વરૂપને આશ્રયે શુધ્ધ ચૈતન્ય સ્વરૂપના સાધન દ્વારા જે વીતરાગદશા સમ્યગ્દર્શન, જ્ઞાન,ચારિત્રદશા એ હિત કરનારી છે, એ જીવની રક્ષા કરનારી છે. સમજાણું કાંઇ ? આહાહા! કેમકે વાણીમાં એમ આવ્યું હતું, ચંદુભાઇ! બહુ આકરું. આહાહા!

વાણીમાં એમ આવ્યું હતું કે તું તારી ચીજ જે ધ્રુવ આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ, એને તું પર્યાયમાં, સમીપમાં લાવ અથવા પર્યાય ત્યાં સમીપમાં કર! આહાહા! એમ આવ્યું'તુ એટલે એ વાણીને નિમિત્ત તરીકે રક્ષા કરો એમ કહેવામાં આવે છે, વહેવાર છે ખરોને! વહેવાર છે ખરો, પણ એનાથી થાય છે એ વાત નથી. આ વાંધા છે ને ? વહેવાર નથી એમ નહીં! વહેવારનય છે તો એનો વિષય તો છે સમજાણું કાંઇ ? પણ એ વહેવારથી છે એ હૈયાતી એટલી છે, એનાથી આહીં થાય છે એ મોટો ફેર પડી જાય છે. સમજાણું કાંઇ ? આહાહા!

ઈ અમારી રક્ષા કરો! ઓહોહો! આમેય આવ્યું નથી મોક્ષપાહુડમાં ? દેવ

કોને કહ્યું ભાઈ એમાં! દેવ દે છે ધરમ દે, પુણ્ય દે, પૈસા દે, મોક્ષ મારગ દે. ધરમ, અર્થ ને કામ ને મોક્ષ ચાર આપે ભગવાન, એમ કહે છે દદાતિ ઈત્તિ દેવ! આહાહા! ધર્મ દેનાર દેવ, દેવાધિદેવ, ત્રિલોકનાથદેવ શું દે દેવ, કેમ દેવ કહ્યા? કે દે છે ઈ શું દે છે? એને મોક્ષ મારગ દે છે, એને શુભભાવ દે છે. આહાહા! અને પછી શુભભાવમાંથી પુણ્ય બંધાય તો એ લક્ષ્મી પણ એ ભગવાન આપે છે, એય અને એમાંથી ભોગ થાય એ ભોગ પણ એ આપે છે સ્વરૂપચંદભાઈ!

શ્રોતા : ભગવાને આપ્યા તો ભોગવવા જ પડેને?

પૂ. ગુરુદેવ : એ તો નિમિત્તથી.

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે એની વાણીમાં એવું આવે છે અને એથી એ નિમિત્તપણે એવાં જ પરમાત્મા હોય છે! એમ બતાવવાં માટે એને દેનાર છે ભગવાન, કહો અહીં એકકોર કહ્યું ૧૦૧ (પ્ર.સાર) ગાથામાં કે સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાયની દાતા પણ આત્મા છે, સાધન પોતે છે અને તે તેનો કાળ છે માટે થાય છે.

શ્રોતા : ૧૦૨માં સાધન ચોખ્ખુ કર્યું છે.

પૂ. ગુરુદેવ : હેં? ન્યાં તો સાધન નાંખ્યુ પાછું, ઈ ચોખ્ખુ કરીને...'છે' એટલું બતાવ્યું, વહેવાર છે! વહેવાર ન હોય તો બીજી ચીજ જ ન હોય! હેં? પણ એ વ્યવહારથી આહીં થાય છે, એ મોટી ભ્રમણાં છે. આ તો શાંતિથી જેને વાસ્તવિક તત્ત્વનું સમજણ કરવી હોય એની વાત છે ભાઈ, પક્ષ રાખીને અને પોતે કહ્યું એને સિદ્ધ કરવાં માટે વાત શાસ્ત્રથી ગોતે તો એ વાત એમાં સિદ્ધ નહીં થાય. સમજાણું કાંઈ? અથવા '**भारतीविभूतयः**' નો અર્થ ભારતી એટલે વાણી અને વિભૂતિઓ એટલે ત્રણ છત્રાદિ એમ પણ થાય છે.

ભગવાનને ત્રણ છત્ર હોય છે, હોય છે ને? વિભૂતિ બધી એ ચોસઠ ચામર ઢાળે છે, એ બધી વિભૂતિઓ છે બહારની, પુણ્યની. આહાહા! વળી કેવા ભગવાનની? કેવા ભગવાનની? કે તીર્થના કર્તા હોવા છતાં, આહાહા! એ સાધુઓ, અર્જિકા, શ્રાવિકા ને શ્રાવક ચાર તીર્થ અથવા સાધુનાય ભેદ ચાર કીધા છે ને- સાધુ, મુનિ, યતિ, ઋષિ એ પણ ચાર ભાગ છે એમ એ પણ ચાર છે એવા તીર્થના કર્તા હોવા છતાં ઈચ્છારહિતની ક્રિયા એટલે વાંછા મોહનીયકર્મનું કાર્ય છે. લ્યો! અહીં મોહનીય કર્મનું કાર્ય છે ઈચ્છા, ટુંકામાં સમજાવું હોય તો હવે, ઈચ્છા તો પોતામાં, રાગની દશાની ઉત્પત્તિ એનો સ્વકાળ છે માટે ઈચ્છા થાય છે, અહીં તો પણ થાય છે એમાં નિમિત્તપણું

કોણ છે એ બતાવવું છે. આહાહા ! આટલી બધી કોને પણ પડી હોય આવી બધી મેળવણી કરવાની ! ભગવાનથી થાય, પ્રભુ આપો, પ્રભુ આપો, હે નાથ ! 'સિદ્ધા સિદ્ધિ મમ્ દિસંતુ' લ્યો, નથી આવતું ? લોગસ્સમાં નથી આવતું, હે સિદ્ધ ભગવાન અમને સિદ્ધિપણું દેખાડો એમ કહ્યું છે એમાં.

શ્રોતા : મને આપો.

પૂ. ગુરુદેવ : હેં ? 'સિદ્ધા સિદ્ધિ મમ્ દિસંતુ' છે, આપો એમ નથી કીધું, 'સિદ્ધા સિદ્ધિ મમ્ દિસંતુ' મને દેખાડો એમ કહેતાં મને કેવળજ્ઞાન થાઓ, મારા પુરુષાર્થથી આ એવી વાત છે લોગસ્સમાં આવે છે ને ? પ્રેમચંદભાઈ ! એવમયં, અભિથુયા, વિહુય રયમલા બધા શબ્દો.

બાપુ આતો સંતોની વાણી, આ તો મોક્ષમારગની બાપુ એના અર્થો સમજવા માટે તો બહુ ધીરજ જોઈએ, શાંતિ જોઈએ. અમે માન્યું એમ એમાંથી નીકળે તો સાચું એમ ન હોય, સમજાણું કાંઈ ? કહે છે કે તે મોહનીય કર્મનું કાર્ય છે. સ્વભાવનું કાર્ય નથી એટલું સમજાવવાં રાગ ને ઈચ્છા એ મોહનું કાર્ય છે એમ સમજાવે છે. આહાહા ! તે કર્મનો ભગવાનને ક્ષય હોવાથી જોયું ! તે કર્મનો ક્ષય હોવાથી તેમનામાં તેમને વાંછા નો અભાવ છે ! આંહી કહે છે કે ઈચ્છાના અભાવનો કાળ હતો માટે ઈચ્છાનો અભાવ થયો છે. હેં ? આહાહા ! મોહનીયકર્મના અભાવે રાગ નો અભાવ, ઈચ્છાનો અભાવ થયો એ નિમિત્તનાં, વહેવારનાં કથનો છે. સમજાણું કાંઈ ? આવો ઉપદેશ ને આવું આ બધું એવું લાગે કે આ શું છે આ ? આ કોઈ બીજા જગતની વાત હશે ?

આપણે જે માનીએ છીએ ને જાણીએ છીએ એથી આ વળી બીજા જગતની વાતો છે આ. બાપુ તારા સત્યના જગતની વાત છે સત્‌રૂપી જગત પ્રભુ આત્મા. આહાહા ! એની પર્યાયમાં ઈચ્છાનો અભાવ થાય એ પણ પોતાને કાળે પોતાને કારણે થાય છે. કર્મનો અભાવ થયો મોહનો, માટે ઈચ્છાનો અભાવ થયો એ પણ વહેવારનું કથન છે. આહાહા ! સમજાણું કાંઈ ? તેથી તેઓ ઈચ્છારહિત હોવા છતાં તીર્થકૃત છે. સંસારને ઉતારવાના પાર કરાવવાના કારણભૂતપણાને લીધે, દેખો સંસારનાં ઉતારવાના. આહાહા ! ઉદયભાવનો નાશ કરવામાં, ઉદયભાવ એ સંસાર છે એનાં પાર કરવામાં, અભાવ કરવામાં કારણભૂતપણા ને લીધે. એ તીર્થ નો તરવાનો ઉપાય તો તીર્થ પોતે છે, પોતે આત્મા તીર્થ છે. આહાહા ! કેમ કે તરવાનાં ઉપાયનો કરનારો એ ભગવાન પોતે છે. આહાહા !

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્ચારિત્ર એ તીર્થરૂપસ્વરૂપ, એનો કર્તા

તો આત્મા છે, એ કાંઇ ઇ દશા કાંઇ ભગવાનથી થઇ છે? આહાહા! સમજાણું કાંઇ? એમ કહેવું એવો વહેવાર છે ખરો, વહેવાર છે ખરો. આહાહા! અસદ્ભૂતવહેવારથી એમ કહેવામાં આવે છે. આહાહા! એક વાતને સમજવા માટે કેટલાં પડખાં એને અસત્યનાં છોડવા પડે. હેં? આહાહા! સંસારને ઉતારવાનાં કારણભૂત, આહીં કહે છે કે સંસારનો વ્યય થાય જીવમાં એને કાળે, એને કાળે એનું કારણ થાય છે ઇ. આહાહા! અને મોક્ષની પર્યાયની ઉત્પત્તિ થાય એ સંસારનાં વ્યયને કારણે નહીં. આહાહા! એ પોતાની જ મોક્ષદશાનો કાળ છે કે ઉત્પન્ન થાય છે, આહાહા! આવી વાત તે!

એકાંત લાગે હોં માણસને, પ્રેમચંદભાઇ! હેં? એવું લાગે લોકોને. લાગે હોં, કે આ તો એકાંત છે બાપુ એ એકાંત નથી, આજ અનેકાંત છે. કહેવામાં આવ્યું માટે એનાથી થયું એમ નહીં એનું નામ અનેકાંત છે. આહાહા! સમજાણું કાંઇ? તેથી તીર્થ સમાન અર્થાત્ તીર્થ એટલે આગમ તેના કરનાર છે. તીર્થ ને આગમ પણ કહેવામાં આવે છે સમજાણું? પ્રવચન ને આગમ ને પણ તીર્થ કહેવામાં આવે છે.

એ વાણીના કરનારાં તેમની વાણી જયવંત વર્તે છે. આહાહા! એમ કહીને ઇ સર્વજ્ઞને વીતરાગદશા એમ ટકી રહી છે જગતમાં 'છે' તો એની નિમિત્તપણે વાણી પણ છે, વહેવાર એમ અહીયાં સિધ્ધ કરે છે. આહાહા! કેવા નામ વાળા તેમને, કેવા છે ઇ ભગવાનને નમસ્કાર કરે છે ઇ? નમસ્કાર જેને કરે છે ઇ કેવા છે કરનાર નમસ્કાર કરનાર નહીં! સકલ આત્માને, સકલ આત્મા એટલે શરીર સહિત છે આત્મા ઇ. આહાહા! અરિહંત લેવા છે ને? વાણીવાળા લેવા છે ને? આહીં સિદ્ધ લેવા નથી, પહેલામાં સિદ્ધને નમસ્કાર કર્યો. ઓહોહો! એ સકલ કલ એટલે શરીર, સ એટલે સહિત જેને શરીર સહિત આત્મા છે. સિદ્ધ ભગવાન તો શરીર રહિત આત્મા છે એને વાણી હોતી નથી, તેથી અરિહંત ભગવાન શરીર સહિત છે એને બીજી રીતે કહીએ તો શિવને, આપ્ત સ્વરૂપને નીચે શ્લોક છે ને:

**शिवं परमकल्याणं निर्वाणं शान्तमक्षयं ।**
**प्राप्तं मुक्तिपदं येन स शिव: परिकीर्तित: ।।**

આને 'શિવ' કહીએ. આહાહા! 'શિવ' એટલે પરમસુખ, પરમ કલ્યાણ અને જે નિર્વાણ કહેવાય છે તે જેમણે પ્રાપ્ત કર્યું તે. શિવ, શિવ એને કહીએ, નમોત્થુણંમાં આવે છે, કર્યું છે નમોત્થુણં કે નહીં? કર્યુ હશે ત્યાં આગળ, શિવ, મયલ, મરૂય નથી આવતું? આહાહા! શિવ, મલય, અયવ છે, શિવં, અયલં, આરૂયં એમ છે લોગસ્સ છે,

લોગસ્સ છે આપણે આહીં લોગસ્સ છે દિગંબરમાં, આવા બધા શબ્દો છે એમાં.

**શ્રોતા :** આમાંથી તો એમા લીધો છે. આમા છે ઇ શ્વેતાંબરમાં લીધો છે.

**પૂ. ગુરુદેવ :** છે, ઇ લીધો છે ને હેં ? છે ઇ. આહાહા ! શિવ એટલે પરમસુખ, શંકર કીધોને એને, પરમસુખ, પરમ કલ્યાણ અને જે નિર્વાણ કહેવાય તે પ્રાપ્ત કર્યું છે એને અહીં શિવ કહીએ. એ અરિહંતને શિવ કહીએ. આહાહા ! સમજાય છે ?

જેમને સર્વજ્ઞને વીતરાગદશા પૂર્ણ પ્રગટી છે, એ સુખને કલ્યાણનાં દેનારા કલ્યાણ સ્વરૂપ છે માટે તેને 'અરિહંતને' જ 'શિવ' કહેવામાં આવે છે. આહાહા ! નમોત્થુણંમાં આવે છે ઇ શિવ મયં અર્થ કોને આવડતા હોય, એનો અર્થ કાંઇ ? હિંમતભાઇ કર્યું'તુ ને કે લોગસ્સ - બોગસ્સ હેં ? સામાયિક કરીતી એમાં આવે છે ઇ શિવ, મયલ, મરૂય, મણંત, મક્ખય, મવ્વાબાહ, મપુણરાવિતિ.

શબ્દોમાં, ભાવ શું છે ઇ જરી સમજે તો એને ખ્યાલ આવે. એમ ને એમ શબ્દો ગડીયા ગોખે જાય, બોલે જાય, ઇ તો ભાષા છે. આહાહા ! ધાતા ને શિવ ને નમસ્કાર, આવા શિવને, એ અરિહંતપદને જ શિવપદ કહેવામાં આવે છે. આહા ! કેમ કે ઇ સુખને નિર્વાણ કહેવાય તેમણે પ્રાપ્ત કર્યું છે, પૂરણ આનંદ ને પૂરણ મુક્તિ જેણે પ્રાપ્ત કરી છે, અરિહંતે નિર્વાણ કે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે ને ? મોક્ષ જ પ્રાપ્ત છે, ભાવમોક્ષ પ્રાપ્ત છે. આહાહા ! ધાતા અસિ-મસિ-કૃષિ આદિ દ્વારા સન્માર્ગના ઉપદેશક હોવાને કારણે, જેઓ સકળ લોકના અભ્યુદ્ધારક, તારણહાર છે એ ધાતા એમ, અસિ-મસિ ને કૃષિ દ્વારા સન્માર્ગના ઉપદેશે.

**શ્રોતા :** સન્માર્ગ ક્યાં છે ઇ ખેતી કરે ઇ ?

**પૂ. ગુરુદેવ :** ઇ ખેતી ઇ આ છે આ બધું પાપ છે અને એ વસ્તુ છે એમ બતાવનારા છે એમ, માટે ધાતા.

અસિ - તલવાર, મસિ - કલમ, અસિ-તલવાર, મસિ-કલમ અને કૃષિ-ખેતી એનું સ્વરૂપ બતાવે છે ઇ. સમજાણું કાંઇ ? તલવાર વાળા જીવો આવા હોય, મસિ નામ લખનારા જીવો વાણિયા, અક્ષરનાં લખનારાં આવા હોય મસિનો અર્થ ઇ છે, ને કૃષિ ખેડુ જીવો આવા હોય એનું સ્વરૂપ જે બતાવે છે માટે એને ધાતા કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઇ ?

**શ્રોતા :** સન્માર્ગનો ઉપદેશ ?

**પૂ. ગુરુદેવ :** હેં ? એ નહીં એ, એ આ વસ્તુ છે એમ બતાવે છે એનો નિષેધ કરીને વસ્તુનું સ્વરૂપ તારું છે બીજુ એમ બતાવે છે સન્માર્ગ એ ! આહાહા ! અસિ, મસિ ને કૃષિનો જે ધંધો એ સંસાર છે, વિકાર છે, દુઃખરૂપ છે એ દ્વારા એને અભાવ બતાવે છે એનો. આહાહા ! સમજાણું કાંઈ ?

ઓલું આવ્યું છે ને ? રૂષભદેવ ભગવાને અસિ, મસિ ને કૃષિનો ઉપદેશ આપ્યો જુઓ ! આપે કોણ એ તો વિકલ્પ એ જાતનો હતો, એ વાણી એવી એ જાતની નીકળી એના તો એ જ્ઞાતાદ્રષ્ટા હતા. આહાહા ! સમજાય છે કાંઈ ? એમ કે એ દુઃખી પ્રાણી હતાં બિચારા, કૃષિ વિના શી રીતે અનાજ પકવવું, લખવાં વિના શી રીતે આને યાદ રાખવું, અસિ વિના સંભાળ રાખવી માથે ન હોય તો કોણ સંભાળ રાખે ? એના વિના એ દુઃખી હતાં માટે એણે બતાવ્યું. બતાવ્યું તે તો વિકલ્પ હતો ને વાણી હતી પણ એનું એનું સ્વરૂપ બતાવ્યું કે, આવું આમ હોય ત્યાં આમ હોય છે, અને એમાં એનું તાત્પર્ય તો પાછું વીતરાગતા બતાવવી છે. સમજાણું કાંઈ ? એને આહીં સન્માર્ગ કહેવામાં આવે છે. અસિ, મસિ ને કૃષિનું કહેવું એ મારગ છે ? આ તો બહુ ધીરા થઈને પક્કડમાં લેવાની વાતો છે ભાઈ ? આહાહા !

ધાતાને નીચે અસિ, મસિ ને કૃષિ દ્વારા સન્માર્ગના ઉપદેશક હોવાને કારણે જેઓ સકળ લોકના અભ્યુદ્ધારક - તારણહાર છે લ્યો ! તરવાનો રસ્તો બતાવ્યો માટે સિદ્ધ ભગવાન તારણહારા ધાતા એના કર્તા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? તેમને 'સુગત' ને સુગત બુદ્ધને કહે છે, પણ આહીં સુગત આને કહીએ, સુગત - સારું છે ગત એટલે જ્ઞાન જેમનું સુગત. આહાહા ! જેને કેવળજ્ઞાન સારું છે, એને એ પામ્યા છે માટે એને સુગત કહીએ. બૌદ્ધ ને સુગત કહે છે એ તો ક્ષણિકવાદી મિથ્યાદ્રષ્ટિ છે, સમજાણું કાંઈ ? સુગત, સારું છે ગત નામ જ્ઞાન જેમનું અથવા જે સારી રીતે અપુનરાવર્ત્યગતિને પામ્યા છે. સુગત, ભલી રીતે ગત નામ મોક્ષ દશાની પર્યાયને પામ્યા છે. અરિહંત કેવળજ્ઞાનને પામ્યા છે ને ! મોક્ષદશા છે સર્વજ્ઞપદ જે પામ્યા એ જ મોક્ષદશા છે એને સુગત કહેવામાં આવે છે. આહાહા !

**।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।**

# પ્રવચન - ૫

## શ્લોક - ૨

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૧૫.૧૨.૭૪**

**अथोक्तप्रकारसिद्धस्वरुपस्य तत्प्राप्त्युपायस्य चोपदेष्टारं सकलात्मानमिष्टदेवताबिशेषं स्तोतुमाह-**

**जयन्ति यस्यावदतोऽपि भारतीविभुतयस्तीर्थकृतोप्यनीहितु: ।**
**शिवाय धात्रे सुगताय विष्णवे जिनाय तस्मै सकलात्मने नम: ।।२।।**

બોલ્યા વિણ પણ ભારતી - ઋદ્ધિ[1] જ્યાં જયવંત,
ઈચ્છા વિણ પણ જેહ છે તીર્થંકર ભગવંત,
વંદું તે સકલાત્મને શ્રી તીર્થેશ જિનેશ,
સુગત તથા જે વિષ્ણુ છે, બ્રહ્મા તેમ મહેશ ।। ૨ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

૧ - ભારતી-ઋદ્ધિ = વાણીની વિભૂતિ

**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....**

બીજી ગાથા. અહિંયા અરિહંતને નમસ્કાર પહેલો કર્યો છે ને? બીજી ગાથામાં, પહેલી ગાથામાં સિદ્ધને કર્યો છે. એ અરિહંત તીર્થંકર છે. આમ સામાન્ય કેવળી પણ હોય છે. પણ એ તીર્થંકરની મુખ્યતાથી વાણી નીકળે છે ને એની એટલે એ અપેક્ષા લીધી છે. તેઓ તીર્થંકર છે, 'શિવ' છે, પૂરણ કલ્યાણસ્વરૂપ જેને પ્રગટ થયું છે પરમાત્મદશા, એને અહીં 'શિવ' કહીએ, 'વિધાતા' છે. એ ધર્મનાં કરનારાં છે રચનારાં છે. તીર્થના પણ રચનારાં છે એમ કહેવામાં (આવે છે) નિમિત્તથી કહેવાય છે, એ અપેક્ષાએ વિધાતા છે. 'સુગત' છે. એ સુગત, પોતાની જે આનંદ ને જ્ઞાન દશા પૂરણ જેને પ્રાપ્ત થઇ ગઇ છે, તેથી તેને 'સુગત' કહેવામાં આવે છે. 'વિષ્ણુ' છે, લોકને અલોકને જાણવાની શક્તિવાળા, તેથી જાણે લોક અલોકમાં વ્યાપક હો, જાણવાની અપેક્ષાએ, વ્યાપક તો પોતાના અસંખ્ય પ્રદેશમાં છે, પણ જાણવાનું ત્રણકાળ ત્રણલોક છે એ અપેક્ષાએ એને સર્વવ્યાપક 'વિષ્ણુ' અરિહંતને જ કહેવામાં આવે છે.

અને સમવસરણાદિ વૈભવ સહિત છે. એને લેવા છે ને અહીંયા. સામાન્ય કેવળી છે એની અહીં વાત નથી લીધી, તેથી અહીં તીર્થંકર છે એમ કીધું ને? સમવસરણાદિ વૈભવ સહિત છે, જેના પુણ્યની હદ છે, બેહદ છે. આહાહા! એવી જેને વિભૂતિ છે સંયોગ રૂપે એમ કહેવામાં આવે છે. એની વિભૂતિ તો અનંતજ્ઞાન ને દર્શન છે પણ પુણ્યનો સંયોગ વૈભવ પણ અપાર, સમોવસરણ આદિ છે રિદ્ધિ. અને ભવ્ય જીવોને કલ્યાણરૂપ જેમનાથી વાણી, ભવ્ય જીવોને, લાયક જીવને, કલ્યાણરૂપ જેમના વાણી દિવ્યધ્વનિ મુખેથી નહિં, પણ સર્વાંગેથી. મુખથી નથી નીકળતી વાણી ભગવાનની સર્વાંગે આખા શરીરમાંથી ૐ.. એવો ધ્વનિ ઊઠે છે. તાળવું, હોઠ હલ્યાં વિના, ઇચ્છા વિના વાણીનો ધ્વનિ વાણીને કારણે નીકળે છે અને જયવંત વર્તે છે. તે સશરીર શુદ્ધાત્માને એ વાણી હોય છે એમ કહે છે. આહાહા!

જ્યારે જ્યારે તીર્થંકર હોય છે, ત્યારે ત્યારે એની વાણી હોય છે, જયવંત વર્તે છે. સશરીરી શુદ્ધાત્માને એવા જે અરિહંત ભગવાન, શરીર સહિત હોવાં છતાં, શુદ્ધાત્મા પવિત્ર પૂરણ આનંદ છે, એ જીવન મુક્ત છે, આયુષ્ય હોવા છતાં તે મુક્ત છે,

જીવંત, અંતરના આનંદનીદશા, જે સ્વભાવ હતો, અનંતઆનંદને અનંત જ્ઞાન એ દશા પ્રગટ થઈ ગઈ છે, એટલે આયુષ્યમાં જીવન હોવાં છતાં એનાથી મુક્ત છે. આહાહા! એ અરહંત પરમાત્માને અહીં નમસ્કાર કર્યા છે. આવા ભગવાનને નમસ્કાર ઓળખીને કર્યા છે.

આ પણ માંગળિક શ્લોક છે. પહેલો જે માંગળિક શ્લોક હતો ને પહેલો, એ પણ, આ માંગળિક શ્લોક છે. તેમાં ગ્રંથકારે એ અરહંત ભગવાનને 'અરહંત' શબ્દ વાપર્યો છે. અને તેમની દિવ્યવાણીને દિવ્યધ્વનિને નમસ્કાર કર્યો છે. શ્રી અરહંત દેવ કેવા છે? તાળવું ઓષ્ઠ વગેરેની ક્રિયા રહિત અને ઈચ્છારહિત તેમની વાણી જયવંત વર્તે છે એટલે કે એને એ વાણી હોય છે એમ. ઈચ્છા નથી, તાળવું અને હોઠ હલતાં નથી, છતાં વાણી હોય છે કહે છે. આહાહા!

તેઓ તીર્થના કર્તા છે. 'વિધાતા' કહ્યું'તું ને સાધુ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા અથવા સાધુના ચાર પ્રકાર છે. એમના એ કર્તા, સાધુ, અણગાર, યતિ અને ઋષિ એવા મુનિનાં પણ ચાર પ્રકાર છે. એ જીવોને મોક્ષનો મારગ બતાવનારા છે. 'હિતોપદેશી' છે. એકલું આત્માનું હિતનો જ ઉપદેશ કરનારા છે એમ કહે છે.

જેની વાણીમાં ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ સ્વરૂપ તેના તરફ વળવું અને સંયોગી ચીજ રાગને પર્યાયથી ખસી જવું, એવો જેનો ભગવાનનો હિત ઉપદેશ છે. આહાહા! એમાં હિત છે. સ્વભાવના સન્મુખ થવું, નિમિત્ત, રાગ ને પર્યાયથી ખસીને ત્યાં જવું એવો ભગવાનનો ઉપદેશ છે. એ 'હિતોપદેશ' કહેવામાં આવે છે. આહાહા! જેમાં આત્માનો મોક્ષ અને મોક્ષનો મારગ પ્રગટ થાય તે હિતરૂપ છે. એ હિતનો જ ઉપદેશ કર્યો છે ભગવાને. આહાહા! કેમ કે એની વાણીનો સાર વીતરાગતા છે એટલે એમણે વીતરાગતા થવાનો જ ઉપદેશ કર્યો છે. પૂરણસ્વરૂપ આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ, વીતરાગ સ્વરૂપ આત્મા એના તરફનો એકાગ્રતાની વલણવાળી ઉપદેશ દશા કરી છે. આહાહા! લાખ વાત કરી હોય તો પણ એ આત્મા તરફનો સન્મુખ દશા અને સન્મુખ સ્થિરતા, આ ભગવાનનો ઉપદેશ છે. સમજાણું કાંઈ? એમાં જ હિત છે.

ભગવાન આત્મા પૂરણ આનંદસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એના તરફનું વલણ એ જ હિતનો મારગ છે. સમજાણું કાંઈ? ભગવાનના ઉપદેશમાં તો એમ આવ્યું કે પરદ્રવ્ય તરફનાં વલણમાં તો રાગ થાશે. દુર્ગતિ છે એમ કહે છે. હેહેહે! વાણી એમ કહે, અમારા તરફના લક્ષણવાળો રાગ છે એ ચૈતન્યની ગતિ નથી. એ ચૈતન્યની જાત નથી. આહાહા! એવો વીતરાગનો ઉપદેશ છે. અંતર સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે.

આહાહા! એના તરફ જો, ન્યાં જા, ત્યાંથી તને હિતનો મારગ પ્રગટ થશે. એવો ભગવાનનો ઉપદેશ 'હિતોપદેશ'.

શ્રાવકરત્નકરંડાચારમાં કહ્યું છે ને 'સર્વજ્ઞ' છે. 'હિતોપદેશી' છે. સમજાણું? વીતરાગતાનો ઉપદેશ કરનારા છે. આહાહા! તેમને મોહના અભાવને લીધે, કોઈ પણ પ્રકારની ઈચ્છા શેષ રહી નથી. કોઈ ઈચ્છા માત્ર રહી નથી એમ કહે છે. આહાહા! હું ધરમને સમજાવું તો સમજે, તો ત્યાં કાંઈક એને લાભ થાય, એવી ઈચ્છા માત્ર જેને નથી. આહાહા! તેઓ વીતરાગી છે. અને જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિયા કર્મનો નાશ થવાથી તેમને અનંતજ્ઞાનાદિ ગુણો પ્રગટ થયા છે. તે આત્મા આવો છે એમ ઈ કહે છે. એવો એમને પ્રગટ થયો છે. આહાહા!

અર્થાત્ તેઓ 'સર્વજ્ઞ' છે. છે ને હિતોપદેશી કીધું ને 'સર્વજ્ઞ' છે એમ, વળી તેઓ 'શિવ' છે, તેઓ 'ધાતા' છે, તેઓ 'સુગત' છે તેઓ જ 'વિષ્ણુ' છે. તેઓ 'જિન' છે. અને 'સકલ' શરીર સહિત પરમાત્મા શુદ્ધ છે. આ બધાં તેમના ગુણવાચક નામો છે. આહાહા!

તેથી કહ્યું છે ને જે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે કે આત્માની આવી દશા, આત્માનું સ્વરૂપજ આવું છે. એ અરિહંતના દ્રવ્ય ગુણને પર્યાયને જાણે એ જાણનાર પછી પોતા તરફ વળે, પરને જાણે ત્યાં સુધી તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? '**जो जाणदि अरहंत दव्वतगुणत्तपज्जयत्तेहिं सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं**' એનો અર્થ, આવી આત્માની દશા પૂરણ એ સ્વરૂપમાં શક્તિરૂપ હતી. એનું શક્તિરૂપ સ્વરૂપ સ્વભાવજ પૂરણવીતરાગ, પૂરણઆનંદ, પૂરણજ્ઞાન, પૂરણપ્રભુતા, પૂરણસ્વચ્છતા એવા દરેક ગુણથી તે પરિપૂર્ણ હતાં, તો હતાં એમાંથી પરિપૂર્ણ પર્યાય પ્રગટ કરી છે. આહાહા! સમજાણું કાંઈ?

તેથી તેમના ગુણવાચક નામ ભગવાનની વાણી હવે કેવી છે ઈ ભગવાન વર્ણવ્યા. આહાહા! મહેનત ઘણી કરી છે આંહી. છોટાભાઈએ, મેળવીને. તે દિવ્યવાણી છે દિવ્ય વચન છે ને? દિવ્યધ્વનિ, દિવ્યધ્વનિ કહો કે દિવ્યવાણી કહો, દિવ્ય અલૌકિક અચિંત્ય જેની વાણી એવી છે કહે છે. આહાહા! તે ભગવાનના સર્વાંગમાંથી ઈચ્છા વિના છૂટે છે આખા. ઈચ્છા વિના આખા આત્માથી ૐ નો ધ્વનિ ઉઠે છે. સર્વ પ્રાણીઓને હિતરૂપ છે. એ વાણી દરેક પ્રાણીને હિતરૂપ છે એમ કહ્યું છે ને? હિતરૂપ છે, તો અસંજ્ઞી પ્રાણીને ઈ કેમ હિતરૂપ શી રીતે? ત્યારે કે, એમને ન હણવાનો ઉપદેશ આવ્યો છે ઈ એ હિતરૂપ છે. એ મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે ભાઈએ, મોક્ષમાર્ગપ્રકાશક કે સર્વને હિતરૂપ છે,

તો અસંજ્ઞી પ્રાણી આદિ જે છે એ એકેન્દ્રિય છે, એને ક્યાં હિતરૂપ છે એની વાણી ? કે એનો અર્થ એટલો કે એને દુઃખ ન દેવું, એને ન મારવા, એને સ્વભાવ સન્મુખ થવું એટલે પરને મારવાનો વિકલ્પ ન હોય, એવો ભગવાને ઉપદેશ આપ્યો છે. સમજાણું કાંઇ ? આહાહા !

અને તે નિરક્ષરી છે, ૐ ધ્વનિ છે ને ? અક્ષર ૐ જ ધ્વનિ એકઅક્ષરી કહેવાય છે, નિરક્ષરી એકઅક્ષરી કહો કે બીજા શબ્દો નહિં માટે નિરક્ષરી. વળી ભગવાનના દિવ્ય ધ્વનિને દેવ, મનુષ્ય, તિર્યંચ આદિ સર્વ જીવો, પોતપોતાની ભાષામાં, પોતાના જ્ઞાનની યોગ્યતા અનુસાર સમજે છે. આહાહા !

આવી હૈયાતી સર્વજ્ઞની અને એની વાણીની આવી હૈયાતી જયવંત વર્તે છે એમ કહીને એમ કીધું સમજાણું કાંઈ ? એની જેને પ્રતીત થાય. આહાહા ! એ પ્રતીત તો સ્વભાવ સન્મુખ થાય તો થાય. સમજાણું કાંઈ ? કે જેમાં પૂરણતા પડી છે પૂર્ણતાની પ્રતીતિ ને એની પૂરણ વાણીની પ્રતીતિ. વાત તો ઈ છે, એને કે અંદર પૂરણ સ્વભાવ એ તરફ ઢળે ત્યારે એની પ્રતીતિ થાય.

પોતાના પૂર્ણ સ્વભાવની પ્રતીતિ, એને બીજા પૂર્ણ સ્વભાવને એની પૂર્ણ વાણી દિવ્ય એની પ્રતીતિ એને થાય. આહાહા ! સમજાણું કાંઈ ? તે નિરક્ષર ધ્વનિને ૐકાર ધ્વનિ કહે છે. ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર, શું કીધું પછી ? અર્થ વિચારે. ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે. આહાહા !

એ વાણીને એ દરબાર ભગવાનનો એ સમુદાય જ્યાં બેઠો હોય. આહાહા ! કહે છે નિરક્ષરી ધ્વનિ, ૐકાર ધ્વનિ છે. આહાહા ! આખા સર્વાંગે અસંખ્યપ્રદેશેથી ઉઠતી ધ્વનિ છે. પ્રદેશમાંથી નહિ. અસંખ્ય પ્રદેશ ભગવાન આત્માના એમાંથી નહિ, પણ એના સમીપમાંથી ધ્વનિ, વાણી ઉઠે છે. આહાહા ! એ નિરક્ષરી એની વ્યાખ્યા જરી કરી છે. ગોમ્મટસારનો આધાર આપ્યો છે.

ગોમ્મટસારમાં છે, કે શ્રોતાઓના કર્ણપ્રદેશ સુધી તે ધ્વનિ ન પહોંચે ત્યાં સુધી તે અનક્ષર છે, ઈ છે ગોમ્મટસારમાં છે નીચે આપ્યું છે. જીવકાંડ ગાથા ૨૨૭ ની ટીકામાં છે શું ? કે નિરક્ષરી વાણી ક્યાં સુધી ? કે કાનમાં ન પહોંચે ત્યાં સુધી. છે ઈ પાઠ છે, ગોમ્મટસારમાં પાઠ છે. અને જ્યારે તે શ્રોતાઓનાં કર્ણ વિશે પ્રાપ્ત થાય, ત્યારે તે અક્ષરરૂપ થાય છે. કારણ કે એ અક્ષરરૂપે સમજે છે ને, એટલે વાણી અક્ષરરૂપ ત્યારે થાય છે એમ કહે છે. આહાહા ! ગોમ્મટસારમાં પાઠ છે. આ એ ચર્ચા થઈ ગઈ છે ઘણી પહેલી સમજાણું

કાંઈ ? 'ૐ' એવો ધ્વનિ ઉઠયો એ ક્યાં સુધી કહે છે ધ્વનિનું એકાક્ષરીપણું, તેથી કેટલાક આચાર્ય એમ કહે છે, કે એ ખરી ધ્વનિ નહિ. અક્ષર સહિત ધ્વનિ હોય, કારણ સમજનારા અક્ષર સહિત સમજે છે, માટે ધ્વનિમાં પણ અક્ષરપણું આવે છે, ઈ પહોંચે કાને ત્યારે અક્ષરપણું થઈ જાય છે એમ. આહાહા ! ભારે વાત ભાઈ ! આહાહા ! એ ગોમ્મટસારની ગાથામાં છે ૨૨૭ ની ટીકા.

જેમ પછી મોક્ષ મારગનો દાખલો આપ્યો. મોક્ષ માર્ગપ્રકાશક છે ને ? ગુજરાતી આવૃત્તિ પૃષ્ઠ ૨૦-૨૧, એનો આધાર આપ્યો છે. જેમ સૂર્ય ને એવી ઈચ્છા નથી સૂર્યને એવી ઈચ્છા નથી કે હું મારગ પ્રકાશું, અંધકારનો નાશ થાય અને મારગ પ્રકાશું એવી સૂર્યને ઈચ્છા નથી. પરંતુ સ્વાભાવિક એના કિરણો ફેલાય છે, સૂર્યના સ્વાભાવિક કિરણો વિસ્તરાય છે, ફેલાય છે, જેથી મારગનું પ્રકાશવું થાય છે, અંધકાર મટીને મારગમાં અજવાળું થાય છે, મારગમાં અજવાળું થાય છે. આહાહા ! તે જ પ્રમાણે તે વીતરાગ કેવળી, વીતરાગ કેવળી ભગવાનને એવી ઈચ્છા નથી કે અમે મોક્ષમાર્ગને પ્રકાશ કરીએ. આહાહા ! ઓહો.

એમાં તો કહ્યું છે મોક્ષમાર્ગમાં ૮માં અધ્યાયમાં કે, તીર્થંકરોએ અને કેવળીઓએ પણ ઉપકાર કર્યો છે, નિમિત્તથી કથન આવે ત્યારે, ઉપકાર કર્યો છે એમણે, અમે પણ એ ઉપકારની થોડી વાત કરશું. ૮માં અધ્યાયમાં છે આહાહા ! એ કર્યો છે ઈ થઈ ગયો છે ઈ કાંઈ ઈચ્છા નથી કે હું આને મોક્ષ મારગ પમાડું, સૂર્યને ઈચ્છા નથી કે હું પ્રકાશ કરું છે ઈચ્છા ? આહાહા !

એક એક તત્ત્વની સ્પષ્ટતા અને એની સ્થિતિની મર્યાદા છે, એમ એણે જાણવી જોઈએ. આહાહા ! એમને એમ ગોટો માને, મિશ્ર માને, એ તો વસ્તુની વિપરીતતા થઈ જાય આહાહા !

સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે આખી દિવ્ય ધ્વનિનો અવાજ એકાક્ષરી છૂટયો પછી એને સમજવામાં અક્ષર આવી ગ્યા, પણ એને ઈચ્છા નથી હું આમ મારગને પ્રકાશ કરીએ આહાહા ! અઘાતિકર્મના ઉદયથી તેમના શરીરરૂપ પુદ્‌ગલો દિવ્યધ્વનિ રૂપ પરિણમે એમ છે હોં એમાં મોક્ષમાર્ગ પ્રકાશમાં ત્યાં આમ લખ્યું. શરીરરૂપ પુદ્‌ગલ દિવ્યધ્વનિ છે. સમજ્યા ને ભાઈ, નહિતર દિવ્ય શરીર પુદ્‌ગલ તો ઔદારિક છે પણ એ શરીરની જાતના પુદ્‌ગલો એવા જે પુદગલો ભાષાના ગણીને, હેં હેં શબ્દ આ જ છે, આવો જ છે, મોક્ષમાર્ગમાં છે. આંહી તો એક એક વાતમાં એની સ્પષ્ટતા શું છે એ જાણવી જોઈએ ને ?

કહે છે કે એ શરીરરૂપ પુદગલ, હવે શરીર જે છે એ તો ઔદારિક શરીરઆદિ છે સમજ્યાને, એના પુદગલો જે નીકળે એ કાંઈ ઔદારિક શરીરના નથી પણ એને પુદ્ગલની જાત બતાવીને, શરીરરૂપ પુદગલો દિવ્યધ્વનિરૂપ પરિણામે છે. ઈ તો આ મોક્ષમારગમાં આવ્યું ત્યારે આ ખ્યાલ હતો બધો. સમજાણું કાંઈ? કે આ રીતે અહીં કહેવા માગે છે. આહાહા!

જેનાથી મોક્ષમારગનું સહજ પ્રકાશન થાય છે, જેમ સૂર્યને ઈચ્છા નથી કે અંધારું દૂર કરું ને પ્રકાશ અજવાળું કરું, છતાં સ્વાભાવિક પ્રકાશ થાય, એટલે અંધારું નાશ થઈને પ્રકાશ થાય. એમ ભગવાનની વાણી એને ઈચ્છા નથી કે હું મોક્ષમારગ પ્રકાશું. આહાહા! ભારે વાતું પણ. વાણીની એની યોગ્યતાજ પોતાની એવી છે, કહે છે. ઓલામાં તો વાણીનાં, કીરણોકીધાં સૂર્યના આ વાણી કંઈ કિરણ નથી એના આત્માનો. હેં? દ્રષ્ટાંતમાં તો કિરણ આપ્યું'તું ને સૂર્યનું પણ વાણી કંઈ આત્માનું કિરણ છે? પણ સંયોગમાં વાણીની ધ્વનિને કિરણ ગણીને. આહાહા! કેમ કે જેવો એ ભાવ છે તેવો વાણીમાં કહેવાની તાકાત છે, તેથી વાણીને પણ કિરણ ગણીને. આહાહા! બીજાને ધર્મનો પ્રકાશ કરે છે. આહાહા!

એક એક તત્ત્વમાં જે એની સ્થિતિ છે, જે રીતે એનું વાસ્તવિક તત્ત્વ છે એ રીતે એને જાણવું જોઈએ, ગોટો કરશે તો કાંઈક નું કાંઈક, એક તત્ત્વને બીજી તત્ત્વમાં માવી દેશે (ભેળવી). આહાહા!

પોતે ભગવાન ચૈતન સ્વરૂપમાં, કહે છે કે એને પરદ્રવ્ય સ્વરૂપ માનવો. આહાહા! એ રાગરૂપ માનવો, કર્મ રૂપ માનવો. આહાહા! એને દિવ્યધ્વનિવાળો માનવો. આહાહા! એ પણ મહા મિથ્યાત્વનું પાપ છે. ઓ હોહોહો! સ્વદ્રવ્ય ચૈતન્ય મૂર્તિ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનાં સિવાયનો વિકલ્પ અને વાણી આદિ કે આ પૈસા, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ, બાહ્ય એ બધાં મારાં છે, અરે! એમણે પરદ્રવ્ય મારા માન્યા, એણે સ્વદ્રવ્ય ન માન્યું એણે.

એમ ભગવાનમાં ગોટો કરવા જાય કે આ વાણી ભગવાનની છે ને, ભગવાને કરી છે. હેં? વિપરીત દશા છે. એ પોતાની માન્યતા ઈ રીતે ખતવે છે. આહાહા! પરમાત્મા પોતે ચૈતન્ય સ્વરૂપ ભગવાન, આ આત્મા હોં એ વાત ચાલે છે. એને કોઈપણ દયા, દાન, વ્રત ભક્તિનો વિકલ્પ છે, એને વિકલ્પવાળો માનવો ઈ વિકલ્પ છે, એ આસ્ત્રવ તત્વ છે, પરતત્વ છે, એને એવો માનવો એ જ પરદ્રવ્યને પોતાનું માનીને સ્વદ્રવ્ય

ને ચૂકી ગયો છે. આહાહા! સમજાણું કાંઈ? ઓલામાં આવે છે નહિ? ૨૦૦પાને ને સમયસારમાં કે ભાઈ આ વ્રત પાળે છે આવું છતાં એને પાપી કેમ કહ્યો, આવે છે ને? એ આમાંય આમાંય, આવ્યું છે ઈ શબ્દકોષમાંય આવ્યું છે ઈ શબ્દો બધા નાંખ્યા બધાય એમ કે વ્રત પાળે, અહિંસા, બ્રહ્મચર્ય, શરીરથી પાળે એને તમે એવાં જીવને પાપી કેમ કહો છો?

આવી ક્રિયા કરે, દયાના દાનની, વ્રતની, તપની, ભક્તિની, પૂજાની એવી ક્રિયા શુભભાવની અને એને તમે પાપી કહો, કે ભાઈ! પાપી કહેવાનું કારણ એ રાગ છે એ પરવસ્તુ છે એને પોતાની માની એ જ મિથ્યાત્વનું પાપ છે. આહાહા! એ જ મહાન મિથ્યાત્વ પાપ છે, મહાપાપ એ છે. એની એવા પાપની નીચતા ને હલકાઈ એની એને ખબર ન મળે. અને ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ, રાગ અને પરની ચીજ વિનાનાં અભાવસ્વભાવસ્વરૂપ, એનું જે પ્રતીતનો અનુભવ એની શું કિંમત છે એની જેને ખબર નથી એને સમ્યગ્દર્શનની ખબર નથી. આહા! સમજાણું કાંઈ? બાહ્ય ત્યાગ ઉપર એની મહિમા એણે માની. બાહ્ય ત્યાગ કર્યો એણે, બાયડી છોડયા, છોકરા છોડયા, દુકાન છોડી, ધંધા છોડયા બાપુ! ઈ શું છોડયું? એ હતું કે'દિ એમાં, એમાં જે હતું, પરવસ્તુ મારી એવો જે મિથ્યાત્વભાવ એને તો એણે છોડયો નથી. સમજાણું કાંઈ?

જે એમાં નથી એને, એમાં છે એમ જે માન્યું અથવાં એ મારાં, મારા સ્વરૂપને, જે એમાં નથી તે મને લાભ કરશે. આહાહા! દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ છે, એ રાગ છે એ આસ્ત્રવ તત્ત્વ છે, પરતત્ત્વ છે. ઈ આવું પાળતાં છતાંય, પરને પોતાનું માને છે. આહાહા! એ જ મિથ્યાદ્રષ્ટિ મોટોપાપી છે. આહાહા! હેં ? ૨૦૦મી છે ને? ૨૦૦મી ગાથા સમયસાર આહાહા! સાવધાન પણે મહાવ્રત પાળે, શરીરથી બ્રહ્મચર્ય પાળે.

શ્રોતાઃ આત્માને ક્યાં પાળે છે, રાગને પાળે છે.

પૂ.ગુરુદેવ:શરીરથી એટલે આ તો જડ છે, જડને વિષયમાં જવા ન દીધું એ કાંઈ તારું કર્તવ્ય નથી. એ તો જડનું કર્તવ્ય છે કે એ બાજું ન ઢળ્યું. આહાહા!

એને મેં રોક્યું છે એ જ મિથ્યાત્વભાવ છે. આહા! શરીરની મિથ્યા મૈથુનક્રિયા, જોડાણની સંબંધની એ મેં ન કરી એ જ જડને મેં રોકીને જડનો સ્વામી થયો અને મેં બ્રહ્મચર્ય પાળ્યું એ જ મિથ્યાત્વભાવ છે. સ્વરૂપચંદભાઈ, આવી વાતું છે! આહાહા! સમજાણું કાંઈ? આ તો વીતરાગ મારગ છે ભાઈ!

સર્વજ્ઞ પરમેશ્વર એણે જે પ્રકાશથી મોક્ષમારગને પ્રકાશ્યો, એમાં આ વિધિ છે એમાં. આહાહા! એ વ્રતને પાળે અપવાસ કરે. આહાહા! પણ મેં આજ આહાર ન કર્યો માટે આહાર કરવાની વૃત્તિ થઈ, નહીં કરવાની માટે આહાર ન આવ્યો એ ભાવ જ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આહાહા! કેમ કે પરદ્રવ્ય સહિત હું છું. તો પરદ્રવ્યને હું છોડું છું હેં? આહાહા! બહુ જ મારગ ઝીણો ભાઈ, વીતરાગની મારગની દ્રષ્ટિ. અત્યારે તો બહુ ગોટો ઉઠયો છે, બહુ ગોટો ઉઠયો છે. આહાહા! ચોર કોટવાલને દંડે એવું થઈ ગયું છે. હેં? આહાહા!

પ્રભુ! મારગ તો આ છે હોં. આહાહા! જેને પરને હું શરીરની ક્રિયા, વિષયની હું કરતો હતો, તેને હું હવે છોડું છું. આહાહા! એનો અર્થ ઈ કે એ સ્વદ્રવ્યમાં પરદ્રવ્યની ક્રિયા કરવાની તાકાત છે, એથી એ પરદ્રવ્યની ક્રિયા રોકવાની પણ એનામાં તાકાત છે. આહાહા!

એ સ્વરૂપચંદભાઈ! આવો બાપા મારગ છે ભાઈ. આહાહા! એણે ભગવાન આત્માને પરદ્રવ્ય સહિત માન્યો. આહાહા! ગજબ વાત છે ભાઈ, એ જ મહામિથ્યાત્વનું પાપ છે એની એને ખબર નથી. આહા! ભગવાન આત્મા પોતાના અસ્તિત્વમાં તો શુધ્ધતાને પરિપૂર્ણતાથી અસ્તિત્વ પડયું છે એમાં અપૂર્ણતાય નથી ને વિપરીતતાય નથી ને પર દ્રવ્યનો સંબંધેય નથી. આહાહા! સમજાણું કાંઈ? કઠણ લાગે તો વિચારવું ભાઈ, આવા ટાણા નહિ મળે બાપુ! આહાહા! અરેરે! મનુષ્યના ભવ હાલ્યા જાય છે સ્થિતિ પૂરી થઈ જાયછે, નાના નાના બાળકો સાંભળીયે છે ને, હેં? આહાહા! જરી દેહની સ્થિતિ પૂરી થઈ. આહાહા! મનુષ્યના ભવને હારીને ચાલ્યા જાય છે. જે કરવાનું હતું એ કર્યું નહિ અને નહીં કરવાના કર્યા એમ માન્યું હેં? આહાહા!

એથી આંહી આ વધારે સ્પષ્ટ કરવું પડે છે આ વાણીનું ને આદિ. હેં? આહાહા! કહે છે કે કેવળજ્ઞાનીના પરમાત્માને જે વાણી નીકળે છે એ એની ઈચ્છાથી નહિ એનાથી નહિ. આહાહા! કારણ કે વાણીની દશા તો જડરૂપ છે જડરૂપનો આત્મા આધાર કેમ હોઈ શકે? આહાહા! આ આ આવી વાત ઝીણી સમજવી. ઝીણી બાપુ, ભાઈ, એને રહી ગ્યા છે શલ્ય સૂક્ષ્મ આવા અંદરમાં. આહાહા! તે વાણી નીકળી એ ભગવાનની વાણી છે એમ કહેવું એ વહેવારનું વચન છે એટલે નિમિત્તપણું ભગવાનનું હતું એટલું બતાવવા એ વાણી છે. પણ વાણી ભગવાનની છે ને ભગવાને કરી છે એમ નથી. આહાહા! આ અવાજ ઊઠે છે એ જડ છે, ભગવાન આત્મા અરૂપી ચૈતન્ય ઘન છે, એમાંથી આ અવાજ ઊઠે એ જડ

છે રૂપી છે, મૂર્ત છે. એ આત્મામાંથી ક્યાંથી ઊઠે ? આહાહા ! તે વાણી વાણીને કારણે સ્વતંત્ર નીકળે છે એમ દ્રષ્ટાંત કીધો, કે સૂર્ય પ્રકાશ કરે છે એ પ્રકાશ કરું એવી ઈચ્છા નથી સ્વાભાવિક રીતે નીકળે છે એની વાણી હારે જોડીને વાત કરી છે ભાઈ, આ તો તે દિ' વાંચ્યુ ત્યારે ખ્યાલ હતો, વાત તો વાત તો કિરણની કહે છે સૂર્યની, અને વાણી એને કિરણ તરીકે ઠરાવે છે. પણ એને ઓલો જ્ઞાનમાં એ જાતનો પ્રકાશ છે ને એટલું જે નિમિત્ત છે એથી એમ કહ્યું કે વાણી એને પ્રકાશે છે ઈ એનું કિરણ છે એમ કહ્યું એટલું આહાહા ! શરીરરૂપ પુદ્ગલો દિવ્યધ્વનિરૂપે પરિણમે છે જેનાથી મોક્ષમારગનું સહજ પ્રકાશન થાય છે. આહા ! સમજાણું કાંઈ ?

વાણીમાં ઈ જાતના ભાવો 'પર થી ખસ ને અંતરમાં વસ' એવી વાણીમાં આવો ધ્વનિ ઉઠતો હતો. સમજાણું કાંઈ ? એથી એને ભગવાનના જ્ઞાનનું એ વાણીને એ કિરણ ગણ્યું હેં ? વહેવારથી કહ્યું ભાઈ આહાહા ! કેમ કે એ વખતે વાણીની પર્યાય એવી જ સ્વતંત્ર પોતાથી ઉત્પન્ન થાય છે, ભગવાનને કારણે નહિ, ભગવાનના જ્ઞેયને જ્ઞાનને કારણે નહિ. આહાહા ! આવું ભિન્ન ભિન્ન સ્વરૂપનું સત્ છે.

એને અતિશય વર્ણવ્યું ભગવાનની વાણીનું, કિરણ નીકળ્યું એટલે મોક્ષમારગ પ્રકાશ થ્યો, પર્યાય નીકળી છે એની ભગવાનની બહાર ? હેંહેં ! પોપટભાઈ, આ બધું સમજવા જેવી વાત છે. એને એમ ને એમ ગોટો વાળ્યો છે અનાદિથી. હેં ? (**શ્રોતા :** બહુ સમજવા જેવી વાત છે.) આહાહા !

આ તો શાંતિથી ધીરજથી તત્ત્વની જે જે સ્થિતિ જ્યાં જ્યાં જેનાથી છે તેનાથી તેને જાણવું જોઈએ. એ વાણી ભગવાનથી છે એમેય નહિ આહીં તો કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? આ વાતને સાંભળતાં જ માણસને કેટલાકને તો એમ થાય કે પણ આમાં ધરમ ક્યાં આવ્યો કહે છે ? અરે બાપુ ! તને ખબર નથી ભાઈ.

**શ્રોતા :** આ તો પરમ ભેદજ્ઞાન ની વાત.

**પૂ. ગુરુદેવ :** આહાહા ! ધરમ ક્યાં થાય ? કે એ વિકલ્પ છે વાણી છે એનાથી ખસી જાય અને ચૈતન્ય સ્વરૂપ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે પોતે, ત્યાં જાય તો ધરમ થાય. વાણીમાં જાય વાણીમાં જઈ શકે ? એક સત્ બીજા સત્ માં પ્રવેશ કરી શકે ? આહાહા ! ચૈતન્યનું સત્ ભગવાન જ્ઞાનસ્વરૂપી અરૂપી એ વાણીના અસ્તિત્વના સત્માં પ્રવેશ કરે કે જે વાણી એને કારણે નીકળે ? આહાહા ! સમજાણું કાંઈ ?

આ ઓઘે ઓઘે એમ ને એમ બિચારા અનાદિથી પડયા છે. વાડામાં

જન્મ્યાં હોય ઈ પણ ઓઘે ઓઘે જીંદગી કાઢે, તત્ત્વના ભાન વિનાં, અને કાંઈક અમે ધરમ કર્યો એમ માને, શું થાય ? અરે ભાઈ !

**શ્રોતા** : એ હજારો લોકોને ઉપદેશ આપે છે

**પૂ. ગુરુદેવ** : કોણ આપે ભાઈ, હજારોને આહાહા ! એ વાણીના યોગે વાણી નીકળે ભાઈ. આહાહા ! વાણી જડ છે અચેતન છે મૂર્ત છે અજીવ છે એ અજીવની પર્યાયને આત્મા કરે ? આહાહા !

**શ્રોતા** : આત્મા અજીવ થઈ જાય.

**પૂ. ગુરુદેવ** : તો તો અજીવ થાય. સમજાણું કાંઈ ? આંહીં તો મોટા હોંશિયાર માણસો ઘણાં કામ કરે છે ને ? ગિરધરભાઈ, તમે બધાં કાર્યકર્તા કહેવાતાં.

આસપાસ વઢવાણને વઢવાણની આસપાસના એક તો શેઠિયા વળી કાર્યકર્તા. આ કેટલું આકરું હશે ? આહાહા ! ગરીબોને કપડાં આપવાં, ભૂખ્યાને અનાજ દેવાં, તરસ્યાને પાણી દેવાં, રોગીઓને ઔષધ દેવાં, સ્થાનથી ભ્રષ્ટ હોય એને ઓટલા કે સ્થાન દેવાં. આહાહા ! અરે ભગવાન ! શું કરે છે તું ?

એ ચીજ ક્યાં છે તારી કે તું દે અને લે. આહાહા ! ભ્રમણા એને થઈ ગઈ છે અંદરથી. સમજાણું કાંઈ ? મેં આને પાણી પાયું, તૃષા હતી તે પાણી પાયું, તે પાણી કઈ ચીજ છે કે તે આપ્યું. પાણી તો અજીવ ચીજ છે, શરીર, ઈ તું દઈ શકે ? તું એને અડી શકે ?

**શ્રોતા** : એ દયે છે ને રોજ.

**પૂ. ગુરુદેવ** : કોણ કરે છે એની ભાન નથી એને.

ભગવાન આત્મા તો અરૂપી છે. એમાં તો રંગ ગંધ રસ ને સ્પર્શ પ્રભુમાં નથી. પ્રભુ આત્મા હોં, અહીં કહીએ છીએ. આહાહા ! એમાં તો રંગ રસ સ્પર્શ ગંધ નથી. એ વર્ણ ગંધ રસ સ્પર્શની વસ્તુ ને અડે ? અરૂપી, રૂપી ને અડે ? અને રૂપીનું દેવાનું લેવાનું કામ કરે ? આંઈ આ શું કહેવાય છે કે પરદ્રવ્યને પોતાનું માને છે એની વ્યાખ્યા જ ઝીણી છે. હેં ? એમ વાત કહેવી છે. આવે છે ને સારાંશમાં. ટીકામાંય એમ આવે છે, કે સમ્યકદર્શનની શુધ્ધ પરમાત્મા પૂર્ણ સ્વરૂપ એનો અનુભવ થઈને પ્રતીતિ થવી તે કાળે તે સમક્તિની ઉત્પત્તિ છે, તે જ કાળે પરદ્રવ્યની રૂચિ જે છે, ટીકામાં આવ્યું હતું જયસેનઆચાર્યમાં, ભાઈ ! પરદ્રવ્યની રૂચિ એટલે રાગાદિ મારા ને, મેં કર્યા ને, મેં આપ્યા ને, મેં લીધા એવી જે

પરદ્રવ્યની રૂચિ છે એવો જે મિથ્યાત્વભાવ તેનો વ્યય થાય છે, અને આત્માના આશ્રયે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા ! બહુ ઝીણી વાતુ પડે માણસને હોં. આહાહા !

શું એમાં વળી મુંબઈમાં આવું નાંખ્યું હોય દસ દસ હજાર માણસ વચ્ચે શું આ મહારાજ શું કહે છે આ ? અને મુંબઈ જેવી મોહનગરી. હેં ? ધમાલ, ધમાલ, ધમાલ, ઘોડાની જેમ માણસ દોડતા હોય, કૂકડાની જેમ ધૂધૂ કરતાં આહાહા ! એ રતિભાઈ ? આ બધી મુંબઈની આ ઉપાધિ આહાહા ! કહે છે કે ભગવાને જે વાણી કરી, ઈ કહેવું છે એ વહેવાર છે. સમજાણું કાંઈ ? કેમ કે ભગવાનની દિવ્યધ્વનિ દ્રવ્ય શ્રુતવચનરૂપ છે. આહાહા ! ભગવાનની દિવ્યધ્વનિ એ દ્રવ્યશ્રુત વચનરૂપ છે. જડ વાણી પરમાણુની પર્યાય છે. રજકણની, પુદ્ગલની, અજીવની દશા છે ઈ. આહાહા ! સમજાણું કાંઈ ?

તે સરસ્વતીની મૂર્તિ કહેવાય છે વાણીને, દ્રવ્ય શ્રુતને કહે છે ને અનેકાંતમાં આવ્યું છે ને ? બીજી ગાથામાં નહિ. અનેકાંતમયમૂર્તિ ત્યાં વાણીનેય સરસ્વતી કીધી. ખરેખર એ સરસ્વતી તો આત્માનું ભાવજ્ઞાન, ભાવશ્રુત જ્ઞાન તે સરસ્વતી છે. જેના વડે આત્મા જણાણો, જેના વડે રાગનો અભાવ રૂપ આત્માનો અનુભવ થયો, એવી જે જ્ઞાનની દશા, અરૂપી વેદન એને અહીંયા ભાવસરસ્વતી કહેવામાં આવે છે. વાણીને નિમિત્ત તરીકે ગણીને દ્રવ્યશ્રુતને દ્રવ્યસરસ્વતી કહેવામાં આવે છે. કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે પરોક્ષ બતાવે છે. જોયું ? ન્યાય આપે છે જરી.

સરસ્વતીની મૂર્તિ વાણીને કેમ કીધી ? કે ઈ વચનો દ્વારા અનેક ધર્મવાળો જે પ્રભુ આત્મા, આત્મામાં જ્ઞાન, દર્શન આનંદ આદિ અનેક શક્તિઓ રૂપ ધરમ છે. ધર્મી એવો જે આત્મા, ધર્મી એટલે ધરમ કરનાર જ અત્યારે એ પ્રશ્ન નથી. ધર્મી એટલે વસ્તુ આત્મા એના જ્ઞાન-દર્શન- આનંદ આદિ અનંત ગુણો ઈ એનો ધરમ છે, ઈ એનો સ્વભાવ છે, એ એનું સ્વરૂપ છે. આહા !

એને, એવા અનંત ધર્મવાળા આત્માને, એમ ન્યાં ન કહ્યું કે આવા રાગવાળા આત્માને કે વાણી કહેનારા આત્માને, હેં ?

**શ્રોતા :** રાગવાળો આત્મા કે દિ' હતો ? રાગરહિતનો આત્મા છે.

**પૂ. ગુરુદેવ :** એ વચનો દ્વારા નિમિત્તનું જ્ઞાન, અનેક ધર્મવાળો પ્રભુ આત્મા, ધરમ નામ ધારી રાખેલાં ગુણો. એમાં અનંત-અનંત ગુણો અને અભવિ હોય તોય અનંતગુણો છે. આહાહા !

ગુણો એટલે શક્તિ, પ્રગટ થયેલાની પછી વાત, એ અનંતગુણ સ્વભાવવાળો

આત્મા છે એને વાણી બતાવે છે નિમિત્ત તરીકે. આહા! જો કે ઈ આત્મા પોતે જ્યારે પોતાના સ્વભાવને જાણે, ત્યારે વાણીએ આને બતાવ્યું એમ નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. બહુ ભેદ પડે ભાઈ.

વીતરાગની સૂક્ષ્મતા, કેવળીની સૂક્ષ્મતા, શ્રીમદ્માંય આવે છે ને સૂક્ષ્મબોધનો અભિલાષી, હેં? મહાવીરનો શિષ્ય કોણ હોય? સૂક્ષ્મબોધનો અભિલાષી, પરથી, રાગથી, પરથી ભિન્ન એવાં સ્વભાવનાં સૂક્ષ્મબોધનો, જ્ઞાનનો અભિલાષી, એ વસ્તુને સમજી શકે અને પામી શકે. સમજાણું કાંઈ?

કહે છે એ વચનો દ્વારા અનેક ધરમ વાળો આત્મા, ધરમ શબ્દે ગુણ ઈ પહેલામાં આવે છે આપણે બીજી ગાથામાં સમયસારમાં, ઓલા ત્રીજીમાં ગાથાના અર્થમાં આવે છે, અનેકાંતધર્મ, અનેકાંતમયમૂર્તિ એ, અનંત ધર્મવાળાને વાણી બતાવે છે. આહાહા! એ વચન પણ વહેવારે છે. સમજાણું કાંઈ?

અનંતગુણને અનંત ધર્મવાળો પ્રભુ, પોતે જ્યારે એને જોવે ને જાણે છે. ત્યારે એ વાણીએ અમને અનંત ધર્મવાળો આત્મા બતાવ્યો એમ વહેવારથી કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? અનંત ધર્મવાળા આત્માને તે પરોક્ષ બતાવે છે, દ્રવ્યશ્રુત છે ને એને ઈશારો કરે છે. પ્રભુ! તું અનંત ગુણોનો ધણી છો. તારામાં રાગનો અંશ નથી, વાણીને શરીરની ક્રિયાનો કરવાનો અંશ નથી, કેમ કે ઈ બધી ને સ્વને ઈ પરને જાણવાના સ્વભાવવાળો તારો ધરમ છે. સમજાણું કાંઈ? એમ વાણી બતાવે છે કહે છે. નિમિત્ત થી કહે છે ને? આહા?

'લક્ષ થવા ને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયી' આવે છે ને શ્રીમદ્માં આવે છે છેલ્લા. હેં?

**શ્રોતા :** જિનપદ, નિજપદ એકતા.

**પૂ. ગુરુદેવ :** પણ 'લક્ષ' થવાને તેહનો, ફક્ત આમ લક્ષ કરવા, આ લક્ષ, આ આત્મા ચિદાનંદ સ્વરૂપ છે. લક્ષ બંધાવવા આ શાસ્ત્ર ને વાણી કહે છે. સમજાણું કાંઈ?

એ પણ શાસ્ત્રની વાણી છે તે કાળે પણ જે જ્ઞાન થાય છે એ કાંઈ વાણીથી થતું નથી કેમ કે વાણી જડ છે અને અહીં જ્ઞાનની પર્યાય ચૈતન્ય છે ઈ જડથી ચૈતન્ય પર્યાય કેમ થાય? એક વાત.

અને ઈ જાણવાની પર્યાય થઈ, પોતાથી થઈ, એ પણ ઈ પરલક્ષી જ્ઞાન

છે, એ ચૈતન્યનું જ્ઞાન નહિ. આહાહા! પણ સમજાવું ત્યારે શી રીતે સમજાવે? કે ભાષા એને અનંત ધરમવાળો આત્મા બતાવે છે.

તત્ત્વ ની સૂક્ષ્મતા અને પૃથકતા પરથી અલૌકિક વાત છે. દરેક પદાર્થની પરથી પૃથકતા અને એની સૂક્ષ્મતા. અલૌકિક વાત છે ભાઈ! એ સૂક્ષ્મતાને વાણી બતાવે છે એમ અહીં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાન અનંતધર્મ સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે, ઓલી વાણી પરોક્ષ બતાવે છે એટલું કહ્યું. કારણ કે આને ખ્યાલમાં હજી પરલક્ષ આવ્યું છે, સ્વ આવ્યું નથી, વાણી નિમિત્ત થઈ અને તે કાળે સાંભળનારની જ્ઞાનની પર્યાય ખીલે છે વિકાસ, એ પોતાથી ખીલે છે એ કાંઈ વાણીથી નહિ. વાણીનો તો એમાં અભાવ છે, એના ભાવમાંથી ખીલે છે, છતાં એ ભાવનું ખીલેલું જ્ઞાન આહાહા! પરોક્ષ છે. સમજાણું કાંઈ? અને કેવળજ્ઞાન અનંતધર્મ સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે. બીજી રીતે કહીએ તો મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનની પર્યાય ઈ આત્માને પ્રત્યક્ષ જાણે છે કારણ કે એમાં પરનો સહારો કાંઈ છે નહિ. આહાહા!

આહીં તો કેવળજ્ઞાનની વ્યાખ્યા કરી, પણ નીચે સમ્યગ્દર્શનમાં પણ ધરમની પ્રથમ દશામાં પણ જે મતિને શ્રુતજ્ઞાન છે એ પરોક્ષ નથી, ઈ એને પ્રત્યક્ષ, સ્વનો આશ્રય કર્યો છે એમાં પરનો આશ્રય રહ્યો નથી એટલે પ્રત્યક્ષ થઈ જાય છે. દ્રવ્યશ્રુતે જાણ્યું એ પરોક્ષ છે, અંદરમાં ભાવશ્રુત દ્વારા જાણ્યું તે પ્રત્યક્ષ છે, એમ કહે છે. શું કીધું? સમજાણું?

વાણીથી જે એને ખ્યાલમાં આવ્યું એમ કહેવું એ પણ વહેવાર છે, પણ વાણીનું નિમિત્તપણું અને એને ખ્યાલમાં જે આવ્યું એ પણ હજી આત્માનું પરોક્ષપણું છે, એમાં આત્મા પ્રત્યક્ષ થયો નથી. આહાહા! આવું વ્યાખ્યાન આ કઈ જાતનું છે? આ તે જૈન દર્શનનું હશે આવું? વીતરાગ મારગમાં આવું? ઓલો તો કહે કે છકાયની દયા પાળો, કોઈને ન મારો, દુખિયાને દાન આપો, આ કરો, આ કરો આવી વાત તો ભગવાનનાં મારગમાં સાંભળી'તી જેંતીભાઈ, ભગવાન બાપુ, એ બધી વાતું બધી છે ઈ છે બહારની, એ અંતરની વસ્તુ નહિ. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે પરોક્ષ બતાવે છે એમ પ્રત્યક્ષ તરીકેની વ્યાખ્યા કરી આ. કે દ્રવ્યશ્રુત જે વાણી છે એ વખતે ખ્યાલ આવે છે એ હજી પરોક્ષ છે. અને જ્યારે એ જ્ઞાન, વર્તમાનની દશા, એ જાણેલું જ્ઞાન જે છે પરતરફનું એ નહિ, હવે એ જ્ઞાનની દશા પછીની સ્વતરફ વળે છે ત્યારે એ પ્રત્યક્ષ થઈ જાય છે આખો. સમજાણું કાંઈ?

હવે કેટલી વાતું સમજવી આમાં ? કેટલાકને અહીં બે-ચાર વરસ સાંભળેને ત્યાં આપણે હવે સમજી ગ્યા છીએ. આહાહા ! સ્વરૂપચંદભાઈ ? હેં ? આહાહા ! ભાઈ, એ સમજવાના ખ્યાલમાં એ માટેના રસ્તા અલૌકિક છે બાપુ ! અહીં તો વાણી કહે છે અને વાણીને કાળે દ્રવ્યશ્રુતે જ્ઞાન કર્યું બતાવ્યું એ તો પરોક્ષ છે કહે છે, એમ કહ્યું ને, અને કેવળજ્ઞાન તો પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે, એટલે કે વાણી દ્વારા એને લક્ષણથી એને તો સ્વ તરફના આશ્રયે કેવળજ્ઞાન થયું છે. આ એ કેવળજ્ઞાન નો ઉપાય પણ પેહેલેથી આહાહા ! સ્વના લક્ષને કારણે થી જ્ઞાન, મતિ-શ્રુત જ્ઞાન થયું છે, એ સાંભળીને પણ થયું છે, એમ છે નહિ. એવું જે જ્ઞાનનું પ્રત્યક્ષપણું થવું એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. એ ધરમની શરૂઆતનો અંશ ત્યારથી થાય છે, બાકી બધી વાતું છે.

વિશેષ કહેશે.

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

જેણે દૃષ્ટિમાં મુક્તિધામ જોયું છે, રાગથી અને સંયોગથી પૃથક ચૈતન્યગોળો જોયો છે તે મદડાંને જેમ પાલિશ લાકડાથી બાળે પણ પ્રીતિ નથી એમ જ્ઞાની રાગના ભાવથી મરી ગયા છે. એક સચેતન જ્ઞાન જ્યોતિથી જીવન છે. સાક્ષાત્ જ્યોતિ અનાદિ - અનંત એનાથી જીવન છે.

દૃષ્ટિનાં નિધાન ૪૩૯

# પ્રવચન – ૬

## શ્લોક – ૨ અને ૩

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૧૬.૧૨.૭૪**

**अथोक्तप्रकारसिद्धस्वरुपस्य तत्प्राप्त्युपायस्य चोपदेष्टारं सकलात्मानमिष्टदेवताबिशेषं स्तोतुमाह-**

**जयन्ति यस्यावदतोऽपि भारतीविभुतयस्तीर्थकृतोप्यनीहितु: ।**
**शिवाय धात्रे सुगताय विष्णवे जिनाय तस्मै सकलात्मने नम: ।।२।।**

બોલ્યા વિણ પણ ભારતી - ઋદ્ધિ[1] જ્યાં જયવંત,
ઇચ્છા વિણ પણ જેહ છે તીર્થંકર ભગવંત,
વંદું તે સકલાત્મને શ્રી તીર્થેશ જિનેશ,
સુગત તથા જે વિષ્ણુ છે, બ્રહ્મા તેમ મહેશ ।। ૨ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

---

૧ – ભારતી–ઋદ્ધિ = વાણીની વિભૂતિ

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

બીજી ગાથાનો છેલ્લો છે, સરસ્વતીની મૂર્તિ ત્યાં ચાલે છે ને? દ્રવ્યશ્રુત છે તે આત્માને પરોક્ષ રીતે જણાવે છે, એ વાણી છે ને? અને કેવળજ્ઞાન જે છે તે અનંત ધર્મ સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ એને કેવળજ્ઞાન પ્રત્યક્ષ દેખે છે, ભાવશ્રુત જ્ઞાન બી, એ પણ એક આત્માને પ્રત્યક્ષ દેખે છે. એ પણ ભાવશ્રુતજ્ઞાન એ મૂર્તિ છે કેવળજ્ઞાન એ સરસ્વતીની મૂર્તિ છે અને વાણી પણ સરસ્વતીની મૂર્તિ છે ત્રણ. એ રીતે સર્વ પદાર્થોના તત્ત્વને એટલે સર્વ પદાર્થના ભાવને જણાવનારી જ્ઞાનરૂપ અને વચનરૂપ અનેકાંતમય સરસ્વતીની મૂર્તિ એ તો સરસ્વતી, સમયસારનો શ્લોક(બીજો) એ સરસ્વતીના વાણી, ભારતી, શારદા, વાક્દેવી ઇત્યાદિ ઘણાં નામ છે. (ક્યાં સુધી આ લખવાનું કામ હાલે છે, કેટલું લખે છે એને બંધ કરી દયો એને શું ઘસી-ઘસીને કરીને) એ વાત પૂરી થઇ ત્યાં.

હવે ત્રીજા શ્લોકમાં શું કહેવા માંગે છે? નિષ્કલથી અન્યરૂપ આત્મા, કલ એટલે શરીર, શરીરરહિત એનાથી અન્યરૂપે એટલે સકલ આત્મા. અરિહંતને સકલ આત્મા કહેવાય છે ને? શરીરસહિત. નિષ્કલથી અન્યરૂપ આત્માને નિષ્કલ નહીં એટલે કે શરીર નહીં, શરીર નહીં એવા બીજા શરીર સહિત એમ શરીર નહીં એવા શરીર સહિત. આહાહા! એવા સકલઆત્માને નમસ્કાર કરીને આમ શું કરશો તે કહે છે.

**ननु निष्कलेतररुपमात्मानं नत्वा भवान् किं करिष्यतीत्याह -**

**श्रुतेन लिंगेन यथात्मशक्ति समाहितान्त:करणेन सम्यक् ।**
**समीक्ष्य कैवल्यसुखस्पृहाणां विविक्तमात्मानमथाभिधास्ये ।।३।।**

**આગમથી ને લિંગથી[2], આત્મશક્તિ અનુરૂપ,**
**હૃદય તણા ઐકાગ્રયથી સમ્યક્ વેદી સ્વરૂપ,**

---

૨. લિંગ–અનુમાન અને હેતુ.
૩. વિવિક્ત–ભિન્ન

**મુક્તિસુખ-અભિલાષીને કહીશ આતમરૂપ,**
**પરથી, કર્મકલંકથી, જેહ વિવિક્તસ્વરૂપ[3] ।।૩।।**

टीका : अथ ईष्टदेवतानमस्कारकरणानन्तरं । अभिधास्ये कथयिष्ये । कं? विविक्तमात्मानं कर्ममलरहितं जीवस्वरूपं । कथमभिधास्ये? यथात्मशक्ति आत्मशक्तेरनतिक्रमेण । किं कृत्वा? समीक्ष्य तथाभूतमात्मानं सम्यग्ज्ञात्वा । केन? श्रुतेन-

एगो मे सासओ आदा णाणदंसणलक्खणो ।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ।।

ईत्याद्यागमेन। तथा लिंगेन हेतुना। तथा हि-शरीरादिरात्मभिन्नोभिन्नलक्षणलक्ष्त्विवात्। ययोर्भिन्नलक्षणलक्षितत्वं तयोर्भेदो यथाजलानलयोः। भिन्नलक्षणलक्षितत्वं चात्मशरीरयोरिति। न चानयोर्भिन्नलक्षणलक्षितत्वमप्रासिद्धम् । आत्मनः उपयोगस्वरूपोपलक्षितत्वात् - शरीरादेस्तद्विपरीतत्वात्। समाहितान्तःकरणेन समाहितमेकाग्रीभूतं तच्च तदन्तःकरणं च मनस्तेन। सम्यक-समीक्ष्य सम्यग्ज्ञात्वा अनुभूयेत्यर्थः। केषां तथा भूतमात्मानमभिधास्ये? कैवल्यसुखस्पृहाणां कैवल्ये सकलकर्मरहितत्वे सति सुखं तत्र स्पृहा अभिलाषो येषां, कैवल्य विषयाप्रभवे वा सुखे; कैवल्यसुखयो स्पृहा येषाम् ।।३।।

નિષ્કલથી અન્યરૂપ આત્માને (નિષ્કલ નહીં એવા સકલ આત્માને) નમસ્કાર કરીને આપ શું કરશો તે કહે છેઃ-

**અન્વયાર્થ** : (अथ) હવે પરમાત્માને નમસ્કાર કર્યા બાદ (अहं) હું - પૂજ્યપાદ આચાર્ય (विविक्तं आत्मानं) પરથી ભન્ન એવા આત્માના શુદ્ધસ્વરૂપને (श्रुतेन) શ્રુતદ્વારા (लिंगेन) અનુમાન અને હેતુદ્વારા, (समाहितान्तः करणेन) એકાગ્ર મનદ્વારા (सम्यक्समीक्ष्य) સમ્યક્ પ્રકારે જાણીને-અનુભવીને (कैवल्यसुखस्पृहाणां) કૈવલ્યપદ-વિષયક અથવા નિર્મલ અતીન્દ્રિયસુખની ભાવનાવાળાઓને (यथाशक्ति) શક્તિ અનુસાર (अभिधास्ये) કહીશ.

**ટીકા** : હવે ઇષ્ટદેવતાને નમસ્કાર કર્યા પછી હું કહીશ. શું(કહીશ)? વિવિક્ત આત્માને અર્થાત્ કર્મમલરહિત જીવસ્વરૂપને(કહીશ) કેવી રીતે કહીશ? યથાશક્તિ-આત્મશક્તિનું ઉલ્લંઘન કર્યા વગર - કહીશ. શું કરીને(કહીશ)? સમીક્ષા કરીને અર્થાત્ તેવા આત્માને (વિવિક્ત આત્માને) સમ્યક્ પ્રકારે જાણીને (કહીશ). શા વડે (કયા સાધન વડે)? શ્રુતદ્વારા-

''જ્ઞાનદર્શન લક્ષણવાળો શાશ્વત એક આત્મા મારો છે; બાકીના બધા સંયોગ પક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે''. ઇત્યાદિ આગમદ્વારા તથા લિંગ અર્થાત્

હેતુ દ્વારા (કહીશ). તે આ પ્રમાણે:-

શરીરાદિ આત્માથી ભિન્ન છે, કારણકે તેઓ ભિન્ન લક્ષણોથી લક્ષતિ છે. જેઓ ભિન્ન લક્ષણોથી લક્ષતિ છે, તેઓ બંન્ને (એકબીજાથી) ભિન્ન છે; જેમ જલ અને અગ્નિ (એકબીજાથી) ભિન્ન છે તેમ. આત્મા અને શરીર (બંન્ને) ભિન્ન લક્ષણોથી લક્ષિત છે અને તે બંન્નેનું ભિન્ન લક્ષણોથી લક્ષિતપણું અપ્રસિદ્ધ નથી (અર્થાત્ પ્રસિદ્ધ છે) કારણકે આત્મા ઉપયોગસ્વરૂપથી ઉપલક્ષિત છે અને શરીરાદિક તેનાથી વિપરીત લક્ષણવાળાં છે.

સમાહિત અંતઃકરણથી - સમાહિત એટલે એકાગ્ર થયેલા અને અંતઃકરણ એટલે મન-એકાગ્ર થયેલા મન વડે, સમ્યક્પ્રકારે સમીક્ષા કરીને - (વિવિક્ત આત્માને) જાણીને - અનુભવીને (કહીશ) એવો અર્થ છે. હું કોને તેવા પ્રકારના આત્માને કહીશ ? કૈવલ્ય સુખની સ્પૃહાવાળાઓને - કૈવલ્ય અર્થાત્ સકલ કર્મોથી રહિત થતાં જે સુખ (ઊપજે) તેની સ્પૃહા (અભિલાષા) કરનારાઓને - (કહીશ). કૈવલ્ય અથાત્ વિષયોથી ઉત્પન્ન નહિં થયેલા એવા સુખની - અથવા કૈવલ્ય અને સુખની - સ્પૃહાવાળાઓને (કહીશ). (૩)

**ભાવાર્થ** : શ્રી પૂજ્યપાદસ્વામી પ્રતિજ્ઞારૂપે કહે છે કે, 'હું શ્રુત વડે, યુક્તિઅનુમાન વડે અને ચિત્તની એકાગ્રતા વડે શુદ્ધાત્માને યથાર્થ જાણીને તથા તેનો અનુભવ કરીને, નિર્મળ અતીન્દ્રિય સુખની ભાવનાવાળા ભવ્ય જીવોને મારી શક્તિ અનુસાર શુદ્ધ આત્માનું સ્વરૂપ કહીશ.'

## વિશેષ

## આગમમાં આત્માનું સ્વરૂપ

કહ્યું છે કે :-

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાન દર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે!

દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ પરિણમેલો આત્મા જાણે છે કે - 'નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, દર્શન-જ્ઞાનમય છું, સદા અરૂપી છું; કાંઇ પણ અન્ય પર દ્રવ્ય-પરમાણુમાત્ર પણ મારું નથી. એ નિશ્ચય છે.'[૪]

શરીર અને આત્મા એકબીજાથી ભિન્ન છે કારણકે તે બંન્નેનાં લક્ષણ[૫] ભિન્ન ભિન્ન છે. આત્મા જ્ઞાન દર્શન લક્ષણવાળો છે અને શરીરાદિ તેનાથી વિરુદ્ધ

લક્ષણવાળાં છે - અર્થાત્ અચેતન જડ છે. જેમનાં લક્ષણ ભિન્ન ભિન્ન હોય છે તે બધાં એકબીજાથી ભિન્ન હોય છે; જેમકે જલનું લક્ષણ શીતલપણું અને અગ્નિનું લક્ષણ ઉષ્ણપણું છે, એમ બંન્નેના લક્ષણ ભિન્ન છે તેથી જલથી અગ્નિ ભિન્ન છે.

જેમ સોના અને ચાંદીનો એક પિંડ હોવા છતાં તેમાં સોનુ તેનાં પીળાશાદિ લક્ષણ વડે અને ચાંદી તેનાં શુકલાદિ લક્ષણ વડે - બંન્ને જુદાં છે - એમ જાણી શકાય છે, તેમ જીવ અમે કર્મનોકર્મ(શરીર) એકક્ષેત્રે હોવા છતાં તેમનાં લક્ષણો વડે તેઓ એકબીજાથી ભિન્ન જાણી શકાય છે.[૬]

વળી અંતરંગ રાગ-દ્વેષાદિ વિકારી પરિણામો પણ વાસ્તવમાં આત્માના જ્ઞાન લક્ષણથી ભિન્ન છે, કારણકે રાગ - દ્વેષાદિ ભાવો ક્ષણિક અને આકુળતા લક્ષણવાળા છે; તે સ્વ - પરને જાણતાં નથી; જ્યારે જ્ઞાનસ્વભાવતો નિત્ય ને શાંત - અનાકુળ છે, સ્વ-પરને જાણવાનો તેનો સ્વભાવ છે. આ રીતે ભિન્ન લક્ષણદ્વારા જ્ઞાનમય આત્મા રાગાદિકથી ભિન્ન છે - એમ નક્કી થાય છે.[૭] માટે આત્મા પરમાર્થે પર-ભાવોથી અર્થાત્ શરીરાદિક બાહ્ય પદાર્થોથી તથા રાગ - દ્વેષાદિ અંતરંગ પરિણામોથી વિવિક્ત છે - ભિન્ન છે.

**અનુભવ :** આગમ અને યુક્તિ દ્વારા આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણી પોતાના ત્રિકાળ શુદ્ધાત્માની સન્મુખ થતાં આચાર્યને જે શુદ્ધાત્માનો અનુભવ થયો તે અનુભવથી તેઓ વિવિક્ત આત્માનું સ્વરૂપ બતાવવા માંગે છે.

## આચાર્ય આત્માનું સ્વરૂપ કોને બતાવવા માંગે છે ?

આત્માના અતીન્દ્રિય સુખની જ જેને સ્પૃહા છે - ઈન્દ્રિય - વિષયસુખની જેને સ્પૃહા નથી, તેવા (જીજ્ઞાસુ) ભવ્યજીવોને જ આચાર્ય વિવિક્ત આત્માનું (શુદ્ધાત્માનું) સ્વરૂપ કહેવા માંગે છે.

આ રીતે શ્રી પૂજ્યપાદ આચાર્યે આગમ, યુક્તિ અને અનુભવથી આત્માનું શુદ્ધસ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા કરી છે.

---

૪. શ્રી સમયસાર – ગુ. આવૃત્તિ – ગાથા ૩૮

૫. ઘણા મળેલા પદાર્થોમાંથી કોઇ પદાર્થને જુદો કરવાના હેતુને લક્ષણ કહે છે. (જૈન સિદ્ધાંત પ્રવેશિકા)

૬. જુઓ : સમયસાર ગાથા – ૨૭-૨૮

# પ્રવચન – ૬

**ટીકા :** હવે ઈષ્ટદેવતાને નમસ્કાર કર્યો, કર્યા પછી હું કહીશ હવે આ ટીકા કાંઈ અમૃતચંદ્રાચાર્યદેવની નથી ટીકા, આ તો સાધારણ સાદી ભાષામાં ટૂંકુ, પ્રભાસચંદ્ર પંડિતનું છે ને બહુ ગંભીર નથી. વિવિક્ત આત્માને કહીશ એમ. વિવિક્ત આત્મા એટલે કર્મમલ રહિત જીવસ્વરૂપ. ભગવાન આત્મા કર્મને, રાગને, ભાવમલિન રહિત છે આત્મા એને હું કહીશ. સિદ્ધસ્વરૂપ છે ઈ જુદુ છે ઈ તો પ્રગટ થયેલું છે પણ આ આત્માએ કર્મને રાગરહિત એનું વસ્તુ સ્વરૂપ જે છે એવા સ્વરૂપને હું કહીશ. કેવી રીતે કહીશ ? યથાશક્તિ. આત્મશક્તિનું ઉલ્લંઘન કર્યા વગર એટલે કે મારી શક્તિ પ્રમાણે કહીશ એમ. સર્વજ્ઞ જે કહે છે એટલું તો હું ક્યાંથી કહી શકું એમ કહે છે આચાર્ય, પણ મારી શક્તિ છે મેં અનુભવ્યું છે. રાગરહિત આત્મા, રાગ એટલે આસ્ત્રવ, કર્મ એટલે અજીવ. અજીવ અને આસ્ત્રવ રહિત જે આત્મા મેં જાણ્યો છે અનુભવ્યો છે એ શક્તિ પ્રમાણે હું કહીશ એમ કહે છે.

એ યથાશક્તિનો અર્થ કર્યો મારી શક્તિ છે તે પ્રમાણે એમ. શું કરીને કહીશ ? સમીક્ષા કરીને અર્થાત્ તેવા આત્માને સમ્યક્ પ્રકારે જાણીને, સમ ઈક્ષા સમ્યક્ પ્રકારે જાણીને, મેં જાણ્યો છે આત્મા કેવો છે એમ કહે છે આચાર્ય. આહાહા ! મેં અનુભવ્યો છે આત્મા કેવો છે. આહાહા ! એવું જે જાણ્યું છે મેં અનુભવ્યું તે પ્રમાણે હું કહીશ. આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહા ! શા વડે ? કયા સાધન દ્વારા કહીશ ? કે શ્રુતદ્વારા. પછી ગાથા આપી છે નિયમસારની.

एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो ।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ।। १०२ ।।

કેવો છે આ આત્મા ? જ્ઞાન-દર્શન લક્ષણવાળો, જેનું લક્ષણને જેના લક્ષણથી જણાય જે વસ્તુ એ જ્ઞાન-દર્શન લક્ષણ છે એનું. આહાહા ! જ્ઞાન-દર્શન લક્ષણથી જણાય, લક્ષ દ્રવ્ય વસ્તુ એવો એ આત્મા છે. વિકલ્પથી ને રાગથી ને નિમિત્તથી જણાય નહીં એવો આત્મા છે એમ કહે છે. પ્રથમ સમ્યગ્દર્શનમાં પણ આત્મા પોતે પોતાના જ્ઞાન-દર્શનનાં લક્ષણ દ્વારા જણાય એવો એ છે. જાણવું - દેખવું જેનું લક્ષણ છે, લક્ષ એટલે દ્રવ્યનું તેનાં દ્વારા જણાય એવો એ આત્મા છે. આહાહા ! કો સમજાણું કાંઈ ?

૭. જીવ બંધ બંન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે ;

શાશ્વત એક આત્મા મારો, શાશ્વત ત્રિકાળ ત્રિકાળ ત્રિકાળ એવું જે ત્રિકાળી દ્રવ્ય સ્વરૂપ જે છે ઇ શાશ્વત તે જ્ઞાન-દર્શન લક્ષણ વડે જણાય એવી ચીજ છે. આહાહા! કુંદકુંદાચાર્યની ગાથા છે એવો શાશ્વત એક આત્મા મારો છે એમ કહે છે આંહીતો, પરનો આત્માની અહીં વાત નથી કરી. આહાહા! જ્ઞાન ને દર્શન જે પ્રગટ છે લક્ષણ વ્યક્ત છે એ દ્વારા આત્મા મારો છે એ જણાય છે. જણાય છે એ રીતે હું વાત કરીશ. આહાહા! તો પછી હું કહીશ બીજાને એનો અર્થ શું થ્યો ? કે તમને પણ તમારા જ્ઞાન દર્શન લક્ષણથી જણાય છે પણ વહેવાર આવે ત્યારે એ જ આવે ને બીજું આવે શું ? જ્ઞાન દર્શનવાળો શાશ્વત એક આત્મા મારો છે બાકીના બધા સંયોગ લક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે. ઇ અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ બધા સંયોગી લક્ષણવાળા છે સ્વભાવ લક્ષણવાળા નથી. આહાહા! સ્વભાવ લક્ષણ તો એનું જાણવું અને દેખવું એ લક્ષણ દ્વારા એ જણાય એવું છે, એ દ્વારા મેં જાણ્યો છે અને બીજા જે પુણ્ય અને પાપભાવ એ અનેરા લક્ષણવાળા છે. છે ને ? બધા સંયોગ લક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે. આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્રને સાંભળતા જે વિકલ્પ થયો, એ વિકલ્પથી પણ મારી ચીજ તો ભિન્ન છે કહે છે, એમ તમારી ભિન્ન છે એમ કહેવું છે આંહી તો. આહાહા! પણ પોતે આવો હું કહીશ એવો તમારો આત્મા પણ એ રીતે જણાય એવો છે એમ કહે છે. આહાહા!

આત્મા આનંદ સ્વરૂપ, અહીં જ્ઞાન - દર્શન પ્રગટ છે ને એ લક્ષણ લીધું છે અને એ લક્ષણ દ્વારા તે મારો ભગવાન જણાય અને જાણ્યો છે જે રીતે એ રીતે જગતને હું જાહેર કરું છું કહે છે. સમજાણું કાંઇ ? ઇત્યાદિ આગમદ્વારા અને લિંગ એટલે હેતુ, અનુમાન દ્વારા એ કહીશ હું. અન્વયાર્થમાં તો લિંગેન, અનુમાન અને હેતુ એમ બે કહ્યા છે પણ બે નથી, અનુમાન એ જ હેતુ છે. આમાં બીજો હેતુ નવો નથી. જુઓને ત્યાં કીધુ ને લિંગ એટલે હેતુ દ્વારા, ત્યાં તો એમ કહ્યું અર્થમાં વળી બે ભર્યા છે. લિંગેન અન્વયાર્થમાં અનુમાન અને હેતુ એમ કહ્યું પણ ઇ અનુમાન એ જ હેતુ. આહાહા! સમજાણું કાંઇ ? આરે, ધર્મની ઝીણી વાતો ભારે. કેમ કે આ અંદર વસ્તુ છે ચૈતન્ય સ્વરૂપ છે, આનંદમૂર્તિ છે, એ મારા જાણવામાં (લખે છે ઇ બધું બંધ જ કરી દયો લખવાનું બંધ કરી દયો રજા જ આપી દયો.)

ભગવાન આત્મા મારો અને તમારો બેયનો એમ કહે છે. હું મારો છે એને આ રીતે મેં જાણ્યો એમ તમને કહીશ, પણ તમારે પણ એ રીતે જણાય છે એમ કહેશે. આહાહા! એ કોઇ ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ ને પૂજા કરવાથી આત્મા જણાય એવું આત્માનું લક્ષણ જ નથી એમ કહે છે આહીં તો. સમજાણું કાંઇ ? આત્માનું જ્ઞાન થાય એનું લક્ષણ જ પોતાના જ્ઞાનથી થાય એવું એનું લક્ષણ છે. આહાહા! એનું નામ આત્મજ્ઞાન છે.

એ રાગની ક્રિયા ઘણે ઠેકાણે આવે છે, વહેવાર મોક્ષમાર્ગ છે વહેવાર સાધન છે નિશ્ચય સાધ્ય છે આવે છે કે નહીં ? ઘણું આ લખાણમાં આંહી આ શબ્દકોષવાળાએ બધા નાંખ્યા છે માળે, એમાં કોઇ તારવીને કાઢવું હોય ભારે મુશ્કેલ પડે. સાધન વહેવાર છે, વળી એક કોર કહે છે કે એક જ આત્મા મોક્ષનો માર્ગ તે નિશ્ચય સાધન છે, વહેવાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે પાછું એ નાંખ્યુ એમાં પંચાસ્તિકાયમાં છે કે નહીં ? આહાહા !

આંહી તો એકજ સાધન છે, સત્ય જ એ સાધન છે, અંદર જ્ઞાનને દર્શન દ્વારા અંદરને પકડવો. ઓહો ! એવો જ જાણ્યો છે ને એ રીતે હું કહીશ એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઇ ? જેઓ ભિન્ન લક્ષણોથી લક્ષિત છે, તેઓ બંન્ને એકબીજાથી ભિન્ન છે, શરીરાદિ આત્માથી ભિન્ન છે, શરીર, રાગ, પુણ્ય ને પાપના વિકલ્પો એ બધા ભગવાન આત્માથી જુદા છે કહે છે. આહાહા ! કારણકે તેઓ ભિન્ન લક્ષણોથી લક્ષિત છે, એ આકુળતા અને અજીવના લક્ષણથી જણાય એવા છે, એના લક્ષણ જ જુદી જાતના છે કહે છે. આહાહા ! સમજાણું કાંઇ ? દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધાનો જે ભાવ એનું લક્ષણ જ કહે છે કે આકુળતા ને રાગ છે. એથી આત્મા જણાય એવી એ ચીજ છે નહીં. આહાહા ! અલિંગગ્રહણમાં આવ્યું છે ને કે પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે, પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા આત્મા છે. આહાહા ! સમજાણું કાંઇ ? તો પછી આ બધું સાંભળવું ને એ.

**શ્રોતા** : સાંભળ્યા વગર ખબર શું પડે ?

**પૂ. ગુરુદેવ** : એ સાંભળવામાં પણ એ એણે સાંભળવું કે અમારા સાંભળવાથી તને તું જણાય એવો તું નથી. આહાહા ! સમજાણું કાંઇ ? આહાહા !

ભગવાન એમ કહે કે અમારી ભક્તિથી તું જણાય એવો તું, તારું સ્વરૂપ જ નથી. આહાહા ! એનો વિકલ્પ જે ઉઠે ભગવાનની ભક્તિનો, શુભરાગ સાક્ષાત્ ત્રિલોકનાથ હો એની વાણી સાંભળે તો ઇ વાણીમાં એમ કહ્યું કે તું આ વાણી અને વાણી સાંભળતાં થતો વિકલ્પ એનાથી તું જણાય એવો તારું સ્વરૂપજ નથી. આહાહા ! સમજાણું કાંઇ ? અરે, ભારે આવો મારગ. એકલો નિશ્ચય છે એ જ મારગ છે કહે છે, વહેવાર-ફહેવાર છે ઇ મારગ છે નહીં. આહાહા ! આંહી તો ઇ કહ્યું ચોખ્ખુ કે શરીરાદિ, રાગાદિ આ બધું લીધુ એ આત્માથી ભિન્ન છે કારણકે તેઓ ભિન્ન લક્ષણોથી લક્ષિત છે, જેઓ ભિન્ન લક્ષણોથી લક્ષિત છે તેઓ બંન્ને એકબીજાથી ભિન્ન છે. જેના લક્ષણ જુદા માટે તે જુદી ચીજ છે, જુદા લક્ષણોથી એ જણાય માટે તે ભિન્ન ચીજ છે. આહાહા ! સમજાણું

કાંઇ ? આત્મા જ્ઞાન ને દર્શન લક્ષણથી જણાય અને દયા, દાન ના વિકલ્પો છે એ ઇ વિભાવ આકુળતાના લક્ષણથી જણાય એવી ચીજ છે એમ કહે છે. આહાહા ! અને જેના લક્ષણો જુદા છે તે ચીજ જુદી છે એનું લક્ષ એટલે વસ્તુ. સમજાણું કાંઇ ?

જેમ જળ અને અગ્નિ એકબીજાથી ભિન્ન છે તેમ. પાણી અને અગ્નિ, આત્મા અને શરીર બન્ને ભિન્ન લક્ષણોથી લક્ષિત છે, અહીં એકલું શરીર નાંખ્યું પણ પહેલું તો એમ હતું ને શરીરાદિ બધું એ તો પછી શરીર બધું એમાં આવી જાય, એમ ન્યાં શરીર નાંખ્યું. એ તો શાસ્ત્રમાં એમ આવે છે ને કે પુણ્યને પાપના ભાવ એ પુદ્‌ગલનાં પરિણામ છે, પછી ટૂંકુ કરીને કહ્યું કે પુણ્યને પાપના ભાવ પુદ્‌ગલ છે, કર્તા-કર્મમાં આવ્યું છે. આહાહા ! ભગવાન આત્મા જાણવાને દેખવાના લક્ષણથી જણાય માટે એનું લક્ષણ જુદું, એ જુદી ચીજ થઇ અને રાગાદિનું લક્ષણ જુદું કેમકે એ આકુળતા ને દુઃખરૂપ જેનું લક્ષણ છે અને દુઃખરૂપ જે ચીજ છે. આહાહા ! દયા, દાન, વ્રત, ભાવ એ બધો દુઃખરૂપ છે એ દુઃખરૂપના લક્ષણથી જણાય એવો છે. આહાહા ! સમજાણું કાંઇ ? આ તો મારગની મૂળ ચીજ છે.

ભિન્ન લક્ષણોથી લક્ષિત છે અને તે બંન્નેનું ભિન્ન લક્ષણોથી લક્ષિતપણું અપ્રસિદ્ધ નથી. જળ ને અગ્નિની પેઠે, તેમ આત્મા અને શરીર બેય ભિન્ન લક્ષણોથી લક્ષિત છે. ભગવાન આત્મા અને પુણ્ય, દયા, દાન, વ્રતના ભાવ - પુણ્ય, હિંસા, જૂઠુંનો ભાવ - પાપ અને શરીરાદિ અજીવ એ ત્રણેયના લક્ષણ ભિન્ન ભિન્ન છે. તો જેનું લક્ષણ જુદું તે વસ્તુ જુદી થઇ તે વસ્તુ એકરૂપ ન રહી. હેં ? આ તો સમજાય એવી વાત છે, એમાં બધું ભરેલું મર્મ છે કહે છે. આહાહા !

કારણકે તે આત્મા ઉપયોગસ્વરૂપથી ઉપલક્ષિત છે. જોયું ! ભગવાન આત્મા તો જાણવા - દેખવાના ઉપયોગ વેપારથી જે જણાય એવો છે. જાણવા દેખવારૂપી ઉપયોગ એનાથી જણાય એવો છે એનું લક્ષણ તો ઇ છે, શરીરાદિ તેનાથી વિપરીત લક્ષણવાળા છે. આહાહા ! શરીરની કોઇ ક્રિયાથી આત્મા જણાય કે રાગની ક્રિયાથી આત્મા જણાય એ બેયના લક્ષણ તદ્દન જુદા છે. કો સમજાણું કાંઇ ? તો પછી આ વહેવાર સાધન છે એ ક્યાં રહ્યું ? શાસ્ત્રમાં આવે છે એ તો એ વખતે રાગની મંદતાની જાત કેટલી અને કેવી હતી એટલું જણાવવા એને વહેવાર સાધનનો આરોપ આપ્યો છે. આહાહા ! આવી વાતો ભારે આકરી પડે જગતને. આહાહા !

આંહી તો આઠ વરસની છોડી (કન્યા) હોય ને સામાયિક કરે, બે-ચાર, પાંચ એક પાથરણે પાંચ સામાયિક થઇ ગઇ સામાયિક હવે શેઠીયાઓ આપે એને શું

કહેવાય એ ? લાણી, લાણી. આહાહા ! બેયને થઇ ગયો ધર્મ. અરે ભાઇ ક્યાં પ્રભુ ? હજુ સામાયિક કોને કહેવી ? આહાહા ! હેં ? વીતરાગ લક્ષણે લક્ષિત તો સામાયિક છે અને એ આત્મા જ્ઞાન - દર્શને લક્ષિત થાય એમાં ઠરે એનું નામ સામાયિક છે. હેં ? હવે એ જ્ઞાન લક્ષણથી જણાય એ ચીજ શું છે એની હજી ખબર ન મળે અને એને થઇ ગઇ સામાયિક ને એને થઇ ગયા પોહા અને પડિક્કમણા (**શ્રોતા :** ભૂતકાળમાં તો થાતા) હેં ? અમુલખભાઇ, ગયાકાળમાં થાતા'તા હેં ?

**શ્રોતા :** ભૂતકાળમાં તો એવું જ ચાલતુ'તુ ને.

**પૂ. ગુરુદેવ :** માનતા'તા કહે છે. આહાહા !

અરે એની જાત ન જાગે ત્યાં સુધી આ ધર્મ કેમ થાય ? એ પુણ્યને પાપના ભાવ - દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો ભાવ તો રાગભાવ છે. આહાહા ! આંહી કીધું ને ? શરીરાદિથી તેના વિપરીત લક્ષણ છે. રાગનું અને ચૈતન્યનું બેનું લક્ષણ જ વિપરીત છે. આહાહા ! આ તો શાંતિથી સમજવા જેવી વાત છે બાપુ. હેં ? આ તો કૂદીને એકદમ આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. આહાહા !

ઘણાં જીવો અત્યારે તો એમ ને એમ રળવામાંને રળવામાં કાઢે છે કાળ એટલે ધર્મ તો નહીં પણ પુણ્યેય નહીં એને તો. આહાહા ! હેં ? આહાહા ! ચાલીસ ચાલીસ વરસ, પીસ્તાલીસ - પચા વરસ એમાં ને એમાં રોકાય આ કરું ને આ કરું આ કરું ને આ કરું અને એને દેખાવામાં પણ એમ આવે કે આણે આમ પૈસા ભેગા કર્યા, એણે આમ કર્યું ત્યારે મારે પણ એમ કરવું. આહાહા ! એવા પાપના પરિણામમાં તો ઘણો વખત ગયો, ધર્મ તો એકકોર રહ્યો હજી. પણ એને જે દયા, (કાંઇ) રાગની મંદતા, શ્રવણ કરવા માટે જોઇએ, નિવૃત્તિ માટે રાગની મંદતા એનાય ઠેકાણા ના મળે. આહાહા ! કે જે પુણ્ય જે રાગની મંદતાનો ભાવ જે પુણ્ય કે જેનાથી આત્મા જણાય નહીં એવા પુણ્યનાય ઠેકાણા નહીં જ્યાં. આહાહા ! હેં ? આહાહા ! અરેરે ! ચાલી-ચાલી, પચા-પચા, સાઠ-સાઠ વરસ એમ ને એમ આ કર્યું ને આ ભેળવ્યું ને આ કર્યું એવા પાપના પરિણામ. આહાહા ! ભાઇ કહે છે એ એનાથી આત્મા નહીં જણાય. એનાથી આત્માને નુકસાન થાય છે. એનાથી આત્માને લાભ કેમ થાય ? આહાહા !

**શ્રોતા :** દાન કરે તો લાભ થાય ?

**પૂ. ગુરુદેવ :** દાન એથી આ નિવૃત્તિમાં જરી આમ કરે રાગની મંદતા દાનમાં, દયામાં કાંઇક

કરવું એ તો હજી પુણ્ય છે. આહાહા! એ કાંઇ ધર્મ નથી, એ ધર્મનું લક્ષણ નથી. આહાહા!

કરોડો રૂપિયા દાનમાં આપે, તે બહાર નહીં પડવાની આશાએ, તો પણ તે રાગની મંદતા છે અને બહાર પડવાની આશાએ આપે છે કે મેં કાંઇક કર્યું ને હું કાંઇક કરું છું એમ લોકો મને જાણે એ ભાવ તો પાપ છે. ચંદુભાઇ! આહાહા! આ તો જે રીતે હશે એ રીતે માલ આવશે. આહાહા! અહીંયા તો એમ કહેવું છે કેટલાકને તો હજી ધર્મ તો એકકોર રહ્યો પણ પુણ્યના પરિણામ કરવાનો અવસર જેને નથી હજી. આહાહા! એને ક્યાં ઉતારા કરવા છે? સમજાણું કાંઇ? આહાહા!

આંહી તો પરમાત્મા એમ કહે છે કે તારા હિતને માટે તો સાધન જ્ઞાન ને દર્શન તે સાધન છે. આહાહા! જાણવા-દેખવાના લક્ષણે અંદરમાં જો ત્યારે એને ધર્મ થાય, ત્યારે એને આત્મા જણાય, ત્યારે તેને આત્માનું જ્ઞાન થાય, ત્યારે તેને આત્માની શ્રદ્ધા થાય, આત્મામાં  આત્માની શ્રદ્ધાને આત્માનું જ્ઞાન થવું જોઇએને? હેં? તો ક્યારે ઇ થાય? કે જેવો એ ભગવાન પૂર્ણાનંદ છે તે તરફ જ્ઞાન-દર્શનને આમ વાળે, સ્વસન્મુખ કરે. આહાહા! સમજાણું કાંઇ? હજી તો પરસન્મુખનાં પાપના પરિણામથી, પરસન્મુખના પુણ્ય પરિણામમાંય આવવાના જેને હજી વાંધા. આહાહા! હેં? આવી વાત ભાઇ આકરી. ઓહોહો! કહે છે કે બેના લક્ષણ જ જુદાં છે. વહેવાર રત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, પંચમહાવ્રતને બારવ્રતનો ભાવ અને શાસ્ત્ર શ્રવણને શાસ્ત્રનાં તરફના રાગવાળુ જ્ઞાન એ ભાવો ત્રણેય આત્માના જાણવા-દેખવાથી પ્રગટ થતો પ્રભુ એવા લક્ષણથી આનું લક્ષણ જુદું છે. આહાહા! કહો સમજાય છે કાંઇ? આહાહા!

એમાં અત્યારે તો જુઓને આમ સાંભળીયે ત્યાં કોઈકને હાર્ટફેઇલ થઇ ગયું. કોકને કેન્સર થયું, છ મહિનામાં જણાણું ત્યારે ઉડી ગયો તરત હેં? તે વળી આ શું કહે છે કાંઇક બ્લડપ્રેશર હેં? વળી આ તૂટયું ઇ હેમરેજ થયું. આહાહા! ભાઇ એ તો જડની સ્થિતી હોય એ તે કાળે તેનું થવું હોય તે થાય જ તે, એમાં આત્માને શું છે? આહાહા! ભગવાન એવી સ્થિતિમાં પણ જ્ઞાનને દર્શનને આનંદથી જ્ઞાન દર્શનથી જણાય એવી ચીજ છે, એ ચીજ ત્યાં વિઘ્ન નથી કરતી ત્યાં આમ નજર ન કરે તો! સમજાણું કાંઇ? કારણકે નજર જ્યાં લાગી છે એ નજર સ્વતંત્ર છે. આહાહા! સમજાણું કાંઇ? એને એવા રોગને રોગ તરફનો વિકલ્પ છે એ પણ નડતો નથી સ્વભાવ સન્મુખ જાય તો. આહાહા!

નારકીમાં સાતમી નરકમાં, નરકની પીડા એની ભગવાન જાણે અને એણે વેદી, ભૂલી ગયો માળો, પણ એ ઘડીકમાં કાંઇક આવ્યું ને, એ વેદના એ વેદનાના કાળમાં

સમ્યગ્દર્શન પામે છે. આહાહા! કારણકે વેદના ને વેદનાનો સંયોગ એનું લક્ષણજ જુદું છે એમ કહે છે. હેં? આહાહા! હેં? આહા! ભલે એ વેદના હોય અને શરીરમાં એ સંયોગો પણ પ્રતિકૂળ હોય પણ એ બેયના લક્ષણ તો જુદી ચીજ છે કેમકે જુદી છે માટે બેયના લક્ષણ જુદા છે અને એનાથી ભગવાન આત્મા આહાહા! જુદો છે કહે છે. પોપટભાઇ! એ રાગના ભાવને દેહની સ્થિતિની દશા બેયના લક્ષણથી પ્રભુનું લક્ષણ જુદું છે કહે છે. આહાહા! એ લક્ષણને ત્યાં રુકાવટ નથી. જો લક્ષણથી લક્ષને રોકે, લક્ષમાં રોકે, લક્ષણને તો કોઇ રુકાવટ નથી. આહાહા! શું કીધું સમજાણું કાંઇ? આહાહા!

જાણવા દેખવાના ભાવને, ભાવવાન એ વસ્તુ છે એમાં રોકે તો એને કોઇ રુકાવટ નથી. આહાહા! એવી એની ચીજ જ છે કહે છે. આહાહા! સમજાણું કાંઇ? સાતમી નરકની રવરવ નરકની, અપૈઠણાની પીડા અને એ સંયોગો સાંભળતા એને રાડ નાંખી જાય. વેદનારાએ વેદી ભગવાને જાણી છતાં એ વેદનાનો કાળ હોય અને શરીર ભલે હોય એવા સંયોગોમાં. આહાહા! તે કાળે પણ એને લક્ષણથી ઓળખવું અને આત્માને લક્ષણથી ઓળખવું એ લક્ષણ જ જુદી ચીજ છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઇ?

ભિન્ન લક્ષણોથી વસ્તુ લક્ષિત છે. આહાહા! બન્નેનું ભિન્ન લક્ષણોથી લક્ષિતપણું અપ્રસિદ્ધ નથી. જોયું? છે ને પ્રસિદ્ધ છે. આહાહા! રાગનું લક્ષણ આકુળતાને ભગવાનનું લક્ષણ જ્ઞાન, દર્શન આહાહા! બે લક્ષણો પ્રસિદ્ધ છે પ્રસિદ્ધ છે પ્રસિદ્ધ પામેલા છે. આહાહા! કારણકે આત્મા ઉપયોગ સ્વરૂપથી ઉપલક્ષિત છે. આહાહા! જાણવા-દેખવાના ભાવથી પર્યાયથી તે ઉપલક્ષિત એટલે લક્ષમાં આવે છે. એના સમીપમાં તેથી જવાય છે. જાણવા-દેખવાના લક્ષણ દ્વારા ઉપલક્ષિત એટલે સ્વરૂપમાં સમીપે જવાય છે. આહાહા! સમજાણું કાંઇ? તે કાળે રાગાદિ અને શરીરાદિ હોવા છતાં તેનાં લક્ષણ જુદાં છે એટલે એનું લક્ષ કરવું છોડી દે અને જેનું લક્ષણ જાણવું-દેખવું એનું લક્ષ કરે લક્ષણ દ્વારા જણાય એવી ચીજ છે. આહાહા!

વાતો તો બહુ સહેલી છે આમ શ્રીમદ્દે કહ્યું છે ને સત્, સત્ સરળ છે, સત્ સહજ છે, સત્ સર્વત્ર છે. આહાહા! આવે છે ને ભાઇ પહેલા શરૂઆતમાં આવે છે સત્ સહજ છે. આહાહા! સત્ સર્વત્ર છે, સત્ સત્ છે. આહાહા! પણ એના બતાવનારા સત્ સમાગમ એમ ત્યાં એમ લીધું છે. સત્ મળ્યા નથી એને આ સત્ છે એમ એને બતાવનારા એમ. આહાહા! સમજાણું કાંઇ? છે ને સ્વરૂપચંદભાઇ? ત્યાં એમ કીધું આમ છે પણ તે સત્ ને બતાવનારા જણાવનારા મળ્યા નથી એમ. એનો અર્થ ત્યાં એને, એને લક્ષમાં

લેવાવાળો પોતે ન થયો એથી એને લક્ષમાં દેનારા મળ્યા નથી એમ. આમ તો ભગવાનની વાણીમાં સમવસરણમાં અનંતવાર સાંભળ્યું છે. ભગવાનની વાણી ભગવાનની વાણી સાંભળી છે. હેં ? પણ એને જે લક્ષણથી જાણવું જોઈએ જીવને એણે ન જાણ્યું એટલે એણે સાંભળ્યું નથી હેં ? આહાહા ! એને સાંભળવામાં જે વાત આવી'તી કે સ્વનો આશ્રય કર તો તને હિત થાય એ ન કર્યું. હેં ? એ વાણીએ એમ કહ્યું કે અમારો આક્ષય કરવાથી તું નહિં મળે તને. આહાહા ! સમજાણું કાંઈ ? તારું લક્ષણ જે છે તારું તેનાથી મળે એનો અર્થ કે તારા આશ્રયથી તું પ્રાપ્ત મળે એવો છે. આહાહા !

ભુયથ્થં અસ્સિદો કીધું ને ? એનો અર્થ ઈ થયો ઈ. આહાહા ! જાણવાના - દેખવાના જે ભાવ છે એ લક્ષણ તો જીવનું છે એ લક્ષણને પરમાં જોડી દીધું રાગમાં, પુણ્યમાં તો એ તો પરના લક્ષણમાં આ, આ જીવનું લક્ષણ ન્યાં જોડી દીધું એ તો વિપરીત કર્યું હેં ? સમજાય છે ? જેનું લક્ષણ છે તેનાં લક્ષમાં લક્ષણને ન લઈ જતાં જેનું લક્ષણ એ નથી, રાગાદિનું લક્ષણ હશે જ્ઞાન જાણવું-દેખવું ? હેં ? આહાહા ! ત્યાં લક્ષણ આનું એને લક્ષ કરવું જોઈએ એને ઠેકાણે લક્ષણ જેનું લક્ષણ નથી એને લક્ષણને જ્ઞાનની પર્યાયને ન્યાં જોડી દીધી. આહાહા ! એમ કહે છે. ભિન્નભાવમાં જેણે જોડી દીધું સ્વના લક્ષણને. સમજાણું કાંઈ ? આરે ! આવો તો ઉપદેશ તે કાંઈ હશે ? હેં ?

સવારમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નો હાલે, આવું ને આવું હાલે. આહાહા ! તે બેના લક્ષણો વિપરીત છે લક્ષણો. આહાહા ! શબ્દો ભલે થોડા પણ એના ભાવમાં શું છે ? સમજાય છે કાંઈ ? સમાહિત અંતઃકરણથી કહીશ એમ કહે છે. સમાહિત અંતઃકરણ, સમાહિત એટલે એકાગ્ર થયેલા અને અંતઃકરણ એટલે મન એકાગ્ર થયેલા મન વડે, સમ્યક્ પ્રકારે સમીક્ષા કરીને સાચી રીતે આત્માને વિવિક્ત આત્માને જાણીને આહાહા ! અનુભવીને કહીશ. આહાહા ! ભગવાને કહ્યું છે માટે કહીશ એમ નહીં. હેં ? આ એમ કહે છે જુઓ.

શ્વેતાંબરમાં તો એમ આવે છે કે सुयं मे आउसं तेण भगवया હે આયુષ્યવંત મને ભગવાને આમ કહ્યું છે ઈ હું તને કહીશ એવી શૈલી જ એમાં આવે છે. પહેલી શરૂઆત આચારાંગની તો આંહી કહે છે કે ભગવાને મને કીધું માટે કહીશ એમ નહીં. આહાહા ! મારો ભગવાન અનુભવમાં આવ્યો તેથી હું કહીશ. હેં ? આહાહા ! વાતે વાતે ફેર છે એ ફેરનો ફેર ક્યાં છે એ એણે જાણવો જોઈએ જેઠાભાઈ ! આહાહા ! આચારાંગના પહેલે શબ્દથી ઉપાડ્યું છે, પહેલો શબ્દ, 'सुयं मे आउसं तेण भगवया' એ તો રચના કલ્પિત કરી છે એ કાંઈ (આચાર્ય) ભગવાનની વાણી નથી, હેં ! પણ આ રીતે કહી છે હે જંબુ,

સુધર્મસ્વામી કહે છે ભગવાને મને આમ કહ્યું છે એ હું તને કહીશ. આંહી કહે છે હું મારા આત્માને એકાગ્ર દ્વારા મનથી જાણ્યો વિકલ્પથી રહિતથી જાણ્યો. આહાહા! એવા અનુભવને અનુભવીને કહીશ એવો અહીયાં અર્થ છે. છે ને પાઠ? 'समाहितान्तःकरणेण सम्यक् समीक्ष्य' હું કહીશ એમ. આહાહા!

હવે હું કોને માટે કહીશ એમ કહે છે. છે? કોને એવા પ્રકારના આત્મા સબંધી કહીશ? આહાહા! આવો જે આત્મા ભિન્ન લક્ષણથી જણાય એવો એટલે પોતાના જ્ઞાન દર્શનના લક્ષણથી જણાય એવો એવા અનુભવીને હું કહીશ. પણ કોને માટે? આહાહા! કેવળ સુખની સ્પૃહાવાળાઓને, જેને આત્માના અતીન્દ્રિય આનંદની સ્પૃહા છે ભાવના છે. આહાહા! છે ને? પાઠમાં છે ને જુઓને 'कैवल्यसुखस्पृहाणां' 'कैवल्यसुखस्पृहाणां' આહાહા! જેને વિષય, વિષયના સુખની જેને અભિલાષા છૂટી ગઇ છે. આહાહા! જેને ઇન્દ્રના ઇન્દ્રાસનોમાં ઇન્દ્રાણીઓ સાથે વિષયની વાસના એ પણ જેના હૃદયમાંથી છૂટી ગઇ છે. આહાહા! જુઓ આ, આવા સાંભળનારને માટે કહીશ કહે છે. સમજાણું કાંઇ?

શ્રીમદ્‌માં પણ આવે છે ને 'કામ એક આત્માર્થનું, બીજો નહીં મનરોગ' આહાહા! કહે છે કે 'कैवल्यसुखस्पृहाणां' એકલો આત્માનો આનંદ સ્વરૂપ એની જેને સ્પૃહા છે. જેને પુણ્યના ભાવ છે જેને પુણ્યના ફળમાં સ્વર્ગની ઇચ્છા છે એવાઓ માટે આ વાત નહીં કરું. આહાહા! સમજાણું કાંઇ? કોને? કેવા પ્રકારના આત્મા સબંધી હું કહીશ? કૈવલ્યસુખની સ્પૃહાવાળાને. સકળ કર્મોથી રહિત થતાં જે સુખ ઉપજે તેની સ્પૃહા એટલે પૂરણઆનંદની સ્પૃહા. આહાહા! અતીન્દ્રિય પૂરણઆનંદની જેને સ્પૃહા છે અભિલાષ છે જિજ્ઞાસા છે આવા શ્રોતાઓને માટે હું આ કહીશ. કહે છે એવા જેવા તેવા સાંભળીને બેઠા સાંભળે અને પુણ્યની ઇચ્છાવાળા છે, પુણ્યના ફળ ને ભોગવવાના ભાવવાળા એ શ્રોતા માટે આ વાણી નથી કહે છે. હેં? આહાહા!

કેવી શૈલીથી ગ્રંથકાર ભિન્ન-ભિન્ન શાસ્ત્ર રચીને ભિન્ન-ભિન્ન હેતુએ એ વાતને સિદ્ધ કરી છે, ભલે આ સમાધિતંત્ર આમ નાનો ગ્રંથ કહેવાય. સમજાણું? પણ એના ભાવો જે ભાવમાં એ તો ભગવાન પાસે ગયા હતાં એમની વાણીમાં તો ઘણી ગંભીરતા છે. સાક્ષાત્ ભગવાન મહાવિદેહમાં બિરાજે છે ત્યાં મુનિ પૂજ્યપાદ સ્વામી ગયા હતા. પહેલામાં લખાણ છે શરૂઆતમાં. એ કહે છે કે હું મારા આત્માને રાગથી ભિન્ન અને પોતાના લક્ષણથી જાણીને, અનુભવીને મારી જાતના અનુભવથી હું આ વાત કહીશ એમ કહે છે. આહાહા! સમજાણું કાંઇ? અને તે કોને માટે? આહાહા! કૈવલ્ય સુખ સ્પૃહા

આહાહા! જેને એકલા આત્માના અતીન્દ્રિય આનંદરૂપી મોક્ષ એની જેને સ્પૃહા છે. આહાહા! આવા શ્રોતાને કહીશ કે જુઓ, જેને અંદરમાં પુણ્યના ભાવની અભિલાષા એના ફળ મળે તો સ્વર્ગાદિ મળે, શેઠાઇ મળે, રાગાદિ મળે એવા સ્પૃહાવાળાને માટે આ વાત નથી. હેં! આહાહા! સમજાણું કાંઇ? આહા! ગાથા જુઓને-

श्रुतेन लिंगेन यथात्मशक्ति समाहितान्तःकरणेन सम्यक् ।

समीक्ष्य **(અનુભવીને)** कैवल्यसुखस्पृहाणां विविक्तमात्मानमथाभिधास्ये ।।३।।

આહાહા! સકળ કર્મથી રહિત એવી આત્માની પૂરણ આનંદ દશા એના જે અભિલાષી એને હું કહીશ. કૈવલ્ય વિષયોથી ઉત્પન્ન નહીં થયેલા. આહાહા! પાંચ ઇન્દ્રિયની વિષયની અભિલાષથી સુખ જે કૃત છે એ તો દુ:ખ છે. આહાહા! જેને એ વિષયની અભિલાષ છૂટી ગઇ છે. આહાહા! અને જેને અતીન્દ્રિય આનંદની દશાની સ્પૃહા જિજ્ઞાસા એની રૂચી છે એવી સ્પૃહાવાળા જીવોને. આહાહા! હું આ આત્માના અનુભવથી આત્માને કહીશ. બે બાજુના જીવનું વર્ણન કર્યું. આહાહા! કહેનારા કેવા ને સાંભળનારા કેવા ને માટે હેં? આહાહા! સાંભળનારા ઉંડે-ઉંડે એને એમ રહે કે આપણે સાંભળશું પછી એમાં પુણ્ય થાશે પછી સ્વર્ગના સુખ ભોગવશું એમ કહેતા'તા. અમારે નાગલપુરવાળા, નાગલપુર છે ને નાગલપુર. બોટાદ પાસે નાગલપુર નથી? સલોદ, સલોદ વિશાશ્રીમાળી, સલોદ સ્થાનકવાસી એમાં કેશુ એક છોકરો હતો એના બાપા આડતીયાનું કામ કરતા હેં? કેવા? એના બાપનું નામ ભૂલી ગયો, હિમો સલાદ, હેમો સલાદ, હેમો સલાદ હતાં. નેમો સલાદ ને હેમો સલાદ. નેમો સલાદ મોટા હતાં હેમો સલાદ નાના હતાં. ત્યાંતો અમારે બોટાદ પાસે ખરુંને, નજીક ત્યાં ઘણીવાર જઇએ આવીએ. એ હેમા સલાદનો દીકરો હતો કેશુ એ ત્યાં બોટાદે ગયા'તા ને ત્યારે ત્યાં શું કહેવાય ઇ મકાન મ્યુનિસીપાલીટીના મકાનમાં વ્યાખ્યાન, એમાં એ રાતે આવે ત્યાં એ રામજીભાઇ એ હતાં, કહે મહારાજ પણ આ કાંઇક પુણ્ય કરે ઓલું કરે સ્વર્ગના સુખ પહેલાં ભોગવે પછી વળી મોક્ષ જાશે. આહાહા! આ હીરજી મહારાજના ગામ કહેવાય એ બધા નાગલપુર, બોટાદ ને બધાય કલોલ ને. આહાહા! જેને કહે છે કે ઇન્દ્રિયના વિષયની અંદર પ્રેમ છે. આહાહા! એને દુ:ખનો પ્રેમ છે. આહાહા! જેને અતીન્દ્રિય સુખની સ્પૃહા છે. આહાહા! આ એની શરત. આવા શ્રોતાઓને ભિન્ન ભિન્ન ગ્રંથ છે ને ભિન્ન ભિન્ન કર્તા ને ભિન્ન ભિન્ન હેતુથી સ્પષ્ટ કર્યું છે. આહાહા!

કૈવલ્ય નામ વિષયોથી ઉત્પન્ન નહીં થયેલા એ નાસ્તિથી વાત કરી, પણ કૈવલ્ય એટલે એકલા એવા સુખની અથવા કૈવલ્ય નામ સુખની સ્પૃહાવાળાઓને હું કહીશ.

આહાહા ! જેને આત્માની અતીન્દ્રિયદશા સુખ એવી જે મોક્ષ એની જેને સ્પૃહા છે. એમ કહીને એમ કહેવા માંગે છે કે અતીન્દ્રિયસુખની અભિલાષા એ બંધથી રહિત થવા માંગે છે. સમજાણું કાંઇ ? એને બંધ થવાના ભાવનો પ્રેમ નથી. આહાહા ! એને ભગવાન આત્મા અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ અતીન્દ્રિય સુખ એની જેને સ્પૃહા છે. આહાહા ! ચાહે તો યુવાન અવસ્થાવાળા હો શરીરની અભિલાષા છે. આહાહા ! એવા જીવોને હું આત્માની શાંતિ સમાધિ જેમ પ્રગટે એમ હું કહીશ કહે છે. આહાહા !

પછી તિર્યંચ હો કે નારકી હો. આહાહા ! આંહી તો સાંભળનારા તો મનુષ્યો ને દેવ બે જ હોય, બહુ તો તિર્યંચ હોય ત્યાં સમજાણું ? પણ સાંભળનારામાં શરતું આ. આહાહા ! જેને એકલા અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આત્મા છે એને અતીન્દ્રિય આનંદ પ્રગટ કરવાની જેને અભિલાષા છે. સમજાણું કાંઇ ? જેના વિષયના સુખોને પુણ્યના ફળનું લક્ષ જેના છૂટી ગ્યાં છે. આહાહા ! આતે કાંઇ.

પૂજ્યપાદસ્વામી દિગંબર સંત છે. આહાહા ! જેના પગ ઇન્દ્રો પૂજતાં દેવો અને જેના પગમાં લબ્ધિ એવી હતી કે અમુક કાંઇક ચોપડે તો હાલવા માંડે. એવો એક ચમત્કાર અંદર બહારથી પણ પ્રગટેલા પણ એ ચમત્કારની અભિલાષાવાળા જીવોની આ વાત નથી કહે છે. આહાહા !

આત્માનો અનંતઆનંદ, અતીન્દ્રિયઆનંદ જેને પૂરણ પ્રગટેલો છે તેવા પૂરણની જેને અભિલાષા છે. આહાહા ! કહો ચંદુભાઇ ! આ શરત મૂકી સાંભળનારાઓ એ આવું હોય તો તે આ અમારી વાત સાંભળી શકશે, બીજાને ગોઠશે નહીં. બીજાને પુણ્ય ખરાબ પુણ્ય ઝેર અને એના ફળ ભોગ પણ ઝેર એ નહીં ગોઠે એને. અતીન્દ્રિય સુખના અભિલાષ વિનાં. સમજાણું કાંઇ ? એને એમ કહે કે વ્રતને, તપને, ભક્તિનો ભાવ ઝેર છે એનાથી બંધાય કરમ એ ઝેરના ઝાડ છે અને એનાથી ફળ એ ઝેરના ફળ છે. આહાહા ! પોપટભાઇ ! બીજા તરફની મીઠાશ ઉડાડી દે તો કામ આવે એમ કહે છે.

**ભાવાર્થ** : શ્રી પૂજ્યપાદસ્વામી પ્રતિજ્ઞારૂપે કહે છે હું શ્રુત વડે, અનુમાન વડે પાઠ છે ને ઇ ? 'श्रुतेन लिंगेन' અને ચિત્તની એકાગ્રતા વડે 'अन्तःकरणेन' એમ, 'समाहित अन्तःकरणेन' છે ને ? શુદ્ધાત્માને યથાર્થ જાણીને, તેનો અનુભવ કરીને, દિલમાં અતીન્દ્રિય સુખની ભાવનાવાળા ભવ્ય જીવોને મારી શક્તિ અનુસાર શુદ્ધ આત્માનું સ્વરૂપ કહીશ.

વિશેષ કહેશે.

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૭

## શ્લોક – 3

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૧૭.૧૨.૭૪**

**ननु निष्कलेतररुपमात्मानं नत्वा भवान् किं करिष्यतीत्याह -**

**श्रुतेन लिंगेन यथात्मशक्ति समाहितान्तःकरणेन सम्यक् ।**
**समीक्ष्य कैवल्यसुखस्पृहाणां विविक्तमात्मानमथाभिधास्ये ।। ३ ।।**

આગમથી ને લિંગથી[1], આત્મશક્તિ અનુરૂપ,
હૃદય તણા ઐકાગ્રયથી સમ્યક્ વેદી સ્વરૂપ,
મુક્તિસુખ - અભિલાષીને કહીશ આતમરૂપ,
પરથી, કર્મકલંકથી, જેહ વિવિક્ત[2] સ્વરૂપ ।। ૩ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

---

૧. લિંગ – અનુમાન અને હેતુ,
૨. વિવિક્ત – ભિન્ન

**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....**

આ સમાધિતંત્ર ચોથી ગાથા, ત્રીજી ગાથા ચાલે છે ને? ત્રીજીનો ભાવાર્થ, આગમમાં આત્માનું સ્વરૂપ. છે ને?

## વિશેષ

હું એક, શુધ્ધ, સદા અરૂપી, જ્ઞાન દર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણુ માત્ર નથી અરે!

આ આડત્રીસમી ગાથા જીવ અધિકારની સમયસારની એટલે ત્યાં તો પૂરણ સ્વરૂપ, દર્શન-જ્ઞાનને ચારિત્રને પામેલ જીવનું સ્વરૂપ કહ્યું. એ પરિણમેલો જીવ કેવો હોય છે? એ ધર્મ એટલે દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ રીતે થયેલો પરિણમેલો વાસ્તવિક જીવનો મોક્ષ મારગ જેને પરિણમ્યો છે એ જીવ કેવી રીતે અનુભવે છે ને માને છે એમ કહે છે. દર્શન, જ્ઞાન ચારિત્રરૂપ પરિણમેલો આત્મા. એમ કીધું છે ને? આત્મા શુધ્ધ દર્શન જ્ઞાન આનંદમય છે, પણ એનું સ્વભાવની સન્મુખ થઈને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે થવું એનું નામ મોક્ષનો મારગ છે. આ નિશ્ચય દર્શન, જ્ઞાન, ને ચારિત્રની વાત છે, વહેવાર દર્શન, જ્ઞાન, ચારિત્ર તો ઉપચાર કહેવા માત્ર છે. એ કાંઈ વસ્તુ નથી. આહા! એમ કહે છે. ચૈતન્ય સ્વભાવ હું આત્મા, પૂરણ દ્રવ્ય સ્વભાવની પ્રતીતરૂપે પરિણમેલો એ રૂપે થયેલો પૂરણ સ્વરૂપના જ્ઞાનને જ્ઞેય બનાવીને જ્ઞાનરૂપે પર્યાયમાં, સ્વસંવેદન જ્ઞાન રૂપે થયેલો અને ચારિત્રરૂપે પરિણમેલો.

પરિણમનની વાત લેવી છે ને અહીંતો? સ્વરૂપ શુધ્ધ ચૈતન્ય આનંદ એની દ્રષ્ટિ એ નિર્વિકલ્પ અનુભવ અને નિર્વિકલ્પ સ્વસંવેદન અને તે ઉપરાંત સ્વરૂપની રમણતા, અતીન્દ્રિય આનંદની ઉગ્રતા એનું પરિણમન થવું, એનું નામ ચારિત્ર છે. આહાહા! સમજાય છે કાંઈ? બાહ્ય નગ્નપણું કે અંતર પંચમહાવ્રતના વિકલ્પ ભાવ એ કાંઈ ચારિત્ર નથી, એ કાંઈ મોક્ષનો મારગ નથી. આહાહા! આહીં તો જીવની ૩૮ ગાથા પૂરી થતાંનું વર્ણન છે ને? આહાહા! પરિણમેલ છે એ આત્માને સમજાવ્યો એમ આવે છે ને ટીકામાં તો ઘણું, એને જાણ્યો એને માણ્યો, સ્વરૂપની રમણતામાં એનું નામ મોક્ષનો મારગ છે. એ

જીવનો સ્વભાવ, અંતર જે શ્રધ્ધા, જ્ઞાન ને ચારિત્રરૂપ સ્વભાવ છે ત્રિકાળ એનું અહીં વર્તમાનદશામાં એ સ્વભાવ સન્મુખ થઈને જે પરિણમન સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ પરિણમન છે, સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ–શાસ્ત્રની શ્રધ્ધા કે નવ તત્વની શ્રધ્ધા એ સમકિત નથી. સમજાણું કાંઈ?

પૂરણ આનંદ સ્વરૂપ પ્રભુ, જેવો સર્વજ્ઞ પરમેશ્વરે ભગવાને આ સ્વરૂપને વસ્તુ તરીકે જે જોઈ છે તેવી જ જે અંદરમાં જોતાં આવડે. આહાહા! એને તરફનું પ્રતીત કરતાં રાગના મિશ્રિત વિચારને છોડી દઈ. આહાહા! શુધ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ એની સમ્યગ્જ્ઞાનમાં, ભાનમાં પ્રતીતિ થવી, એવું પરિણમન થવું. ૧૫૫ને નહિં? શ્લોક, પુણ્યપાપમાં 'जीवादिश्रद्धानं' હેં? ૧૫૫. એક પ્રશ્ન થયેલો ત્યાં દિલ્હી, આ વિદ્યાનંદજી એ પ્રશ્ન કરેલો કે આ 'जीवादिश्रद्धानं' ઈ શું છે? હેં! કીધું એમાં જુઓ કે શું છે ઈ? 'जीवादिश्रद्धानं' એવું આત્માના જ્ઞાનનું પરિણમન થવું, એમ નહીં કે આત્મા છે ને એને અમે માન્યો વિકલ્પથી અને આ જીવ છે અને આ અજીવ છે, આ પુણ્ય-પાપ છે એમ એની શ્રધ્ધા કરવી વિકલ્પથી એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? એ દર્શન-જ્ઞાન–ચારિત્રરૂપ પરિણમેલો ત્યાં પણ એમ કીધું છે.

જ્ઞાનરૂપે શ્રધ્ધામાં પરિણમવું આત્મારૂપે પરિણમવું આમ નિર્વિકલ્પ શ્રધ્ધા. શુધ્ધ ચૈતન્ય પૂરણ સ્વરૂપ, એનું જે અસ્તિત્વ છે હૈયાતી એ હૈયાતીનો સ્વસન્મુખ થઈને સ્વીકાર સમ્યગ્દર્શનની પર્યાય દ્વારા થવો. આહાહા! અને સમ્યગ્જ્ઞાનદ્વારા તે પૂરણ સ્વરૂપ જ્ઞેય થઈને જ્ઞાનમાં આત્માનું તે રૂપે જ્ઞાનરૂપે પરિણમન થવું. આહાહા! એનું નામ જ્ઞાન. અને તે આત્મા પોતાના સ્વરૂપમાં રમણતારૂપે પરિણમન થવું, આનંદની દશાનું પરિણમન અવસ્થાનું થવું એ ચારિત્ર છે. આહાહા! કો મહેન્દ્રભાઈ આવી વાત છે. આહાહા! અરે, એને આ ચીજ આવી છે એ એના તરફ એણે જોયું નહીં. જ્યાં જોવાનું માનવાનું જ્યાં છે તેને જોયું ને માન્યું નહિં. આહાહા! અને પરને આમ જોઈને એને માન્યું કે આ આત્મા છે, આ ફલાણું છે. એ વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

દર્શન-જ્ઞાન ને ચારિત્રથી પરિણમેલી પર્યાયવાળો એમ કહે છે. દ્રવ્ય–ગુણ તો ધ્રુવ શુદ્ધ છે. આહાહા! એ તો ત્યાં સુધી તો એ મિથ્યાદ્રષ્ટિ હતો, ચાહે તે વ્રત પાળતો હોય, ભક્તિ કરતો હોય, પૂજા કરતો હોય. સમજાય છે? પણ એ એને રાગની ક્રિયાની સન્મુખતા દ્રષ્ટિ છે એટલે એનો સ્વીકાર છે, પણ રાગરહિત પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એટલે કે સ્વસન્મુખ થતાં એ પૂરણ ચીજ જ દ્રષ્ટિમાં આવે, આમ વળ્યો ને આમ વળ્યો છે એમ

રાગ ને અલ્પજ્ઞ પર્યાય તેનાં દ્રષ્ટિમાં હોય છે. આહાહા! બહુ ઝીણી વાતો બાપુ, મારગ એવો છે. લોકોને એમ માને કે આ તો નિશ્ચયની નિશ્ચયની બાપુ! નિશ્ચય એ સત્ય છે. હેં? આહાહા! વહેવાર એક બીજા દ્રવ્યની, એક બીજા કારણ - કાર્યની ભાવની આવે છે ને? વાત કરે, પણ એમ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. આહાહા! સમજાણું કાંઈ?

ચૈતન્ય સ્વભાવ શુધ્ધ પૂરણ એની સન્મુખ થતાં એનું પરિણમન થાય છે, એમ કહે છે. એની પર્યાયમાં સમ્યગ્દર્શનનું પરિણમન, સમ્યગ્જ્ઞાનની સ્થિતિ થવી અને સ્વરૂપમાં આનંદની લીનતાની દશા થવી, એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન–ચારિત્ર છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ? અત્યારે તો આ ગુજરાતી પુસ્તક છે ને? એમાંથી હિંદી, મુશ્કેલ પડે એવું છે. હિંદી થાય એવું નથી એમાં ઓલું હિંદી સવારમાં હોય હિંદી. આ તો ગુજરાતી, આ નવું થયું નહીંતર એમાંથી હિંદી થયું નથી, ગુજરાતીવાળાને તો હિંદીમાંથી ગુજરાતી કરવું પડે છે. એ મહેન્દ્રભાઈ! હવે આ હિંદીવાળાને ગુજરાતી માંથી હિંદી કરવું હોય તો કરે. આ તો હજી પહેલું વહેલું થ્યું છે ને? આહાહા!

સમ્યગ્દર્શન અંતર અનુભવ, આ જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જ્ઞાતા દ્રષ્ટિમાં આવીને જેની દ્રષ્ટિનું પરિણમન દશામાં થવું પ્રતીતરૂપ પરિણમન થવું, જ્ઞાનનું જ્ઞાનરૂપે, સ્વને પૂરણને જ્ઞેય બનાવી, એને જ્ઞેય બનાવ્યો એટલે પરિણમન જ જ્ઞાનનું થયું એમ કહે છે. હેં? આહાહા! વાત આકરી બાપુ! વીતરાગ મારગ સર્વજ્ઞનો એવો મારગ છે કે, લોકોને આ એવું લાગે કે આ તો એકાંત એકાંત નિશ્ચય નિશ્ચય છે. પ્રભુ! પણ મારગ જ આ એકાંત છે. આવું એકાંત જ્ઞાન થાય, એકાંત દર્શન થાય સ્વને આશ્રયે, ત્યારે પછી એમાં જે કાંઈ રાગ બાકી રહે એને જાણવાનું જ્ઞાન અનેકાંતનું ત્યારે સાચું થાય. આહાહા! સમજાણું કાંઈ? એવાં પરિણમેલો આત્મા જાણે છે કે, એમ કીધું છે ને? હેં? એમને એમ જાણે છે, હેં? એમ નથી. આહાહા! આપણાં અર્થમાં એમ કર્યુ ભાઈ, ઓલા મૂળમાં, મૂળમાં આ અર્થ છે. આહાહા! એ જોયું ને? હેં? શબ્દે-શબ્દ છે, શબ્દે-શબ્દ લીધા. પરિણમેલો આત્મા, એમાં એમ છે, પહેલી લીટીમાં જોયું કે આ પરિણમેલો આમાં લખ્યું છે. મૂળ સ્થિતિ છે એવી. આહહા!

જેવું દયા-દાન–વ્રત ભક્તિ, પુણ્ય-પાપના ભાવ, એ મારા છે એ હું છું એવું મિથ્યાત્વનું પરિણમન એવી મિથ્યાશ્રધ્ધાની દશા થવી, એનું નામ મિથ્યાદર્શન કહેવાય. આહાહા! સમજાણું કાંઈ? અરેરે! આવી જીંદગી મળે અને એનું આહાહા! એને તો જોયો નહિં માન્યો નહિં ઠર્યો નહિં. આહાહા! સમજાણું કાંઈ? આમ દેવ-ગુરુ–શાસ્ત્રની ભક્તિ

કરો યંત્ર કરો હવે યંત્ર બહુ આવ્યા છે, ઓહોહો ! શબ્દકોષમાં એટલાં યંત્રો આવ્યાં છે કે, આણે આવો અભ્યાસ કર્યો છે, ઓહોહો ! નથી અહિંયા આજ, નથી ? આ જ આવ્યા'તા કેટલાં બતાવ્યું'તું નહિં ? ઓહોહો ! યંત્રો, કોકે બનાવ્યા'તા એમાં ચક્રોને, એનાં નામને માથે ઓહોહો ! એ કેટલાય યંત્રો પાછા એમ, પાનાના પાના ભર્યા. ઓહોહો ! આવું પરને માટે યાદ કરીને અક્ષરોમાં આને ગોઠવવું કે આ અક્ષર આંહી છે ને આ અક્ષર આહીં છે. બહુ ઝીણું આહાહા ! આ મહેનત વિનાની ચીજ છે બહારનાં (**શ્રોતા :** અંતરમાં) આમાં કાંઈ બહારનું બહુ જાણપણું હોય તો જ આ થાય, એવું કાંઈ છે નહીં. આહાહા ! એ પરમાત્મા પોતે અંદર શુધ્ધ ચૈતન્ય ઘન એવું એનું પૂરણરૂપ જ છે, દ્રવ્ય ને ગુણને એની પ્રતીતિનું પરિણમવું, જ્ઞાનનું પરિણમવું અને સ્થિરતાનું થવું, આવો આત્મા પરિણમેલો આત્મા જાણે છે કે એમ નિશ્ચયથી હું એક છું, ખરેખર તો હું આવો આત્મા પરિણમેલો આત્મા જાણે છે કે એમ નિશ્ચયથી હું એક છું, ખરેખર તો હું એક છું. આહાહા !

આ સમયગ્દર્શનમાં, વિષયમાં આ આત્મા પરિણમેલો એમ જાણે છે. આહાહા ! માણસો મધ્યસ્થથી, શાંતિથી, વિવેકથી જોતાં નથી, સાંભળતા નથી, વિચારતા નથી એટલે આવી વાતને એકાંત, એકાંત કરી ઉડાડી દીધી. અરે ભગવાન ! ભાઈ, એમાં તું ઉડી જાય છે, ભાઈ કોને ઉડાડે છે ? સમજાણું કાંઈ ? જેના પરલક્ષી જ્ઞાનમાં હજી આવી ખબરું નથી, હેં ! કે ભગવાન આત્મા અંદરમાં પૂર્ણાનંદના નાથને જ્યાં સ્મરવામાં જાય છે, ત્યારે તેનું જ્ઞાનનું જ્ઞાનરૂપે પરિણમન, સમકિતરૂપે પરિણમન ને શાંતિ, આનંદ આનંદ આનંદ આનંદરૂપે થાય છે, એવો પરિણમેલો આત્મા, પોતાને એમ જાણે છે કે, જીવ તત્વનું છેલ્લું છે ને ઈ ગાથા. આહાહા ! હેં ? જીવની છેલ્લી ગાથા છેલ્લી. આહાહા ! આ સમયસાર ને આ વસ્તુ ભરતક્ષેત્રમાં કેવળીની વાણી રહી ગઈ છે ! આહાહા !

કેવળીએ કહેલા તત્ત્વો સમયસાર દ્વારા પ્રસિધ્ધ કર્યા છે. આહાહા ! કહે છે કે તું એ સમયસારશાસ્ત્ર દ્વારા પ્રસિધ્ધ થાય એવો તું નથી. આહાહા ! સુજાનમલજી ! આહાહા ! તું તો ત્રણલોકનોનાથ અંદર બિરાજે છે, પ્રભુ ! આનંદનો સાગર છો. એ આનંદનાસાગરને સ્વીકારવામાં જ તારું પરિણમન છે. કહે છે. આહાહા ! એવો પરિણમેલો આત્મા પોતાને કેવો જાણે છે એમ કહે છે. આહાહા ! કે નિશ્ચયથી હું એક છું આહાહા ! છે ને ? હું એક શુધ્ધ છું. ખરેખર વસ્તુ તો હું એકરૂપે જ છું. એક છું, ગુણ-ગુણીનાં ભેદ પણ જેમાં નથી. આહાહા ! રાગ અને પુણ્યનાં પરિણામ પણ, હું જે છું આત્મા એ પરિણમેલો હું આત્માને આવો જાણું છું. આહાહા ! સમજાણું કાંઈ ?

આની ટીકા તો લાંબી છે ને એમાં મોટી, એમાં ટૂંકા આટલાં શબ્દમાંથી કાઢીને. આહાહા! ખરેખર, આહા! ખરે છે ને શબ્દ, હું એક, શુધ્ધ, સદા અરૂપી જ્ઞાન, દર્શનમય ખરે, ખરે શબ્દ છે. આહાહા! પણ એ આત્મા હું નહીં. આહાહા! સમજાણું કાંઈ? હું તો મારા સમ્યગ્દર્શન-જ્ઞાન–ચારિત્રથી પરિણમેલો એવો તે હું એક છું. આમ ત્રણપણે પરિણમ્યો છું, આહા! છતાં તેને એ દ્વારા મેં એક છું એમ મેં નક્કી (કર્યુ) જાણ્યું છે. આહાહા! સમજાણું કાંઈ? અરે, આવી વાણી ક્યાં છે? બાપુ, ભાઈ! કુંદકુંદ આચાર્ય સાક્ષાત્ ભગવાન પાસે. આહાહા! છે ને સામે? છે ને સમોવસરણમાં બિરાજમાન. આ છે દેખાય છે એમ આ દેખાય છે ને સામે. ન્યાં ક્યાં? આંઈ દેખાય છે ને. કુંદકુંદ આચાર્ય દેખાય છે. થાંભલાની આડમાંથી આમ દેખાય છે. થાંભલો આડો નથી આવતો એમાં, ઓલી કોર દેખાય છે.

સાક્ષાત્ દિગંબરસંત જેને આત્મદર્શન, જ્ઞાન, ચારિત્ર સાચા પરિણમેલા ભાવલિંગ મુનિ છે, સંત છે આહાહા! 'નમો લોએ સવ્વ આયરિયાણં' એમાં એ ભળી ગયેલા છે, એ સમોવસરણમાં ઉભા છે. સમજાણું કાંઈ? આહાહા! એ એમ કહે છે કે 'હું' એટલે કોણ? 'હું' એટલે કોણ? 'હું' દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી નિર્મળાનંદની પર્યાયપણે પરિણમેલો એ 'હું' મારા આત્માને કેવો જાણું છું? આવા પરિણમેલો કેવો જાણું છું? આહાહા! કે 'હું' એક છું આહાહા! ત્રણપણે પરિણમેલી ચીજ છતાં 'હું' આ દ્વારા તો એમ લેવું કે એક છું. ક્યાં ગ્યા તારા ડોહા? ત્યાં બેઠા છે ઈ. કહો, સમજાણું કાંઈ? 'શુદ્ધ' છું. 'હું શુદ્ધ' છું. આહાહા! અશુદ્ધિ હું નહિં, એમ ન કહેતાં અસ્તિથી આમ લીધું છે, હેં? પછી કહેશે નાસ્તિથી આહાહા! ખરેખર 'હું' એક છું, શુદ્ધ છું. ઓલી ટીકા ટીકા કરી છે મારા ક્યાં? દ્રવ્યાનુયોગના અભ્યાસી સમ્યગ્ એમ કહે છે કે અમે તો શુદ્ધ છીએ, શુદ્ધ છીએ. અરે, ભગવાન સાંભળને ભાઈ! આહાહા! અશુધ્ધતા છે એનું જ્ઞાન કરે છે પણ એ જ્ઞાન અને દર્શન એમ માને છે કે હું તો શુદ્ધ છું. સમજાણું કાંઈ? પર્યાયમાં અશુદ્ધતા છે આ વિકલ્પ લખે ત્યારે નથી? તો એ તો જ્ઞાન એને જાણે છે.વહેવારનયનું જ્ઞાન! આહીં તો નિશ્ચય નું જ્ઞાન અને નિશ્ચયની શ્રદ્ધા અને નિશ્ચયનું અંદર ચારિત્રની પરિણતી દશા, ભાઈ! આહાહા!

'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે' આવે છે ને? 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો'. આહાહા! મહેન્દ્રભાઈ, શેમાં આવે છે? શ્રીમદ્‌માં? તમારાં બાપને બહુ પ્રેમ છે એનો, ડોહાને તો, શેઠીયા, શેઠીને બહુ અપૂર્વ અવસરનો પ્રેમ. આહાહા!

'દર્શન મોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે', અપેક્ષાથી વાત કરી છે, હેં? નહીંતર આહીં તો સમ્યગ્દર્શનની પર્યાય પોતાના કારણે થઈ છે અને સ્વનો આશ્રય કહેવો એ પણ આ કથનોને નિશ્ચયમાં જો નહિં સમજે ગોઠવે તો તો મુશ્કેલી પડી જશે. સમજાણું કાંઈ? કહે છે, હું શુદ્ધ છું, દર્શન-જ્ઞાનમય છું, અપૂર્ણ છું એમેય નહી. હું આત્મા વસ્તુ એ તો દર્શન-જ્ઞાનમય, દર્શન–જ્ઞાનવાળોય નહીં હેં? તો તો ભેદ પડે છે. આહાહા! હું આ દર્શન દેખવું એવો સ્વભાવ, જ્ઞાન એવો સ્વભાવ, સ્વભાવ તે હું દર્શન-જ્ઞાનમય છું, હું આત્મા એટલે પરિણમેલો આત્મા એમ આત્માને જાણે છે કે આહાહા! આત્મારૂપે થયેલો આત્મા એમ જાણે છે કે આહાહા! શુધ્ધ છું. દર્શન-જ્ઞાનમય છું. પછી અનંત ગુણ છે ઈ ક્યાં ગ્યા? ઈ દર્શન-જ્ઞાનની મુખ્યતામાં બધા ગ્યાં! કારણ કે દેખવું-જાણવું એ જ એનો ઉપયોગ ઈ જ એનું ખરૂં સ્વરૂપ છે. ઉપયોગ તે આત્મા એમ કહ્યું છે ને? દર્શન-જ્ઞાનમય, उपयोगलक्षण जीवो: આતે હૈ?

**શ્રોતા :** उपयोग लक्षणं?

**પૂ. ગુરુદેવ :** હાં તે એનો અર્થ શું થ્યો? હું આ દર્શન જ્ઞાનરૂપ ઉપયોગ છે તે, તે હું છું. સમજાણું કાંઈ?

દર્શન-જ્ઞાનમાં બધા ગુણો અવિનાભાવી તરીકે છે અને દર્શન-જ્ઞાનને દેખે-જાણે છે, તો એ દર્શન જ્ઞાનમય હું છું, એ બધા ગુણોને દેખનાર જ્ઞાન એવું જે સમ્યગ્જ્ઞાનમય હું છું. શાંતિભાઈ. આહાહા! સમજાય છે કાંઈ?

સદા અરૂપી છું. લે! ભઈ આ કર્મના સંબંધે રૂપી પણ કહ્યો છે ને? હું કર્મના સંબંધમાં છું જ નહિં. મારો જે જ્ઞાયકભાવ ત્રિકાળ દર્શનજ્ઞાનમય, એને ને કર્મને નિમિત્ત - નિમિત્ત સંબંધ જ નથી. આહાહા! સમજાય છે કાંઈ? ઝીણી વાત બાપુ! ભગવાન વીતરાગનો આત્મા એટલે કે વીતરાગે કહેલો આત્મા એનું જ્ઞાન અને દર્શન થયે ઈ આત્મા શું જાણે એને. આહાહા! સમજાણું કાંઈ? ઈ એમ કહે છે કે શાસ્ત્રથી હું આવું જાણું છું એમ નહીં, હું તો મારા દર્શન જ્ઞાનચારિત્રની પર્યાયે પરિણમેલો આત્મા એમ મને હું જાણું છું. આહાહા! સદા અરૂપી, સદા એટલે ત્રિકાળ અરૂપી એમ જોડે કરમનો સંબંધ હતો માટે એને રૂપી કહેવામાં આવ્યો છે. આહાહા! એ તો વહેવારનું જ્ઞાન કરાવવા, પણ હું તો ત્રિકાળ અરૂપી!

મારા સ્વરૂપમાં વર્ણ, ગંધ, રસ, ને સ્પર્શ છે જ નહીં. આહાહા! એ પછી કહેશે, કાંઈ અન્ય તે મારું નથી. આ તો છે તરીકે લ્યે છે ને હજી તો. હેં? આહાહા! સદા

અરૂપી, એમ છે ને અર્થ? હું એક શુદ્ધ સદા અરૂપી એમાં પહેલાં દર્શન-જ્ઞાનમય લઈ લીધો, હવે કહે છે, કંઈ અન્ય તે મારુ નથી. હવે નાસ્તિથી વાત કરે છે. આહાહા! એ ગુણ-ગુણીના ભેદનો જે વિકલ્પ ઉઠે એ પણ જરીયે મારો નહીં. આહાહા! હું તો જ્ઞાન દર્શનથી ભરેલો પ્રભુ! અન્ય તે મારું કાંઈ નહીં જરીયે નહીં. છે? કાંઈ પણ અન્ય પરદ્રવ્ય પરમાણુમાત્રપણ મારૂં નથી. આહાહા! આ વળી પૈસાવાળો છું, પત્નીનો પતિ છું, ને નરનો નૃપતિ છું, ને નૃપતિ - રાજા આહાહા! કહે છે હું આ સંસ્થાનો પ્રમુખ છું, લ્યો ભઈ, એવું કાંઈ છે નહીં કહે છે. આહાહા! પ્રભુ આત્મા આનંદનો નાથ અંદર જ્ઞાન સાગરથી ભરેલો આહાહા! મારામાં અન્ય રાગનો વિકલ્પ કે અન્યની પદવી એ કોઈ ચીજ મારામાં નથી. આહાહા! હું શિષ્યનો ગુરુ, આહાહા! અન્ય કાંઈપણ અંતર એ તો થઈ ગયું શિષ્ય પણ મારો નથી. આહાહા! આ સંપ્રદાય મારો છે, આ સંઘ મારો છે. આહાહા!

ભગવાન આત્મા, પોતાનું પવિત્ર સ્વરૂપને દ્રષ્ટિ જ્ઞાનમાં પરિણમીને આહાહા! અને આહીં તો ચારિત્રને પરિણમીને, પૂરણ અધિકાર લેવો છે ને? ઈ એમ કહે છે એમ જાણે છે કહેવું છે ક્યાં? આહાહા! કે હું કાંઈ પણ અન્ય પરદ્રવ્ય એ રાગનો કણ જે વહેવાર રત્નત્રયનો. આહાહા! દેવ-ગુરુ–શાસ્ત્રની શ્રધ્ધાનો જે વિકલ્પ, એ અન્ય પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારું નથી. સમજાય છે કાંઈ? આવો ધરમનો ઉપદેશ ભારે આવી વાત વ્રત એવું પાળે, આમ વ્રત પાળો, જાત્રા માનો શું કહેવાય આપણું આ સમ્મેદશિખર જાત્રા કરો, પાલીતાણાની જાત્રા કરો ગીરનારની કરો તીર્થોમાં જાઓ, અરે એ બધી વાતો વિકલ્પની છે બાપુ! એ વિકલ્પ ઉઠે છે, ઈ કહે છે કે હું નથી, એમ કહે છે આહીં તો. આહાહા! આવો આત્મા જાણ્યો એને પરિણમેલો એણે આવો આત્માને જાણ્યો છે. આહાહા! કાંઈપણ એમ શબ્દ છે ને? અન્ય કાંઈ અન્ય એમ શબ્દ છે ને પાઠ. કાંઈ અન્ય કાંઈપણ અન્ય એમ. જેટલું મારા સ્વભાવથી વિરુદ્ધ કહેવાય એ બધું અન્ય છે. આહાહા! કાંઈપણ અન્ય હું આ રીતે છું તો આ રીતે હું આ રીતે પણ નથી. કાંઈપણ અન્ય પરદ્રવ્ય એટલે રજકણ ને રાગ, એક રાગનો કણ માત્ર અરે! જેનાથી તીર્થંકર ગોત્ર બંધાય એવો ભાવ પણ મારામાં નથી. આહાહા! એય... આહાહા!

કાંઈપણ અન્ય, કાંઈપણ અન્ય, અરે ગુણ-ગુણીનો ભેદ પડે છે તે પણ અન્ય છે. આહાહા! હું એક રૂપમાં આવું અન્યપણું કાંઈ મારામાં નથી. સમજાણું કાંઈ? આ ધર્મીની દ્રષ્ટિ ધર્મો ઉપર (પડતા) થતાં, એ ધર્મી આમ અનુભવે ને જાણે છે. આહાહા! સમજાણું કાંઈ? અન્ય પરદ્રવ્ય પરમાણુ માત્ર એક રજકણ પણ પોઈન્ટ, આહાહા! આ

અનંતા રજકણો આ કર્મ અનુસાર રજકણો વાણી અનુસાર રજકણો તેજસ એનો છેલ્લામાં છેલ્લો એક રજકણ અને રાગનો પણ નાનામાં નાનો એક કણ આહાહા! એ પણ આ અનેકાંત આવ્યું છે, ભાઈ તરફથી ચોપડી હુક્મીચંદજી જયપૂરથી આવ્યું છે, એ અનેકાંતની ચોપડી આવી છે. પૂજાની બે આવી છે. એ તો આપણને અહિં વંચાવી ગ્યાં છે ને? વંચાવી ગ્યાં છે, એ છપાઈ ગઇ છે. ઓલો હાથીનો દાખલો આપ્યો છે, એકે પૂંછડું પકડયું ને, એકે દાંત પકડયો નહીં, ને એક માણસ છેટો આમ જુએ છે આખાને. એ ફોટો આપ્યો છે મથાળે, આજ આવ્યા છે ચોપડીઓ લઈ. ૨૦૦૦ ચોપડીઓ છે. અન્ય પરદ્રવ્ય પરમાણુ માત્ર પણ મારું નથી, એ નિશ્ચય છે. જો આમાં લખ્યું છે. ક્યાંથી એ શ્રી સમયસાર ગુજરાતી આવૃત્તિ ગાથા ૩૮.

હવે યુક્તિ, શરીર અને આત્મા એક બીજાથી ભિન્ન છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપી અને આ શરીર જડરૂપી તદ્દન જુદી ચીજ છે. વહેવારનયથી એમ કહે કે આત્મા ને શરીર એક છે એમ આવે છે ને? હેં? જુઠ્ઠી નયનું કથન છે. આહાહા! જુઠ્ઠા બોલા જુઠ્ઠાનું સચ કરવા માટે કઈંક પ્રપંચ કરવા પડે છે, એમ શરીર ને આત્માને એક માનવા માટે વહેવારને કાંઈક કલ્પનાઓ કરવી પડે કે અમારે એનો સંબંધ છે કે નહીં, નિમિત્ત-નૈમિતિક સંબંધ છે કે નહિં, ફલાણું છે કે નહિં, સમજાણું કાંઈ? ઈ તો પંચાધ્યાયમાં નથી કહ્યું, જ્યાં નિમિત્ત નિમિત્ત એટલે શું પણ? શરીર શરીરને કારણે પરિણમે તું તારે કાળે પરિણમે એમાં નિમિત્ત તને કરે શું? ભાઈ એ લખ્યું છે, મખ્ખનલાલજીએ અર્થ કર્યો છે. પણ પાછાં માળા અર્થ, અરે ભાઈ, આ કોઈ પક્ષની ચીજ નથી, આ તો વસ્તુની સત્તાની મર્યાદાની ચીજ છે. આહાહા! એની મર્યાદામાં જતાં કે હું તો આવો એક, શુદ્ધ, સદા અરૂપી, દર્શન-જ્ઞાનમય, અભેદ અને એનાથી ભિન્ન રજકણ ને રાગનો અંશ પણ મારામાં નથી. આ વહેવાર રત્નત્રયનો રાગ એ મારામાં નથી એમ કહે છે. એઈ! આહાહા!

શરીરને આત્મા એક બીજાથી ભિન્ન છે. ઈ પ્રશ્ન કર્યો'તો ભાઈએ નહીં ત્યાં આમાં તે દિ પંચાણુની સાલમાં. સાગરમલજી કીધું, દ્રવ્યજોગ ને ભાવજોગ શું છે? પંચાણુમાં. પાલીતાણા ગ્યા ને ત્યારે હતા ને તમે? ત્યારે કહે દ્રવ્યજોગ ને ભાવજોગ અત્યારે જુદા નથી. અરે ભગવાન! સમજાણું કાંઈ? દ્રવ્યજોગ તો એ કંપન સમૂહ આદિ પ્રદેશનું, ભાવજોગ તો કર્મ ગ્રહણ થવાની શક્તિરૂપ જે કંપ ભાવ, એ ભાવ ને ઉદય ભિન્ન છે આત્મા, મારામાં ઈ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? એ કંપન અને કર્મગ્રહણના નિમિત્તરૂપ ભાવરૂપ શક્તિ એ મારામાં નથી. આહાહા! ક્યારે? અત્યારે. આહાહા! અરે!

આ વાતને બેસાડવી અંદર બાપુ! એ ભાવને અંદરમાં ગોઠવવા, ગોપવવા અલૌકિક વાતો છે બાપુ! એ કાંઈ અપવાસ નથી કે આ કરી નાંખ્યા, આઠ અપવાસ શરીરનું બળ આઠ અપવાસ ને પંદર અપવાસ કરી નાંખ્યા થઈ ગઈ તપસ્યા! ધૂળેય નથી તપસ્યા. આહાહા!

ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં 'ઉપ' નામ સમીપમાં જતાં વસ્તુ છે તેની સમીપમાં જતાં વસ એમાં એને ઉપવાસ કહેવામાં આવે છે. આહાહા! બાકી એનું સમીપપણું છોડીને, આ બધાં અપવાસ આદિ થાય એ બધું લાંઘણીયું. સમજાણું કાંઈ? શું કીધું? ત્રાગા! એ નવરંગભાઈ, આવી વાત છે! ભાઈ વસ્તુ આવી છે. આહાહા! કહે છે બંન્નેના લક્ષણ ભિન્ન-ભિન્ન છે. ભગવાન આત્માનું લક્ષણ જ્ઞાન, દર્શન, શરીરનું લક્ષણ જડ, અચેતન આહાહા! અરે રાગનું લક્ષણ પણ અચેતન છે. ભગવાન આત્માનું લક્ષણ તો જ્ઞાન-દર્શન છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાન-દર્શન લક્ષણવાળો છે અને શરીર આદિ તેનાથી વિરુધ્ધ લક્ષણવાળા છે, અર્થાત્ અચેતન જડ છે. આહાહા!

જેમનાં લક્ષણ ભિન્ન ભિન્ન હોય છે, જેમનાં લક્ષણ, જાણવા યોગ્ય ચિન્હો જુદા હોય છે, તે બધા એક બીજાથી ભિન્ન હોય છે. હેં? યુક્તિ, અનુમાન અનુમાન કીધું છે ને યુક્તિને? તે બધા એકબીજાથી ભિન્ન હોય છે, જેમકે જળનું લક્ષણ શીતળપણું, જળ, જળ - પાણી એ તો શીતળપણે જણાય, અગ્નિનું લક્ષણ ઉષ્ણપણું એમ બંનેના લક્ષણ ભિન્ન છે તેથી જળથી અગ્નિ ભિન્ન છે એમ સિધ્ધ કર્યું. કે એકનું લક્ષણ ઠંડુ ને એકનું લક્ષણ ઉષ્ણ એવા બેયનાં લક્ષણ ભિન્ન છે માટે વસ્તુ ભિન્ન છે આ યુક્તિ કીધી, બેયના લક્ષણ જુદા છે, તેથી બે ચીજો જુદી છે. આહાહા!

આ તો મારું શરીર, મને રોગ થયો, મને રોગ મટી ગયો, મારું શરીર, હું, મારી કાઠી પાતળી છે, મારું શરીર અદોદરુ છે બાપુ! ઈ બધું ક્યાં છે તારામાં? ઈ તો બધા શરીરના લક્ષણની વાતો છે. હેં? આહાહા! જેના ચિન્હો તે દ્રવ્યને ઓળખવા માટે જેના ચિન્હો જુદા છે તે ચીજ જુદી છે. આહાહા! એમ બંન્નેના લક્ષણ ભિન્ન છે. જળનું શીતળપણું અને અગ્નિનું લક્ષણ ઉષ્ણપણું માટે લક્ષણ જેના જુદાં તો એ બંન્નેનાં લક્ષણ ભિન્ન છે તેથી તે વસ્તુ પણ ભિન્ન છે. આહાહા!

જેમ સોના ને ચાંદીનો એક પિંડ હોવા છતાં એ આવે છે. સોનાનો ને ચાંદીનો ભેગો પિંડ કરે એટલે એમ કહેવાય કે આ ધોળું સોનું, ધોળું સોનું નથી, સોનું તો પીળું છે, ધોળું તો રૂપું છે, પણ ભેગું નાંખે ઈ ધોળું સોનું, એમ કહે, એથી સોનું ધોળું નથી ધોળું તો ચાંદી છે. આહાહા! તેનાં સોનાને ચાંદીનો એક પિંડ હોવા છતાં સ્કંધ સ્કંધ પિંડ

એટલે સ્કંધ ભેગા બે ભેગા, વાસ્તવમાં સોનું તેના પીળાશ આદિ લક્ષણ વડે અને ચાંદી તેના શુક્લાદિ લક્ષણ વડે બંને જુદા છે. પિંડ એક હોવા છતાં પિંડના લક્ષણથી તે વસ્તુ ભિન્ન છે. આહાહા! સોનું ગળાવીને ચાંદીના ભેગુ નાંખે કે ચાંદી ગળાવીને સોના ભેગું નાંખે, પણ છતાં બેના લક્ષણ તો જુદા છે, પીળાશ લક્ષણ સોનું, આ લક્ષણ. શરીરનું લક્ષણ ભિન્ન, ઓલા ચાંદીનું લક્ષણ ધોળું, બેયના લક્ષણ છે માટે ભિન્ન લક્ષણ છે, તો વસ્તુ ભિન્ન થઈ ગઈ. આહાહા!

તેમ જીવદ્રવ્ય ને કર્મ-નોકર્મ એક ક્ષેત્રે હોવા છતાં લ્યો, જોયું! ઓલો પિંડ કીધું તો ને! સોનું અને રૂપાનો એક સ્કંધ કર્યો હોય ભેગો છતાં બેયનાં લક્ષણથી બેય ચીજ ત્યાં કાળે પણ ભિન્ન છે. આહાહા! સમજાણું કાંઈ? એ જીવ અને કર્મ-નોકર્મ, શરીર, નોકર્મ એટલે શરીર, વાણી આદિ કર્મમાં રાગ આદિ દ્રવ્યકર્મ એક ક્ષેત્રે હોવા છતાં એક જગ્યાએ રહેવા છતાં, સોનું ને ચાંદીનો એક જથ્થો સ્કંધ પિંડ કર્યો છતાં બેયના લક્ષણના ચિન્હ્ દ્વારા બે જુદી ચીજ છે એમ માલુમ પડે છે. એમ જીવ અને શરીર અને કર્મનો એક ક્ષેત્રે થતાં તેમના લક્ષણો વડે તેઓ એક બીજાથી ભિન્ન જાણી શકાય છે બહુ સાદી ભાષામાં. વળી અંતરંગ રાગ-દ્વેષાદિ વિકારી પરિણામો પણ, વાસ્તવમાં આત્માના જ્ઞાન, લક્ષણથી ભિન્ન છે. આહાહા! એ વ્રત કરું, ને તપસ્યા કરું ને અપવાસ કરું એવો જે વિકલ્પ ઉઠે છે કહે છે કે એ તો વિકારી રાગ ને વિકારી પરિણામ છે. આહાહા! એ વિકારી પરિણામ જેનાથી બંધ થાય એ આત્માનાં પરિણામ છે? એ તો વિકારી છે. આહાહા!

વાસ્તવમાં આત્માના જ્ઞાન લક્ષણથી એ વિકારી પરિણામ, રાગ, શુભભાવ, દયાનો દાનનો, ભક્તિનો વ્રતને જાત્રાનો, એ ભાવ એ જ્ઞાન લક્ષણથી તો એનું સ્વરૂપ ભિન્ન છે. આહાહા! સવારમાં એમ કહ્યું'કે રાગની ઉત્પત્તિ કે રાગનો વ્યય થઈ ને અરાગની ઉત્પત્તિ, તીવ્ર રાગનો વ્યય થઈને મંદ રાગની ઉત્પત્તિ એ પોતાનો સત્તાનો અનુભવ છે, પોતાની સત્તાના અસ્તિત્વનો અનુભવ છે, એ તો આખું તત્ત્વ, દ્રવ્ય ને પર્યાય સહિત વાળાની વાત કરી. અહિંયા તો એ રાગની પર્યાયથી ભિન્ન વસ્તુ છે એને આહીં બતાવવી છે, એની સત્તામાં આ નથી એમ બતાવવું છે. સવારમાં તો એની સત્તાનો ઉત્પાદ્-વ્યય ને (ધ્રુવ)ગુણ, એ ગુણ-પર્યાયવાળું સત્ દ્રવ્ય છે અને ઈ સત્તાની દશા છે, એ આત્માની સત્તાની એ દશાઓ છે, એ તો પરથી ભિન્ન કરીને બતાવવાની વાત છે. સમજાણું કાંઈ?

એની સત્તામાં અસ્તિત્વમાં હોય એટલું બતાવવાનું ત્યાં કામ છે. આહાહા!

પર્યાયના અસ્તિત્વમાં હોય પણ એ બતાવવું છે ત્યાં તો. આહાહા! અહિંયા તો એ પર્યાયમાં રાગાદિ અસ્તિત્વ છે એ ત્રિકાળી જ્ઞાન સ્વરૂપમાં એ નથી. આહાહા! કઈ અપેક્ષા એ કયું કથન છે એ સમજે નહીં ને, આ લખ્યું છે શાસ્ત્રમાં બધુંય લખ્યું છે શાસ્ત્રમાં સાંભળને! પણ કઈ નયનું કથન છે? કઈ અપેક્ષાએ કહ્યું છે? ત્યાં શું સિદ્ધ કરવું છે? એને જાણ્યાં વિના અર્થ કર્યા કરે ગોટા ઉઠે. હેં? આહાહા! કારણ હવે કારણ આપે છે. રાગ-દ્વેષ વિકારી પરિણામ વાસ્તવમેં આત્મામાં જ્ઞાન લક્ષણથી ભિન્ન છે, એમાં જ્ઞાન છે રાગમાં? હેં? રાગ જાણે છે કાંઈ? ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હો એ રાગ કાંઈ જાણે છે? એ તો અજાણ ચીજ થઈ, જાણનાર ચીજ ન થઈ! ન રહી. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

વાસ્તવિક આત્માના જ્ઞાન લક્ષણથી એટલે કે જે રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એનો જે રાગ ઉત્પન્ન થાય એ રાગમાં જ્ઞાન નથી. જ્ઞાનનું લક્ષણ તો આત્માનું છે. હેં? એ લક્ષણે ઓળખાય છે. રાગ આકુળતાના લક્ષણે જણાય છે. સમજાણું કાંઈ? આરે! આવો ધરમનો ઉપદેશ હશે? આ ઓલું કરો, આ કરો, આ કરો, ધમાલ, આ ગજરથ થવાનો છે ને હમણાં ક્યાંક, ક્યાંક આ ભગવાનનો પચ્ચીસોમો વરસ છે ને? કુંડલપુર ગજરથ. આહાહા! એ ગજ હાથી કાઢેને રથમાં ચઢે પાંચ- દસ લાખ, બે–પાંચ લાખ ખરચે, એટલાં બધાં નહીં ખરચતાં હોય હવે તો, પછી સંઘવીની પદવી આપે સંઘવીની, ન્યાં આત્મા એમાં નથી કહે છે. હેં? એ ગજરથ હાથીના રથ નીકળે એમાંયે આત્મા નથી અને તેના તરફનો જે શુભ ભાવ છે એમાંય આત્મા નથી, આત્માનું સ્વરૂપ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! ત્યારે તમે ન કર્યું આ બધું? ઓલું છવ્વીસ લાખનું મકાન રામજીભાઈ એ કર્યું ત્યારે કોણે કર્યું? આહાહા! એ ક્યાં ચોવીસ કલાક આંહી રહેતા'તા બધા? અખંડ જ્યોત માં તો રામજીભાઈ હતા. કોણ કરે ભાઈ? આહિં તો ઈ કહે છે.

એનાં પરમાણુની પર્યાયને કાળે એ પરમાણુ રચાઈ ગ્યાં છે. આહાહા! એને જીવ કરે તો તો જીવ અજીવ થઈ જાય. સમજાણું કાંઈ? આહા! ઈ પાછાં એમ કહે કે કાનજી સ્વામીએ આ કરાવ્યું બહુ આવું અને આને પુણ્યવંત પ્રાણી છે ને કરોડોપતિઓ આવે છે. આહીં કરોડપતિ આવે કે ન આવે કોઈને અમે કહ્યું નથી કાંઈ, હેં? પોપટભાઈ, આ કરોડપતિ રહ્યાં કીધું છે અમે કોઈ દિ, કે આમાં તમે પૈસા આપો આમાં! (જરાય નહિં) એ તો એને કારણે બનવાની ચીજ હોય તો એ બન્યાં વિના રહે નહિં! જો આત્મા

એને રચે એમ થાય તો તો જડ થઈ ગ્યો આત્મા ! જ્ઞાન-દર્શનવાળો રહ્યો નહીં, એ તો જાણનાર લક્ષણવાળો છે. આહાહા! અને એમાં થતો જે ભાવ શુભ, એ પણ જાણવાનાં લક્ષણવાળું સ્વરૂપ નથી, એ તો અજાણસ્વરૂપ છે. આહાહા! હેં? એ શુભ રાગ, કે આ થાય ભલે કીધું ન હોય ને થાય એવો શુભ રાગ, એ શુભરાગ કાંઈ ચૈતન્યના લક્ષણવાળો નથી, એમાં તો સમજાણું છે. રાગ જાણે છે કાંઈ? રાગ પોતાને જાણે છે કે હું કોણ છું? રાગની સમીપ ભગવાન છે ચૈતન્યમૂર્તિ અંદર એને જાણે છે રાગ? આહાહા! માટે રાગનું લક્ષણ ને ચૈતન્યનું લક્ષણ બેય જુદી ચીજ છે. આહાહા! ભારે ગળે ઉતરવું હોં! અને વહેવાર સાધન થાય નિશ્ચય સાધ્ય થાય લ્યો, આવું આવે છે શાસ્ત્રમાં, હેં? એવું પંડિતજીએ નથી લખ્યું મોટો અર્થ કર્યો. બધું લખ્યું છે એમણે વહેવાર સાધન છે ને હળવે હળવે આમ થાય ને, આમ થાય ને, હળવે હળવે એવું નથી, ક્ષણે-ક્ષણે આવે છે. આહાહા! ભાઈ, એ તો રાગની દશા ત્યાં કેવી હતી?

નિમિત્તરૂપે, ઉપાદાનના કાર્ય એનાથી ન થાય, તે રીતે કેમ છે તેમ ત્યાં જ્ઞાન કરાવ્યું છે. આહાહા! જુઓ! ભાષા જુઓ, કે આત્માના જ્ઞાન લક્ષણથી, કારણ કે એ રાગ-દ્વેષાદિ ભાવો ક્ષણિક અને આકુળતા લક્ષણ જોયું? ઓલો તો ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ છે જ્ઞાનાનંદ સ્વભાવ એનો આહા! ઉપયોગ એ ત્રિકાળ સ્વરૂપ છે. આહાહા! ઉપયોગમાં ઉપયોગ છે એ આવ્યું છે ને? આહાહા! આ તો આકુળતામાં આત્મા છે? આહાહા! તે સ્વ-પરને જાણતા નથી. કોણ? આકુળતાના લક્ષણવાળો રાગ એ પોતે ને પરને જાણતા નથી.

વિશેષ કહેશે લ્યો.

।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।

# પ્રવચન – ૮

## શ્લોક – ૩ અને ૪

**સ્થળ : સુવર્ણપુરી     તારીખ : ૧૮.૧૨.૭૪**

**ननु निष्कलेतररुपमात्मानं नत्वा भवान् किं करिष्यतीत्याह -**

**श्रुतेन लिंगेन यथात्मशक्ति समाहितान्तःकरणेन सम्यक् ।**
**समीक्ष्य कैवल्यसुखस्पृहाणां विविक्तमात्मानमथाभिधास्ये ।। ३ ।।**

આગમથી ને લિંગથી[1], આત્મશક્તિ અનુરૂપ,
હૃદય તણા ઐકાગ્રયથી સમ્યક્ વેદી સ્વરૂપ,
મુક્તિસુખ - અભિલાષીને કહીશ આતમરૂપ,
પરથી, કર્મકલંકથી, જેહ વિવિક્ત[2] સ્વરૂપ ।। ૩ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

---

૧. લિંગ – અનુમાન અને હેતુ,
૨. વિવિક્ત – ભિન્ન

**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....**

અર્થ ચાલે છે કે આ આત્મા અને શરીર અને કરમ એ જુદી ચીજ છે, આત્મા એ તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે. આ શરીર તો જડ સ્વરૂપ છે, આ તો માટી છે, અંદર કરમ છે એ પણ એક જડ સ્વરૂપ છે તો બેના લક્ષણો ભિન્ન છે. જેને આત્મા પ્રાપ્ત કરવો છે એટલે કે જેને ધરમ કરવો છે એણે આત્માના જ્ઞાન લક્ષણ દ્વારા આત્માને જાણવો પડશે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ એનું જ્ઞાન કરવા, એનું લક્ષણ જાણવું ને દેખવું એવા લક્ષણ, ચિન્હ, એંધાણ એનાથી આત્મા જાણી શકાય છે એનાથી આત્માને સમ્યગ્દર્શનની ધરમ દશા પહેલી પ્રગટ થાય માટે કરમ અને શરીર એનાથી જુદી ચીજ છે.

હવે અંતરંગ રાગ-દ્વેષ આદિ વિકાર પરિણામો પણ થોડું ચાલ્યું છે થોડું બાકી છે ઝીણી વાત છે ભાઇ! અંતરંગમાં જે કાંઇ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ ઉઠે એ રાગ છે અને પ્રતિકૂળતામાં સહન ન થાય ત્યારે એને દ્વેષ થાય એ રાગદ્વેષ, વિષય-વાસના કે શુભ-અશુભ ભાવ એ બધા વિકારી પરિણામો છે પણ વાસ્તવમાં આત્માના જ્ઞાન લક્ષણથી ભિન્ન છે. ભગવાન આત્મા જ્ઞાન લક્ષણે લક્ષિત ત્યારે એ પુણ્યને પાપના ભાવ શુભ અને અશુભ ભાવ એ ક્ષણિક અને આકુળતાના લક્ષણે જણાય એવા છે. સમજાણું કાંઇ ? છે ? કારણકે રાગ-દ્વેષાદિ ભાવ. આહાહા ! ચાહે તો ભગવાનની ભક્તિનો ભાવ હો, ભગવાનના સ્મરણનો ભાવ હો કે પરની દયા પાળવાનો ભાવ હોય પાળી શકેય નહિં. આહાહા ! કેમકે એ ભિન્ન ચીજ છે એનું આત્મા કાંઇ કરી શકે નહિં પણ એની દશામાં જે દયાનો ભાવ, વ્રત કરું, અહિંસા, બ્રહ્મચર્ય પાળું દેહથી એવો જે ભાવ ઉઠે છે એ પણ એક રાગ છે. આહાહા ! એ વિભાવસ્વભાવ છે, એ આત્માનું સ્વરૂપ નથી. આરે ! આ ભારે ઝીણી વાતું ! ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર તીર્થંકર ભગવાને ત્રણ કાળ ત્રણ લોક જોયા એમાં આ ચીજ આ રીતે જોઇ. આહાહા !

વાત એ છે કે આ પ્રભુ અંદર આત્મા જે છે એ તો જ્ઞાન દર્શન લક્ષણેથી જણાય એવી ચીજ છે અને શરીરને કરમ તો જડ છે. એ અચેતન લક્ષણથી જણાય એવા છે એ આત્માની ચીજ નથી તેમ અંદર પુણ્ય ને પાપના ભાવ થાય, આહાહા ! એ પણ

છે ? રાગ-દ્વેષાદિ ભાવો ક્ષણિક અને આકુળતાનાં લક્ષણવાળા છે. આહાહા ! ક્ષણિક છે, કૃત્રિમ રહે ને જાય, રહે ને જાય, થાય ને જાય. આહાહા ! પ્રભુ અંદર આત્મા તો નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ છે. જેને ધરમ કરવો હોય, જેને સુખી થવું હોય, જેને સુખને પંથે જવું હોય તો એણે જ્ઞાન ને દર્શનનાં લક્ષણવાળો પ્રભુ એને અનુભવવો ને પકડવો જોઈશે. આહાહા ! કહો પોપટભાઈ ! આ પૈસાથી સુખ નથી એમ કહે છે તો આ દુ:ખી હશે ? પૈસાથી દુ:ખી નથી. પૈસા મારા, હું રળ્યો, મેં ડહાપણ કર્યું તો આ કરોડ, બે કરોડ ભેગા થયા એવો જે મમત્વભાવ એ દુ:ખરૂપ છે. સમજાણું કાંઈ ?

એ રાગાદિ ભાવ એ ક્ષણિક છે અને આકુળતા એટલે દુ:ખરૂપ છે એ આત્માનો સ્વભાવ નથી. આહાહા ! જેમ આ શરીર અને કરમ એ માટી જડ ને અજીવ છે એમ પુણ્ય ને પાપના ભાવ એમાં એને જાણવાનો સ્વભાવ નથી એનો એને રાગને, રાગને જાણવાનો સ્વભાવ નથી. આહાહા ! એથી એ તો ક્ષણિક અને અચેતન ને આકુળતાના કારણ છે. આહાહા ! ઝીણું ઘણું તત્ત્વ ! બહારથી જેને જોવું છે એને તો આ મળે એવું નથી. ભગવાન તો અંદર પડયો છે પ્રભુ. આહાહા ! જાણવાના-દેખવાના એંધાણથી, ચિન્હથી આત્મા આ એમ પકડે તો એને સમ્યગ્દર્શન થાય ને આનંદ થાય તો એને ધરમ થાય. આહાહા ! બાકી કોઈ આ ક્રિયાકાંડ આ કરેને વ્રતને, ભક્તિને, પૂજાને, દાનને, દયાને એ બધો તો રાગ ભાવ ક્ષણિક અને આકુળતાના કરનારા છે. આહાહા ! હેં ?

**શ્રોતા** : ભગવાની ભક્તિ ?

**પૂ. ગુરુદેવ** : એ કીધું ને પહેલું તો એ કીધું'તું, આજે હમણાં કહ્યું હતુંને, પહેલું ભગવાનની ભક્તિ પણ રાગ છે ને આકુળતા છે. આહાહા !

કેમકે સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર પૂરણ પરમાત્મદશા પ્રાપ્ત પણ આ દ્રવ્યથી તો ભિન્ન ચીજ છે ને ? અને ભિન્ન ચીજની ભક્તિ જ્યારે ભાવમાં થાય એ બધો રાગ છે. આહાહા ! સમજાણું કાંઈ ? એ રાગ ક્ષણિક છે કારણકે એ રાગ પલટીને વળી બીજો વેપારનો રાગ આવે, વળી વેપારનો રાગ પલટીને વળી કોઈ દયાનો ભાવ આવે. આહાહા ! એ બધા વિકલ્પો, રાગ તે ક્ષણિક છે અને આકુળતાને ઉપજાવનારા છે. એ પ્રભુ આત્માનો એ સ્વભાવ નહીં. આહાહા ! સમજાણું કાંઈ ? તે તો ક્ષણિક અને આકુળતા ત્યાં સુધી આવ્યું'તું કાલે. તે સ્વ-પરને જાણતાં નથી. આહાહા !

જે અંદર વિકલ્પ ઉઠે રાગ એ રાગ તો પોતે શું ચીજ છે એમ એ રાગ પોતાને જાણતો નથી તેમ એ રાગની જોડે ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ છે આત્મા એને

રાગ જાણતો નથી. આહાહા! અરે આવી વાત ક્યાં લોકોને ખબર. આહાહા! કહે છે કે સ્વ-પરને જાણતાં નથી કાંઇ, રાગની વૃત્તિ જે ઉઠી દયાની, દાનની, વ્રત કરું, ભક્તિ કરું, પૂજા કરું કે પાંચ-પચ્ચીસ હજારનું દાન આપું એવો જે વિકલ્પ છે એ રાગનો ભાવ છે, એ રાગ નથી જાણતાં પોતાની જાતને એ રાગ નથી જાણતાં રાગની સમીપમાં રહેલો ભગવાન જ્ઞાન સ્વરૂપ એને એ રાગ જાણતો નથી. સ્વપરને જાણતો નથી કીધુંને. આહાહા! સમજાણું કાંઇ ? આ ધરમની રીત કોઇ જુદી છે બાપુ! આહાહા! દુનિયા જે માનીને બેઠી છે અને દુનિયા ને જે મળ્યું છે એ બધું બહારની વાતું મળી છે તત્ત્વની વાત નહીં. આહાહા! સમજાણું કાંઇ ?

પરમાત્મા ત્રિલોકનાથની વાણીમાં આ આવ્યું, ભગવાન તું તો જ્ઞાન-દર્શનના લક્ષણથી ચિન્હથી એંધાણથી આ આમ છે આત્મા એમ જણાય એવો છે ને ? એ રાગથી જણાય એવો નથી કેમકે રાગ છે તે પરના લક્ષે થયેલી ચીજ અને રાગ પોતાને જાણતો નથી તો રાગ જ્ઞાન સ્વરૂપ ભગવાન જોડે છે આત્મા એને રાગ ક્યાંથી જાણે ? આહાહા! સમજાણું કાંઇ ? આવી રીતે કેવો ધરમ આવો, આવો વીતરાગનો ધરમ આવો હશે ? હેં ? પહેલા તો એમ કહેતા કે છકાયની દયા પાળવી, ભોગીભાઇ શું હતું ત્યાં કુંડલામાં આહાહા! ત્યાં તો કો'કના દુ:ખ લુવા, કો'કને મદદ કરવી ને બધી એવી વાતોમાં માનતાં જગત. આહાહા! હેં ? એ પુણ્ય થાયને એનાથી ધરમ થાય. આહાહા! ભાઇ તને ખબર નથી તું લૂંટાઇ ગયો છે. એ રાગની ક્રિયા એ ક્ષણિક છે ને દુ:ખરૂપને આકુળતા છે એને તું ધરમ માને ને એ ધરમના કારણ માન, મિથ્યાત્વમાં લૂંટાઇ ગયો છે ઇ. સમજાણું કાંઇ ?

સ્વપરને જાણતાં નથી જ્યારે જ્ઞાન-સ્વભાવ તો નિત્ય છે પ્રભુ. જાણવું, જાણવું, જાણવું એવો જે ગુણને સ્વભાવ એ તો ત્રિકાળ છે આત્માનો સ્વભાવ. સમજાણું કાંઇ ? તે શાંત છે, ઓલા ક્ષણિક સામે નિત્ય છે, આકુળતા સામે શાંત છે. આહાહા! જ્ઞાન સ્વભાવ જાણવું, જાણવું, જાણવું એવો જે સ્વભાવ એ તો ત્રિકાળ છે નિત્ય છે અને એ તો શાંત છે. આહાહા! એવા સ્વભાવને જાણતાં તો શાંતિ આવે, અકષાય સ્વભાવ આવે એને શાંતિ કહે છે, એને ધરમ કહે છે. આહાહા! સમજાણું કાંઇ ? એ અનાકુળ છે, એ શાંતની વ્યાખ્યા છે. સુખરૂપ છે, આનંદરૂપ છે. આહાહા! ભગવાન આત્માનો સ્વભાવ નિત્ય છે, આનંદ છે એટલે અનાકુળ છે એ સ્વપરને જાણવાનો તેનો સ્વભાવ છે.

ભગવાન આત્માનો સ્વભાવ 'સ્વ' નામ પોતાને જાણવાનો અને રાગ જે 'પર' છે વિકલ્પ, આકુળતા એને પર તરીકે પણ જાણવાનો એનો સ્વભાવ છે. આહાહા!

ભારે માણસને નવા માણસને તો એવું લાગે આ કઇ જાતનો ધરમ કાઢયો કે આ જૈન ધરમ આવો હશે? ભગવાન જૈન ધરમ જ આ છે બાપુ તને ખબર નથી. સમજાય છે કાંઇ? એ રાગની વૃત્તિઓ જે ઉઠે એ દુ:ખરૂપ છે, આકુળતા છે એને છોડીને પરમાત્મા પોતે પોતાના જ્ઞાન-દર્શનથી જાણે તો એને ત્યાં શાંતિ આવે. સમ્યગ્દર્શન એટલે સત્‌ની પ્રતીતિ આવે અને સ્વરૂપમાં રમણતાનું આચરણ આવે. આહાહા! એને અહીંયા જૈન ધરમ કહો કે વસ્તુનો સ્વભાવ કહો એમ કહે છે. કોઇ જૈન ધરમ કોઇ સંપ્રદાય નથી એ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઇ? કેમકે જૈન એટલે જીતવું. કોને? કે એના સ્વભાવથી વિરૂદ્ધ જે અજ્ઞાન ને રાગ-દ્વેષને. એને જીતવું એટલે કેમકે જીતવું? કે એ પૂર્ણાનંદનો નાથ પોતે જ્ઞાન દર્શનથી જણાય એવી ચીજ છે એને જાણતાં એને આનંદ આવે અને એને રાગદ્વેષની ઉત્પત્તિ ન થાય એનું નામ જીતવું રાગને કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઇ? એવું તો જૈન એટલે કે આત્માનું સ્વરૂપ જ એવું છે.

'જીન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કરમ
એહી વચનસે સમજલે જિન પ્રવચનકા મરમ'

આહાહા! સમજમેં આયા? સમજમાં આવે છે? હવે હિન્દી ભાષા લીધી આ થોડી. જો કે અત્યારે તો બધા ગુજરાતી છે. આહાહા! આત્મા જ્ઞાનસ્વભાવી એમ અને નિત્ય અને શાંત અને સ્વ-પરને જાણવાનો તેનો સ્વભાવ, આ રીતે ભિન્ન લક્ષણ દ્વારા આહાહા!! બેયના એંધાણો, બેયના લક્ષણો, રાગ-દ્વેષનાં, શરીરનાં, કરમનાં ને આત્માના બેયના લક્ષણો ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઇ? આ તો કંઇક દયા, દાન ને વ્રત ને તપ અપવાસ કરીએ તો આત્મા જણાય છે કહે છે. અરે ભગવાન! એ તો બધી વૃત્તિઓનો વિકલ્પ ને રાગ છે. રાગ તો આકુળતા, આકુળતા દ્વારા અનાકુળ આત્મા જણાય? આહાહા! સમજાય છે કાંઇ?

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એમ ફરમાવે છે એ અહીં લખ્યું છે. આહાહા! એ બેયના લક્ષણો ભિન્ન-ભિન્ન, જ્ઞાનમય આત્મા ને રાગાદિથી ભિન્ન છે. આહાહા! ભિન્ન લક્ષણવાળો ભગવાન જ્ઞાનમય આત્મા અને રાગાદિ આકુળતાથી જુદો છે. આહાહા! કેટલાકને તો એમ થઇ ગયું છે ને કે આમાં બધા ગોટા થઇ ગયા છે ને? કે ભગવાનની આમ ભક્તિ કરીએ, ત્રિલોકનાથ પરમાત્મા સાક્ષાત્‌ બિરાજતા હોય, મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. સીમંધર સ્વામી ભગવાન ત્રિલોકનાથ જીવંત સ્વામી જીવતા અરિહંત છે. આહાહા! આ ચોવીસ તીર્થંકરો થયા એ તો અરિહંત હતા એ તો અત્યારે તો સિદ્ધ થઇ

ગયા એ તો સિદ્ધાણંમાં ગયા, 'ણમો સિદ્ધાણં' આ તો 'ણમો અરિહંતાણં'માં છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે, છે ને આ સમોવસરણ? જુઓને આ સામું સમોવસરણ છે ત્યાં કુંદકુંદાચાર્ય ગ્યા'તા. સમજાણું કાંઈ? આહાહા! એ ભગવાનની વાણીમાં તો આ આવ્યું કે ભાઈ, ભિન્ન લક્ષણ દ્વારા જ્ઞાનમય આત્મા અને ભિન્ન લક્ષણ દ્વારા રાગાદિ ભાવ એ તો ભિન્ન છે બે ચીજ એમ નક્કી થાય છે માટે નીચે આ શ્લોક આપ્યો છે ને:-

'જીવ બંધ બંન્ને નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે
પ્રજ્ઞા છીણી થકી છેદતાં બંન્ને જુદા પડી જાય છે'

એ કુંદકુંદાચાર્યની ભાષા વાણી 'જીવ બંધ બંન્ને', જીવ જ્ઞાનાનંદસ્વરૂપ ને બંધ રાગાદિ સ્વરૂપ તે નિયત, નિશ્ચય, રાગાદિ અને સ્વઆત્મા એનું નિશ્ચય, નિજલક્ષણ, પોતાના લક્ષણે એ રાગને આત્મા બે ભિન્ન પડે છે. 'પ્રજ્ઞાછીણી થકી છેદતાં' એ જ્ઞાનની ધારા એને આત્મા તરફ વાળતાં રાગથી ભગવાન આત્મા જુદો પડી જાય છે. એને સમ્યગ્દર્શન ને સમ્ય્જ્ઞાન એને કહીએ. સમજાણું કાંઈ? 'બંન્ને જુદા પડી જાય છે', આચાર્યે તો ત્યાં ટીકામાં એમ કહ્યું છે ને ભાઈ? એમ અમે જાણીએ છીએ. આહાહા! જાતની વાત છે ને.

અમારો ભગવાન આત્મા જ્ઞાનથી ભિન્ન પડીને એટલે રાગથી જ્ઞાનની દશા ભિન્ન પાડીને એમ, જ્ઞાનથી ભિન્ન પડે છે ને? રાગથી કાંઈ ભિન્ન? જ્ઞાનની પર્યાય દ્વારા પ્રજ્ઞાછીણી જેમ એક લોઢામાં છીણી મારતાં બે કટકા થઈ જાય એમ ભગવાન આત્મા અંદરની જ્ઞાનની પર્યાય એને અંતરમાં વાળતાં રાગ ને ભગવાન બે ભિન્ન પડી જાય છે. આહાહા! એ 'પ્રજ્ઞાછીણીથી છેદાય છે', બીજો કોઈ ઉપાય છે નહિં. આહાહા! સમજાય છે કાંઈ? સમયસાર ગુજરાતી આવૃત્તિ ૨૯૪ ગાથા છે ને?

માટે આત્મા પરમાર્થે પરભાવોથી એટલે કે શરીરાદિ બાહ્ય પદાર્થોથી અને રાગદ્વેષાદિ અંતરંગ પરિણામ આહાહા! તેનાથી વિવિક્ત છે પાઠમાં આવ્યું છે ને ભાઈ? વિવિક્ત શબ્દ છે, પાઠમાં છે, ચોથું પદ विविक्तमात्मानमथाभिधास्ये વિવિક્ત ભિન્ન ભગવાન આત્મા છે અંદર. આહાહા! એ રાગની ક્રિયાને શરીર ને કરમ એનાથી ભગવાન અંદર જ્ઞાન લક્ષણે ભિન્ન છે, પ્રજ્ઞાછીણીથી તેને જુદા પાડી શકાય છે. આહાહા! સમજાણું કાંઈ? આ પ્રથમ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની આ ક્રિયા. આહાહા! વિવિક્ત છે ને શબ્દ? બાહ્ય પદાર્થોથી અને રાગ-દ્વેષાદિનાં પરિણામથી વિવિક્ત છે. બાહ્ય પદાર્થ એટલે શરીર, કરમ, વાણી, આ બહારની ચીજ બાયડી, છોકરા, કુટુંબ એ તો ક્યાંક દૂર

રહી ગયા. એમાં ક્યાંય છે નહીં. આહાહા! બાહ્ય પદાર્થથી ભિન્ન છે અને અંતરંગ જે પરિણામ થાય એની પર્યાયમાં એમ કહે છે આંહી એ શુભ ને અશુભ રાગ, એનાથી પણ પ્રભુ તો ભિન્ન છે અંદર. સમજાણું કાંઇ ? એ આગમથી વાત કરી પહેલી પછી યુક્તિથી એ કરી. પહેલી આગમથી કરી'તી ને ? હું એક શુદ્ધ સદા પછી આ યુક્તિને અનુમાનથી કરી હવે અનુભવથી વાત કરે છે. આહાહા!

આગમ અને યુક્તિ દ્વારા આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણી, પોતાના ત્રિકાળ શુદ્ધાત્માની સન્મુખ થતાં ભગવાન શુદ્ધ ચૈતનઘન નિત્યાનંદ પ્રભુ છે, એને આગમ દ્વારા જાણ્યું ને યુક્તિદ્વારા જાણ્યું હવે એને શુદ્ધસ્વરૂપ પોતાના ત્રિકાળ શુદ્ધાત્માની સન્મુખ થતાં જે વસ્તુ છે ત્રિકાળ આનંદ ને જ્ઞાન સ્વરૂપી ભગવાન એની સન્મુખ થતાં, દિશા પલટતાં પરતરફ જે જ્ઞાનની દશા છે એ મિથ્યાદશા છે. આહાહા! એને ત્રિકાળી ચૈતનનાં સ્વભાવનો સત્કાર, આદર સન્મુખ થતાં એની હૈયાતીનો આદર થાય છે. સમજાણું કાંઇ ? અને રાગને દયા દાનનાં વિકલ્પનો આદર કરતાં ભગવાન ત્રિકાળી આનંદકંદનો અનાદર થાય છે. હેં ? આહાહા! સમજાણું કાંઇ ? આ તો હજી સમ્યગ્દર્શનની વાત છે હોં! આહાહા! ચારિત્ર તો એના પછી ઘણી ચીજ છે અંદર સ્થિરતા આનંદની દશા એ તો. આહાહા!

પોતાના ત્રિકાળ શુદ્ધાત્માની સન્મુખ થતાં સત્ સ્વરૂપ એવો જે ધ્રુવ ભગવાન આત્મા એની સન્મુખ થતાં સત્ મુખ્ય સત્ઉપર દ્રષ્ટિ પડતાં. આહાહા! આચાર્યને જે શુદ્ધાત્માનો અનુભવ થયો તે અનુભવથી તેઓ વિવિક્ત આત્માનું સ્વરૂપ બતાવવા માગે છે. ત્રણ વાત થઇ આગમથી, અનુમાન ને યુક્તિથી અને અનુભવથી, ચાર વાત મૂકી છે ને ભાઇ ? પાંચમી ગાથામાં સમયસારની, અહીં ત્રણ મૂકીને પરનું યુક્તિથી નિષેધ કરીને એ ચોથો બોલ લઇ લીધો પણ એનો આ અસ્તિમાં એ આવી જાય છે. સમજાણું કાંઇ ? આચાર્ય કહે છે કે આગમથી એટલે મેં મારા સ્વરૂપને આગમનના જ્ઞાનથી જાણ્યું, અનુમાનને યુક્તિથી પણ લક્ષણના ભેદથી જાણ્યું અને હવે એ અનુભવથી જાણ્યું. આહાહા! એ રાગને પુણ્યની ક્રિયાનો વિકલ્પ રાગ એનાથી વિમુખ થઇને અને ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતનઘન એની સન્મુખ થઇને, અનુભવીને મેં આત્માને જાણ્યો એમ કહે છે. આહાહા! સમજાણું કાંઇ ? તે અનુભવથી તેઓ વિવિક્ત શબ્દ છે ને અંદર ચોથો ? એ -

श्रुतेन लिंगेन यथात्मशक्ति समाहितान्तः करणेन सम्यक् समीक्ष्य ।

कैवल्यसुखस्पृहाणां એ પછી આવશે હવે विविक्तमात्मानमथाभिधास्ये એને હું કહીશ એમ. સમજાણું કાંઇ ? કોને હવે હું કહીશ ? એમ કહે છે. આહાહા! આચાર્ય

આત્માનું સ્વરૂપ કોને બતાવવા માંગે છે ? જે માલ લેવાનો કામી છે ને માલ લેવા આવ્યો છે એને એ માલ આપે છે વેપારી, ઘેરે જવાય ? ઘેરે દેવા જવાય ? આ પોટલા બાંધીને ઘેરે દેવા જાય એની કિંમત કાંઈ ન મળે. આહાહા ! ઘેરે જાય છે ને કેટલાક આ ફેરીવાળા, અધમણ-મણનું પોટલું હોય ને કાઠિયાણીના ઘરે જાય, ગરાસિયાના ઘેરે જાય આ ભાવ આપવું છે એમ કરીને હવે બહાર નીકળતા હોય, આવો, આવો શેઠ, પાછા આવો પાછા, જરા ત્યાં આ જાય એને ફેરવવા. આહાહા ! અહીં તો દુકાને બેઠાં હોયને માલ લેવા આવ્યો હોય ને જોઈતું હોય તો આ માલ છે બાપુ ! એ એને ઓછે વત્તે માગે ને જાય તો ઈ જાય ને આવે, આ તો બેઠો છે ને કે આ માલ છે ને આ ભાવે છે અને ક્યાંક બાકી એક જ ભાવે માલ તાલ હોય.

અમારે ભરુચમાં એક પારસીની દુકાન હતી તે દિ' ની વાત છે હોં, આ તો પાંસઠ વરસ પહેલાંની, પારસીની દુકાન એકજ ભાવ, કોઈપણ છોકરું જાઓ કે શેઠિયો જાઓ એ તો મેં એને જોયેલું. પારસીની દુકાન, ટોપીઓ એ જાતની, લૂંગડા એ જાતના ઘણી જાતની ચીજ વખારુની વખારુ ભરેલી. ભરુચ માલ લેવા જતા ને ત્યાં તે દિ' પાલેજ દુકાન હતી ને પાલેજમાં ત્યાંથી માલ લેવા જતાં આઠગાઉ થાયને ભરુચ અમે જતાં જોડે એવો પારસી પણ મારો હોં ! એક વખત આ ટોપી જોઈતી'તી ત્યાં ટોપી ઓઢતાને કે આ ટોપી નો શું ભાવ છે કે આ ભાવ, દુકાને કીધું, ન્યાં કીધું કે આનો કાંઈ ભાવ ઓછો થશે ? કે મારે અહીં મારો બીજો ભાવ નથી. આહાહા ! પારસી કે મારે બીજો ભાવ નથી, બાળક આવો, શેઠિયા આવો, વકિલ આવો કે બાદશાહ આવો અમારે તો એક જ ભાવ છે. અહીં એક ભાવ વીતરાગભાવે આત્મા જણાય એવો એક ભાવ છે. સમજાણું કાંઈ ? આહાહા !

એવો આત્માને હું કોને કહીશ ? કહે છે જે કાંઈ ખાસ લેવા આવ્યા છે એને. આહાહા ! શું કહે છે જુઓ. આત્માના અતીન્દ્રિયસુખની જેને સ્પૃહા છે. આહાહા ! જેને પાંચ ઈન્દ્રિયના વિષયો એની જેને ઈચ્છા ગઈ છે. આહાહા ! જેને આત્માનો અતીન્દ્રિય આનંદ એની જેને સ્પૃહા, ઈચ્છા, લાગણી, ભાવના આ છે. એને હું કહીશ. આહાહા ! રાગના રસિયાઓને આ વાત ન બેસે, વિષય શબ્દે રાગનો પ્રેમ છે ને જેને ? આહાહા ! એને આ વાત ન બેસે તો તેને હું નહીં કહું. આહાહા ! સમજાણું કાંઈ ? આ એની શરત છે કે મારી શરતમાં તો મેં કહ્યું કે આગમથી, અનુમાનથી ને અનુભવથી મેં જાણ્યો હવે હું જણાવવા માંગુ છું ઈ કોને ? જેને આત્માના અતીન્દ્રિય આનંદના સુખની સ્પૃહા છે તેને.

આહાહા! આ એની શરત છે. સંતોની આ શરત છે. સમજાણું કાંઇ? સમાધિ છે ને? સમાધિતંત્ર છે ને? આહાહા! ભારે ભાઇ!

શ્રોતા : માલ ભી અનમોલ હૈ ને?

પૂ. ગુરુદેવ : હેં! અનમોલ હૈ ભાઇ! બાપુ કહે છે ભાઇ હું સમાધિ, આત્માની શાંતિ જે આત્મામાં ભરી પડી છે. શાંતિનો સાગર પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો એ દરિયો છે. એ એવો મારા અનુભવથી હું કોને કહેવા માંગુ છું? આહાહા! જેને અંતરમાં અતીન્દ્રિય આનંદની સ્પૃહા છે, બીજી કોઇ સ્પૃહા નથી જેને. આહાહા! આતો કાંઇક સાંભળશું તો કંઇક પુણ્ય બંધાશે ને પુણ્યબંધનથી કાંઇક સ્વર્ગ ને પૈસા મળે. આ લક્ષ્મી બક્ષ્મી વેપારમાં, મંગળિક સાંભળે ને તો પૈસા મળે. આહાહા! મંગળભાઇ આવ્યા'તા. શું છે? એ દુકાન ખોલવી છે દશેરાના, તે શું છે? દુકાન સરખી હાલે. આહાહા! આ તો રાગના અભિલાષી ને જડના કામી છે. એય! હેં? એવાઓ માટે આ શાસ્ત્ર નથી. આહાહા! એ તો રખડતાં રામ જીવો, જેને રખડવું છે એને માટે આ નથી. આહાહા! જેને આનંદની સ્પૃહા છે, ભલે એણે જોયો ન હોય આનંદ. સમજાય છે? પણ આ વિષયનાં સુખની મીઠાશથી ઝેર છે એનાથી કોઇ જુદી ચીજ છે. વિષયનાં સુખો એ અબજોપતિ, કરોડોપતિ અને ઇન્દ્રાણીઓ ઇન્દ્રને, કરોડો ઇન્દ્રાણીઓ, જેને આવા અનાજ કાંઇ નથી એને તો અમૃતમાંથી કંઠમાંથી અમૃત ઝરે એવો તેનો ખોરાક એવી ઇન્દ્રાણીઓનાં ભોગ પણ જેને ઝેર જેવા લાગતાં હોય. આહાહા! સમજાણું કાંઇ?

જેને અતીન્દ્રિય આનંદની સ્પૃહા હોય. આહાહા! આ શ્રોતાની હારે શરતું આ. હેં? દુનિયા રાજી થાઓ ન થાઓ એની સાથે અમારે કાંઇ સબંધ નથી, તારા અતીન્દ્રિય આનંદમાંથી તને રાજીપો થવો હોય તો એ વાત અમે કહીશું. કો જેઠાભાઇ! આહાહા! ગજબ વાત કરે છે કે નહિં. અમારો હેતુ તો અતીન્દ્રિય સુખ પામે એ પ્રાણી એવા હેતુથી તો કથન છે કહે છે હવે એ હેતુનું કથન લાગુ કોને પડે? આહાહા! દુનિયાની અભિલાષા, માનની, પૂજાની એ સબ ઉઠી જાય જેને મારો ભગવાન ત્રણલોકનો નાથ, અતીન્દ્રિય આનંદથી ભરેલો હું છું. એને મારે પ્રગટ કરવાની ભાવના છે. આહાહા! રાગ પ્રગટ કરવાની ને પુણ્ય પ્રગટ કરવાની ભાવના એ જીવને માટે આ વાત નથી. આહાહા! ભાષા જુઓને?

વીતરાગપણે અનુભવ્યો અને વીતરાગતાની જેને સ્પૃહા છે અતીન્દ્રિય આનંદની એને માટે આ ઉપદેશ સમાધિતંત્રનો છે. આહાહા! સમજાણું કાંઇ? શ્રીમદ્માંય

આવે છે ને ? 'કામ એક આત્માર્થનું બીજો નહીં મનરોગ' બીજો રોગ નહીં. આહાહા ! અહીં તો ખાનગી કેટલાય પત્રો આવે ખાનગી હોં ! મહારાજ તમારી પાસે તો કરોડોપતિઓ આવે એને કાંઈક કહો તો અમે રસ્તે ચઢીએ, લ્યો કહો આંહી પૈસા દો હવે ખાનગી આવતાં અરે ! આ દુકાન ભૂલ્યો, આ દુકાન એ નથી. એ દુકાન કંદોઈની દુકાને અફીણ ન મળે, ત્યાં મળતું હશે અફીણ ? એની દુકાન જુદી હોય સમજાણું કાંઈ ? હમણાંજ એક કાગળ આવ્યો છે નહિં ? પરમદિ' વાંચ્યો નહિં ? મહારાજ તમારા જે ભક્તો છે તે બહુ પૈસાવાળા છે, સુખી છે, અઢળક છે એવું લખ્યું છે હોં. તો મારે અઢળક થાય મને. હું આમેય દુ:ખી છું એ વાંચ્યો કે નહિં કાગળ નહિં ? અઢળક મને અમારે ધંધો હાલતો નથી, ગામડામાં રહી ગયા, અમારા કુટુંબીઓ બહાર ગયા એ તો બધા પૈસાવાળા થઈ ગયા. આહાહા ! ભગવાન એ ભૂલ્યો બાપુ લખવામાં તું છે ? હેં ? એવી એવી કેટલી આવે છે ખાનગી બચારા બહુ દુ:ખી હોય ને આ પાછા આ દુકાળ આ લખ્યું છે દુકાળ. દુકાન હાલે નહિં માણસો સાત-આઠ, ઘરમાં જે સો દોઢસો - બસો મળે મહિને ત્યાં એ ખર્ચ પૂરું પડે નહિં, હેરાન હેરાન થઈ ગયા કહે. અરે ! બાપુ તારી શ્રદ્ધાથી હેરાન થઈ ગયો છે. તું એ પ્રતિકૂળતાથી નહિં. આહાહા !

આનંદનો ધામ પરમાત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપ આત્માનું. સિદ્ધ સમાન સદા પદ મેરો. એ સિદ્ધ ભગવાન સ્વરૂપે ચૈતન ભગવાન બિરાજે છે એનું એનલાર્જ થઈને પર્યાયમાં સિદ્ધપણું આવે છે. એ અંદર છે એ આવે છે. સમજાણું કાંઈ ? એની સામું જોવું નથી, એની ભાવના નથી અને શાસ્ત્ર સાંભળીને કાંઈક પૈસા મળે, આબરું મળે, સુખ મળે, છોકરાઓ હારે ઠેકાણે વરે, છોડીઓ હારે ઠેકાણે. અરે બાપા ! તું ક્યાં આવ્યો ભાઈ ! હેં ?

આ એ કીધુંને ઘણાં વરસ પહેલાની વાત છે. ૯૨ની, ૯૨ ચારસોના પગારવાળો એક પારસી હતો. આંહી ધોળા જંક્શન, ચારસોનો પગાર ૯૨ની સાલ ત્યાં હું બેઠો'તો ત્યા ઓલા મકાનમાં રહેતો ને ત્રણ વર્ષ હીરાભાઈનાં મકાનમાં એકલો બેઠોતો ત્યાં આવ્યો. પારસી હતો ચાલીસ-પીસ્તાલીસ વરસનો, આમ હાથ કાઢયો શું છે ભાઈ ? મહારાજ હાથ જુઓને, આહાહા ! અરે ભાઈ આ દુકાન નહીં. આહાહા ! એને દુ:ખ હશે કંઈ, દુ:ખી હશે પછી મહિને બે મહિને બંદુક ખાઈને મરી ગયો, સાંભળ્યું. અહીં ધોળામાં હતો પારસી કાંઈ હશે. અનેક પ્રકારના આ જગતમાં ભ્રમણા, હાથ જુઓ શું છે બાપુ કે આ મને કે'દિ પૈસા બૈસા મળશે ? ભગવાન ભૂલ્યો બાપુ, આ દુકાન એ નથી કીધું.

અહીં તો આત્માની દુકાન છે બાપા! આત્મા જોવો જાણવો એ કેમ મળે અને ધરમ કેમ સુખી થવાય એ મારગ છે બાપુ. અમારી પાસે બીજું કાંઇ છે નહીં. અમારી મોટપ તમે એમ ગણતા હો, મોટા મહારાજ હશે એને આશિર્વાદ આપે ત્યારે એવું અમારી પાસે કાંઇ છે નહિં. આહાહા! ચંદુભાઇ! આશિર્વાદ આપ્યા. હમણાં કાલે જ એક બ્રાહ્મણ આવ્યો'તો એનો છોકરો, પાલડી, પાલડી, આ પાલડી નથી, અહીં ત્રણ ગાઉ છેટું છે. આ ભીખાભાઇ રબારી ત્યાંના છે. આપણે નીકળ્યાં નહોતાં તે'દિ, તેરની સાલ પાલડી નીકળ્યા'તાં, આવ્યા'તા નહિં મુખિયા ત્યાંના, ત્રણ ગાઉ છે, અહીં સિહોર જતાં પાલડી આવ્યા'તા જુઓ, મહારાજ હાથ મૂકો હું ત્યાં મુંબઇ તો કાયમ આવું છું વાત સાંભળવા પણ હાથ મૂકો હોં હવે તો. અરે! જુવાન છોકરો હતો, સવા પાંચ રૂપિયા મૂક્યા એણે બિચારા હોં એ મોઢા આગળ કાઢીને મૂક્યા.

બાપુ અહીંયા તો આત્માની વાત છે ભાઇ આ હાથ જડ છે એમાં શું છે? આહાહા! અરે આવી જેને ઝંખના છે સંસારનાં આહાહા! આંહી તો ભવનો અભાવ થઇ અને આત્માની શાંતિ કેમ મળે એ વાત થઇ કહે છે. એને ભવના અભાવની જેને ભાવના છે. આહાહા! અતીન્દ્રિય આનંદની સ્પૃહાનો અર્થ શું થ્યો? અતીન્દ્રિય આનંદ મારે તો જોઇએ છે મહારાજ. આહાહા! એ ક્યાંથી મળશે એમ પૂછે તો તો એને કહે કે બાપા અતીન્દ્રિય આનંદ અંદરમાં છે એ તને ખબરું નથી. આહાહા! એ અતીન્દ્રિય આનંદની જેને ઇચ્છા છે એને અતીન્દ્રિય આનંદ તરફ ઢળવા માટેનો આ ઉપદેશ છે અમારો કહે છે. આહાહા! દુનિયાના ભાવથી એવું લાગે આતો જાણે આ શું હશે, આવી જાત આખી, આ કાંઇ જૈનનો ધરમ હશે? આવો. જૈન ધરમમાં છકાયની દયા પાળવી, છકાયના પિયર નથી લખતા એ ભોગીભાઇ! સંવત્સરી પૂરી થાય ત્યારે નથી લખતાં, કાગળમાં એકબીજાને લખે, છકાયના પિયર, છકાયના દયા...હેં? છકાયના રક્ષક બધી ખોટી વાતો. આહાહા! પરજીવની રક્ષા કોણ કરે? પરની દયા કોણ પાળે? બાપુ તને ખબર નથી. આહાહા! તારી દયા તું પાળી શક્તો ને તારી હિંસા, તને તું નથી એમ તું કરી શકે છે, હું એક નથી એમ કરી શકે છે જ્ઞાનમાં અને હું એક પૂરણ આનંદનો નાથ પૂરણ છું એવું તું તારી રક્ષા કરી શકે છે.

એવી જીવતી જ્યોત ભગવાન બિરાજે એનો તું નકાર કરીને હું રાગવાળો ને પુણ્યવાળો છું એ જીવતી જ્યોતનો તે નકાર કરીને હિંસા કરી છે, તારી તે હિંસા કરી છે. આહાહા! એવા ચૈતન જ્યોતનો તે નકાર કરીને તે હિંસા કરી છે. આહાહા! એવા ચૈતન જ્યોત ને જાગવા, જાણવા માટે જો પ્રયત્ન તને હોય તો એ વાત કરીશ હું તને. કો

ભોગીભાઈ ! આવી આની વાત આ છે. આહાહા ! અતીન્દ્રિયસુખની જ એમ પાઠમાં છે ને ? कैवल्यसुखस्पृहाणां એમ છે ને ? कैवल्यसुखस्पृहाणां એકલો આત્માના આનંદની આહાહા ! આ સંસારનાં જે સુખ છે એ તો દુઃખ છે, ઝેર છે આહાહા ! હેં ? આહાહા ! એ ઝેરની પિપાસા જેને છૂટી છે અને આત્માના અમૃતરસને પ્રગટ કરવાની જેને ભાવના છે. આહાહા ! कैवल्यसुखस्पृहाणां કૈવલ્યપદ વિશે અથવા નિર્મળ અતીન્દ્રિયસુખની ભાવનાવાળા એમ. એટલે કે કેવલ્યપદ કહો કે મોક્ષપદ કહો, આત્માની પૂરણ મોક્ષદશા એ લોગસ્સમાં આવે છે ને ? सिद्धा सिद्धि मम् दिसन्तु હે સિદ્ધ ભગવાન, મારે સિદ્ધ પદ જોઈએ, દેખાડો એ તો એક વિનંતિ છે, કોણ આપે, કોણ ? सिद्धा सिद्धि मम् दिसन्तु મને દેખાડો એનો અર્થ કેવળજ્ઞાન થાય ત્યારે દેખે એને પોતાને. આહાહા ! પૂરણ સમજાણું કાંઈ ? આહાહા ! એવા સુખની જેને ઈચ્છા છે અતીન્દ્રિય સુખની આત્માના અતીન્દ્રિયસુખની એમ જેને સ્પૃહા છે, ઈન્દ્રિય વિષયસુખની જેને સ્પૃહા નથી, સ્પૃહા એટલે ઈચ્છા, જીજ્ઞાસા, અભિલાષા, ભાવના એ બધા અર્થમાં સ્પૃહા કહેવાય છે તેને તેવા જીજ્ઞાસુ ભવ્યજીવોને જ. આહાહા !

આવા જીજ્ઞાસુ ભવ્યજીવોને જ આચાર્ય, વિવિક્ત આત્માનું ભિન્ન રાગને પરપદાર્થથી ભિન્ન ભગવાન આત્માનું શુદ્ધાત્માનું સ્વરૂપ કહેવા માંગે છે. આહાહા ! માળે, મેળવ્યું છે ભારે હોં ! છોટાભાઈ એ. બહુ સારુ, છોટાલાલ ગુલાબચંદ દિગંબર, અમદાવાદ, કંઈક ભણેલા હતાં નહિં ? કંઈક મોટી પદવી હતી. હેં ? ગ્રેજ્યુએટ હતાં કાંઈક, અંદર હશે કંઈક હેં ! જુઓ આવતાતાને છેલ્લા મંદવાડમાં હું ત્યાં ગ્યો'તો અમદાવાદ ત્યાં રહેતાતા ને ત્યાં ગયા'તાં. બોર્ડિંગમાં ડેલો હતો ને અંદર ગયા'તા, ગુજરી ગયા'તા, બહુ સારુ લખ્યું છે. આ સમાધિતંત્ર વાંચુ છું ને જ્યારે ત્યારે એને સાંભળ્યું તું પણ એ તો પછી ભાઈનું હશે નહિં શીતલપ્રસાદનું તે દિ' એ બીજું ક્યાં હતું ? નહિં શીતલપ્રસાદનુ વાંચ્યુ તું. તે દિ' ક્યાંક લખ્યું'તું હું હાજર હતો ત્યારે અમે વાંચ્યું છે તેથી આમ અમને સમજાણું એ બધું લખ્યું છે. એ રીતે શ્રી પૂજ્યપાદ આચાર્ય, પૂજ્યપાદ મુનિ, દિગંબરસંત, આનંદ નામ આનંદમાં કેલિ કરનારા હતાં. આ સંત એને કહીએ, આ પાંચ મહાવ્રત પાળે ને ઢીકણું કરે ને એ સાધુ નથી, બાપા તને ખબર નથી. જે આત્માના આનંદના સ્વરૂપનું સાધન કરે તે સાધુ. આહાહા ! એ આ મુનિ આનંદના સાધનમાં હતા. એવા પૂજ્યપાદ આચાર્યે આહાહા ! એવા સંત ક્યાં છે ? આહાહા ! કોને સંત કહેવા એની ખબરેય ક્યાં છે જગતને ? આ રીતે. આહાહા ! સમ્યગ્દર્શન વિનાના દ્રવ્યલિંગો બધા બહારનાં બધા રખડવાના રસ્તા છે. સમજાણું કાંઈ ?

૩ – ત્રિધા – ત્રણ પ્રકારે

આગમ, યુક્તિ અને અનુભવથી આત્માનું શુદ્ધ સ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા કરી છે. લ્યો! આત્માના વળી કેટલા ભેદ છે? હવે આત્મા બતાવવાનો છે ને? તે આત્માના ભેદ કેટલાં. કયા પ્રકારના? જેથી વિવિક્ત આત્મા એમ વિશેષ કહ્યું છે? શું કહ્યું? વિવિક્ત એમ કહ્યું ને? રાગથી, શરીરથી ને કરમથી ભિન્ન એવા આત્માને હું કહીશ ત્યારે એ આત્માના પ્રકાર કેટલા છે કે તમે વિવિક્ત આત્માને કહો છો એમ કહે છે. સમજાણું કાંઈ? આત્માના વળી કેટલા ભેદ છે જેથી વિવિક્ત આત્મા એમ વિશેષ કહ્યું છે. હું એક આત્માને કહીશ. કેવા આત્માને? વિવિક્ત એટલે કે પુણ્ય પાપની ક્રિયાના રાગથી ભિન્ન અને દેહને શરીરથી ભિન્ન, કરમથી ભિન્ન શરીર, નોકર્મ ને કરમ, શરીર નોકર્મ, કરમ અને ભાવકરમ એ રાગદ્વેષ એટલે ભાવકર્મ. ત્રણેયથી ભિન્ન છે એ આત્માને હું કહીશ. સમજાણું? ત્યારે કે એના ભેદ કેટલા છે કે તમે આમ કહ્યું છે? અને એ આત્માના ભેદોમાં કોનું ગ્રહણ અને કોનો ત્યાગ કરવા યોગ્ય છે? આહાહા! એવી આશંકા કરી છે, આશંકા કરીને કહે છે. છેને પાઠ? **तत्र कृत: कस्य उपादानं** કોનું ગ્રહણ કરવું અને કોનો ત્યાગ કરવો? **इति आशंक्याह** આ એવી જાણવાની ઈચ્છા છે. શંકા એટલે તમારું ખોટું કહેવું એમ નહિં પણ મને સમજવા માટે આશંકા છે, કે તમે વિવિક્ત આત્મા કોને કહો છો? અને અંતરાત્માના કેટલા પ્રકાર છે કે તેમાં વિવિક્ત આત્માને તમે જણાવવા માંગો છો? ચોથી ગાથા. મોક્ષપ્રાભૃતમાં પણ નીચેથી ત્રણ લીટી છે.

**बहिरन्त: पर**, લ્યો ત્રણેય આવી ગયા ટૂંકામાં, આહાહા!

**कतिभेद: पुनरात्मा भवति? येन विविक्तमात्मानमिति विशेष उच्यते। तत्र कुत: कस्योपादानं कस्य वा त्याग: कर्तव्य इत्याशंक्याह -**

* **बहिरन्त: परश्चेति त्रिधात्मा सर्वदेहिषु ।**
**उपेयात्तत्र परमं मध्यौपायाद्बहिस्त्यजेत् ।। ४।।**

આત્મા ત્રિધા[3] સૌ દેહીમાં-બાહ્યાંતર-પરમાત્મ;
મધ્યોપાયે પરમને ગ્રહો, તજો બહિરાત્મ ।।૪।।

* तिपयारो सो अप्पा परमंतरबाहिरो हु देहिणं ।
तत्थ परो झाइज्जइ अंतोवाएण चयहि बहिरप्पा ।।

- मोक्षप्राभृते, कुन्दकुन्द: ।

૪. જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ કહે તે જ્ઞાનને (અથવા વચનને) ભૂતનૈગમનય (અથવા ભૂતપૂર્વપ્રજ્ઞાપન-નય કહે) છે જે ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ કહે તે જ્ઞાનને (અથવા વચનને) ભાવિનૈગમનય (અથવા ભાવિપ્રજ્ઞાપન-નય) કહે છે. (જુઓ : ગુ.મોક્ષશાસ્ત્ર-અ./સૂત્ર ૩૩)

**टीका** : बहिर्बहिरात्मा, अन्तः अन्तरात्मा, परश्च परमात्मा इति त्रिधा आत्मा त्रिप्रकार आत्मा। क्वा? सर्वदेहिषु सकलप्राणिषु । ननु अभव्येषु बहिरात्मन एव सम्भवात् कथं सर्वदेहिषु त्रिधात्मा स्यात? इत्यप्यनुपपन्नं, तत्रापि द्रव्यरूपतया त्रिधात्मसद्भावोपपत्तेः कथं पुनस्तत्र पंचज्ञानावरणान्युपपद्यन्ते? केवलज्ञानाद्याविर्भावसामग्री हि तत्र कदापि न भविष्यतित्यभव्यत्वं, न पुनः तद्योग्यद्रव्यस्याभावादिति । भव्यराश्यपेक्षया वा सर्वदेहिग्रहणं। आसन्नदूरदूरतरभव्येषु भव्यसमानअभव्येषु च सर्वेषु त्रिधाऽऽत्मा विधत इति। तर्हि सर्वज्ञे परमात्मन एव सद्भावाद्बहिरन्तरात्मनोरभावात्त्रिधात्मनो विरोध इत्यप्ययुक्तम । भूतपूर्वप्रज्ञापननयापेक्षया तत्र तद्विरोधासिद्धेः घृतघटवत्। यो हि सर्वज्ञावस्थायां परमात्मा सम्पन्नः स पूर्वबहिरात्मा अन्तरात्मा चासीदिति। घृतघटवदन्तरात्मनोऽपि बहिरात्मत्वं परमात्मत्वं च भूतभाविप्रज्ञापन – नयापेक्षया ध्ष्टव्यम् । तत्र कुतः कस्योपादानं कस्य वात्यागः कर्तव्य इत्याह – उपेयादिति। तत्र तेषु त्रिधात्मसु मध्ये उपेयात स्वीकुर्यात् । परमं परमात्मानं । कस्मात्? मध्योपायात् मध्योऽन्तरात्मा स एवोपायस्तस्मात् । तथा बहिः बहिरात्मानं मध्योपायादेव त्यजेत् ।।४।।

આત્માના વળી કેટલા ભેદ છે. જેથી વિવિક્ત આત્મા - એમ વિશેષ કહ્યું છે? અને એ આત્માના ભેદોમાં શા વડે કોનું ગ્રહણ અને કોનો ત્યાગ કરવા યોગ્ય છે? એવી આશંકા કરી કહે છે -

**અન્વયાર્થ** : (सर्वदेहिषु) સર્વ પ્રાણીઓમાં (बहिः) બહિરાત્મા, (अंतः) અંતરાત્મા (च परः) અને પરમાત્મા (इति) એમ (त्रिधा) ત્રણ પ્રકારે (आत्मा अस्ति) આત્મા છે. (तत्र) તેમાં (मध्योपायात) અંતરાત્માના ઉપાયદ્વારા (परमं) પરમાત્માને (उपेयात्) અંગીકાર કરવો જોઈએ અને (बहिः) બહિરાત્માને (त्यजेत) છોડવો જોઈએ.

**ટીકા** : બહિઃ એટલે બહિરાત્મા, અંતઃ એટલે અંતરાત્મા અને પરઃ એટલે પરમાત્મા - એમ ત્રિધા એટલે ત્રણ પ્રકારે આત્મા છે. તે (પ્રકારો) શામાં છે? સર્વ દેહીઓમાં-સકલ પ્રાણીઓમાં.

અભવ્યોમાં બહિરાત્માનો જ સંભવ હોવાથી સર્વ દેહીઓમાં ત્રણ પ્રકારનો આત્મા છે એમ કેવી રીતે હોઇ શકે?

એમ કહેવું પણ યોગ્ય નથી કારણકે ત્યાં પણ (અભવ્યમાં પણ) દ્રવ્યરૂપપણાથી ત્રણ પ્રકારના આત્માનો સદ્‌ભાવ ઘટે છે. વળી ત્યાં પાંચ જ્ઞાનાવરણ (કર્મો) ની ઉપપત્તિ કેવી રીતે ઘટી શકે? કેવલજ્ઞાનાદિના પ્રગટ થવારૂપ સામગ્રી જ તેમને કદાપિ થવાની નથી તેથી તેમનામાં અભવ્યપણું છે, પણ નહિં કે તદ્‌યોગ્ય દ્રવ્યના અભાવથી (અભવ્યપણુ છે); અથવા

ભવ્યરાશિની અપેક્ષાએ સર્વ દેહીઓનું ગ્રહણ સમજવું. આસન્ન ભવ્ય, દૂર ભવ્ય, દૂરતર ભવ્યમાં તથા અભવ્ય જેવા ભવ્યોમાં - સર્વેમાં ત્રણ પ્રકારનો આત્મા છે.

તો સર્વજ્ઞમાં પરમાત્માનો જે સદ્‌ભાવ હોવાથી અને (તેમાં) બહિરાત્માનો અને અંતરાત્માનો અસદ્‌ભાવ હોવાથી તેમાં (સિદ્ધમાં) ત્રણ પ્રકારના આત્માનો વિરોધ આવશે ?

એમ કહેવું પણ યોગ્ય નથી કારણકે ભૂતપૂર્વ[૪] પ્રજ્ઞાપન-નયની અપેક્ષાએ તેમાં ધૃતઘટવત્ તે વિરોધની અસિદ્ધિ છે (તેમાં વિરોધ આવતો નથી). જે સર્વજ્ઞ અવસ્થામાં પરમાત્મા થયા તે પૂર્વે બહિરાત્મા તથા અંતરાત્મા હતા.

ધૃતઘટની જેમ ભૂત-ભાવિ પ્રજ્ઞાપન-નયની અપેક્ષાએ અંતરાત્માને પણ બહિરાત્માપણું અને પરમાત્માપણું સમજવું.

એ ત્રણેમાંથી કોનું શા વડે ગ્રહણ કરવું કે કોનો ત્યાગ કરવો તે કહે છે. ગ્રહણ કરવું એટલે તેમાં તે ત્રણ પ્રકારના આત્માઓને વિષે પરમાત્માનો સ્વીકાર (ગ્રહણ) કરવો કેવી રીતે ? મધ્ય ઉપાયથી-મધ્ય એટલે અંતરાત્મા તે જ ઉપાય છે તે દ્વારા (પરમાત્માનું ગ્રહણ કરવું) તથા મધ્ય (અંતરાત્મારૂપ) ઉપાયથી જ બહિરાત્માનો ત્યાગ કરવો. (૪)

**ભાવાર્થ** : સર્વે જીવોમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા - એમ ત્રણ પ્રકારની અવસ્થાઓ હોય છે. તેમાં બહિરાત્માવસ્થા છોડવા યોગ્ય છે; અંતરાત્માવસ્થા, પરમાત્માપદની પ્રાપ્તિનું સાધન છે માટે તે પ્રગટ કરવા યોગ્ય છે અને પરમાત્માવસ્થા જે આત્માની સ્વાભાવિક પર વીતરાગી અવસ્થા છે તે સાધ્ય છે માટે તે પરમ ઉપાદેય (પ્રગટ કરવા યોગ્ય) છે.

**પ્રશ્ન** : સર્વ પ્રાણીઓમાં આત્માની ત્રણ અવસ્થાઓ છે એમ શ્લોકમાં કહ્યું છે પણ અભવ્યને તો એક બહિરાત્માવસ્થા જ સંભવિત છે, તો સર્વ પ્રાણીઓને આત્માની ત્રણ અવસ્થાઓ કેમ બની શકે ?

**ઉત્તર** : જે જીવ અજ્ઞાની બહિરાત્મા છે તેમાં પણ અંતરાત્મા અને પરમાત્મા થવાની શક્તિ છે. ભવ્ય અને અભવ્ય જીવોમાં પણ કેવલજ્ઞાનાદિરૂપ પરમાત્મશક્તિ છે. જો તે શક્તિ તેમનામાં ન હોય તો તેને પ્રગટ ન થવામાં નિમિત્તરૂપ કેવલજ્ઞાનાવરણાદિ કર્મ પણ ન હોવા જોઈએ પણ બહિરાત્માને (અભવ્યને પણ) કેવલજ્ઞાનાવરણાદિ કર્મ તો છે; તેથી સ્પષ્ટ છે કે બહિરાત્મામાં (ભવ્ય કે અભવ્યમાં) કેવલજ્ઞાનાદિ શક્તિપણે છે. અભવ્યને

તે શક્તિ પ્રગટ કરવા જેટલી યોગ્યતા નથી.

અનાદિથી બધા જીવોમાં કેવલજ્ઞાનાદિરૂપ પરમસ્વભાવ શક્તિરૂપે છે. તે સ્વભાવનાં શ્રદ્ધાજ્ઞાન કરી તેમાં લીન થાય તો તે કેવલજ્ઞાનાદિ શક્તિઓ પ્રગટ થઈ જાય અને કેવલજ્ઞાનાવરણાદિ કર્મો સ્વયં છૂટી જાય.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે -

'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય'

બધાય જીવો શક્તિપણે પરિપૂર્ણ સિદ્ધ ભગવાન જેવા છે પણ જે પોતાની ત્રિકાલ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સ્વભાવશક્તિને સમ્યક્ પ્રકારે સમજે, તેની પ્રતીત કરે અને તેમાં સ્થિરતા કરે, તે પરમાત્મદશા પ્રગટ કરી શકે.

વર્તમાનમાં જે ધર્મી અંતરાત્મા છે તેને પૂર્વે અજ્ઞાન દશામાં બહિરાત્મપણું હતું ને હવે અલ્પકાળમાં પરમાત્મપણું પ્રગટ થશે.

પરમાત્મપદને પ્રાપ્ત થયેલા શ્રી અરિહંત અને સિદ્ધ ભગવાનને પણ પૂર્વે બહિરાત્મદશા હતી. તેઓ પોતાની સ્વાભાવિક શક્તિની પ્રતીતિ કરી જે સમયે સ્વભાવસન્મુખ થયા તે સમયે તેમનું બહિરાત્મપણું ટળી ગયું અને અંતરાત્મદશા પ્રગટ થઈ અને પછી ઉગ્ર પુરુષાર્થ કરી સ્વભાવમાં લીન થઈ પરમાત્મા થયા.

એ રીતે, અપેક્ષાએ દરેક જીવમાં ત્રણ પ્રકારો લાગુ પડે એમ સમજવું.

## વિશેષ

## બહિરાત્મા

બાહ્ય શરીરાદિ, વિભાવ ભાવ તથા અપૂર્ણ દશાદિમાં જે આત્મબુદ્ધિ કરે છે અર્થાત્ તેની સાથે એકતાની બુદ્ધિ કરે છે તે બહિરાત્મા છે. તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી બહારમાં કાયા અને કષાયોમાં મારાપણું માને છે તેને ભાવકર્મ અને દ્રવ્યકર્મ સાથે એકતાબુદ્ધિ છે તેનાથી જ પોતાને લાભ-હાનિ માને છે. તે મિથ્યાદ્રષ્ટિ જીવ અનાદિકાલથી સંસારપરિભ્રમણનાં દુ:ખોથી પીડાય છે.

## અંતરાત્મા

જેને શરીરાદિથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન છે તે અંતરાત્મા છે. તેને સ્વ-પરનું ભેદજ્ઞાન છે. તેને એવો વિવેક વર્તે છે કે હું જ્ઞાન-દર્શનરૂપ છું, એક શાશ્વત

આત્મા જ મારો છે બાકીના સંયોગલક્ષણરૂપ અર્થાત્ વ્યવહારરૂપ જે ભાવો છે તે બધા મારાથી ભિન્ન છે-મારાથી બાહ્ય છે. આવો સમ્યગ્દ્રષ્ટિ આત્મા મોક્ષમાર્ગમાં સ્થિત છે.

### પરમાત્મા

જેણે અનંતજ્ઞાન-દર્શનાદિરૂપ ચૈતન્ય-શક્તિઓને પૂર્ણપણે વિકાસ કરી સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું છે તે પરમાત્મા છે.

---

## પ્રવચન – ૮

એનો અન્વયાર્થ કર્યો તે પહેલો અન્વયાર્થ કીધોને? સર્વ પ્રાણીઓમાં જગતના જે અનંત જીવો છે, નિગોદના અનંત જીવો બટાકા, શક્કકંદ, કંદમૂળ આહાહા! એક કણીમાં અસંખ્ય શરીર અને એ અસંખ્ય શરીરમાં એક એક શરીરમાં અનંત અનંત આત્મા. આ વીતરાગ મારગ સિવાય એ ક્યાંય આવી વાત છે નહીં. સમજાણું કાંઈ? કંદમૂળની કટકી એક બટાકા, શક્કરકંદની રાઈ જેટલો ટૂકડો, એ ટૂકડામાં તો અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી જે સિદ્ધ થયા અનંતા એથી અનંતગુણા એક શરીરમાં જીવ છે. આહાહા! આવું અસ્તિ સ્વરૂપ છે હોં! આ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે જોયું ને આ વસ્તુ સ્થિતિ છે એવા સર્વ પ્રાણીઓમાં **सर्वदेहिषु** શબ્દ છે ને? બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ 'ત્રિધા' ત્રણ પ્રકારે આત્મા છે, બધા આત્મામાં ત્રણ પ્રકારે છે. આહાહા!

બહિરાત્મા એ ત્રણ પ્રકારે છે, અંતરાત્મા એ ત્રણ પ્રકારે છે ને પરમાત્મા એ ત્રણ પ્રકારે છે. આહાહા! જેટલા જીવની રાશિ છે એ બધા અનંત બહિરાત્મા છે, અસંખ્ય અંતરાત્મા છે, અનંત પરમાત્મા છે પણ એ દરેક જીવને આ ત્રણેય લાગુ પડે છે કહે છે. બહિરાત્માપણું, અંતરાત્મપણું ને પરમાત્માપણું. ઓહોહો! આચાર્યની શૈલી, ગ્રંથ રચે તો ભિન્ન ભિન્ન ભાવથી આમ સ્પષ્ટ કર્યું છે. એ સર્વ પ્રાણીઓમાં તો સર્વપ્રાણીમાં કોણ પ્રાણી બાકી કોઈ રહ્યું? નિગોદના જીવ, પ્રત્યેક વનસ્પતિ, ત્રસ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય આવે છે કે નહીં? ઇરિયા વહિયામાં નથી આવતું? એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચૌરિંદિયા, પંચેદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા એ તો ઘડિયો હાંકે જાય. પણ શું છે? એ ભોગીભાઈ? તસ્સમિચ્છામિદુક્કડંમ જીવિયાઓ,

વવરોવિયા, તસ્સમિચ્છામિદુક્કડં ! શું પણ જીવને ? કોને જીવ કહેવું ? આહાહા ! સમજાણું કાંઇ ? ઓલા તસ્સ ઉત્તરી બોલે જાય તાવ, કાયં, ઠાણેણં, મોણેણં, અપ્પાણં વોસિરામી, આત્માને વોસરાવો.પણ કયો આત્મા ? કોને વસાવવું, કોને રાખવું, કોને પ્રગટ કરવું ? હેં ?

**શ્રોતા :** એ વિષય ચાલતો જ નથી ......

**પૂ. ગુરુદેવ :** ચાલતો નથી એ વાત સાચી છે. આહાહા ! એ વિષય તત્ત્વનો વિષય, વાસ્તવિક સ્વરૂપ જેમાંથી સત્ય પ્રાપ્ત થાય એ વાત જ બધી ઉંધે રસ્તે ચઢી ગઈ - આહાહા !

આચાર્ય મહારાજ કહે છે કે સર્વ આત્માઓમાં બહિરાત્મા - મિથ્યાદ્રષ્ટિપણું, અંતરાત્મા-સાધકપણું, પરમાત્મા-પૂરણદશા પ્રાપ્ત જીવ. દરેક આત્મામાં ત્રણેય લાગુ પડે છે કહે છે. એમ ત્રણ પ્રકારે આત્મા છે, તેમાં मध्योपायेन મધ્ય કીધું ને ? અંતઃ, બહિઅંતઃ પર અંતઃ, મધ્ય થયું. અંતરાત્માનાં ઉપાય દ્વારા આહાહા ! પૂર્ણાનંદ સ્વરૂપ એની સન્મુખની દ્રષ્ટિ જ્ઞાનને સ્થિરતા દ્વારા, પરમાત્માને અંગીકાર કરવો જોઇએ. આહાહા ! પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ ચૈતન્યનું અસ્તિત્વ છે એનો આશ્રય કરીને એ ઉપાય દ્વારા પરમાત્માને અંગીકાર કરવો જોઇએ.

પૂરણ પરમાત્માદશાને પ્રગટ કરવી જોઇએ અને બહિરાત્માને છોડવો જોઇએ. આહાહા ! જુઓ ભાષા. અંતરાત્માદ્વારા અંતરાત્મા એટલે કે રાગને શરીરથી ભિન્ન પ્રભુ એવી જે અંતર વસ્તુ છે એવા અંતરાત્માના અનુભવ દ્વારા. આહાહા ! સમજાણું કાંઇ ? અંતરાત્મા જે અંદરમાં સ્વભાવરૂપ વસ્તુ છે એના ઉપાય દ્વારા એમ કહ્યું ને ? આહાહા ! ગ્રંથ ભિન્ન ભિન્નમાં વસ્તુ ભિન્ન ભિન્ન, મીઠી જળ લાગે એવી છે હોં ? અંતઃ મધ્ય નામ અંતઃ બહિરાત્મા, પરમાત્મા ને મધ્યમાં અંતરાત્મા. જે અંતર વસ્તુ છે શુદ્ધ ચૈતન આનંદઘન, રાગને વિકલ્પને શરીરને કરમ વિનાની ચીજ એને પકડતાં એના ઉપાય દ્વારા પરમાત્માને પ્રગટ કરવો અને બહિરાત્માને છોડવો. એ કઇ રીતે છે ?

ઇ વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૯

## શ્લોક – ૪

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૧૯.૧૨.૭૪**

**कतिभेद: पुनरात्मा भवति ? येन विविक्तमात्मानमिति विशेष उच्यते। तत्र कुत: कस्योपादानं कस्य वा त्याग: कर्तव्य इत्याशंक्याह -**

* **बहिरन्त: परश्चेति त्रिधात्मा सर्वदेहिषु ।**
**उपेयात्तत्र परमं मध्यौपायाद्बहिस्त्यजेत् ।। ४।।**

આત્મા ત્રિધા[1] સૌ દેહીમાં-બાહ્યાંતર-પરમાત્મ;
મધ્યોપાયે પરમને ગ્રહો, તજો બહિરાત્મ ।।૪ ।।

* तिपयारो सो अप्पा परमंतरबाहिरो हु देहिणं ।
तत्थ परो झाइज्जइ अंतोवाएण चयहि बहिरप्पा ।। - मोक्षप्राभृते, कुन्दकुन्द: ।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

---

૧ – ત્રિધા – ત્રણ પ્રકારે

**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....**

આ સમાધિતંત્ર ચોથી ગાથા એની **ટીકા** : बहि: એટલે બહિરાત્મા પહેલો શબ્દાર્થ કરે છે. अंत: એટલે અંતરાત્મા અને पर: એટલે પરમાત્મા ! ત્રણ શબ્દ ટુંકા હતાં બહિઃ અન્તઃ પરઃ બસ. એમ ત્રિધા એટલે ત્રણ પ્રકારે આત્મા છે તે શેમાં છે ? સર્વ દેહીઓમાં - સર્વ પ્રાણીઓમાં. બધા જીવોમાં ત્રણ પ્રકારના આત્મા છે.

**શ્રોતા** : ત્રણે કાળે ?

**પૂ. ગુરુદેવ** : ત્રણે કાળે કઈ રીતે હવે ઈ વાત કરશે.

અભવ્યોમાં બહિરાત્મા જ સંભવ હોવાથી તમે વળી (કોણ બોલે છે) સમજાણું કાંઈ ? અભવ્યોમાં બહિરાત્માનો જ સંભવ હોવાથી શિષ્યનો પ્રશ્ન છે ! તમે તો બધામાં ત્રણ આત્મા કહ્યા. અભવીમાંય ત્રણ, પરમાત્મામાંય ત્રણ, અંતરાત્માંય ત્રણ આહાહા ! સર્વ દેહીઓમાં ત્રણ પ્રકારનો આત્મા છે એમ કેવી રીતે હોઈ શકે ? આ શિષ્યનો પ્રશ્ન છે. એમ કહેવું પણ યોગ્ય નથી. તારી વાત એ વ્યાજબી નથી કારણ અભવ્યમાં પણ દ્રવ્યરૂપપણાથી ત્રણ પ્રકારના આત્માનો સદ્ભાવ ઘટે છે. દ્રવ્યરૂપ પણાથી એનું જે દ્રવ્ય છે ને અભવીનું એ તો એકલું કેવળજ્ઞાનમય પરમાત્મા સ્વરૂપ છે. સમજાણું કાંઈ ?

દ્રવ્યરૂપપણાથી ત્રણ પ્રકારના આત્માનો સદ્ભાવ ઘટે છે. જુઓ આ ન્યાય આપ્યો. આ પ્રશ્ન પંચ્યાસીમાં (૮૫ માં) થયો તો મોટો. કહ્યું ને ન્યાં વઢવાણ મોહનલાલજી હતાં ને ? લીંબડી સંપ્રદાયનાં મોહનલાલજી એ કહે છે કે અભવિમાં કેવળજ્ઞાન એને ત્રણ જ આવરણ હોય, મતિઆવરણ, શ્રુતાવરણ, અવધિઆવરણ બસ, મન:પર્યય અને કેવળજ્ઞાન (આવરણ) ના હોય કેમકે એને પ્રગટ થતાં નથી માટે ના હોય. એ પ્રશ્ન થયો'તો, પંચ્યાસી, કીધું વાત ખોટી છે. અભવીનેય પાંચ આવરણ છે, મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ ને મન:પર્યય (આવરણ) ને કેવળજ્ઞાનાવરણ છે, તો કેવળજ્ઞાનાવરણ છે, તો આ કેવળજ્ઞાન છે તો કેવળજ્ઞાનાવરણ છે, અંદર કેવળજ્ઞાન શક્તિ છે. અભવીનેય શક્તિ છે. સમજાણું કાંઈ ? એ વાત આણે લીધી. અહીંયા સાંભળી'તીને બધી એને.

આ સમાધિતંત્ર અહીં સાંભળી ગયા'તા આ છોટાભાઈ, એમાંથી લખ્યું છે પછી કેમ કે પાંચ કર્મોની ઉપપતિ કેવી રીતે ઘટી શકે? કેવળજ્ઞાન આદિના પ્રગટ થવા રૂપ સામગ્રી તેમને કદાપિ થવાની નથી, અભવીને. સમજાણું? ત્યાં પાંચ જ્ઞાનાવરણાદિની ઉપપત્તિ કેવી રીતે ઘટી શકે? કેવળજ્ઞાનાદિ પ્રગટ થવા રૂપ સામગ્રી તો તેને કદાપિ થવાની નથી, તેથી તેનામાં અભવ્યપણું છે, પણ નહિ કે તદ્‌યોગ્ય દ્રવ્યના અભાવથી અભવ્યપણું છે. શું કીધું ઈ સમજાણું? પાંચ આવરણની આ વસ્તુ છે. નહીં તો પાંચ આવરણ સિદ્ધ થઈ શકશે નહીં, અંદર શક્તિ કેવળજ્ઞાનની મન:પર્યાયની બધી છે. આહાહા! કેવળજ્ઞાન પ્રગટ થવા રૂપ સામગ્રી કદાપિ થવાની નથી તેથી તેમનામાં અભવીપણું છે પણ એમ નથી, તદ્‌યોગ્ય દ્રવ્યના અભાવથી અભવીપણું છે અથવા ભવ્યરાશિની અપેક્ષાએ સર્વે દેહીઓનું ગ્રહણ સમજવું. તદ્‌યોગ્ય દ્રવ્યનો અભાવ એટલે અભવ્યપણું છે, તે એનો દ્રવ્યનો અભાવથી અભવ્યપણું છે એમ નથી. દ્રવ્યપણું તો છે એનું બરાબર! સમજાણું? ભવ્ય રાશિની અપેક્ષાએ સર્વ દેહીઓનું ગ્રહણ સમજવું. આસન્નભવ્ય, દૂરભવ્ય, દૂરતર ભવ્યમાં અભવ્યની જેવા, ભવ્યોમાં, સર્વમાં ત્રણ પ્રકારનો આત્મા છે. આંહી તો કહે ત્રણેય પ્રકારનો બધામાં આત્મા છે. આહાહા! પોતે દાખલો આપ્યો છે ને તે દિ' કહ્યું હતું.

સર્વ જીવ છે સિદ્ધસમ આવે છે ને દાખલો? બધા જીવો સિદ્ધ જેવા છે અભવી પણ સિદ્ધ જેવા જ છે પણ પ્રગટ કરવાની પર્યાયમાં લાયકાત નથી સમજાણું? આહાહા! દ્રવ્ય સ્વભાવ એનું સત્ત્વપણું તો કેવળજ્ઞાનમય છે. આહાહા! એને કેવળજ્ઞાનાવરણી નું નિમિત્ત આવરણ કહેવામાં આવે છે. કેવળજ્ઞાનાવરણી ન હોય તો તો કેવળજ્ઞાન ન હોય. હેં? કેવળજ્ઞાનાવરણી છે તો તેનો અર્થ શું થયો? તો શક્તિ સ્વભાવ કેવળદર્શન-જ્ઞાન પૂરણ થવાને લાયક છે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા! સર્વેમાં ત્રણ પ્રકારનો આત્મા છે. તો કહે છે કે સર્વજ્ઞમાં પરમાત્માનો સદ્‌ભાવ હોવાથી તેમાં બહિરાત્મા અને અંતરાત્માનો અસદ્‌ભાવ હોવાથી તેમાં ત્રણ પ્રકારના આત્માનો વિરોધ આવશે. એણે કાઢયું આ પછી. અભવીમાં તો બતાવ્યું ભાઈ, એ તો ત્રણ પ્રકારનો છે! એમાં કેવળજ્ઞાનાવરણી પણ છે માટે કેવળજ્ઞાન છે. આહાહા!

આત્મા એટલે 'જ્ઞ' સ્વભાવ અને 'જ્ઞ' સ્વભાવ એટલે પૂરણસ્વભાવ સમજાણું કાંઈ? આત્મા એટલે 'જ્ઞ' સ્વભાવ 'જ્ઞ' સ્વભાવ એટલે સર્વજ્ઞ સ્વભાવ. સર્વજ્ઞ સ્વભાવ એટલે પૂરણ સ્વભાવ. એને અહીંયા આત્મા કહીએ, એને અંદર કેવળજ્ઞાનનું આવરણ છે. તો અંદર કેવળજ્ઞાન છે પરિપૂર્ણ સર્વજ્ઞ શક્તિ છે આખી. અભવીમાં પણ, સર્વજ્ઞ શક્તિ છે.

વાત બેસવી કઠણ પડે! વસ્તુ છે ને! પર્યાયમાં પ્રગટ થવાની લાયકાત ભલે ન હો! પણ એ આત્મા છે ને? અભવીનો પણ આત્મા છે ને? આહાહા! એ કેવળજ્ઞાનમય જ છે પૂરણજ્ઞાનમય જ છે માટે એને પણ પરમાત્માપણું ઘટે છે. પરમાત્મા થવા લાયક પર્યાય ભલે ન હોય પણ પરમાત્મા સ્વરૂપે જ છે. આહાહા! સમજાણું કાંઈ? આવો આત્માનો એને વિશ્વાસ આવવો (જોઈએ) એ અભવીને એનો વિશ્વાસ આવતો નથી વસ્તુ છે. સમજાણું કાંઈ?

ભવ્યને દૂરભવ્યને એનો વિશ્વાસ આવે છે એથી અંતરાત્મા થઈ અને પરમાત્મા થઈ શકે છે. એમ કીધું છે ને? જુઓ! उपायोत्र उपेयात्तत्र અંતરાત્મા એ ઉપાય છે. બહિરાત્માને ત્યજીને પરમાત્માને પ્રગટ કરવો છે ને? मध्योपायाद्बहिस्त्यजेत् આહાહા! उपेयात्तत्र परमं આહાહા! પણ અંદર પરમ પરમાત્મા થવાની શક્તિ છે! તો પર્યાયમાં પરમાત્મા થાય છે. આહાહા! એ પરમાત્મા સ્વરૂપે અંતરાત્મા છે, એની અંતર દ્રષ્ટિ અનુભવ કરતાં એ અંતરાત્મા થાય છે અને એ અંતરાત્મા દ્વારા, અંતર આત્મા મધ્ય છે એ દ્વારા પરમાત્માને પ્રગટ કરવો અને બહિરાત્માને છોડવો. આ વાત કીધી ત્રણમાં જુઓ. આહા! સમજાણું કાંઈ?

કે સર્વજ્ઞમાં ક્યાં આ લાગુ પડે કહે છે. સર્વજ્ઞમાં ક્યાં છે બહિરાત્માને અંતરાત્મા? તમે અભવીમાં તો ઠરાવ્યું. આહાહા! સમજાણું કાંઈ? અંતરાય હોય તેમાં ત્રણ પ્રકારના આત્માનો વિરોધ આવશે. આહાહા! એમ કહેવું પણ યોગ્ય નથી. કારણ કે ભૂતપૂર્વ પ્રજ્ઞાપનનયની અપેક્ષાએ ભૂતકાળની દ્રષ્ટિએ તેને વર્તમાનવત્ કહે તે જ્ઞાનને ને વચનને ભૂતનૈગમ કહે છે. ગયા કાળની અપેક્ષાએ પરમાત્માને પણ ભૂતનૈગમની અપેક્ષાએ પરમાત્માને પણ વર્તમાનમાં બહિરાત્મા કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : આનું શું કામ છે, આમ કહેવામાં આવે છે ને આમ કહેવામાં નથી આવતું?

પૂ. ગુરુદેવ : આંહી એનું કામ છે! વસ્તુનો સ્વભાવ પૂરણ હોવા છતાં એને અટકેલી બહિરને પોતાનું માને છે એને અંતરનું પોતાનું પૂરણ સ્વરૂપ માનીને પૂરણ પ્રગટ કરવાની એની યોગ્યતા છે તો પ્રગટ કરે એ માટે એમ કહ્યું છે! સમજાણું કાંઈ?

પાઠ જ ઈ છે ને જુઓને ગાથા ચોથી. **बहिरन्त:पर:त्रिधात्मा सर्वदेहिषु** છે उपेयात्तत्र परमं એનો ઉપાય કરીને પરમં મધ્ય ઉપાય દ્વારા પરમપદ પ્રગટ કરવું ને बहिर त्यजे એકને છોડવું ને એકને ગ્રહવું અંતરાત્મા દ્વારા. આહાહા! અલૌકિક વાત છે. આ દિગંબર સંતોની વાતું! આહાહા! સમજાણું કાંઈ? એને પૂરણ, પૂરણ સ્વરૂપ છે તેમ

પ્રતીત કરાવે છે, અને પૂરણ સ્વરૂપ પ્રગટ ન કરે તો પણ એ પૂરણ સ્વરૂપે છે પરમાત્મ સ્વરૂપ જ છે. આહાહા! સમજાણું કાંઈ? અને તેને પ્રગટ કરવા માટે, ઉપાય પણ આ, અંતરાત્મા, મધ્ય ઉપાય મધ્ય અંતરાત્મા તે ઉપાય. કોઈ વહેવારની ક્રિયા ઉપાય એમ નથી કહ્યું ત્યાં. આહાહા! સમજાણું કાંઈ? એમ બધાય આત્માને એમ કહે છે.

ભગવાન, તું ભલે વર્તમાન બહિરાત્મા હો પણ તારો સ્વભાવ તો પરમાત્મા છે. અને એ પરમાત્મા ને પ્રતીત કરી ને અનુભવવો એ અંતરાત્મા છે એટલે કે અંતર જે સ્વભાવ હતો એને પૂરણ અનુભવ્યો. આહાહા! અને એ અંતરાત્મા દ્વારા પરમાત્માપણું પ્રગટ થાય છે. આ એના સિધ્ધાંત છે. આહાહા! અભવીને પણ પરમાત્મ શક્તિ છે તો એનેય ત્રણ આત્મા કહેવાય. ભલે વર્તમાનમાં બહિરાત્મા છે પર્યાયે, વસ્તુએ પરમાત્મા છે. અંતરાત્મા પણ પોતે છે. આહાહા! એ પર્યાયમાં પ્રગટ કરવાની લાયકાત એ રાખતો નથી. એથી કાંઈ વસ્તુનું સ્વરૂપ ચાલ્યું જાય? એમ કહે છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આ મોટી ચર્ચા થઈ'તી પંચ્યાસીમાં મોહનલાલજી, એ શું કહેવાય મોહનમાળા, મોહનમાળા નામનો ગ્રંથ રચ્યો છે. ગ્રંથ છે અમને એ એ ૮૦ની સાલમા મોકલ્યુ'તુ છે ત્યાં. રાજકોટ ચોમાસું હતું ત્યારે બનાવ્યુ'તુ અમને એ ત્યાં મોકલ્યું'તું, સન ૮૦માં રાજકોટ.

એમાં આ લખેલું કે અભવીને ત્રણ આવરણ હોય મતિ, શ્રુત અને અવધિ આહાહા! એટલે એ વાંચેલું, એટલે ત્યાં મળ્યા પછી પંચ્યાસીમાં વઢવાણના અપાસરામાં સુંદરવોરાના અપાસરામાં મણીલાલજીને બધા હતાં. મેં કીધું આ ખોટી વાત છે તમારી, કે હેં અભવીને હોય એવું? સાંભળ, મણીલાલજી હતા ને મણીલાલજી એ જરી એવા હતાં, કાનજી સ્વામી કહે છે એ સાંભળો, સામું ન બોલો! તમે લખ્યું માટે સિધ્ધ કરવું એમ નહીં આ કહે છે એ સાંભળો, મણીલાલજી હતાં ને મણીલાલજીને એવું હતું થોડું, કે તમે કાનજીમુનિને સાંભળો, એમ ન માનો કે એ નાના છે ને આ ૫૦ વરસની તમારી દીક્ષા છે ને એ શું કહે છે એ! ઘડીયાળી, ઓળખતાં'તાં કે નહીં મોહનલાલજીને નહીં, સુંદરવોરાના અપાસરે મણીલાલજી ને મોહનલાલજી હતા ને? નહિં, કીધું આત્મા અભવીને પણ કેવળજ્ઞાન છે, માટે એને પાંચ આવરણ છે, એ આવરણ ને ટાળી શકતો નથી તેથી કરીને કેવળજ્ઞાન સ્વભાવ છે, એકલો 'જ્ઞ' સ્વભાવ છે, એકલો જ્ઞાન સ્વભાવ છે એ એને કેમ નકાર કરાય? સમજાણું કાંઈ? એણે ચોપડીમાં છાપી દીધું છે મોહનલાલજીએ પછી વાત એમ થઈ મણીલાલજી કે વાત સાચી ભાઈ લાગે છે. આહા હેં? વાત તો સાચી છે મેં કીધું એમ નહીં, ભગવાન સર્વજ્ઞ સ્વરૂપી જ છે કીધું આત્મા બધા.

સર્વજ્ઞ શક્તિ, શક્તિ એનું સત્વ એનું તત્વ જ એવું છે, એની હૈયાતી સર્વજ્ઞ, જ્ઞાન સ્વભાવે પરિપૂર્ણ એ જ એની હૈયાતી છે, પર્યાયમાં પ્રગટ થાય ન થાય એનો પ્રશ્ન આહીં નથી. કીધુ સમજાણું કાંઈ? આહાહા! એ આંહી વિશ્વાસ કરાવે છે એનો તું ને વર્તમાનમાં અલ્પજ્ઞતા હોવાં છતાં, અને તું રાગ ને અલ્પજ્ઞપણાને જ માનતો હોવા છતાં અલ્પજ્ઞપણું ને રાગ તે હું એટલું માનવું એ તો બહિરાત્મા છે કેમ કે જ્ઞાનની અવસ્થા બહિર પ્રગટેલી છે અંશ એને માનવું કે હું છું આખો તે બહિરાત્મા છે. આહાહા! અને અંતરમાં સર્વજ્ઞ શક્તિ પડી છે આખી. એકલો જ્ઞાન સ્વભાવ છે એ પરિપૂર્ણ જ છે, વિપરીત નથી અપૂર્ણ નથી એવો જ એનો સ્વભાવ અનંત આત્માઓનો છે. ભલે અભવી અનંતકાળે કોઈ દિ મોક્ષ ન જાય, પણ પોતાનું સ્વરૂપ તો સર્વજ્ઞ પરમાત્મા છે. આહાહા! સમજાણું કાંઈ?

ત્યારે કહે છે સર્વજ્ઞને કઈ રીતે કહેશો હવે તમે આંહી તો ઠરાવ્યું એ કહેવું યોગ્ય નથી કારણ પૂર્વમાં એમને બહિરાત્મપણું વર્તતું હતું એને ભૂતનૈગમનય નામ ગયાકાળની અપેક્ષાએ વર્તમાનમાં કહેવામાં (આવે) એ જાતની શક્તિ વર્તમાન પ્રગટેલી છે, અને પ્રગટી નહોતી ત્યારે એ જે દશા હતી, એનું અસ્તિત્વ સિધ્ધ કરે છે. આહાહા! સમજાણું કાંઈ? એ શક્તિ સર્વજ્ઞ પરમાત્મા અરિહંત થયા એ કાળે એ બહિરાત્મપણું ભલે નથી પણ પૂર્વે હતું એ બધી પર્યાયનો આંખો પિંડ થઈને આત્મા છે સમજાણું કાંઈ ? એથી અહીં સર્વજ્ઞ શક્તિ ભલે પ્રગટી ન હોય અભવીને અને આમને પ્રગટેલી છે, છતાં એને પૂર્વનું બહિરાત્મપણું ગયાકાળની નયની અપેક્ષાએ લાગુ પડે છે. એ દાખલો આપ્યો છે ને જુઓ ને!

ઘૃતઘટવત્ વિરોધની અસિદ્ધિ છે. ઘીનો ઘડો, અત્યારે ભલે ઘડામાં ઘી ન હોય પણ ઘીનો ઘડો એમ કહેવામાં આવે ને ગયા કાળની અપેક્ષાએ, હેં? તેમાં વિરોધ આવતો નથી જે સર્વજ્ઞ અવસ્થામાં પરમાત્મા થયા. આહાહા! સર્વજ્ઞ અવસ્થામાં પરમાત્મા થયા એમ કીધું ને? અવસ્થામાં દશામાં પરમાત્મા થયા તે પૂર્વે બહિરાત્મા ને અંતરાત્મામાં હતાં સમજાણું કાંઈ? આહાહા! એ પણ પૂર્વે શક્તિરૂપે પરમાત્મા હતા પણ પર્યાયમાં બહિરાત્મા હતાં. આહાહા! વર્તમાનમાં પરમાત્મદશા અવસ્થાએ છે અને પૂર્વે બહિરાત્મદશા અવસ્થાથી હતી. એ ભૂત નૈગમની અપેક્ષાએ વર્તમાનમાં બહિરાત્મા કહેવામાં આવે છે. આહાહા! એની દ્રષ્ટિ લંબાવીને ત્રણ કાળનું તત્વ ભેગું કરે છે. આહાહા! સમજાણું કાંઈ?

અને અંતરાત્માય હતાં પૂર્વે. આહાહા! સાધક અવસ્થામાં અંતરાત્મા હતાં, તો એ પર્યાય ગયા કાળની અવસ્થાને વર્તમાનવત્ કહેવાય. રાજાનો કુંવર રાજ્ય

ભ્રષ્ટ કર્યો પણ ગયા કાળની અપેક્ષાએ એને રાજાનો કુંવર કહેવાય વર્તમાનમાં. હેં. રાજકુમાર છે, રાજકુંવર છે, એમ કહેવાય છે ને એમ ભગવાન આત્મા પૂર્વે બહિરાત્મા હતો એને છોડી દઈ, અંતરાત્માને પ્રગટ કરી, પૂરણ સ્વરૂપ છું. આહાહા ! આવી વાતને અંદરમાં એને ઉતારે તો, આહાહા ! કેવળજ્ઞાનનો ઉપાય હાથ આવી જાય. હેં ! આહાહા !

આચાર્યો, દિગંબર સંતોની ગજબ વાતો બાપા ! પરંપરા અનાદિનો સનાતન સર્વજ્ઞ જિનેશ્વરનો મારગ, એ આ મારગમાં હતાં એ. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! પોપટભાઈ ! એ મારગ આ બહારથી આવ્યો છે હવે હાથ. હેં ? હવે એ અંતર ઉતારવો એ વાત છે. પાછી વાતેય એમ કહીને કે બહિરાત્માપણાના કાળમાં એનું અંતરાત્મપણું ને પરમાત્મપણું પણ અંદર છે. આહાહા ! અંતરાત્માના કાળમાં પૂર્વના બહિરાત્માની અવસ્થાને પૂર્વ નયથી પણ કહેવામાં વર્તમાનમાં આવે અને પરમાત્મા અવસ્થા અત્યારે નથી, પણ શક્તિમાં છે તેથી ભવિષ્યનયે તે પ્રગટ થશે જ ! આહીંતો એ લેવું છે ને ? હેં ? આહાહા ! હાં, ભાવિનયની અપેક્ષાએ, ઓલું ભૂતનયની. અરે ! એને વિશ્વાસ કેમ આવે ? સમજાણું કાંઈ ?

હું પોતે પરમાત્મા થવાને લાયક છું એમ નહીં, હું પરમાત્મા વર્તમાનમાં ભાવિનયની અપેક્ષાએ છું. આહાહા ! હેં ? આહાહા ! શ્રીમદ્દે કહ્યું છે ને કે કેવળજ્ઞાનની શ્રધ્ધાપણે પ્રગટ થયું છે, ઈચ્છાએ વર્તમાન વર્તે છે. આહાહા ! અમુક નયની અપેક્ષાએ એમ કીધું છે નિશ્ચયની અપેક્ષાએ વર્તમાનમાં મુખ્ય નયે છે. આહાહા ! બાપુ, એના ચૈતનની સત્તાનું સત્વ ક્ષેત્ર શરીર પ્રમાણે હોવા છતાં, લીંડી પીપરનો કદ નાનો હોવાં છતાં અને બહારમાં કાળી રંગે હોવા છતાં એની શક્તિ છે, એ તો રૂપિયે–રૂપિયો, એ તો અનંત રજકણનાં સ્કંધ છે, સ્કંધ છે. એની પણ શક્તિ એને અંદરમાં ચોસઠ પહોરી ભરેલી છે. આહાહા ! ચોસઠ પહોરો એટલે રૂપિયો, પૂરણ ભરેલી છે તો એ વર્તમાનમાં કાળી અને અલ્પ તીખાશ હોવા છતાં, ભાવિનયની અપેક્ષાએ વર્તમાનમાં ચોસઠ પહોરી છે એમ પણ કહેવાય. આહાહા ! અને ચોસઠ પહોરી જેને પ્રગટ થઈ ગઈ છે લીંડી પીપરમાંથી, એને વર્તમાનમાં પણ અલ્પ પહોરી છે એ પણ ભૂતનયની અપેક્ષાએ કહેવામાં આવે છે. આહાહા ! આહીં તો એને ભરોસે ચઢાવા છે. આહાહા ! આ મૂળ ચીજ છે આ !

સર્વજ્ઞ અવસ્થામાં પણ પરમાત્મા થયા તે પૂર્વે બહિરાત્મા ને અંતરાત્મા હતાં. આહાહા ! કોણ વિચાર કરે ? આહાહા ! ધૃતઘટની જેમ ભૂત ભાવિ પ્રજ્ઞાપનનયની અપેક્ષાએ દેખો ! નીચે છે ને ? ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ કહે. આજ ભગવાન મોક્ષ પધાર્યા એમ કહે કે નહિં ? હેં ? દિવાળીના દિવસે, આ પચ્ચીસો વરસ થયા ભગવાનને

દિવાળીના દિવસે કેટલું હિન્દુસ્તાનમાં, હોહોહો ! મહોત્સવ મહોત્સવ મહોત્સવ એ જાતનો એક શુભભાવ (હોય) બાકીની ક્રિયા તો બહારની થવાની હોય તે થાય, પણ એને ભગવાન અત્યારે જાણે છે, એમ લક્ષમાં રાખીને એ બધુ થવું જોઈએ. સમજાણું કાંઈ ? ભગવાન જુઓને પદમનંદી આચાર્ય સ્તુતિ કરે છે ત્યારે આ સમોવસરણમાં ભગવાન બિરાજે છે મોક્ષ પધાર્યા છે મહાવીર ભગવાન, પણ આ સમોવસરણમાં આ બેઠા પધાર્યા આ એની સ્તુતિ કરે છે આમ. આહાહા ! ભૂતકાળના નયને વર્તમાનમાં લગાડી દે છે એને. સમજાયું ? આહાહા !

આ ભગવાન સમોવસરણમાં ભગવાન બિરાજે છે. આ ભગવાનને ચોસઠ ઈન્દ્રો આમ કરે છે. આમ કરે છે. એ તો બહાર એ તો સમોવસરણ હતું ત્યારે હતું અત્યારે સિદ્ધમાં ક્યાં છે ઈ ? આ ચોવીસ તીર્થંકરો સિદ્ધ થઈ ગયા છે. પણ ગયાકાળની નયની વર્તમાનમાં લઈને આ ભગવાન સમોવસરણમાં બિરાજે છે, એની અમે પ્રત્યક્ષ સ્તુતિ કરીએ છીએ. સિદ્ધ થાય ત્યારે પરોક્ષ સ્તુતિ થાય છે. પંડિતજી ! સિદ્ધની પરોક્ષ સ્તુતિ છે અને સમોવસરણમાં સાક્ષાત્ બિરાજતા હોય ત્યારે તેની પ્રત્યક્ષ સ્તુતિ છે. તો આહીં મહાવીર અત્યારે નથી તોય પ્રત્યક્ષ સ્તુતિ છે એમ કહે છે ઈ ! સમજાણું કાંઈ ? આહાહા !

એ તો જ્ઞાનનો ભંડાર છે ભગવાન તો ! એને જ્ઞાનનાં બધા પડખાથી એને જાણી લેવો જોઈએ. એક જ વાત છે. આહાહા ! સમજાણું કાંઈ ? ઘૃતઘટની જેમ ભૂત અને ભાવિ બેય લીધુંને જુઓને ! ઓલામાં હતું ને ભૂતનેપૂર્વ પહેલાંમાં એ, હેં ? હા, ભૂત, નામ ગયો - પૂર્વ પ્રજ્ઞાપનનયની અપેક્ષાએ ઘૃતઘટની જેમ. એમ અહીંયા ઘૃતઘટની જેમ ભૂત ભાવિ પ્રજ્ઞાપન લેવું નયની અપેક્ષાએ અંતરાત્માને પણ. આહાહા ! જે ઘીનો ઘડો થયો નથી પણ થવાનો છે એને પણ ઘીનો ઘડો કહેવાય અને ઘીનો નીકળી ગયો અને ઘી વિનાનો ઘડો રહ્યો એને ઘીનો ઘડો કહેવાય. સમજાણું કાંઈ ? રાજાનો કુંવર ગાદીએ બેઠો નથી તો પણ એને રાજકુંવર કહેવાય અને એ કુમાર ત્યાંથી ભ્રષ્ટ થઈ જાય તો પણ એને રાજકુમાર કહેવાય આહાહા !

એમ ભગવાન આત્મામાં સર્વજ્ઞ પર્યાય પ્રગટ થઈ તે કાળે પણ પૂર્વનયની અપેક્ષાએ એને બહિરાત્મા ને અંતરાત્મા કહી શકાય છે. આહાહા ! એમ ધૃતઘટની જેમ ભૂત ને ભાવિ પ્રજ્ઞાપનનયની અપેક્ષાએ, ઓલા પરમાત્માને કહ્યું તું, આ અંતરાત્માને, બહિરાત્મપણું અને પરમાત્મપણું સમજવું. લ્યો. ઘૃતઘટની જેમ અંતરાત્મા ને પણ ભૂતકાળ હતું તેને, ભવિષ્યમાં થશે તેને ભૂત, ભવિષ્યમાં ઘટની જેમ, વર્તમાનમાં પોતે અંતરાત્મા હોવા છતાં, સમજાણું કાંઈ ? ઓલી પરમાત્માની વાત કરી આ અંતરાત્માની વાત. પૂર્વનું બહિરાત્મપણું

અત્યારે કહી શકાય ભવિષ્યમાં પરમાત્મા થાય એ પણ કહી શકાય. સમજાણું કાંઈ?

આ આવા આત્માની અંદર વસ્તુની સ્થિતિની પ્રતીત વિનાં, બધા જે ક્રિયાકાંડ કરે એને સમ્યગ્દર્શન વિના થોથાં છે. આહાહા! હેં? આવા ભરોસે જેને ચઢાવ્યો નથી ભગવાનને આહાહા! ભલે કહે છે કે વર્તમાનમાં અંતરાત્માપણું હોય આહાહા! છતાં ગયા કાળમાં બહિરાત્મપણાનો વર્તમાનમાં આરોપ કરીને. આહાહા! એનું અસ્તિત્વ હતું એને વર્તમાનમાં અસ્તિત્વ ઠરાવે છે. આહાહા! હેં? બહિરાત્માનું અસ્તિત્વ હતું પર્યાયમાં, એને વર્તમાનમાં ભૂતનયે અસ્તિત્વ ઠરાવે છે. આહાહા! ને અંતરાત્માને અલ્પકાળમાં પરમાત્મા થવાના જ છે એને ભાવિનયને વર્તમાનમાં કરીને અંતરાત્માને પણ પરમાત્મા કહેવાય છે. આહાહા.. જુઓ આ.

**શ્રોતા** : ધરમમાં આનું શું કામ છે, આમ કરે આમ કરે.

**પૂ. ગુરુદેવ** : હેં? આ ધરમ કરવો હોય તેને આવું કામ હોય. આહાહા! ધરમ એક નિર્મળ દશા છે તો એ નિર્મળ દશા પ્રગટી નથી તે પહેલાં એ અંદર હતું કે નહીં નિર્મળ પણું સમજાણું કાંઈ?

ધરમ એક નિર્મળ દશા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન–ચારિત્રની દશા તે ધરમ છે. હવે એ ધરમ કરનારને એ દશા પ્રગટી ત્યારે એના ખ્યાલમાં આવ્યું કે આ ધરમ દશાની શક્તિ મારામાં હતી એ પ્રગટી છે. સમજાણું કાંઈ? અને આ ધરમ દશા પ્રગટી છે એ અપૂર્ણ છે પર્યાયમાં અપૂરણ છે અને પૂરણ થવાની જ છે, એને વર્તમાનમાં કહી દે કે આ પરમાત્મા છે આ. આહાહા! સમજાણું કાંઈ? એને ભરોસે આવી ગઈ વાત કે હું અંતરાત્મા થયો, એ અલ્પકાળમાં હું પરમાત્મા થવાનો જ છું. હું તો વર્તમાનમાં પરમાત્મા છું, એમ ભાવિનયની અપેક્ષાએ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

આ તો ભાઈ જ્ઞાનના ગમમાં છે બધાં, એને સમજણમાં બધા લેવા પડે. આ બહારની પ્રવૃત્તિ ક્રિયાકાંડ આડે આખું ચૈતન્યતત્ત્વ જે રાગની ક્રિયા વિનાનું એકકોર પડી રહ્યું અને બધી વાત માંડી બહારની ધમાલની. સમજાણું કાંઈ? એ ત્રણેમાંથી કોનું શા માટે ગ્રહણ કરવું? અને કોનો ત્યાગ કરવો? પાઠમાં છે ને ઈ લે છે. ગ્રહણ કરવું એટલે તેમાં ત્રણ પ્રકારના આત્માઓને વિષે પરમાત્માનો સ્વીકાર કરવો. પાઠ છે ને મૂળમાં? એને લે છે. उपेयात्तत्र परमं ઉપાય પરમનો અંતર આ મધ્ય ઉપાય આત્મા, પરમને પ્રગટ કરવાનો મધ્ય ઉપાય આત્મા અને ત્યજવાનો બહિરાત્મા. આહાહા! ગ્રહણ કરવો એટલે

ત્રણ પ્રકારના આત્માને પરમાત્માનો સ્વીકાર કરવો. કેવી રીતે? મધ્ય ઉપાયથી પાછો એમ! પરમાત્મા પ્રગટેલો નથી અત્યારે, પણ પરમાત્માનો સ્વીકાર કે આ પરમ સ્વરૂપ શુધ્ધ જ્ઞાનઘન જ્ઞાયકભાવ પરિપૂર્ણ સ્વરૂપ એને મધ્ય ઉપાયથી અંતરાત્મા તે જ ઉપાય છે તે દ્વારા, આહાહા! અંતરમાં વસ્તુ જે છે અંતર સ્વરૂપ જે છે એ તો પરમાત્મસ્વરૂપ છે. એને દ્રષ્ટિ દ્વારા સ્વીકાર કરવો એ અંતરાત્મા છે. આહાહા! હેં? આહાહા! સમયસારની શૈલીથી આ બીજી શૈલી લાગે એટલે કાંઈ નવી છે એમ નથી. વસ્તુની સ્થિતિ આવી છે. સમજાણું કાંઈ?

અંતરાત્મા તે જ ઉપાય છે. ભગવાન આત્મા, પરમાત્મ સ્વરૂપ જ છું. એવું દ્રષ્ટિએ અને જ્ઞાને સ્વીકાર કર્યો ત્યારે તે અંતરાત્મા થયો. અને તે અંતરાત્મા દ્વારા આહાહા! પરમાત્માનું ગ્રહણ કરવું. અંતરાત્મા દ્વારા પરમાત્મા થવું. સમજાણું કાંઈ? પરમાત્માનું ગ્રહણ કરવું. ઓહોહો! પૂરણ સ્વરૂપને અનુભવમાં લઈને એ ઉપાય દ્વારા હું પૂરણ સ્વરૂપ છું એને આ ઉપાય દ્વારા પ્રગટ કરવાની શક્તિનું કારણ તે અંતરાત્મા છે. સમ્યગ્દર્શન-જ્ઞાનને ચારિત્રપણું એ અંતરાત્મા પર્યાયમાં એ પર્યાય દ્વારા કેવળજ્ઞાન પમાય છે. આહાહા! કહ્યું'તું ને પહેલું, 'પરમ કૈવલ્ય' એમ શબ્દ છે ને 'કૈવલ્ય' નામ કેવળજ્ઞાન અથવા અતીન્દ્રિય સુખ એનો જે અભિલાષી છે એને માટે આ કહેવામાં આવે છે એમ કહે છે. પહેલી ગાથામાં હતું ને? કૈવલ્ય. આહાહા! આત્માની પૂરણ દશા કૈવલ્ય. અને તેનો અતીન્દ્રિયઆનંદ સ્વભાવ એ જેને પ્રગટ કરવાની સ્પૃહા છે એ અતીન્દ્રિયઆનંદને કેવળજ્ઞાન પ્રગટ કરવાની જેની સ્પૃહા છે, આહાહા! એ શ્રોતા આવા હોય. આહાહા! એને હું આ વાત કરીશ. આહાહા! સમજાણું કાંઈ?

પાંચ ઈન્દ્રિયના વિષયો, બહાર પડવાની અભિલાષા કે પાંચે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, વિષયો આહાહા! એની જેને અભિલાષા છૂટી ગઈ છે. અને અતીન્દ્રિયઆનંદની 'કૈવલ્ય' ની જેને અભિલાષા છે. એને માટે મારું આ સમાધિતંત્ર છે કહે છે! સમજાણું કાંઈ? ભલે એ મિથ્યાદ્રષ્ટિ હો શ્રધ્ધામાં હજી, પણ એની જીજ્ઞાસામાં અતીન્દ્રિયઆનંદની વૃત્તિનો ભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? આરે! આવો મારગ! એ કરતાં પૃથ્વીકાયની દયા પાળવી હેં! એ ભોગીભાઈ, આ મળ્યું'તું કે નહીં તમને ન્યાં?

**શ્રોતા :** પોતે ત્રસજીવ છે ને પોતાની દયા કેમ પાળે?

**પૂ. ગુરુદેવ :** ઈ નહીં આ. પરજીવની દયા, અને એમાં પાછું કહે કે પરજીવની દયામાં સ્વજીવની દયા રહી છે વળી એમ કહે. આહાહા! એ તો વહેવારની અપેક્ષાએ વાત છે.

પરજીવની દયા નો વિકલ્પ છે એ તો હિંસા છે. આહાહા!

**શ્રોતા** : એતો પોતાની અપેક્ષાએ, બીજા તો જીવે છે ને?

**પૂ. ગુરુદેવ** : ધૂળેય જીવતો નથી. એ તો એનું આયુષ્ય હોય તો જીવે છે એણે જીવાડવાનો ભાવ કર્યો માટે ત્યાં જીવે છે એમ નથી. એના આયુષ્યની સ્થિતિ જ એને કારણે શરીર ને આત્માને રહેવાનું હતું તો એ રહ્યા છે. આ પરની દયા પાળવાનો ભાવ કર્યો માટે ત્યાં જીવ્યા છે. (એમ નથી) આહાહા!

પણ આ પૂરણ જીવન જે ચૈતન્યનું છે, પરમાત્મ સ્વરૂપનું જેનું ટકવું જીવન છે જીવનું એનું જેણે માન્યું નથી અને અલ્પજ્ઞ ને રાગ ને જ પોતાનો સ્વભાવ માનીને, છે? એને આત્માનું આખું જીવન છે એનો એણે નકાર કર્યો એનું નામ હિંસા છે. આહાહા! જીવનો અભાવ કર્યો ને એણે. હેં? પંડિતજી! એ હિંસા પણ એ આ કારણ એમ પોતાનું મહાસ્વરૂપ છે, પણ ચૈતન્ય સર્વજ્ઞ શક્તિ વાળું તત્ત્વ છે સર્વજ્ઞ 'જ્ઞ' સ્વભાવી એકલો 'જ્ઞ' સ્વભાવ જ તો 'જ્ઞ' સ્વભાવનો અર્થ કે એ પૂરણ 'જ્ઞ' સ્વભાવ એવું તત્ત્વ છે એવા તત્ત્વનો અનાદર કરી અને અલ્પજ્ઞ ને રાગને પોતાનો સ્વીકાર કરીને આદર કર્યો એણે જ ખરૂં તત્ત્વ છે આખું જેવું, એનો એણે જીવનનો નાશ કર્યો કે આ હું નહીં, આ નહીં. આહાહા! કો ચંદુભાઈ! આવી વાત છે આંહી આહાહા! અને જેણે ભગવાન પૂર્ણાનંદનો નાથ, જેની પર્યાયમાં સ્વીકાર, સત્કાર, આદર, ઉપાદેયપણું આવ્યું, એણે જીવને જેવો છે તેવો રાખ્યો, જીવતો રાખ્યો. આહાહા! સમજાણું કાંઈ?

આવું સ્વરૂપ છે લોકોને ભારે આકરું પડે હોં! ઓલાં વહેવારનાં રસિયા હોય ને એને આ પણ આ શું કહે છે? પર્યાયની વાત છે, પરમાત્મા પોતે જ વવહાર છે. આહાહા! પર્યાય એટલે વહેવાર છે, દ્રવ્ય એટલે નિશ્ચય છે. આહાહા! પરમાત્માનો સ્વીકાર ગ્રહણ કરવો એટલે કે મધ્ય ઉપાયથી એટલે કે અંતરાત્મા તે જ ઉપાય છે. આહાહા! પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન થયું એ અંતરાત્માપણું. વસ્તુ તો પરમાત્મા છે અંદર પણ એનો સ્વીકાર થયો ત્યારે એ અંતરાત્મા થયો પર્યાયમાં. વસ્તુમાં તો પરમાત્મા છે અને એ દ્વારા એણે પરમાત્મા પદને પ્રાપ્ત કર્યું. આહાહા!

આ વચ્ચે વહેવારથી થાયને, ઢીકણું થાય એ બધું ઉડાડી દીધું આંહી હેં! સોનગઢથી છપાયેલું આ દ્રવ્યસંગ્રહને બધામાં નથી? સમયસારમાંને! છપાયેલું ગમે એનું હોય શબ્દો કોના છે? આહાહા! મધ્ય ઉપાયથી અંતરાત્મા વડે પરમાત્માને પ્રાપ્ત કરવો. આહાહા! અને બહિરાત્માને છોડવો. એ રાગને વહેવાર રત્નત્રયના વિકલ્પો ને અલ્પજ્ઞ એ હું એવી જે

માન્યતા હતી એ છૂટી ગઈ. આહાહા! અને સર્વજ્ઞ ને પરિપૂર્ણ. આહાહા! વિકાર વિનાનો ને પૂરણ સ્વભાવવાળો. આહાહા! એના સ્વીકારની અનુભવ દ્રષ્ટિ દ્વારા એણે અંતરાત્મા એટલે મધ્ય આત્મા એ, એ દ્વારા પરમાત્માનું સાધન કરવું. પરમાત્માને પ્રગટ કરવો. આ વાત છે. આહાહા! સમજાણું કાંઈ? આરે આવો ઉપદેશ? સોનગઢને પાદર આંહી પાડા બેસતા ત્યાં આ વાત આવી. આ જમીનમાં તે દિ' દિશાએ જતાં આહીં, આહીં ખેતર હતું ને ખેતર હતું. આહાહા! ક્યાં ઈ ચીજને જે ક્ષેત્રને જે કાળે હેં? આહાહા! આહાહા!

**ભાવાર્થ** : સર્વ જીવોમાં બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા એમ ત્રણ પ્રકારની અવસ્થાઓ હોય છે. અવસ્થાની વાત છે ને ત્રણ? દ્રવ્ય ક્યાં? એની અવસ્થાના ત્રણ પ્રકાર છે, તેમાં બહિરાત્મા અવસ્થા છોડવાં યોગ્ય છે, રાગ ને અલ્પજ્ઞપણું તેટલો હું, એ દ્રષ્ટિ છોડવા જેવી છે. આહાહા! પર્યાયબુધ્ધિ છોડવા જેવી છે એનો અર્થ આ. એક અંશપણે જે પ્રગટ ક્ષયોપશમનો અંશ છે ત્યાં એની જે રૂચીને જામી છે એ બહિરાત્મા છે, ક્ષણિક પ્રગટ અંશ જેટલો છું પણ આખો અંતર સ્વભાવ છે એને એણે છોડી દીધો. હેં? આ વસ્તુ આહાહા! તેમાં બહિરાત્મા છોડવા યોગ્ય છે. અંતરાત્મા અવસ્થા પરમાત્મપદની પ્રાપ્તિનું સાધન છે. સાદી ભાષામાં પાછું કહ્યું. પૂરણ સિદ્ધપદ ને કેવળજ્ઞાનની પદવી દશા એને પ્રાપ્તિનું સાધન પૂર્ણાનંદ સ્વરૂપ છું, પર્યાયમાં પૂરણ ભલે પ્રગટ્યું નથી પણ પર્યાયે સ્વીકાર પૂરણતાનો કર્યો. હેં! આહાહા! અલ્પજ્ઞપર્યાયે પૂરણતાનો સ્વીકાર કર્યો એટલે પર્યાય હવે આમ ઢળી આ બાજુ. આહાહા! નહીંતર તો એ પર્યાય એ વહેવાર છે, હેં પણ એ વહેવાર ઢળ્યો દ્રવ્ય તરફ. આહાહા! સમજાણું કાંઈ?

અંતરાત્મા અવસ્થા પરમાત્મપદની પ્રાપ્તિનું સાધન છે, માટે તે પ્રગટ કરવા યોગ્ય છે એમ. પરમાત્મપદ અને પરમાત્મ અવસ્થા જે આત્માની સ્વભાવિક પરમ વીતરાગી અવસ્થા છે તે સાધ્ય છે, માટે તે ઉપાદેય પ્રગટ કરવા લાયક છે સ્વીકારવા લાયક છે ગ્રહણ કરવા લાયક છે. આહાહા! હા, એનાથી આ એ બધું છે. સમયસાર એણે વારંવાર વાંચેલું હોય એટલે એને યાદ હોય. વસ્તુની સ્થિતિ આ છે. ટૂંકી કહી છે આ તો, આ સમયસાર છે ને! આયે ભગવાન પાસે ગ્યા હતાં! હાં, પૂજ્યપાદ સ્વામી પરમાત્મા પાસે ગયા હતાં ત્યાં એવું લખ્યું છે. આહાહા!

**શ્રોતા** : ઉમા સ્વામી એ ગયા હતાં.

**પૂ. ગુરુદેવ** : હા! એય આવે છે. પણ આ તો ગ્યા'તાં ખાસ આવે છે! આહાહા! માટે તે પરમ ઉપાદેય પ્રગટ કરવા યોગ્ય છે. એમ કે આ કરતાં સમયસાર સહેલું એમ નથી.

સમયસારની રીતમાંય એ છે. સમજાણું કાંઈ? પર સમયને સ્વસમય કીધું લ્યો! બીજી જ ગાથામાં હેં?

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण!**

ભગવાન આત્મા પરમાત્મા સ્વરૂપે બિરાજમાન એ પોતે પોતાની સમ્યગ્દર્શન- જ્ઞાન–ચારિત્રમાં આવ્યો એમ કહેવું છે ત્યાં, આ આત્મા આમ ઠર્યો એમ કીધું છે, પર્યાય ન્યાં ઠરી એમ નહીં! આહાહા! એ અવસ્થા થી બતાવ્યું. ભગવાન આત્મા પૂરણ જ્ઞાન-દર્શન–આનંદસ્વરૂપ એ પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન–ચારિત્ર જે સ્વસમય છે એમાં ઠીઓ લ્યો એ શું કીધું? પરમાત્મ સ્વરૂપને સ્વીકારીને જે દશા પ્રગટી તે અંતરાત્મા છે અને पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं લ્યો ત્યાં બહિરાત્મા લીધો છે. હેં? ઓલા સ્વસમયમાં અંતરાત્મા, એના સાધ્યમાં ધ્યેયમાં પરમાત્મા અને છોડવા લાયકની ચીજમાં બહિરાત્મા. હેં! (શ્રોતા: તીનો આવી ગયા) આવી ગયું ને!

**શ્રોતા** : એવો આપે કોઈ વાર અર્થ નથી કર્યો.

**પૂ. ગુરુદેવ** : એવો ન કર્યો હોય તો અત્યારે કરીએ, આની હારે મેળવવું છે ને! આહાહા! એનો અર્થ જ એ થયો છે. આહાહા!

જે કોઈ રાગના વિકલ્પમાં ઠરશે રહેશે એ પુદ્ગલકરમમાં રહયો છે, એ જીવમાં નથી આવ્યો. આહાહા! એને બહિરાત્મા કહ્યો અને જે કોઈ પ્રભુ આત્મા, સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રમાં આવશે ઠરશે. પર્યાય ઠરશે એમ નહીં, એ તો બધું એક નું એક જ છે, પર્યાય આહીં વળી એટલે જ આત્મા એમાં આવ્યો હવે આવ્યો. આહાહા! સમજાણું કાંઈ? આ બીજી ગાથાથી શરૂઆત થઈ આ. આહાહા!

અરે! ધરમ વસ્તુ કેવી, કે જે અનાદિ કાળનાં દુ:ખનો અંત અને આનંદની શરૂઆત. ક્યાં સુધી! અનંતકાળ આનંદ રહેશે. આહાહા! સમજાણું કાંઈ? ચેતન સ્વરૂપ આનંદ કીધું તું ને ત્રણ. ત્રણ ભાઈ છે ને ઈ મોટો ચેતન છે, બીજો સ્વરૂપ છે અને ત્રીજો આવવાનો છે આનંદ, શશીભાઈના ત્રણ દીકરા, ખારા આહાહા! નહોતું કહ્યું એ નાનો, નાનો છોકરો છે ને નાનો મુળજી ખારાનો દીકરો હતો ઈ ન્યાં ગમે ત્યાં જેલનું પણ પૂર્વ ભવનું કાંઈક છે ખરૂં! આમ દીશાએ ગયા તાં ત્યાં એક લાકડી હતી મોટી, ખડ ખડ મોટો એ આમ કરી, નહીં! હતો કે નહીં તું ભાઈ એ હતાં નહી હારે? મેં કીધું આને કાંઈક સંસ્કાર છે પૂર્વના કોઈ ઝેરના કે ગમે તેના! બંદૂક કરીને તો આમ મારો, મોટું ખડ હતુંને!

શું કહેવાય એ ? મોટી લાકડી હતી. એનું નામ આપે છે, લાંબા પાતળા હતાં. પાની, પાની પાની કહે છે નહીં, હેં ? પાની કહે છે એ ઝાડ પડયું'તું મોટું એને લઈને આમ નાખ્યું. મેં કીધું શું આ આટલી ઉંમર, એ ઘણીવાર એવું કરતો નહીં ? કાંઈક પૂર્વનું કાંઈક હશે. આહાહા !

આંહી તો કહે છે કે ટાંક પર્યાયને દ્રવ્ય ઉપર માર ! આહાહા ! કે જેનાથી બહિરાત્મપણું નાશ થાય અને અંતરાત્મપણું પ્રગટ થાય ને એ અંતરાત્મા દ્વારા કેવળજ્ઞાનનું સાધન થાય. આહાહા ! આ વાત છે. શબ્દકોષમાં ભાઈ જરી આવ્યું છે રાતે થોડું વાંચ્યતું કે બધું આવું ન નાંખવું જોઈએ એને એમ કે આ બધું વર્તમાન જે કહે છે તે વાત ઈન્દ્રિયપ્રત્યક્ષ થઈ ગયેલી છે માટે એનો વિશ્વાસ કેમ છોડવો ? માટે શાસ્ત્રમાં લખ્યું છે, એવું લખો એવું એણે ન લખવું જોઈએ, શાસ્ત્રમાં જ્યાં દ્વીપને સમુદ્રને બધા કહ્યા છે ને ફલાણું કહ્યું છે, પૃથ્વીના કહ્યા છે પણ એ આકાશનો કોઈ આકાર લાગે છે, આ લોકોએ ઇન્દ્રિયથી પ્રત્યક્ષ કરી લીધુ હોય એવી વાતો કરે છે બધાં. અરે ! એ ભાઈ, સાધારણ માણસ કરે છે ને એ ભગવાન ને મુનિઓ કહે છે, એને મેળવતાં ના આવડે એથી કરીને કાંઈ, એવું ભાઈ લખ્યું છે બધું બહું લખ્યું છે, બહુ આકરું ! આમ વખાણ કેમ કર્યા, ભાઈ હુકમચંદજીએ મારુ તો એમ આહાહા ! સંતો કેવળ કુંદકુંદાચાર્ય, આ પૂજ્યપાદ સ્વામી, સાક્ષાત્ ભગવાન બિરાજે છે મહાવિદેહ ક્યાં છે ? અત્યારે ભૂગોળની અપેક્ષાએ લ્યો ? હેં ! (**શ્રોતા** : જાણવા માટે) જાણવા માટે તો પ્રત્યક્ષ ભૂત મહાવિદેહમાં કુંદકુંદાચાર્ય ગ્યા'તાં આહીંથી (**શ્રોતા** : એ તો એમ કહે છે કે અમેરિકા છે ને ત્યાં મહાવિદેહ છે કેમકે અત્યારે આપણે ત્યાં સૂરજ આથમે ત્યારે ત્યાં સૂરજ ઉગે છે અત્યારે અમેરિકામાં મહાવિદેહ છે) બધા ગપેગપ, બધી વાતું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

પરમાત્મા અવસ્થા જે આત્માની સ્વાભાવિક પરમ વીતરાગી અવસ્થા છે તે સાધ્ય છે માટે તે પરમ ઉપાદેય છે. ગ્રહણ કરવા લાયક કીધું ને ?

**પ્રશ્ન** : સર્વ પ્રાણીઓમાં આત્માની ત્રણ અવસ્થાઓ છે એમ શ્લોકમાં કહ્યું છે પણ અભવ્યને તો એક બહિરાત્મા અવસ્થા જ સંભવિત છે, તો સર્વ પ્રાણીઓને આત્માની ત્રણ અવસ્થાઓ કેમ બની શકે ?

**ઉત્તર** : જે જીવ અજ્ઞાની બહિરાત્મા છે તેમાં પણ અંતરાત્માને પરમાત્મા થવાની શક્તિ છે. આહાહા !

એને અંતરમાં પૂર્ણાનંદનો નાથ એનો વિશ્વાસ કરાવે છે. હેં ? આહાહા ! ભાઈ તું એમ ન માન ! બહિરાત્મા અવસ્થાવાળાને એકલી અવસ્થાવાળો જ છે એમ ન

માન ! આહાહા ! સર્વ જીવ છે જ્ઞાનમય. નથી આવતું સમયસારમાં ? યોગસારમાં સમતા જાણે સમતા ભાવ યોગસારમાં આવે છે એ જ્ઞાનમય છે, વર્તમાન બહિરાત્મા હોવા છતાં, એની શક્તિ અંતરાત્માને પરમાત્માની છે. આહાહા ! થવાની છે. ભવ્યને અભવ્ય જીવોમાં પણ કેવળજ્ઞાનાદિરૂપ પરમાત્મશક્તિ છે. લ્યો ! પેલું ઓલું આવરણ કહ્યું તું આહીં શક્તિ કીધી. અભવિ જીવોમાં પણ કેવળજ્ઞાનરૂપ પરમાત્મા શક્તિ છે, જો તે શક્તિ તેનામાં ન હોય તો તેને પ્રગટ ન થવામાં નિમિત્તરૂપ કેવળજ્ઞાનાવરણાદિકર્મ પણ ન હોવાં જોઈએ, બહુ દલીલ આપી છે આહા ! સમજાણું કાંઈ ? આ જ દલીલની વાત થઈ તી, તે દિ' પંચ્યાસીમાં (૮૫ માં) ખૂબ થઈતી ખૂબ. થોડી જરીક એ માની હતાને થોડાં, કાન ઓલાં હતાં જરીક ! આમ હેં ? લુચ્ચા જેવાં, પછી થોડું કંઈ

મણીલાલજી કહે કે સાંભળો, કાનજીમુનિ શું કહે છે, એ કહે છે કે એનામાં કેવળજ્ઞાનાવરણી છે. કેવળજ્ઞાનાવરણી છે અભવીને માટે કેવળજ્ઞાન હોય તો નિમિત્તરૂપે કેવળજ્ઞાનાવરણી હોય એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? જુઓ આ છે ને ! તે દી' વાત થઈ હશે ત્યાં કોઈ આવ્યું હશે ત્યાં કેમ કે એણે એમ લખ્યું'તું સમાધિતંત્ર લઈને હું આવું છું તમારી પાસે, ઓલું શીતલપ્રસાદનું સાંભળ્યું હશે ! તે દિ' ક્યાં હતું આ ને ઓલું, હમણાં પ્રભાચંદ્રનું, બીજું આવ્યું છે કોણે કર્યું જુગલકિશોરે કર્યું છે ને જુગલકિશોર છે ને ? બીજું છે ને ? બે છે. બે આવ્યા હિન્દી બે થ્યા. શીતલપ્રસાદનું અને એક આ પ્રભાચંદ્રની ટીકા, જુગલકિશોર છે ને ? જુગલકિશોર, મુખતિયાર દિલ્હીવાળા મુખતિયાર હશે.

આંહી કહે છે જો કેવળજ્ઞાનની શક્તિ માનવામાં ન આવે તો નિમિત્તરૂપ કેવળજ્ઞાનાવરણી કર્મ પણ ન હોવાં જોઈએ. ન્યાય સમજાય છે કાંઈ આમાં ? આહાહા ! છે ઈ ખૂણામાં લખ્યું છે. ઈ શીતલપ્રસાદનું છે, એ જુગલકિશોર નું છે. ઈ પ્રભાચંદ્રની ટીકામાં છે. એ શીતલપ્રસાદ પોતે ઉપરથી નાંખ્યું છે, એમાં ઘણો ફેરફાર છે. પણ બહિરાત્માને અભવીને પણ કેવળજ્ઞાનાવરણી કર્મ તો છે. વાહ ! તેથી સ્પષ્ટ છે કે બહિરાત્મા ભવ્ય કે અભવ્યમાં કેવળજ્ઞાનની શક્તિપણે છે. અભવ્યને તે શક્તિ પ્રગટ કરવા જેટલી યોગ્યતા નથી. યોગ્યતા નથી એટલે શું વસ્તુ વઈ ગઈ ? આહા ! સમજાણું કાંઈ ? માટે અભવ્યને પણ બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા ત્રણેય લાગુ પડે છે.

વિશેષ કહેશે.

**।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।**

# પ્રવચન – ૧૦

## શ્લોક – ૪ અને ૫

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૨૦.૧૨.૭૪**

**कतिभेद: पुनरात्मा भवति ? येन विविक्तमात्मानमिति विशेष उच्यते। तत्र कुत: कस्योपादानं कस्य वा त्याग: कर्तव्य इत्याशंक्याह -**

*** बहिरन्त: परश्चेति त्रिधात्मा सर्वदेहिषु ।**
**उपेयात्तत्र परमं मध्यौपायाद्बहिस्त्यजेत् ।। ४।।**

આત્મા ત્રિધા[1] સૌ દેહીમાં-બાહ્યાંતર-પરમાત્મ;
મધ્યોપાયે પરમને ગ્રહો, તજો બહિરાત્મ ।।૪ ।।

* तिपयारो सो अप्पा परमंतरबाहिरो हु देहिणं ।
तत्थ परो झाइज्जइ अंतोवाएण चयहि बहिरप्पा ।।  - मोक्षप्राभृते, कुन्दकुन्द: ।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

---

૩ – ત્રિધા – ત્રણ પ્રકારે

**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....**

સમાધિતંત્ર, પાનું ૧૨ છે. છેલ્લી બે લીટી. અનાદિથી બધા જીવોમાં કેવળજ્ઞાનઆદિરૂપ સ્વયં સ્વભાવ શક્તિ રૂપે છે. આ આત્મા વસ્તુ છે એમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એવી અનંત શક્તિઓ અનાદિની છે. એનો સ્વભાવ જ એ જાતનો છે, સ્વભાવવાન આત્મા, પણ એનો સ્વભાવ કહો શક્તિ કહો ગુણ કહો કે સતનું સત્ત્વ કહો એ સત્વમાં અનંતી શક્તિઓ છે. એક એક શક્તિ પણ પરિપૂર્ણ અનંત સામર્થ્યથી ભરેલી છે. આહાહા!

એ કેવળજ્ઞાનાદિરૂપ એટલે અનંત લેવું, પરમ સ્વભાવ શક્તિ રૂપે છે. આહાહા! જ્યાં એને નજર કરવાની છે ત્યાં આ બધું પડયું છે કહે છે. સમજાણું કાંઈ? નજર નામ દ્રષ્ટિ જ્યાં કરવાની છે એમાં એ અનંત શક્તિઓ પડી છે. એવી અનંત શક્તિઓને તે સ્વભાવના શ્રદ્ધાન, જ્ઞાન કરી તેમાં લીન થાય, એવી જે અનંત શક્તિઓ છે, એનું શ્રદ્ધાન  શ્રદ્ધા એટલે એના સન્મુખની નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ, અનંત શક્તિ છે એના સન્મુખ થઈને સન્મુખ થયો તે સત્ છે એની સન્મુખ ત્યાં કર્યો. આહાહા! એથી એની પર્યાયમાં સમ્યગ્દર્શનરૂપી નિર્વિકલ્પ પર્યાયરૂપે પરિણમે. આહાહા! અને તેનું જ્ઞાન અનંત શક્તિ સંપન્ન પ્રભુ એનું જ્ઞાન સ્વસન્મુખ. લ્યો આ મોક્ષનો મારગ. આહાહા!

વસ્તુ ભગવાન આત્મા એ તો વસ્તુ છે, સત્ છે, એનું સત્વ ભાવરૂપ જે સત્વ છે કસ છે એનો આહાહા. એ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય આદિ. અનંત અનંતની સંખ્યાના સમુદાયવાળો એ સમુદાયી છે. એનું સન્મુખ થઈને જે જ્ઞાનની શ્રદ્ધાની પર્યાય રાગની સન્મુખ છે અથવા  જે જ્ઞાનનું લક્ષણ છે એ લક્ષણ દ્રવ્ય સ્વભાવનું છે, એ લક્ષણ ત્યાં ન જોડતાં લક્ષણને રાગમાં જોડી દીધું, એ અનાદિનો મિથ્યાત્વનો ભ્રમ છે. સમજાણું કાંઈ? એ એણે ત્યાંની દશા છોડીને પોતાના સ્વભાવની તરફની દિશા તરફ દશા ઢળી ત્યારે તેમાં દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણ પ્રગટ થાય છે. ભાઈ! આવી વાતો ઝીણી પડે! અરે! એના ભાન વિના રખડી મર્યો ચોર્યાસીના અવતારમાં. સમજાણું કાંઈ? આવા શક્તિ સંપન્ન પ્રભુ એનો સ્વીકાર નહીં અને બહારમાં માન મળે ને આબરૂ મળે ને દયા, દાન ને

વ્રતના પરિણામ. આહાહા! એનો આદર અને એની મહત્તા મૂંઢ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :** આખી દુનિયા કરે છે.

**પૂ. ગુરુદેવ :** આખી દુનિયા મૂંઢ છે. આહાહા! ને આખી દુનિયા દુ:ખી છે. ભગવાન આનંદનોનાથ આનંદશક્તિ પડી છે અંદર બેહદ અપરિમિત જેનો અતીન્દ્રિયરસ છે, એનો સ્વીકાર નામ, 'છે' એની હૈયાતીનો સ્વીકાર ન કરે અને એનામાં પુણ્યને, પાપને, દયાને, દાનને, કામને, ક્રોધ ભાવ, 'નથી' એનો સ્વીકાર કરે! સમજાણું કાંઈ? આ બધા પૈસાવાળા ને કરોડોપતિઓ ને અબજોપતિઓ એ બિચારા દુ:ખી છે ઈ હેં?

**શ્રોતા :** એને બિચારા કહેવાય?

**પૂ. ગુરુદેવ :** બિચારા ન કહેવાય એને ભિખારા કહેવાય. ભીખ માંગે છે. જ્યાં નથી એની પાસે ભીખ માંગે છે. સમજાણું?

એક આ એક બહુરૂપિયો ભેખ લઈને આવ્યો ગરીબનો, દુકાન હતી ત્યાં આવ્યો. મા બાપ કંઈ આપોને રોટલો કાંઈ ગરીબને એ એમ જોવે છે કે સામે ભીંત છે ત્રણ હાથની ફક્ત દુકાન ગાદી, તકીયા પડેલું ને શેઠિયા બેઠેલા એને ખબર નથી કે આંહી માંગે રોટલો આહીં ક્યાં હોય? એ બહુરૂપિયાએ માંગ્યુ ત્યારે ઓલા કહે કે આહીં ક્યાં? આ ભાન વિના આહીં ક્યાં? આહીં જેને આહીં ત્રણ બે તકિયા પડયા છે ને, બે બેઠા છીએ, આ ભીંત આ ત્રણ હાથની પાસે ભીંત છે. અમારે નથી ચૂલો, નથી સામાન, આહીં ક્યાં માગે છે? પછી એને ખ્યાલ આવી ગ્યો, ઓલા શેઠિયાને કે આ તો કાલ આવ્યો'તો હાથમાં હાથમાં લાકડી લઈને, સો દાગીના તમે મંગાવ્યા છે એની રસીદ આવી ગઈ તમારે?

આમ બીજે દી' બોલેલો આજે આવો થઈને આવ્યો, અરે! આ તો કાલ હતો ઈ, હવે આ એને ખબર નથી કે આહીં નથી માલ, માંગણ તે આંહી માગે ન્યાં ક્યાંક રોટલો હોય, ધૂમાડા નીકળતા હોય, રંધાતું હોય તો ખાવા બેસે, રોટલી ત્યાં તો માંગે, કૂતરોય ત્યાં બેસે, ગંધ આવતી હોય ત્યાં. કાંઈ ન્યાં ખાલી આમ દુકાનની સામે જઈને બેસે ત્યાં કૂતરા? આહાહા! પછી ઓલાને ઓળખ્યો, અરે! તું તો કાલ બહુરૂપિયો હતો, સમજી ગયો. એમ ભગવાન આત્મા ભીખ માંગે છે, પરમાં ક્યાં ન્યાં હતું? ખાલી દુકાન જોઈને બેઠાં રહે, ત્યાં રોટલા ક્યાં ને ચૂલો ક્યાં ને પાણી ક્યાં? સમજાણું કાંઈ?

એમ જ્યાં આત્મા સિવાય રાગને, પુણ્યને બહારના સંયોગમાં ન્યાં ક્યાં હતું સુખ ? આહાહા! ખબર નથી એને ભાન નથી, ન્યાંથી માંગે છે એ આપજો આપજો. ઓલો બહુરૂપિયો રૂપ ધારણ કરીને, આણે મિથ્યારૂપ ધારણ કર્યું માળે. આહાહા!

પોપટભાઈ! હેં ? આહાહા! જેમાં અતંર આનંદ શક્તિ પડી છે એ સુખધામ છે. આહાહા! 'સ્વયં જ્યોતિ સુખધામ' નથી આવ્યું? શ્રીમદ્‌માં આવ્યું, ''શુધ્ધ, બુધ્ધ, ચૈતન્યધન, સ્વયંજ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ,'' બાપુ આ છે! એવા આત્માની શક્તિને જેણે શ્રધ્ધામાં લીધી એ શ્રધ્ધાનો અર્થ આવો આખું મહાતત્વ છે એની પ્રતીતિનું જોર કેટલું? સમજાણું કાંઈ? અનંતઆનંદ છે અનંતજ્ઞાન છે અનંતશાંતિ છે શાંતિ એટલે ચારિત્ર વીતરાગતા અનંતવીર્ય છે એવી અનંત શક્તિઓને જેણે શ્રદ્ધામાં લીધી એ શ્રદ્ધાનું જોર કેટલું હશે? આ માનવું ખાલી, આવું છે, આવું ઈ. સમજાણું કાંઈ?

ઈ શક્તિના સ્વભાવમાં તો એનું શ્રધ્ધા જ્ઞાન કરી આહાહા! એ ત્રિકાળ ભગવાન પરમાનંદનો નાથ છે, અનંતજ્ઞાનને શાંતિથી ભરેલો છે. એ વીતરાગ થયા એ વીતરાગી દશા ક્યાંથી આવી? એ બહારથી આવે છે ક્યાંય? આહાહા! વીતરાગની શક્તિથી એટલે અકષાય સ્વભાવથી એટલે ચારિત્રશક્તિથી ભરેલો પદાર્થ છે! આહાહા! એને શ્રદ્ધામાં એટલે કે એના સન્મુખ થયો ત્યારે એનો આદર કર્યો, એટલે 'છે' એમ આદર થયો. સમજાણું કાંઈ? રાગ અને તેની સન્મુખ હતો તો એ શક્તિઓનો એણે અનાદર કર્યો. આહાહા! એવો છતો શક્તિવાન પરમાત્મા પોતે એનો અનાદર કરીને. આહાહા! અલ્પજ્ઞ ને રાગાદિનો સ્વીકાર કરીને એમાં હોંશું કરી, હરખાઈ ગયો એમાં. પોપટભાઈ! હેં ? આહાહા! કહે છે કે એણે ગુલાંટ ખાધી. ઓહો! જે મને જોઈએ છે શાંતિ આનંદ અતીન્દ્રિય એ તો આપણે આવી ગયું ને આમાં? કે એવા શ્રોતાને માટે હું કહીશ. આહાહા!

'કૈવલ્ય' અતીન્દ્રિય આનંદ અને કૈવલ્ય નામ અતીન્દ્રિય કેવળજ્ઞાન એની સ્પૃહાવાળા, એ તરફની સન્મુખ જીજ્ઞાસાવાળા એને હું આ સમાધિતંત્ર કહીશ. પૂજ્યપાદ સ્વામી એમ કહે છે. પોપટભાઈ! અમથા વેઠ તરીકે સાંભળવાં આવ્યા હોય, હાલો ભાઈ સાંભળવા બધા જાય છે આપણે જાવું પડે, આપણો વહેવાર ખોટો પડે નહીંતર એવાઓ માટે આ નથી. આહાહા! જેને અતીન્દ્રિય આનંદની પિપાસા થઈ છે જેને પાંચ ઈન્દ્રિયના વિષયો તરફની પિપાસા છૂટી ગઈ છે. આહાહા! એ તો એ જ આવ્યું ને આપણે ૩૧ ગાથામાં (સ. સાર) ભાઈ ના આવ્યું? **जो ईन्द्रियम जिणिता** એ બીજી રીતે વાત કરી છે આહાહા! જેણે આહાહા!

ભગવાન ને ભગવાનની વાણી એ પણ ઈન્દ્રિયનો વિષય છે, તેથી એને પણ ઈન્દ્રિય કીધી છે. આહાહા! એ ઈન્દ્રિયને જેણે જીતી છે એટલે કે તેની સન્મુખતાનો ભાવનો નાશ કર્યો છે. આહાહા! ભગવાન પૂર્ણાનંદનો નાથ જેની નજરો ચડતાં જેને

આનંદનો મીણો ચડે, આહાહા! એવા ભગવાનની અનંત શક્તિઓ પ્રભુની આ પ્રભુ પોતેની વાત હાલે છે હોં આ ભગવાન ભગવાન થઈ ગયા ઈ એના ઘરે રહ્યા! એ કાંઈ આપતાં - બાપતાં નથી. આહાહા!

એ આત્માના સન્મુખ થઈને એ કાંઈ વાત છે! દિશા પલટાવવી ત્યારે દશા પલટે! હેં ? દિશા પલટાતાં દશા પલટે. જે પર તરફની દિશા હતી, એણે ભગવાન પૂર્ણાનંદના સ્વભાવનો પર્યાયમાં વ્યક્તપણું નહોતું, તેથી એણે વસ્તુને અવ્યક્ત કહી'તી, પણ વસ્તુ તરીકે કહો તો એ વ્યક્ત, પ્રગટ જ છે! આહાહા! એની શ્રદ્ધા, જ્ઞાન, લીન થાય તો તે કેવળજ્ઞાન આદિ શક્તિઓ પ્રગટ થાય. શક્તિ તો શક્તિ છે, કેવળજ્ઞાન એ શક્તિઓ પ્રગટ થાય, એનો અર્થ કેવળજ્ઞાન આદિ પર્યાય પ્રગટ થાય. શક્તિ કાંઈ પ્રગટ થતી નથી, શક્તિ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આહાહા! ઓહોહો! આવું વસ્તુનું સ્વરૂપ એણે જાણ્યું નથી, બાકી બધું ગમે તેટલા જાણપણા હોય એ જાણપણામાં માલ 'સ્વ' ન આવ્યો ત્યાં એ જાણપણા બધા મીંડા છે. આહાહા!

કહે છે એ શક્તિઓ પ્રગટ થઈ જાય એટલે કે જે અનંત શક્તિના સ્વભાવનું સામર્થ્ય છે એની પ્રતીત ને જ્ઞાન ને લીનતા, એમાં અનંતી શક્તિઓની વર્તમાનદશામાં તેના પર્યાયરૂપ પરિણમન થઈ જાય, તે શક્તિઓ પ્રગટ થઈ એમ કહેવામાં આવે પરિણમન થઇ જાય, તે શક્તિઓ પ્રગટ થઇ એમ કહેવામાં આવે અને કેવળજ્ઞાનાવરણી કર્મ સ્વયં છૂટી જાય એટલે કે એને કેવળજ્ઞાનાવરણી છોડવું નથી, એ અહીંયા જ્યાં ભગવાન અનંત શક્તિનો સાગર પ્રભુ પડયો છે એ તરફમાં જ્યાં ઉગ્રતા જ્યાં સ્થિર થઈ એટલે કેવળજ્ઞાન ઈ તે વખતે ત્યાં કર્મની અવસ્થા સ્વયં છૂટી જાય છે એમ લખ્યું છે ને? એને છોડવી પડતી નથી, રજકણોની પર્યાય અકર્મરૂપ થવાને લાયક જ હતી. આહાહા! સમજાણું કાંઈ?

શ્રીમદ્ રાજચંદ્રએ કહ્યું છે, દાખલો આપવાં, ''સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય,'' તેમાં અભવી આવ્યા છે કે નહીં બધા? આણે ઈ નક્કી કર્યુ'તું ને? ભવ્યરાશિઓની અપેક્ષાએ સર્વદેહીઓનું ગ્રહણ સમજવું એમાં, એ હતું ને એને પણ એ વાતમાં એમ કયાં છે? આહીં તો, આહાહા! કાલ આવ્યું'તુ ને ભાઈ, ઈ ઓલી કોર, ભવ્ય રાશિઓની અપેક્ષાએ સર્વદેહીઓનું એમ ભાષા ન જોઈએ. ભવ્ય રાશિઓની અપેક્ષાએ સર્વ દેહીઓનું, બધા જીવની અપેક્ષાએ સર્વ દેહીઓની વ્યાખ્યા જોઈએ. સમજાણું કાંઈ? એમ કે આમ શબ્દ લીધો છે, સર્વદેહીઓમાં સર્વ (ભવ) લેવાં ભવી, એમ આહીં વાત જ નથી આંહી. બધા આત્માઓ જેટલા અનંતા અનંતા અનંતા અનંતા પડયા છે. આહાહા! બધા

તેમાં ત્રણ પ્રકારની અવસ્થાઓ લાગુ પડે છે. આહાહા! દ્રવ્ય સંગ્રહમાંય આવે છે આ વાત!

બધાય જીવો શક્તિપણે પરિપૂર્ણ સિદ્ધ ભગવાન જેવા છે. અરે! એની કબુલાત તે કેમ થાય ભાઈ! બધા જીવો આનંદના નાથ છે! વસ્તુ સ્વભાવે પરિપૂર્ણ સંતોષ ને શાંતિથી ભર્યા છે. આહાહા! એને તમે ભિખારી ને અલ્પજ્ઞ ન જુઓ, એમ કહે છે. સમજાણું કાંઈ? પૂર્ણાનંદનો નાથ અનંતશક્તિથી ભરેલો આત્મા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે એ રીતે જાણ્યો છે, ને એ રીતે કહ્યો છે, ને એ રીતે પ્રગટ કર્યો છે. આહાહા! કહે છે કે સત્, બધાં જીવો શક્તિ એટલે સામર્થ્યપણે સ્વભાવનાં જોરપણે પરિપૂર્ણ પડયા છે. આહાહા! સિદ્ધ ભગવાન જેવા છે પણ જે પોતાની ત્રિકાળ શુધ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ શક્તિને સમ્યક્ પ્રકારે સમજે. આહાહા! ત્રિકાળશુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વભાવવાળું, તત્વ અસ્તિરૂપ હૈયાતીરૂપ એવા સ્વભાવ શક્તિને સમ્યક્ પ્રકારે સમજે. સમ્યક્ પ્રકારનો અર્થ તેનાં તરફનું જઈને વેદન કરે એમ. આહાહા! આવો મારગ છે ભાઈ!

આ કાંઈ વ્રત પાળે ને અપવાસ કરેને, આ કરે ને તે કરે એમાં કાંઈ? એ તો રાગની ક્રિયા છે. આહાહા! સમજાણું કાંઈ? એને સમ્યક્ પ્રકારે સમજે, એવી અનંતી શક્તિઓનો સાગર પરમાત્મા. નાનું ક્ષેત્ર માટે નાનો ન માનવો, સર્પ નાનો આટલો માટે નાનો ન માનવો એ તો ઝેરીલો સર્પ છે, એટલો પણ માથું તોડી નાખે. રાજાનો કુંવર નાનો માટે નાનો ન માનવો, એ શાસ્ત્રમાં દાખલા આવે છે. સર્પનો, રાજાનો સમજાણું કાંઈ? એમ ભગવાન આત્માને શરીર પ્રમાણે ભાળ્યો તે એટલો ન માનવો. આહાહા! કહે છે કે તું મહાપ્રભુ પૂર્ણાનંદને શક્તિનો સાગર છે. એ સમ્યક્ પ્રકારે એને સમજે જ્ઞાન કરે, એ જ્ઞાન ત્યારે કર્યું કહેવાય અંદર જઈને વેદન કરે તો, તેની પ્રતીતિ કરે, એ જ્ઞાન થયું એમાં ભાસ થયો વસ્તુ આ પૂરણ છે, એની પ્રતીતિ કરે અને તેમાં સ્થિરતા કરે, તે પરમાત્મ દશા પ્રગટ કરી શકે તે સિદ્ધદશા ને મોક્ષદશાને આ પ્રાપ્ત કરી શકે. આહાહા! લોકોને એવું આકરું લાગે છે ને!

આહીં કહે છે એ વસ્તુ છે એની એનું જ્ઞાન કરી અને એની પ્રતીત કરીને રમણતા એમાં કરે એ તો બધી વીતરાગીદશાઓ થઈ. સમજાણું કાંઈ? એ વીતરાગી સમ્યક્ વીતરાગી જ્ઞાન ને વીતરાગી લીનતા એ દ્વારા પરમાત્મદશા પ્રાપ્ત કરી શકે છે. આહાહા! સમજાણું કાંઈ? એને કાંઈક વહેવાર કરેને કાંઈક એનાથી મળે આ દયા, દાન, વ્રત, ભક્તિએ વહેવાર તો પ્રભુ રાગ છે. એ રાગની ક્રિયા, ભાઈ, તને ખબર નથી. જ્ઞાનાનંદ સ્વભાવમાં એવું ઉત્થાન પાકે, ઉત્થાનવૃત્તિ થાય, આ કરું, આ કરું, એ તો રાગ

છે. આહાહા! એનાથી ભગવાન ભિન્ન છે, ચૈતન્યપ્રભુ, એને સ્થિરતા કરે તો પરમાત્મા પ્રગટ કરી શકે! આહાહા! દશા, સમજ્યા ને ? પરમાત્મસ્વરૂપ તો 'છે' શક્તિએ પણ પરમાત્મદશા પ્રગટ કરી શકે, વર્તમાનમાં જે ધર્મી 'અંતરાત્મા' છે. આહાહા!

હવે અંતરાત્મામાં લગાડ લાગુ પાડે છે. વર્તમાનમાં જે સમ્યક્દ્રષ્ટિ જીવ છે, અંતરઆત્મા એટલે પૂર્ણાનંદ સ્વરૂપને અનુભવનાર, પ્રતીત કરનાર એને 'અંતરાત્મા' કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એ અંતરાત્મા તેને પૂર્વે અજ્ઞાનદશામાં બહિરાત્મપણું હતું. કહો હતું કે નહીં? તો એ નયે અંતરાત્માને પણ બહિરાત્મા કહેવામાં આવે છે. પૂર્વે થઈ ગયો એ અપેક્ષાએ. આહાહા! અને અલ્પકાળમાં પરમાત્મપણું પ્રગટ થશે. એક, બે-ચાર ભવમાં, કેવળજ્ઞાન થવાનું છે. આહાહા. એથી એને ત્રણેય અવસ્થાઓ અહીંયા આરોપીત જાણવામાં અંતરાત્મા તો પ્રગટ છે બહિરાત્મા ગયો પરમાત્મા થશે. સમજાણું કાંઈ? આહાહા! એની રમતું તો જુઓ. આહાહા! રમતીયાળ ચઢી ગ્યો રાગને રમણે! રાગની ક્રિયાને રમતે ચઢી જઈને, સંસારમાં રખડયો. આહાહા! પણ એમાં પૂરણ સ્વભાવનો આશ્રય કરીને, આહાહા! અલ્પકાળમાં પરમાત્મા થશે એ અંતરાત્માને ત્રણેય લાગુ પડે.

પરમાત્મ પદને પ્રાપ્ત થયેલાં અરિહંત ને સિદ્ધ ભગવાનને પણ, હવે અરિહંત પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર મહાવિદેહમાં સીમંધર સીમંધર પોતાનાં સ્વરૂપની મર્યાદાના ધરનારા. આહાહા! સમજાણું કાંઈ? એવા સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં તીર્થંકરપણે અરિહંતપણે અને સિદ્ધ અશરીરી, આ ચોવીસ તીર્થંકરો થયા તે અશરીરી થયા, અત્યારે એ સિદ્ધ છે, અને આ ભગવાન બિરાજે છે અત્યારે, એ અરિહંત છે, એ અરિહંતને સિદ્ધ ભગવાનને પણ પૂર્વે બહિરાત્મદશા હતી, પૂર્વે હતાં કે નહીં અજ્ઞાની?

એ રાગને ધરમ માનતા, પુણ્યને ધરમ માનતાં, એ જીવ દશામાં હતાં. તેઓ પોતાની સ્વાભાવિક શક્તિની પ્રતીતિ કરી, તેઓ પોતાની સ્વભાવિક શક્તિઓ જે ત્રિકાળ એના અનુભવની પ્રતીતિ કરી, જે સમયે સ્વભાવ સન્મુખ થયા તે સમયે તેમનું બહિરાત્મપણું ટળી ગયું અને અંતરંગદશા પ્રગટ થઈ અને પછી ઉગ્ર પુરૂષાર્થ કરી સ્વભાવમાં લીન થઈ પરમાત્મા થયા. ત્રણેય દશા એને લાગુ પડે છે. પૂર્વે બહિરાત્મા હતાં એ નયે અત્યારે પણ એને એમ કહેવાય. પછી અંતરાત્મા થયાં સમ્યગ્દર્શન અનુભવ ધર્મની દશા જેણે આત્માના સ્વભાવની પ્રગટ કરી તે અંતરાત્મા પોતાના અંતર આત્માના સ્વભાવ દ્વારા પરમાત્મા થયા, તો તેને ત્રણેય લાગુ પડે છે! એ રીતે એ અપેક્ષાએ દરેક જીવમાં ત્રણ

પ્રકારો લાગુ પડે એમ સમજવું. આહાહા! દીર્ઘ દ્રષ્ટિ કેટલી છે જેને. હેં ?

બહિરાત્મા હવે કોને કહેવા? બાહ્ય શરીરાદિ શરીરને કરમને પૈસાને બાયડીને છોકરાને બંગલાને ધૂળ ને ધમાહા. આહાહા! એ મારા એવી આત્મબુદ્ધિ કરનારા બહિરાત્મા, મિથ્યાદ્રષ્ટિ, અજ્ઞાની છે. આહાહા! બહિઃ જે એમાં નથી, બહારની જે ચીજો એમાં આત્મબુદ્ધિ આ અમારા આ દીકરા અમારા, બાયડી અમારી, પૈસા અમારા, મકાન અમારા, વખારો અમારી શું કહેવાય ઓલા? ગોદામ, ગોદામ, ગોદામ મોટા તમારા મુંબઈમાં મોટા ગોદામ, પચાસ પચાસ ગુણીઓ આમ મજૂરો કરે છે ને, મોટી વખારોમાં પહેલી એક પછી બે પછી ત્રણ પછી આમ ચાર, પગથિયા ન્યાં ક્યાં કરવા જાય ન્યાં. પહેલેથી જોયેલું કીધું માલ લેવા જતાંને ત્યારે મુંબઈ માણસો આમ ચારમણ આમ ઉપાડયું હોય, પહેલી એક ગુણ મુકે પછી બે પછી ત્રણ, ચાર એમ પચાસ પચાસ સુધી એય નાંખી આવે, પછી પાછી ઓગણપચાસ હોય ત્યાં સુધી એને એની પચાસ કરી દે પછી આંહી પચાસ કરે આંહી પચાસ કરે. આહાહા! ક્રમે ચઢે.

એમ આંહી કહે છે. શરીરાદિ જે છે એને જેણે પોતાના માન્યા, જે નથી એમાં એને માન્યા. આહાહા! વિભાવભાવ, એ પુણ્યને પાપનો ભાવ એ વિભાવ એનાં નથી. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, તપનો વિકલ્પ, રાગ એ બધો રાગ એ વિભાવ છે, એ મારા છે, એમ જેણે માન્યું છે, એમાં આતમબુદ્ધિ કરી છે, અથવા એ શુભરાગથી મને લાભ થશે એનો અર્થ જ એણે શુભરાગને પોતાનો માન્યો છે. આહાહા! ત્રીજું અપૂર્ણદશા આમ ઠીક લીધી છે વાત. તે દિ' આંહી સાંભળ્યુ તું ને? એક તો શરીરાદિ પરદ્રવ્યને પોતાના માનવા અને પુણ્ય ને પાપ વિભાવને પોતાનાં માનવાં બે, ત્રીજી અલ્પદશાને આત્મા પૂરણ છે એમ માનવું. આહાહા!

અપૂર્ણદશાદિમાં જે આત્મબુદ્ધિ કરે છે, સમજાય છે કાંઈ આમાં? આહાહા! અર્થાત્ તેની સાથે એકતાની બુદ્ધિ કરે છે એટલે આ શરીર, વાણી, મન, દેશ, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આબરુ, કીર્તિ, એની હારે આ મારા છે, હું એ છું, અહં, મમ એ હું છું, 'અહમ્', એ મારા છે 'મમ્'. આહાહા! એણે મમ કર્યું. છોકરા મમ્ ખાય છે, ને આમ મમ્ એણે મિથ્યાત્વનું મમ્ ખાધું. આહાહા! તેની સાથે એકતાની બુદ્ધિ કરે છે. આહાહા! શરીર કર્મ આદિ દયા દાનના વિકલ્પ ને હિંસાના વિકલ્પાદિ અને અલ્પજ્ઞદશા આદિમાં એ હું છું. આહાહા! એક સમયની જે દશા છે એ હું છું, એમ માને છે એ પણ મિથ્યાદ્રષ્ટિ છે. આહાહા! પર્યાય બુદ્ધિ છે. ભગવાન આખો પડયો રહ્યો, તે બહિરાત્મા છે. બહિઃ સમજાણું?

એ વસ્તુના સ્વભાવમાં અલ્પજ્ઞ પણું નથી. વસ્તુના સ્વભાવમાં વિભાવપણું નથી અને વસ્તુના સ્વભાવમાં શરીર, વાણી, કરમ છે નહીં, એ તો બધું પરચીજ છે. આહાહા ! અમારા દેશ, અમારા દેશ, શું કંઈક કહે છે ને તમારા મુંબઈમાં, 'આમચી મુંબઈ' 'આમચી મુંબઈ' શું કહેવાય એ બધા ? મહારાષ્ટ્ર વાળા, હેં ? આમચી મુંબઈ, કોના બાપની મુંબઈ, સાંભળને હવે. અમારું ગામ, અમે કાઠીયાવાડી અરે ! ભગવાન ક્યાંથી આવ્યો તું આ ? કહો સમજાણું કાંઈ ? આહાહા !

જે ચીજ એનામાં નથી એને પોતે, પોતામાં માને. આહાહા ! એ દયા, દાન ને વ્રત, તપના વિકલ્પ છે અપવાસ કરવોને એ બધો રાગ છે, એ તો. આહાહા ! એને પોતાનાં માનવાં, ને એનાથી મને લાભ થાય એમ માનનારા પોતાનેજ એને પોતાપણે જ માને છે. આહાહા ! સમજાણું કાંઈ ? ઠીક નાંખ્યું છે માળે, તે બહિરાત્મા છે. તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયક સ્વભાવ, એનાં સ્વરૂપને ભૂલી બહારમાં કાયા-કષાયોમાં મારાપણું માને છે, અહીં આ બે લીધા, અલ્પજ્ઞપણું પે'લું સામાન્ય મૂક્યું. શરીર અને કષાયોમાં મારાપણું માને છે, તેને ભાવકર્મ ને દ્રવ્યકર્મ સાથે એકતાબુધ્ધિ છે, તેનાથી પોતાને લાભ-હાનિ માને છે. આહાહા !

સાઠ વરસે છોકરો થાય તો કે લાભ થયો આ મારે, વંશ રાખશે, આહાહા ! મૂંઢ છો કહે છે. એ ચીજ ક્યાં તારી હતી ? એ આત્મા, એ આત્મા તે પર છે, શરીર એનું પર છે, તારો આત્મા તો એનાથી ભિન્ન પણે વર્તે છે, ને એનો આત્માને એનું શરીર તારાથી ભિન્નપણે વર્તે છે, આવ્યો ક્યાંથી તારો. આહાહા ! હેં ? લોકમાં ગણતરી થાય ! છ છોકરા છે ને એને, ગામમાં ગણતરી થાય કે, એ મેં પૂછયું'તું એક દિ હોં ચીમનભાઈને કેટલાં છોકરા છે ! ચંદુભાઈ ને કે, છ છે, આનેય છ છે પોપટભાઈને ! હોંશિયાર છે લો ! આહાહા ! અરે !ભાઈ, કોને કહેવા બાપા. આહાહા ! હાથમાં રહેલી તલવાર ગળા ઉપર જાય એ તે તલવાર ઝાલવામાં હોંશિયાર કેવો કહેવાય ? આહાહા ! એમ જે બુદ્ધિ સંસારમાં રખડવાનાં ભાવને પોતાના માને. આહાહા !

અરે ! આહિં તો નવપૂર્વની લબ્ધિનું જ્ઞાન છે એ મિથ્યાદ્રષ્ટિનેય થાય છે. આહાહા ! એ મારું જ્ઞાન છે એમ માને એ પણ મિથ્યાદ્રષ્ટિ છે. પરલક્ષી જ્ઞાન એ એનું કેવું ? આહાહા ! સમજાણું કાંઈ ? મહાપ્રભુ દ્રવ્ય સ્વભાવ એને ભૂલી અને આની એકતાબુદ્ધિને, એનાથી મને આરે દીકરો મરી ગયો હાય.. હાય.. મારું બધું ગયું, આવ્યું'તું. મૂળચંદભાઈનો દીકરો મરી ગયો'તો ને ! મૂળચંદ કેશવજી સુરત, સુરત, મૂળચંદ કાપડીયા, એવો કાપડીયા

છોકરો એક હતો મરી ગયો પછી આ તો આ બીજો છે, કુટુંબીનો કો'કનો લીધો છે. ખોળે કર્યા, મળ્યા'તાં, એય મારું બધું ગયું! આ અત્યાર સુધી જે રળ્યાં કમાણાં એને આને સોપવું જોઈએ, ને એને દેવું પડે એ તો મરી ગયો. હાય હાય કોણ ગયું, બાપા તારું? તારો આત્મા અંદર ગ્યો આમાં આમાં? આહાહા! છેને પોતાને લાભ હાનિ માને છે, હાનિ માને છે છોકરો આવો થયો ને મરી ગયો તો હાનિ થઈ ને, સારો પાક્યો ને કરમી પાક્યોતો લાભ થયો. પાંચ-પાંચ હજારના પગા, આઠ-આઠ હજારના, લ્યો!

આ સુમનભાઈને આહીં જુઓ, એવાં છોકરા સારા હોય તો થાયને માન પોતાને માન. થાય કે નહીં ? તમારો છોકરો નથી મોટો પગારદાર? અમલદાર અને આહીં રોટલા ઘડે છે આહીં હાથે! આહાહા! કોણ કોના હતાં? નજીક હોય તોય એના ક્યાં છે? દૂર ગ્યાં તો એના ક્યાં છે? મરી ગયા તો ક્યાંક બીજે ગ્યાં તો એના ક્યાં છે? દૂર જાય કે મરી જાય? હેં? આહાહા! તે પોતાને લાભ-હાનિ પરથી માને, એ પુણ્યના પરિણામથી લાભ માને, પાપના ભાવથી નુકશાન માને, પણ નુકશાન તો પાપ પરિણામ તે મારા માન્યા એમાં નુકશાન છે. સમજાણું કાંઈ ? આહાહા!

તે મિથ્યાદ્રષ્ટિ જીવ અનાદિકાળથી સંસાર પરિભ્રમણના દુઃખોથી પીડાય છે. આહાહા! એ શરીર, વાણી, મનની ક્રિયાઓ થાય એ મારી છે એ દયા, દાનના પરિણામ થાય વ્રતાદિના એ મારા છે. અને અલ્પજ્ઞપણું તે હું છું. એમ મિથ્યાદ્રષ્ટિ પીડાય છે મિથ્યાત્વમાં એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ભલે પછી જૈનનો સાધુ દિગંબર થયો હોય, નગ્ન થયો હોય, એને કે આ ક્રિયા નગ્ન થયા એ મેં કર્યુ અને તેથી હું સાધુ. તે નગ્નની ક્રિયાને પોતાની માને એ તો જડની ક્રિયા છે. અંદર પંચમહાવ્રતના વિકલ્પ આવે એ રાગ છે. આહાહા! એ રાગને કરતાં કરતાં મને કલ્યાણ થશે એ પણ મિથ્યાદ્રષ્ટિ છે, દુઃખી છે પ્રાણી. સમજાણું કાંઈ? સંસાર પરિભ્રમણનાં દુઃખોથી પીડાય છે, અંતરાત્મા. એ બહિરાત્માની વ્યાખ્યા કરી.

ધર્મીજીવ સમ્યગ્દ્રષ્ટિ, જેવું અંતરસ્વરૂપ છે, અંતર એને માનનારો. આહાહા! અંતરાત્મા અંતરમાં જે ચીજ છે, જેવી, જેવડી. આહાહા! એને અંતરમાં ભાનથી માનનાર એ શરીરાદિથી ભિન્ન શરીરથી હું જુદો છું એ રાગની ક્રિયા દયા-દાનની એનાથી પણ હું જુદો છું અને અલ્પજ્ઞ જે પર્યાય છે એટલોય હું નથી એનાથીય મારું દ્રવ્ય ભિન્ન છે. આહાહા! સમજાણું કાંઈ? એમ તે અંતરાત્મા છે. શરીરાદિથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માનું ભાન છે. આહાહા!

જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા એમ કહે છે. જ્ઞાન અને આનંદ સ્વરૂપ મુખ્ય બે ચીજ લીધી, જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન છે તે અંતરાત્મા છે, તેને સ્વ-પરનું ભેદજ્ઞાન છે, સમ્યગ્દ્રષ્ટિ ભેદજ્ઞાની ધર્માત્માને સ્વ-પરની જુદાઈનું ભાન છે. ભલે એ છ ખંડની ચક્રવર્તીના રાજમાં દેખાય. સમજાય છે ? એ છ-ખંડને સાધવા નીકળ્યો હોય તોય તે છ ખંડને સાધતો નથી સમ્યગ્દ્રષ્ટિ. ભાઈએ તો કહ્યું છે ને નિહાલભાઈએ ? એ છખંડને નથી સાધતો એ તો 'અખંડને' સાધે છે. આહાહા! એમાં છે, એ વાત એ પ્રમાણે છે. આ લીટી ઉપર, આ બાજુ, સમજાણું કાંઈ?

ધર્મી સમક્તિી છ ખંડના રાજ્યમાં દેખાય, ૯૬ હજાર સ્ત્રીઓના વૃંદમાં દેખાય, પણ તે તેનાથી ભિન્ન છે એમ પોતાને જાણે છે. આ મારા નથી, એમાં હું એ નથી, એનાં આચરણ જે એ કરે એ મારાથી નથી. આહાહા! તેને સ્વ-પરનું ભેદજ્ઞાન છે તેને એવો વિવેક વર્તે છે કે હું જ્ઞાન–દર્શનરૂપ છું. આહાહા! ज्ञानदर्शनलक्षण: (જ્ઞાનદંસણ લખ્ખણો) એક શાશ્વત આત્મા જ મારો છે, શાશ્વત ધ્રુવ લીધું આહીં તો. આહાહા! માનનારી પર્યાય પણ માને છે શાશ્વત તે હું ત્રિકાળ હું છું. આહાહા! જુઓ, આ ધર્મીનું લક્ષણ. આ ધર્મી પોહા કરેને, સામાયિક કરેને, પડિક્રમણા કરેને માટે ધર્મી છે, એમ નથી. આહાહા! હજી એને સામાયિક ને પોહા કોને કહેવાય એની ખબરું નથી.

હું તો એક જ્ઞાનદર્શનરૂપ જ્ઞાનદર્શનવાળો નહીં. જ્ઞાનદર્શનરૂપ. જાણગ સ્વરૂપઉપયોગ સ્વરૂપત્રિકાળ તે હું છું, એક શાશ્વત આત્મા જ મારો છે. સમ્યગ્દ્રષ્ટિ ધર્મી જીવને પૂરણ શાશ્વત આત્મા જ મારો છે એવી અનુભવ દ્રષ્ટિ હોય છે. સમજાણું કાંઈ? આહાહા! બાકીના સંયોગલક્ષણરૂપ સંયોગલક્ષણ, પુણ્ય ને પાપના ભાવ, શરીર, વાણી મન એ બધા સંયોગલક્ષણ, વહેવાર રૂપ જે ભાવો છે તે બધા મારાથી ભિન્ન છે. આહાહા! મારાથી બાહ્ય છે. આવો સમ્યગ્દ્રષ્ટિ આત્મા મોક્ષ મારગમાં સ્થિત છે. કો સમજાણું કાંઈ? ભલે એ ૯૬ હજાર સ્ત્રીના વિષયમાં વાસનામાં હોય દેખાય પણ એ વિષયની વાસનાનો પ્રેમ નથી એમાંથી સુખબુધ્ધિ ઉડી ગઈ છે. આહાહા!

અજ્ઞાનીને એવા સંયોગ ન પણ હોય, પણ એને પરમાં સુખબુધ્ધિ એ બુધ્ધિ પડી છે. અને જ્ઞાનીને એવી સંયોગ સ્થિતિમાં સંયોગભાવ હો, સમજાણું કાંઈ? પણ પરમાં ઠીક છે હિત છે એનું નામ પરમાં સુખ છે એ બુધ્ધિ જ્ઞાનીની ઉડી ગઈ છે. આહાહા! અજ્ઞાની બાહ્યત્યાગ કરીને સાધુ નગ્ન થયો હોય, તો પણ એને રાગની ક્રિયા મહાવ્રતની છે એ મને લાભ કરે છે, એનાથી મને પરમાર્થ પ્રગટ થશે. સમજાણું કાંઈ? એ વહેવારના ભાવને

પોતાનો માને છે. ભારે વાતું ભાઈ આ બધી. તે બધા મારાથી ભિન્ન છે, મારાથી બાહ્ય છે, આવો સમ્યગ્દ્રષ્ટિ આત્મા મોક્ષમારગમાં સ્થિત છે લ્યો! એને અંતરાત્મા કહેવાય.

'પરમાત્મા' - જેણે અનંતજ્ઞાન - દર્શનઆદિરૂપ ચૈતન્ય શક્તિઓને પૂર્ણપણે વિકાસ કરી સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું છે તે પરમાત્મા. કોઈ જગતનો કર્તા પરમાત્મા ને ઈશ્વર કરે એ કોઈ નહીં એમ છે નહીં. જેણે અંદરમાંથી સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું, એ સર્વજ્ઞપદ જ સ્વરૂપ છે આત્મા, એમાંથી જેણે સર્વજ્ઞ પર્યાય પ્રગટ કરી. આહાહા! એવી ચૈતન્ય જ્ઞાનાદિ દર્શનાદિ ચૈતન્ય શક્તિઓને પૂરણપણે વિકાસ કરી, પર્યાયની વાત છે શક્તિઓ તો શક્તિ છે, એમાં એ શક્તિઓને પૂરણપણે વિકાસ કરી, સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું તે પરમાત્મા. લ્યો, આ બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા! મોક્ષપાહુડમાં પણ કુંદકુંદાચાર્યે વાત લીધી છે આમાં આવી ગઈ છે, જુઓ ઓલીકોર છે.

**तिपयारो सो अप्पा परमंतरबाहिरो हु देहीणं ।**
**तत्थ परो झाइज्जइ अंतोवाएण चयहि बहिरप्पा ।।** **- मोक्षप्राभृते, कुन्दकुन्दः ।**

૧૧ પાને છે, નીચે, નોટમાં. એ કુંદકુંદાચાર્યની ગાથા છે. સમજાણું કાંઈ? આહાહા! હવે પાંચમાં શ્લોકમાં આચાર્ય પોતે એનું લક્ષણ કરશે. ત્રણનું લક્ષણ પોતે કરે છે હવે. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા પ્રત્યેકનું લક્ષણ, પ્રત્યેકની એની સ્વરૂપની દ્રષ્ટિ કેવી છે અને એનું સ્વરૂપ શું છે? એ બતાવે છે. એ મોક્ષપ્રાભૃતમાં છે, જુઓ પાંચમી ગાથા. ઓલામાં ગાથા લખી છે? ગાથા નથી લખી હો ઓલામાં. મોક્ષપ્રાભૃતે કુંદકુંદ, એટલું લખ્યું છે. આમાં ગાથા લખી છે. હેં ? લખ્યું છે? ગાથા નથી લખી, હેં ? એજ કહું છું કે ૧૧ પાને એ નથી એ, અને આંહી છે આ ૧૪ પાને ગાથાનો નંબર છે એમ કીધું.

**तत्र बहिरन्तःपरमात्मनां प्रत्येकं लक्षणमाह -**

**बहिरात्मा शरीरादौ जातात्मभ्रान्तिरान्तरः।**
**चित्तदोषात्मविभ्रान्तिः परमात्माऽतिनिर्मलः ।। ५ ।।**

**આત્મભ્રાન્તિ દેહાદિમાં કરે તેહ 'બહિરાત્મ' ।**
**'આન્તર' વિભ્રમરહિત છે, અતિનિર્મળ 'પરમાત્મ' ।। ૫ ।।**

**टीका** : शरीरादौ शरीरे आदिशब्दाद्वाङ्मनसोरेव ग्रहणं तत्र जाता आत्मेतिभ्रान्तिर्यस्य स बहिरात्मा भवति । आन्तरः अन्तर्भवः । तत्र भव इत्यणष्टेर्भमात्रे टि लोपमित्यस्याऽनित्यत्वं येषां च विरोधः शाश्वतिक इति निर्देशात् अन्तरे वा भव आन्तरोऽन्तरात्मा । स कथं भूतो

भवति? चित्तदोषात्मविभ्रान्तिः चित्तं च विकल्पो, दोषाश्च रागादयः, आत्मा च शुद्धं चेतनाद्रव्यं तेषु विगता विनष्टा भ्रान्तिर्यस्य । चित्तं चित्तत्वेन बुध्यते दोषाश्च दोषत्वेन आत्मा आत्मत्वेनेत्यर्थः । चित्तदोषेषु वा विगता आत्मेति भ्रान्तिर्यस्य । परमात्मा भवति किं विशिष्टः? अतिनिर्मलः प्रक्षीणाशेषकर्ममलः ।। ५ ।।

ત્યાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા - પ્રત્યેકનું લક્ષણ કહે છે -

**અન્વયાર્થ** : (शरीरादौ जातात्मभ्रान्तिः बहिरात्मा) શરીરાદિમાં જેને આત્મ-ભ્રાન્તિ ઉત્પન્ન થઈ છે તે 'બહિરાત્મા' છે; (चित्तदोषात्मविभ्रानि अन्तरः) ચિત્ત (વિકલ્પો), રાગાદિ દોષો અને આત્મા (શુદ્ધ ચેતનાદ્રવ્ય) ના વિષયમાં જેને ભ્રાન્તિ નથી (અર્થાત જે ચિત્તને ચિત્તરૂપે, દોષોને દોષરૂપે અને આત્માને આત્મારૂપે જાણે છે) તે 'અંતરાત્મા' છે; (अतिनिर्मल) જે સર્વ કર્મમલથી રહિત અત્યંત નિર્મળ છે તે 'પરમાત્મા' છે.

**ટીકા** : શરીર આદિમાં-શરીરમાં અને 'આદિ' શબ્દથી વાણી અને મનનું જ ગ્રહણ સમજવું, તેમાં જેને 'આત્મા' એવી ભ્રાન્તિ ઉત્પન્ન થઈ છે તે બહિરાત્મા છે. અન્તર્ભવ અથવા અંતરે ભવ તે આન્તર અર્થાત્ અંતરાત્મા. તે (અંતરાત્મા) કેવો છે? તે ચિત્ત, દોષ અને આત્મા સંબંધી ભ્રાન્તિ વિનાનો છે-ચિત્ત એટલે વિકલ્પ, દોષ એટલે રાગાદિ અને આત્મા એટલે શુદ્ધ ચેતના દ્રવ્ય-તેમાં જેની ભ્રાન્તિ નાશ પામી છે તે-અર્થાત્ જે ચિત્તને ચિત્તરૂપે, દોષને દોષરૂપે અને આત્માને આત્મારૂપે જાણે છે તે અંતરાત્મા છે, અથવા ચિત્ત અને દોષોમાં 'આત્મા' માનવારૂપ ભ્રાન્તિ જેને જતી રહી છે તે (અંતરાત્મા) છે.

પરમાત્મા કેવા હોય છે? અતિ નિર્મળ છે અર્થાત્ જેનો અશેષ (સમસ્ત) કર્મમલ નાશ પામ્યો છે તે (પરમાત્મા) છે. (૫)

**ભાવાર્થ**: જે શરીરાદિ બાહ્ય પદાર્થોમાં આત્માની ભ્રાન્તિ કરે છે-તેને જ આત્મા માને છે- તે 'બહિરાત્મા' છે; વિકલ્પો, રાગાદિ દોષો અને ચૈતન્યસ્વરૂપ આત્માના વિષયમાં જેને ભ્રાન્તિ નથી, અર્થાત્ જે વિકારને વિકારરૂપે અને આત્માને આત્મારૂપે-એકબીજાથી ભિન્ન સમજે છે 'અંતરાત્મા' છે; જે રાગાદિ દોષોથી સર્વથા રહિત છે-અત્યંત નિર્મળ છે અને સર્વજ્ઞ છે તે 'પરમાત્મા' છે.

## વિશેષ

### બહિરાત્મા

જે શરીરાદિ (શરીર, વાણી, મન, વગેરે) અજીવ છે તેમાં જીવની કલ્પના

કરે છે તથા જીવમાં અજીવની કલ્પના કરે છે, દુ:ખદાયી રાગદ્વેષાદિક વિભાવ ભાવોને સુખદાયી સમજે છે, જ્ઞાન-વૈરાગ્યાદિ જે આત્માને હિતકારી છે તેને અહિતકારી જાણી તેમાં અરુચિ યા દ્વેષ કરે છે, શુભ કર્મફલને સારાં અને અશુભ કર્મફલને બૂરાં માની તે પ્રત્યે રાગ દ્વેષ કરે છે, શરીરનો જન્મ થતાં પોતાનો જન્મ અને તેનો નાશ થતાં પોતાનો નાશ માને છે તે મિથ્યાદૃષ્ટિ 'બહિરાત્મા' છે.

વળી આ શરીરાદિ જડ પદાર્થો પ્રગટપણે આત્માથી જુદા છે, તે કોઈ પદાર્થો આત્માના નથી-આત્માથી પર (ભિન્ન) જ છે, છતાં તેને પોતાના માનવા, તેમજ શરીરની બોલવા-ચાલવા વગેરેની ક્રિયા હું કરું છું, મને તેનાથી લાભ-અલાભ થાય છે; આ શરીર મારું, હું પુરુષ, હું સ્ત્રી, હું રાજા, હું રંક, હું રાગી, હું દ્વેષી, હું ધોળો, હું કાળો - એમ બાહ્ય પદાર્થોથી પોતાના આત્માને ભિન્ન નહિં જાણતો તે પર પદાર્થોને જ આત્મા માને છે અને મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જીવ અજીવાદિ તત્ત્વોના સ્વરૂપમાં ભ્રાન્તિથી પ્રવર્તે છે તે જીવ 'બહિરાત્મા' છે.

પર પદાર્થોમાં આત્મભ્રાન્તિને લીધે આ અજ્ઞાની જીવ વિષયોની ચાહરૂપ દાવાનલમાં રાતદિન જલતો રહે છે, આત્મશાંતિ ખોઈ બેસે છે, અતીન્દ્રિય ચૈતન્ય આત્માને ભૂલી બાહ્ય ઈન્દ્રિયવિષયોમાં મૂર્છાઈ જાય છે અને આકુલિતા રહિત મોક્ષ-સુખની પ્રાપ્તિ માટે કોઈ પ્રયત્ન કરતો નથી.

## અંતરાત્મા

ચૈતન્ય લક્ષણવાળો જીવ છે અને તેનાથી વિપરીત લક્ષણવાળો અજીવ છે; આત્માનો સ્વભાવ જ્ઞાતા - દૃષ્ટા છે, અમૂર્તિક છે અને શરીરાદિક પર દ્રવ્ય છે, પુદ્‌ગલપિંડરૂપ છે, જડ છે, વિનાશક છે : તે મારાં નથી અને હું તેનો નથી-એવું ભેદજ્ઞાન કરનાર સમ્યગ્દૃષ્ટિ 'અંતરાત્મા' છે.

વળી તે જાણે છે કે, 'હું દેહથી ભિન્ન છું, દેહાદિક મારા નથી. મારો તો એક જ્ઞાન-દર્શન લક્ષણરૂપ શાશ્વત આત્મા જ છે, બાકીના સંયોગ લક્ષણવાળા (વ્યવહારિક ભાવો) જે કોઈ ભાવો છે તે બધાય મારાથી ભિન્ન છે; આત્માના આશ્રયે જે જ્ઞાન-વૈરાગ્ય ભાવ પ્રગટે છે તે સંવર-નિર્જરા-મોક્ષનું કારણ હોઈ મને હિતરૂપ છે અને બાહ્ય પદાર્થોને આશ્રયે જે રાગાદિ ભાવો થાય છે તે આસ્ત્રવ-બંધરૂપ હોઈ સંસારનું કારણ છે, મને તે અહિતરૂપ છે'. આ રીતે જીવાદિ તત્ત્વોને જેમ છે તેમ જાણીને તેની સાચી પ્રતીતિ કરીને જે પોતાના જ્ઞાનાનંદ-સ્વરૂપ આત્મામાં જ અંતર્મુખ થઈને વર્તે છે તે 'અંતરાત્મા' છે.

અંતરાત્માના ત્રણ ભેદ છે-ઉત્તમ અંતરાત્મા, મધ્યમ અંતરાત્મા, અને જઘન્ય અંતરાત્મા.

અંતરંગ - બહિરંગ પરિગ્રહોથી રહિત શુદ્ધોપયોગી આત્મધ્યાની દિગંબર મુનિ 'ઉત્તમ અંતરાત્મા' છે. 'આ મહાત્મા સોળ કષાયોના અભાવદ્વારા ક્ષીણમોહ પદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે'.

ચોથા ગુણસ્થાનવર્તી વ્રતરહિત સમ્યગ્દષ્ટિ આત્મા 'જઘન્ય અંતરાત્મા' કહેવાય છે.

આ બેની (જઘન્ય અંતરાત્મા અને ઉત્તમ અંતરાત્માની) મધ્યમમાં રહેલા સર્વે 'મધ્યમ અંતરાત્મા' છે, અર્થાત્ પાંચમાંથી અગિયારમા ગુણસ્થાનવર્તી જીવો મધ્યમ અંતરાત્મા છે.[૨]

## પરમાત્મા

જેમણે અનંતજ્ઞાન-દર્શનાદિરૂપ ચૈતન્ય શક્તિઓનો પૂર્ણપણે વિકાસ કરી સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું છે તે 'પરમાત્મા' છે.

પરમાત્માના બે પ્રકાર છે - સકલ પરમાત્મા અને નિકલ પરમાત્મા.

અરહંત પરમાત્મા તે સકલ પરમાત્મા છે અને સિદ્ધ પરમાત્મા તે નિકલ પરમાત્મા છે, તેઓ કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયથી સહિત છે.

અરહંત પરમાત્માને ચાર અઘાતિકર્મો બાકી છે. તેનો ક્ષણે, ક્ષણે ક્ષય થતો જાય છે. તેમને બહારમાં સમવસરણાદિ દિવ્ય વૈભવ હોય છે. તેમને ઇચ્છા વિના ભવ્ય જીવોને કલ્યાણરૂપ દિવ્ય ધ્વનિ છૂટે છે. તેઓ પરમ હિતોપદેશક છે. પરમ ઔદારિક શરીરના સંયોગ સહિત હોવાથી તેઓ સકલ (કલ-શરીર સહિત) પરમાત્મા કહેવાય છે.

જે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ અને શરીરાદિ નોકર્મથી રહિત છે, શુદ્ધજ્ઞાનમય છે, ઔદારિક શરીર (કલ) રહિત છે, તે નિર્દોષ અને પરમ પૂજ્ય સિદ્ધ પરમેષ્ઠી 'નિકલ પરમાત્મા' કહેવાય છે. તેઓ અનંત કાળ સુધી અનંત સુખ ભોગવે છે.

''આત્મામાં પરમાનંદની શક્તિ ભરી પડી છે. બાહ્ય ઇન્દ્રિય-વિષયોમાં વાસ્તવિક સુખ નથી. એમ અંતર પ્રતીતિ કરીને ધર્મી જીવ અંતર્મુખ થઇને આત્માના અતીન્દ્રિય સુખનો સ્વાદ લે છે. જેમ લીંડીપીપરના દાણે દાણે ચોસઠ પહોરી તીખાશની

તાકાત ભરી છે તેમ પ્રત્યેક આત્માનો સ્વભાવ પરિપૂર્ણ જ્ઞાન-આનંદથી ભરેલો છે, પણ તેનો વિશ્વાસ કરી અંતર્મુખ થઈને તેમાં એકાગ્ર થાય તો તે જ્ઞાન-આનંદનો સ્વાદ અનુભવમાં આવે. આત્માથી ભિન્ન બાહ્ય વિષયોમાં ક્યાંય આત્માનો આનંદ નથી. ધર્માત્મા પોતાના આત્મા સિવાય બહારમાં ક્યાંય-સ્વપ્નમાંય આનંદ માનતો નથી. આવો અંતરાત્મા પોતાના આંતરસ્વરૂપમાં એકાગ્ર થઈને પરિપૂર્ણ જ્ઞાન આનંદ પ્રગટ કરીને પોતે જ પરમાત્મા થાય છે....'' ('આત્મધર્મ' માંથી)

---

# પ્રવચન – ૧૦

આમાં શ્લોક નથી થયા, નહીં ? ગુજરાતી થ્યાં નથી. ઓલામાં થ્યાં છે ને એ આમાં નાંખ્યા છે, પાછળ નહીં.

**ટીકા** : શરીરાદિમાં ટીકા - શરીરમાં ને આદિ શબ્દથી વાણી, મનનું ગ્રહણ સમજવું. તેમાં જેને આત્મા એવી ભ્રાંતિ ઉત્પન્ન થઈ છે, એ 'હું' છું એવી જેને ભ્રમણા થઈ છે, એ 'બહિરાત્મા'. આ આચાર્યનું લખાણ છે. શરીર, આ માટી, ધૂળ, જડ, જગતનું તત્ત્વ અજીવ, વાણી જગતનું તત્ત્વ અજીવ આ વાણી અને મન જડ, એ મારાં આહાહા ! સમીપમાં કાયમ રહે છતાં એ કહે કે મારા નહીં, સમીપમાં તો બધુંય રહે છે, આખું. આહાહા ! એ શરીરને, વાણીને અને મનને પોતાનાં માને. આહાહા ! આત્મ ભ્રાન્તિ એમ કે એ હું છું, એ મારા છે એમ એ બહિરાત્મા, અંતરભવ અથવા અંતરે ભવતિ અંતરાત્મા, અંતરેભવ; અંતરાત્મા. એ અંતરાત્મા કેવો છે ? ચિત્ત દોષ ને આત્મા સબંધી ભ્રાંન્તિ વિનાનો છે. ચિત્ત અને દોષ એ સમક્તિી ધર્મી જીવ ચિત્ત ને દોષ અને આત્મા સંબંધી ભ્રાંન્તિ વિનાનો છે. ચિત્ત એટલે વિકલ્પ આહાહા ! વિકલ્પ ચાહે તો ગમે તે પ્રકારના ઉઠે અંદર, એ વિકલ્પ વિનાનો છે, અંતરાત્મા. આહાહા !

દોષ એટલે રાગાદિ અને આત્મા એટલે શુધ્ધ ચેતના દ્રવ્ય, તેમાં જેની ભ્રાંતિ નાશ પામી છે, ચિતના વિકલ્પ મારા એની ભ્રાંતિ નાશ થઈ છે. રાગાદિ ભાવ મારા એની ભ્રાંતિ નાશ થઈ છે અને શુધ્ધ ચેતના દ્રવ્ય હું છું. અશુધ્ધને પર્યાયમાં છું એ એ ભ્રાન્તિ જેની નાશ થઈ છે. આહાહા. સમજાણું કાંઈ ? આને ધર્મી કહીએ. આવા તપસ્યાઓ કરેને, આવા વ્રત પાળે તો ધર્મી, એમ નથી કહ્યું આંહી. સમજાણું કાંઈ ? એ વિકલ્પ જે ઉઠે છે જે આ વ્રત કરું ને આ કરું ને ફલાણું એનાથી હું ભિન્ન છું અને દોષો જે છે એનાથી પણ રાગાદિ દોષ

એને ભિન્ન કરીને સમજાવ્યા, પણ એ વિકલ્પને એ બધું એક જ છે જાત. રાગાદિ ને આત્મા સબંધી ભ્રાન્તિ. રાગમાં હું છું, દોષમાં હું છું, ચિત્તના વિકલ્પમાં હું છું ને આત્મા સંબંધી જે અલ્પજ્ઞતાને રાગમાં આ જે હું છું એ બધી ભ્રાંન્તિ જેને નાશ થઈ છે. આહાહા!

આ તો ભાષા સાદી છે, સમાધિતંત્ર છપાણાં છે થોડા, એટલે બધાં પાસે નહીં હોય. એટલે એ સંબંધી ભ્રાંતિ વિનાનો છે. ચિત્ત એટલે વિકલ્પ અને દોષ એટલે રાગ એમ કહે ને જેની ભ્રાન્તિ નાશ પામી છે. જે ચિત્ત ને ચિત્ત રૂપે, દોષને દોષરૂપે ને આત્માને આત્મારૂપે જાણે છે. આહાહા! દયા દાનનો વિકલ્પ ઉઠે તો તેને વિકલ્પરૂપે જાણે છે એ આત્મારૂપે જાણતો નથી. આહાહા! સમજાણું કાંઈ? આવો ઉપદેશ ક્યારેય ભાળ્યો નહોતો! આ તો કંઈક કરવું એ કહે છે રાગ છે એ તો. આમ એ રાગ છે, રાગથી આત્મા ભિન્ન છે, પણ એ તો જ્ઞાન સ્વરૂપ છે. આહાહા! એ તો ચિત્તને-વિકલ્પને વિકલ્પરૂપે, દોષને દોષરૂપે ને આત્માને આત્મા રૂપે જાણે છે, તેને અંતરાત્મા ને સમ્યગ્દ્રષ્ટિ જીવ કહીએ. આહાહા!

આમ તો, 'મુનિવ્રત ધાર, અનંતબૈર ગ્રીવક ઉપજાયો મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન, લેશ સુખ ન પાયો'. એ મહાવ્રતનાં પરિણામ સાધુના ૨૮ મૂળગુણનો વિકલ્પ એ બધું દુખરૂપ છે. કીધું ને આવું તો કર્યુ અનંતવાર, અને નવમી ગ્રૈવેયકે ગયો પણ લેશ સુખ પામ્યો નહીં, તો એનો અર્થ શું થયો? કે મુનિવ્રત ધારણ કર્યા એ દુ:ખરૂપ છે. આહાહા! હેં ?

**શ્રોતા** : આપ એવો અર્થ કરો છો?

**પૂ. ગુરુદેવ** : પણ એમાં ત્યારે શું છે, જુઓને, અર્થ જુઓને 'મુનિવ્રત ધાર અનંત બૈર', આ બધાં બેઠા છે કે નહીં સામે! એ પ્રતાપગઢ! તમે તો જૂના દિગંબર છો. આનો અર્થ કરવો પડશે કે નહીં એને, 'મુનિવ્રત ધાર અનંત બૈર' આ તો છઢાળામાં આવે છે, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો', એનો અર્થ શું થયો? કો સમજાણું કાંઈ? હેં? (શ્રોતા : એ તો અભવ્ય માટે છે)

અરે! મિથ્યાદ્રષ્ટિ વાંચે છે. આ વાત કહે છે, કહે છે એમ કે એ લોકો એમ કહે છે હોં! અરે, ભાઈ, તને ખબર નથી, આ તો સામાન્ય વાત છે 'અનંતવાર મુનિવ્રત' ધારણ કર્યા, એ વ્રતનો વિકલ્પ છે એ તો રાગ છે, અને તેથી તો એને કહ્યું કે 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. તો વ્રતના પરિણામ જે કર્યા એ તો દુ:ખ હતું, આકુળતા હતી, રાગ હતો, વિકાર હતો, વિભાવ હતો, આહાહા! આ તો છઢાળામાં આવે છે. પણ એ

કહે છે ભાઈ, લોકો એમ કહે છે, એમ કે એ તો અભવીને માટે. અરે! ભગવાન, એ તો આ બંધ અધિકારમાં આવે છે ને આપણે અભવીનો દાખલો એમ કે એ તો અભવીને માટે છે. અરે, ભગવાન! દાખલો એ તો આપ્યો, ભાઈ! અભવી જીવ પણ આવા મહાવ્રતના પરિણામ કરીને નવમી ગ્રૈવેયકે ભોગ ભોગવે બહારના દુઃખના એમ કરીને વ્રતના વિકલ્પોને દુઃખરૂપ ઠરાવ્યાં. આહાહા. ઉપદેશમાં પણ એ વિકલ્પ ઉઠે છે. ભાઈ! એ રાગ છે સાંભળવામાં જે વિકલ્પ ઉઠે છે એ રાગ છે. આહાહા! એ દુઃખ છે એ રાગ છે ઈ દુઃખ છે, રાગ છે, આકુળતા. આહાહા! આગળ આવશે એમાંથી, સમાધિ શતક આ એમ કે બીજાને હું સમજાવું છું, એવો વિકલ્પ છે એ પાગલ છે. આહાહા!

એટલો ધર્મીને પણ એ વિકલ્પ એ પાગલપણું છે કહે છે. આહાહા! એ રાગ છે ને ભાઈ ? આહાહા! એ તો ચાહે તો ઉપદેશનો હોય કે ચાહે તો શ્રવણનો હોય, તેથી તો કહ્યું છે ૭૪ ગાથામાં (સમયસાર) કે શુભભાવ એ વર્તમાન દુઃખરૂપ છે, ૭૪માં અને ભવિષ્યમાં દુઃખરૂપ છે, એટલે કે શુભભાવથી એને પુણ્યબંધ થશે અને પુણ્યબંધથી એને કદાચ વીતરાગની વાણી ને સમોવસરણ મળશે, પણ તેનાં ઉપર લક્ષ જશે તો એને રાગ જ થશે. આહાહા! પરદ્રવ્ય તરફનો ઝુકાવ એ રાગ છે, એ દુઃખ છે, એ અજ્ઞાનીને ખબર પડતી નથી. આહાહા! જુઓને કેવી વાત લીધી! કે એ શુભરાગ, દયા, દાન, વ્રત ભક્તિનો એ વર્તમાન દુઃખરૂપ છે. અહીંયા તો દુઃખરૂપ ઠરાવ્યો, સમક્તિીનેય રાગ ઉઠે એ દુઃખરૂપ છે. આહાહા!

ઓલાં કહે છે ને ? ભગવાનની ભક્તિ, ન્યાં ક્યાં દુઃખ રાગ આવ્યો, દુઃખ આવ્યું? આ ભગવાન તો અમારા છે બાપા, તને ખબર નથી ભાઈ! તારા સ્વભાવનો આશ્રય છોડી ને જેટલો પરનો આશ્રય જાય એ બધી આકુળતા છે. સમજાણું કાંઈ? આહાહા!

શ્રીમદ્ કહ્યુ છે કે ભઈ એક જ પણ ધરમને એકાદને પણ ધરમ પમાડવો એ તીર્થંકરગોત્રનું કારણ છે, એમેય કહ્યું છે પણ એમ કહીને કહ્યું છે કે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા! જ્ઞાયક સ્વરૂપ પરમાત્મા, એમાં વિકલ્પનો ઉત્થાન થાય એ તો દુઃખરૂપ છે. એને 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' તો એનો અર્થ થઈ ગ્યો નહીં? હેં? દુઃખ રહ્યું. આહાહા! મિથ્યાદ્રષ્ટિપણે, એવા પંચમહાવ્રત પાળ્યાં નગ્નપણા લીધાં પણ એને સુખ ન લહ્યું એ આતમદ્રષ્ટિનાં અનુભવ વિનાં સુખ હોતું નથી, આ તો બધી ક્રિયાકાંડનાં રાગ છે. આહાહા! આકરી વાતો બહુ! તેથી લોકોને એવું લાગે છે ને ? સોનગઢ, કે એકાંતવાદ. એમ નામ પાડયું. ભગવાન, એ નામ રહેવાં દે ભાઈ! નાનાભાઈએ,

એ નાનાભાઈ છોટાભાઈ છે, ઈ એકાંત છે, પણ હવે આપણે હવે સંપ એક રાખવોને હળવે-હળવે સુધરી જશે. અરે ! ભગવાન. આહાહા ! કહે છે, છે ને આહીં ? અંતરાત્મા, અથવા ચિત્ત અને દોષોમાં આત્મા માનવારૂપ ભ્રાંતિ જેને જતી રહી છે તે અંતરાત્મા છે. આહાહા ! ચિત્ત એ વિકલ્પ એ મનનો વિકલ્પ છે ને ? મનનાં સંબંધે થાય છે ને ? વિકલ્પ ઉઠે એ મનનાં સંબંધે છે. એ કાંઈ આત્માના સંબંધે ન હોય. આહા ! એથી ચિત્તને વિકલ્પ ઠરાવ્યો છે. આહાહા ! એ બધાં ચિત્તને દોષ, આત્મા માનવારૂપ ભ્રાન્તિ જેને જતી રહી છે તે અંતરાત્મા છે, લ્યો, પરમાત્મા કેવા છે ? એ કહેશે.

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતાં કે ''તું પરમાત્મા છો એમ નક્કી કર,'' ભગવાન ! તમે પરમાત્મા છો એટલું તો અમને નક્કી કરવા દ્યો ! - કે એ નક્કી ક્યારે થશે ? - કે જ્યારે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે આ પરમાત્મા છે એવો વહેવાર તને નક્કી થશે. નિશ્ચયનું નક્કી થયા વિના વહેવાર નક્કી થશે નહિં.**

**દૃષ્ટિનાં નિધાન ૧**

# પ્રવચન – ૧૧

## શ્લોક – ૫

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૧.૧૨.૭૪**

**तत्र बहिरन्त:परमात्मनां प्रत्येकं लक्षणमाह -**

**बहिरात्मा शरीरादौ जातात्मभ्रान्तिरान्तर:।**
**चित्तदोषात्मविभ्रान्ति: परमात्माऽतिनिर्मल: ।। ५ ।।**

આત્મભ્રાન્તિ દેહાદિમાં કરે તેહ 'બહિરાત્મ' ।
'આન્તર' વિભ્રમરહિત છે, અતિનિર્મળ 'પરમાત્મ' ।। ૫ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**ટીકા** : પમી ગાથાનો, ટીકાનો અર્થ હાલે છે. પરમાત્મા કેવા હોય છે ? પાઠ છે ને એટલો ? परमात्मा अतिनिर्मल: બસ-મૂળ પાઠ, પમી ગાથા. પરમાત્મા અતિનિર્મળ છે, નિર્મળ છે, એટલે પછી જરીક નાશ એનો-જેનો અશેષ કર્મમળ નાશ પામ્યો છે. કર્મમળ કહેવો છે ને એટલે ? કર્મમળ નાશ પામ્યો છે, કર્મ નાશ પામ્યા હોય એ તો કહેવુ નથી, આ તો કર્મમળ.

**શ્રોતા** : ભાવનેય કહેવાય ને દ્રવ્યનેય કહેવાય ...

**પૂ. ગુરુદેવ** : બેય, ભાવનું મૂળ તો છે, દ્રવ્ય તો સ્પષ્ટ છે, એની હારે શું છે ? આહાહા. તે બહિરાત્મા.

**ભાવાર્થ** : જે શરીરાદિ બાહ્ય પદાર્થોમાં શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, વેપારધંધો, એ બધી પર ચીજ છે. એને હું કરું છું એમ માનનાર એ પરને પોતાનું માને છે. સમજાણું કાંઈ ? એ તેને જ આત્મા માને છે. બાહ્ય પદાર્થમાં આત્માની ભ્રાંતિ ! ભગવાન શુધ્ધ ચૈતન્ય સ્વરૂપ, ખરેખર તો એની પર્યાય થાય છે એનોય એ આત્મદ્રવ્ય કર્તા નથી. આહાહા ! સમજાણું કાંઈ ? એને ઠેકાણે મારી હાજરીમાં આ બધી વ્યવસ્થા થાય છે. પોપટભાઈ ? ઈ લાદીની ને બધી, હેં ? છોકરા કરે છે ? આહાહા ... (અભિમાન કરે છે હસમુખભાઇની હાજરીમાં, બીજા કોઇની હાજરી નહિ)

એ જગતના પદાર્થો છે તેનો તેની અવસ્થાનો કાળ છે તેથી તે પદાર્થમાં, તે કાળમાં તે કાર્ય થાય છે. ચીમનભાઈ, આ ચીમનલાલભાઈ ખુશી થઈ ગયા સવારમાં ઓલામાં, ભાવપાહુડમાં હેં ? મનેય વાત કરીતી ભાવપાહુડમાં, બોધપાહુડની, સારું બાપુ, કીધું, એમકે વૈરાગ્યનો બોલ, હેં ? ભાવપાહુડ (**શ્રોતા**: કેવી રીતે દુ:ખ ભોગવ્યાં, એ બહું સરસ આપ્યું છે) કેટલાં દુ:ખનું વર્ણન (**શ્રોતા**: એવી વ્યાખ્યા જેવી દુ:ખની બીજે નથી) છઢાળામાં છે, પહેલા બોલમાં (ઢાળમાં) (**શ્રોતા**: એનાં જેવી નથી) આહા આ તો આચાર્યના કથન છે ને ? આહાહા ! ભાઈ ! તેં દુ:ખ કેવા વેદયાં ?

ભાઈ, આહાહા ! તારી માતા, તારી મરી ગયામાં રોઈ એવી માતાઓના પાણી રોવાનાં ભેગા કરે અનંતા દરિયા ભરાય, ભાઈ ! તેં એવા દુ:ખ વેઠયાં છે. ચૈતન્ય આનંદસ્વરૂપ છે એનો આશ્રય લીધો નહિં, આહાહા ! બહાર તો કાંઈ ધમાલ હાલે છે, અરે ! મારગડા જુદા પ્રભુ !

એણે આત્માને, ત્યાં સુધી આવ્યું છે ને એમાં ? તું દ્રવ્યસાધુ, દ્રવ્યલિંગી એટલીવાર થયો કે કોઈ સ્થળ, તારાં દ્રવ્યલિંગીમાં, જન્મયા અને મર્યા વિનાં રહ્યા નથી.

આહાહા! હેં? આહાહા! દ્રવ્યલિંગી, અનંત વાર થયો. બાપુ! ને પાછા ભાષા. હે મહાયશ! એમ કે તે બહારમાં, તે તારી પુણ્ય, પુણ્ય પ્રકૃતિથી થયા હે મહાયશ! મહાયશ, એમ કરીને, હે મુનિવર! હે મિત્ર! એમ કહે છે. આહાહા! સુમનભાઈ? આવ્યું'તું ને સવારમાં? સુમનભાઈ, તો બહુ ખુશ, થયા'તાં આ તો. ઓહોહો! ગાથાએ ગાથાએ વૈરાગ્ય. આહાહા!

આહીં તો વસ્તુનું સ્વરૂપ પરથી ભિન્ન છે, તે પરથી તો ઉદાસ જ હોય જીવ. સમજાણું કાંઈ? આ અરેરે! પોતે કોણ છે? કેવડો છે? એનું એને પ્રયોજન સિદ્ધિ ન કર્યું. બાકી બધી દુનિયામાં આ હાલોને આહાહા, આ હાલોને દુનિયામાં કાંઈક જણાવાં માટે તે લેખામાં લેખ લે મારા, હેં? આહાહા! ભાઈ! તું બહાર પડીને તારે કયાં જાવું છે? આહાહા!

પ્રભુ! તો ચૈતન્ય મૂર્તિ છે ને નાથ? આહાહા! એ તે રાગનોય કર્તા થાય એ તો કયાંય રહી ગયું આહાહા! એ તો સમયની પર્યાય એનોય કર્તા નથી. કેમકે ધ્રુવપણું તો એકરૂપ સદાય છે અને એની પર્યાય તો વિવિધ પ્રકારની એકરૂપતા છોડી દઈને થાય છે, એ ધ્રુવથી થતી હોય તો તો એક ધારા સરખી થવી જોઈએ. ન્યાય સમજાય છે? આહાહા!

સુમનભાઈ! ફરીને આ તો ઘણીવાર કહેવાઇ ગયું છે ને? કે આ આત્મા, એની જે દશા થાય નિર્મળ હોં, એ પણ જો ગુણથી થતી હોય તો ગુણ તો ત્રિકાળ એકરૂપ છે, તેની દશા એકરૂપ સરખી થવી જોઈએ. આહાહા! આ કેવળજ્ઞાન વખતે પણ છે ઈ એમાંય ફેર છે ન્યાંય, એનેય ઉદયનો આમ ફેર છે. આહાહા! ઈ આવે છે ને પરમાર્થવચનિકામાં, પરમાર્થ વચનિકામાં આવે છે, કેવળીને પણ એક જાતનો ઉદય ન હોય આવે છે પરમાર્થવચનિકામાં આહાહા! કેમકે ઉદયની જાત તે ક્ષણે તે જ પ્રકારની થવાનાં કાળે તે થાય છે, એનો કર્તા તો આત્મા છે નહિ, કેમકે એનું અસ્તિત્વ છે એ તો વિકારી છે, ભગવાન આત્માનું અસ્તિત્વ તો નિર્દોષ, નિર્મળ છે કીધું ને? આહાહા!

નિર્મળ ભગવાનઆત્મા, ભલે અંતરાત્મા હો, આ તો પરમાત્માની વાત કરી, નિર્મળ છે. હે..હે.. આહાહા! ભગવાન જ છે. ભાઈ! એવી ચીજમાંથી પર્યાયની આ વિવિધતા એક જાત નહિ, પણ ગુણ ને દ્રવ્ય તો એક જાતરૂપ કાયમ છે, એનાથી જો દશા થાય પરમાર્થે. આહાહા! હેં ?તો એક સરખી થવી જોઈએ. ગુણ ને દ્રવ્ય તો સરખા ત્રિકાળ છે. આહાહા! મહેન્દ્રભાઈ! આહાહા! એથી એની પર્યાયનું પણ સ્વતંત્રપણું છે. આહાહા! દ્રવ્યને આશ્રયે થવા છતાં, આશ્રય દ્રવ્યનો છે નિર્મળમાં છતાં મોક્ષમાર્ગની

પર્યાય થોડી શુદ્ધિ એથી વિશેષ શુદ્ધિ એથી વિશેષ શુદ્ધિ દ્રવ્ય ને ગુણ જો ખરેખર કારણ હોય તો તો સરખા દશા જોઈએ, હેં..હેં..! સમજાય છે કાંઈ? ઓહો..!

ઈ આવે છે ને વિસ્તાર નહિ પ્રવચનસારમાં, આવી ગયું ઇ? દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્ ૧૦૭, હવે આવશે? ત્રણ સત્ મૂળ પાઠ છે એ સત્‌નો વિસ્તાર છે. આહાહા! ૧૦૭મી ગાથા, દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્, આહાહા! હવે સત્ પર્યાય છે, એને સત્ બીજો કરે શી રીતે? આહાહા! 'છે' એને બીજો કરે એ શી રીતે? આહાહા! એ ચીજને જ હા..આ શાસ્ત્રો બનાવવાને શાસ્ત્રો બન્યાને મારાથી કર્યાને. આહાહા! અરે, ભાઈ! કયાં તું શાસ્ત્રની પરમાણુની ઉત્પતિની પર્યાયમાં તારી સત્તા પ્રવેશ કરી'તી ત્યાં? હેં? આહાહા! અરે, વાણીના રજકણો, વાણી કાળે થાય. ભાઈ! તારા આત્માથી ઈ પરમાણુ ભાષાની આવે? એ ભાષાની પર્યાયનું અસ્તિત્વ તો તે સમયે, તે પ્રકારના રજકણમાં ઉત્પન્ન થવાનો એનો કાળ છે તે થાય છે. આહાહા! આકરી વાતું બહુ.

નિયત થઈ જાય બાપુ! નિયત જ છે. વસ્તુ છે એ નિયત જ છે, દ્રવ્ય નિશ્ચય, પણ ગુણ નિશ્ચય અને પર્યાયેય નિશ્ચય. આહાહા! એને ચિદ્‌વિલાસમાં નાખ્યું છે કે જે સમય તેનો વિકાર થાય, એનો આત્મા કર્તા શી રીતે હોય? કારણ કે ઈ સત્ છે, એનો હેતુ શું પરનો? આહાહા! એમ એને અંતરમાં વાત ભાવને બેસવું જોઈએ. ભગવાન આત્મા ધ્રુવ આનંદરૂપે અને સદ્‌શ અને પર્યાયમાં વિસદશતા છે, એક ઉપજેને ને એક જાય, એક થાય ને એક જાય, અને આ તો છે તે છે. અંદર. આહાહા! સમજાણું કાંઈ? આ તો પરમ સર્વજ્ઞની વાતું છે બાપુ? આહાહા!

સાધારણ માણસ તો આ દીક્ષાનો લઈને બેસે બિચારા હેરાન હેરાન? કોને દીક્ષા કહેવી ભાઈ! આહાહા! ચૈતન્યની જાતને, દ્રવ્ય, ગુણનાં તત્ત્વને પણ, કેવડું છે એને જેણે હજી દ્રષ્ટિમાં લીધું નથી, તો ત્યાં ઠરવુ છે એવું ચારિત્રતો કયાંથી હોય એને? હેં? આહાહા! ભાઈ! એમ નહીં, તારો તિરસ્કાર કરવા માટે એ આમ નથી ભાઈ! વસ્તુની સ્થિતિ આવી છે! સમજાય છે કાંઈ? જે ભગવાન આત્મા એકરૂપ, આવે છે ને? સદ્‌શરૂપ આપણે આમાં આવે છે, સમયસાર, નહિ? વિરુદ્ધ અને અવિરુદ્ધ, વિરુદ્ધ, અવિરુદ્ધ કાર્યથી ટકી રહ્યું છે જગત, છે એમાં? (શ્રોતા : તેરમી ગાથા) એનો અર્થ પછી જયધવલમાં કર્યો છે ભાવાર્થમાં કે પર્યાય તે વિદશ છે, ગુણ તે સદશ છે. આહાહા! પાઠ છે આવો. આહાહા! વિસદશધારા, વ્યય, ઉત્પાદ, વ્યય, ઉત્પાદ, વ્યય, ઉત્પાદ એને સદ્‌શ શું કરે? કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

તદ્દન જ્ઞાતા-દ્રષ્ટા એવો ભગવાન, એની પર્યાયને પણ કરે એમ જો કહેવા જાઓ તો દ્વિઅવિનય થાય. આહાહા ! એ પર્યાય પણ તે કાળે ધર્મની, ચારિત્રની, સમ્યગ્દર્શનની આહાહા ! સ્વતંત્ર છે તે કાળે તે સ્વતંત્ર છે, એનો કર્તા જો આ માનશો, તો એનું એકરૂપ છે (દ્રવ્યનું) એની એકરૂપદશા (પર્યાય) થવી જોઈએ, આ તો નીચલી દશામાં, એક પર્યાયનું સ્વતંત્રપણું સિદ્ધ કરવા આ વાત છે, પછી પણ કેવળજ્ઞાનમાં પણ એમ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

તો અહિં કહે છે કે શરીરાદિ બાહ્ય પદાર્થોમાં આત્માની ભ્રાંતિ કરે છે. આહાહા ! હજી તો પર્યાયને પણ કર્તા નથી એને ઠેકાણે એ રાગનો કર્તા અને રાગ મારો. આહાહા ! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, એ ભાવ મારો, એ વસ્તુમાં નથી, એને બહિરમાં છે એને આત્મા માનવો એ બહિરાત્મા છે. આહાહા ! હેં ? વાત સીધી વાત છે. ભાઈ ! આહાહા ! સવારમાં આવ્યું હતુંને બાવા એ તારા મરણના વખતે તારી માએ એક જનમની નહિ એમ હતું અનેરી-અનેરી જન્મની આવ્યું'તુ ને ? સુમનભાઈ ! એમ આવ્યું'તુ, અન્ય-અન્ય માતા આહાહા ! ભાઈ ! તારા મરણ કાળે તારી મા રોઈ છે, એનાં આંસુનો કોઈ બે ભેગા કરે તો અનંતા દરિયા ભરાય. અરેરે ! આવો ભવ ! આહાહા ! સમજાણું કાંઈ ? એ ભવને નાશ કરવાનો ઉપાય જો જાણ્યો નહિ તો આ તો આ ભવ છે. એ વસ્તુ છે, એ તો અનાદિની છે. સમજાણું કાંઈ ? સાધારણ માણસ હારે મેળ ન ખાય ભાઈ ! મેળ ન ખાય એટલે કંઈ વસ્તુ બીજી થઈ જાય ! હેં ? આહાહા.

કહે છે કે બાહ્ય પદાર્થ આહાહા ! મેં શરીરને હલાવ્યું, મેં વાણી બોલ્યો, આહાહા ! એ બાહ્ય પદાર્થમાં મારાથી કાંઈ થયું એ ભ્રાંતિ છે તને. એ હોશિયાર બધા, હોંશિયારી છે બધી, એ સુમનભાઈ ! આ હોંશિયાર માણસ છે ૮૦૦૦ નો પગાર છે નહિ ? ૬૦૦૦ નો પગાર હતો ન્યાં, ન્યાં બેલ્જિયમ ને ? બેલ્જિયમ, ઈ સાંભળ્યું છે આપણને કયાં ખબર છે. લોકો વાતું કરે. કો'કની પાસે આટલું છે ને કો'કની પાસે આટલું છે. ઠીક ? આહાહા ! એમાં ઘટાડયાં છે, મારા બા-બાપુજી આહીં રહે, ગુરૂ દેશમાં રહે મારે ત્યાં જાવુ પડે ૨૦૦૦ પગાર ઘટાડયો છે, એવું સાંભળ્યું' તું હો ! અંદર હોય ઈ ખરું. આહાહા !

ભાઈ ! તું કયાં છો ? તું રાગમાં છો ? તું શરીરમાં છો ? તું રાજકોટમાં છો ? તું મુંબઈમાં છો ? આહાહા. ભાઈ ! તું તો આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એવો તું, એવો ત્યાં તું છો. સમજાણું કાંઈ ? એમ ન માનતા, હું આહીં છું ને આમાં છું ને આમાં છું, ને

એવી બાહ્ય ચીજોમાં પોતાપણું માનવું એ ભ્રાંતિ છે. આહાહા! આ બહુ ટુંકામાં, ભાષા, બિચારાએ કરી છે. આહીં સાંભળી ગ્યા'તા ને છોટાલાલ, છોટાલાલ ગુલાબચંદ. ઉપર લખ્યું છે હું સમાધિતંત્ર, મહારાજ પાસે મેં સાભળ્યું એનાં સંસ્કાર છે, એમાં આ અનુવાદ કર્યો છે. ત્યાં છે મોઢા આગળ છે. બાહ્ય પદાર્થ પ્રભુ ચૈતન્યમાં તો આનંદ અને જ્ઞાન સ્વભાવ છે એની સિવાય બાહ્ય પદાર્થોમાં ભ્રાંતિ તેને આત્મા માને તે બહિરાત્મા છે. એ હવે વિસ્તાર કરે છે.

વિકલ્પો, ચિત્તને કીધું'તુ ને ચિત્ત ત્યાં, એ વિકલ્પ ઉઠે એ હું આહાહા! હવે, અહીં તો મોટા પૈસાવાળા, બાયડીવાળા, ને આબરૂવાળા ને, એ નૌતમભાઈ! પણ શું કરવું આ? એની બાહ્યથી મોટપ, તારી હોય એ જુદી કેમ રહે? અને તારી હોય એ વેગળી કેમ થાય? આહાહા! હેં..? જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એને છોડીને આવી બાહ્ય ચીજોમાં કયાંય પણ અરેરે! બહાર પડવું, બહાર ગણતરીમાં આવું, એવી જે બુદ્ધિ એ પણ બાહ્યને પોતાની માને છે. આહાહા! હેં? હું એવો થાઉં કે દુનિયા મને કાંઈક ગણતરીમાં લ્યે, અરે પ્રભુ! શું છે તારે હેં ક્યાં? નવું કરવું છે કાંઈક, નવું આ નથી? જે અનાદિથી થયું નથી એવો હું ચૈતન્યમૂર્તિ છું, મારું સ્વરૂપ સ્વને આશ્રયે પ્રગટે છે, 'છે' તો 'છે', પણ ઈ પ્રગટે છે પર્યાયમાં અવસ્થામાં એ મારે આશ્રયે પ્રગટે છે. આહાહા! એકકોર કહે આશ્રયે પ્રગટે ને એકકોર કહે પર્યાયનો ઈ દ્રવ્ય કર્તા નહિ. આ તો કાંઈ ગજબ વાતું છે, ઈ વાત છે. અનેકાંત મારગ વીતરાગનો. આહાહા !

એ ચિત્ત નામ વિકલ્પો, રાગાદિ દોષો, જુઓ અહીં પુણ્ય-પાપના ભાવ એ દોષ છે કહે છે. આહાહા! અને ચૈતન્યસ્વરૂપ આત્માના વિષયમાં ભ્રાંતિ, સમજાણું? એ જેને નથી હવે, એ લેવું છે નેં અહીં તો? એ જેને નથી તે વિકાર, જે વિકાર ને વિકારરૂપે અને આત્મા ને આત્મારૂપે આહાહા! ઈ શુભભાવ છે એ પણ પરવસ્તુ છે. ઈ પુદ્‌ગલના પરિણામ છે એમ કહ્યું છે. એમાં નિર્મળ પર્યાય છે એને પરદ્રવ્ય કહ્યું છે. આહાહા! નિયમસારમાં ૫૦ (ગાથા) કેમકે જે નવી પર્યાય પ્રગટે છે એ જેમ પરદ્રવ્યથી પ્રગટતી નથી એમ નિર્મળ પર્યાયમાંથી નવી પ્રગટતી નથી એ હિસાબે પરદ્રવ્ય છે.આહાહા! દ્રષ્ટિ દ્રવ્યમાં કરાવવા. આહાહા! છે? આ પ્રયોજન છે ભાઈ! સમજાણું કાંઈ? આહાહા!

જેને એ ભ્રાંતિ નથી, વિકાર હોય છે પણ વિકારને વિકારરૂપે એમ હોય છે ત્યારેને? અને આત્માને આત્મારૂપે એક બીજાથી ભિન્ન સમજે છે. આહાહા! સમજાણું કાંઈ? તે અંતરાત્મા છે. લ્યો, ઓલો બહિરાત્માનો અર્થ કર્યો, આ અંતરાત્મા. આહાહા!

આવો આત્મા છે એ રીતે દ્રષ્ટિમાં અને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયરૂપે ન થાય ત્યાં સુધી એણે આત્મા માન્યો નથી.

'છે' તો 'છે' પણ 'છે' નો સ્વીકાર થાય તો 'ઈ' છે તને. હેં ? આહાહા ! એ છઠ્ઠીમાં કહ્યું'ને ? છઠ્ઠી ગાથામાં, હેં ? એને 'ઉપાસવામાં', એના ઉપર દ્રષ્ટિ પડતાં, ન્યાં તો એટલું લીધું છે. પરથી લક્ષ છોડતાં રાગથી છોડતાં એમ નથી લીધું કારણકે રાગ તો છે, એ પરનું લક્ષ છોડતાં, એ દ્રષ્ટિ જાય છે દ્રવ્ય ઉપર. એ દ્રવ્યની જેણે 'સેવના' કરી, એને માટે ઓલું અસ્તિ જે શુદ્ધની હૈયાતિ છે, એને માટે હૈયાતિ છે. છે ? હૈયાતિનો હૈયાતિભાવ દ્રષ્ટિમાં ન આવે, એને કયાં હૈયાતિ છે ? જે વસ્તુ છે. એ રીતે હૈયાતિ છે, એ રીતે દ્રષ્ટિમાં આવ્યાં વિનાં આ 'છે' એમ આવ્યું કયાંથી ? આહાહા ! માની લેવું છે ? ધારી લેવું છે ? સમજાણું કાંઈ ? આવો મારગ બાપુ ! આહાહા !

અંતરાત્મા છે, તે અંતરાત્મા છે. વિકારને વિકાર તરીકે, જ્ઞાન વિકારમાં ગયા વિના જ્ઞાનમાં રાગનું જ્ઞાન આવે એ રાગમાં પેઠા વિના. આહાહા ! એ રાગનું જ્ઞાન થાય આહીં એ જ્ઞાન દ્વારા જ્ઞાન થયું છે. રાગદ્વારા રાગનું જ્ઞાન થયું છે એમ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? ભાઈ ! આ તો અનંત જન્મ-જરા–મરણના અંત લાવવાની વાત છે ભાઈ ! આ તો ખુશી થવુ થોડાં પુણ્ય કર્યાને, વ્રત પાળ્યાને, અરે, અરે ભાઈ ! એ તો બધી મિથ્યા ભ્રાંતિમાં ભ્રમમાં પડીને પરિભ્રમણ કરવાનાં લખ્ખણ છે એ તો. આહાહા ! સમજાણું કાંઈ ? કહે છે એ વિકારને વિકાર તરીકે જાણે એટલે શું પણ ? એ વિકારને વિકાર તરીકે જાણે અને આત્માને આત્મા તરીકે જાણે. આહાહા ! એનો અર્થ કે આત્માને આત્મા તરીકે જ્ઞેયમાં જ્ઞાનમાં આવ્યો જ્ઞેય ત્યારે રાગને રાગ તરીકેનું અસ્તિત્વ પોતાનો સ્વ પરપ્રકાશક સ્વભાવ છે એથી વિકારને વિકાર તરીકે જાણે છે એ પણ વહેવાર છે. આહાહા ! વિકાર સબંધીનું પોતાનું જે જ્ઞાન છે સ્વ પરપ્રકાશક, તેને એ જાણે છે. આવું ઝીણું બહુ, ભાઈ ! મારગ એવો છે. નિર્વિકલ્પ સમાધિ નો માર્ગ છે. આ સમાધિતંત્ર છે ને આ ?

સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણ સમાધિ છે, શાંતિ છે, નિર્વિકલ્પ દશા છે, વીતરાગીધારા છે એ તો. આહાહા ! સમજાણું કાંઈ ? બે વાત. બહિરાત્મા અને અંતરાત્મા. જે રાગાદિ દોષોથી સર્વથા રહિત છે. ઓલામાં તો એમ કીધું ને વિકાર છે, એને વિકારને જાણે છે હવે, આને વિકાર નથી. પરમાત્મા છે ને ઉપર ? રાગાદિ દોષોથી સર્વથા રહિત છે. આહાહા ! અત્યંત નિર્મળ છે, પાઠ છે એ તો. અને સર્વજ્ઞ છે તે પરમાત્મા છે. આહાહા ! આ ત્રણની અવસ્થાનું વાસ્તવિક સ્વરૂપ આ છે. આહા !

## વિશેષ

બહિરાત્મા - શરીરાદિ, શરીર, વાણી, મન એ અજીવ છે. એમાં જીવની કલ્પના કરે છે અને જીવમાં અજીવની કલ્પના કરે છે. મારા જીવમાંથી રાગ થયો એટલે હું રાગી છું આહાહા ! મારગ બહુ ઝીણો ભાઈ ! મહાવ્રતના પરિણામ જે છે એ મારાથી થયાં ભાઈ! એ તો વહેવારનયના શાસ્ત્રમાં તો એવું જ આવે, વહેવારનયના ગ્રંથમાં, ચરણોનુયોગમાં, મહાવ્રત પાળવાં અતિચાર ટાળવાં દોષ લાગે તો પ્રાયશ્ચિત લેવાં. જુઓ ! એવો વિકલ્પ ઉઠે છે, વૃત્તિ હોય છે, એ પણ આ મારી ભૂમિકાને યોગ્ય આ વસ્તુ નહિ એ ભૂમિકા ભલે રહી હોય, ૬ઠ્ઠે ગુણસ્થાને, ૫મે ગુણસ્થાને, પણ આ ભૂમિકામાં આવા વિકલ્પોની જાત ન હોય, વિકલ્પ પોતાના માનતો નથી, પણ આ દશામાં આવા જે દશાથી વિરુદ્ધના વિકલ્પો ન હોય એમ જાણીને ન્યાંથી પાછો ફરે છે. સમજાણું કાંઈ ? આહાહા ! તથા જીવમાં અજીવની કલ્પના, દુઃખદાયી રાગ-દ્વેષાદિ વિભાવભાવ સુખદાયી સમજે છે, આહાહા !

પુણ્યને પાપ શુભ ને અશુભ ભાવ એ દુઃખના દાતાર છે, બાહ્ય છે ને બાહ્ય દાતાર. આહાહા ! એને સુખદાતા માને છે. એક જણ નો'તો અહિં આવ્યો ? કે એ કષાયમંદ છે એટલી શાંતિ તો છે ને ? પણ તેં સાંભળ્યું ન હોય ને આમ તો સાંભળીને એક જણ નહોતું કહેતો, એમ કે ઓળખીતો હતો, ભીખુ કરીને ઈ કહે કષાય શુભભાવ છે એ વખતે શાંતિ તો છે ? કો હોય નહિ, હેં ? શુભભાવ છે બાપુ ! એ તો આકુળતા છે. (**શ્રોતા :** એ મંદ કષાયને શાંતિ માને છે) એ મંદને શાંતિ માને છે. (**શ્રોતા :** આખી દુનિયામાં આ વાત છે) આહાહા ! શાંતિ તો કષાયના ભાવથી રહિત જે આત્માનું અકષાય સ્વરૂપ જ છે એટલે કે શાંતસ્વભાવ જ છે, એટલે કે વીતરાગમૂર્તિ જ પ્રભુ છે. આહાહા ! એમાંથી વીતરાગતાનો અંશ જે આવે એનું નામ શાંતિ કહેવાય. રાગનો અંશ શાંતિ કયાંથી આવ્યો ? આહા !

પુણ્ય ને પાપ આદિના વિભાવ, રાગાદિ શબ્દ છે ને ? એ વિભાવ ભાવોને સુખદાયી સમજે છે. આહાહા ! એ શુભ ભાવને સુખનો દાતા માને છે. અમે ભક્તિ કરીએ ભગવાનની, વ્રત પાળીએ તો એમાંથી સુખ મળે. બાહ્યનું આવું પાળીએ તો અંદરમાં જવાય. આમનું વલણવાળીદશા અમને અંતરમાં વાળવામાં મદદ કરે. એવા દુઃખદાયીને સુખદાયી માને છે. આહાહા હેં ? આહાહા ! દુઃખદાયી ને સુખદાયી સમજે છે. આહાહા. આ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ?

જ્ઞાન-વૈરાગ્યાદિ જે આત્માને હિતકારી છે તેને અહિતકારી જાણી એ છ

ઢાળામાં આવે છે. છ ઢાળામેં આતે હૈ, કયા ? **आतम को हित हेतु विराग ज्ञान, ते लखै आपको कष्टदान.** ઈ, ઈ જ આ, આહાહા મોઢે તો ઘણું આ પંડિતને હતું પણ બધું ગોટાળાવાળું હતું, હેં ? (**શ્રોતા** : હવે સરખું ગોઠવાઈ ગયું) મોઢે કરે, કંઠસ્થ કરે, ઈ વસ્તુ કયાં છે ? હેં ? આહાહા ! પરલક્ષી તો ૧૧ અંગનું જ્ઞાન એ અહિતકર છે કેમકે ૧૧ અંગનું જ્ઞાન છતાં સુખ તો ન આવ્યું ? હેં ? એ તો મિથ્યાત્વ રહ્યું ને દુ:ખ રહ્યું. આહાહા ! સમજાણું કાંઈ ? લોકોને એમ થાય એકાંત, એકાંત, એકાંત, સમ્યક્ એકાંત જ છે. અનેકાંત પણ સમ્યક્એકાંત છે, ત્યારે અનેકાંતનું સાચું જ્ઞાન થાય છે. આહાહા ! કહે છે - જ્ઞાન - વૈરાગ્ય આદિ અંતરનું જ્ઞાન કરવું એને અહિતકારી માને છે, વૈરાગ્યાદિ એટલે રાગ રહિત દશા જે આત્માને હિતકારી છે તેને અહિતકારી જાણે છે, એટલે કે તેને પ્રગટ કરવાની ભાવના નથી એટલે અહિતકારી જાણે છે. આહાહા ! સમજાણું કાંઈ ? અને તેને અહિતકારી જાણી તેમાં અરુચિ અને દ્વેષ કરે છે.

માણસ નથી કહેતા કે ભાઈ ચારિત્ર તો મીણના દાંતે લોઢાનાં ચણાં ચાવવાં બાપુ ! ચારિત્ર એવું છે. એ તો ચારિત્રને દુ:ખદાયી માન્યું સમજાણું કાંઈ ? મીણના દાંતે લોઢાના ચણા ચાવવાં એવું ચારિત્ર અરે બાપુ ! એ ચારિત્ર નહિ, ભાઈ ! તેં ચારિત્રને ગાળ્યું દીધી, હેં ? ચારિત્ર તો સ્વરૂપમાં આનંદ આપે, સ્વરૂપમાં રમણતા અને અતીન્દ્રિયઆનંદ આપે એ ચારિત્ર છે. કહે છે એને ઉપર અરુચિ અને દ્વેષ કરે છે. આ મિથ્યાદ્રષ્ટિ છે. આહાહા ! શુભ કર્મફળને સારાં એક પાનું ઈ તો મોટું ભર્યું છે ને નહિ ? ૨૦૦ ગાથાનું સમયસારમાં મોટું પાનું ભર્યું છે ૨૦૦ ગાથાનું. શુભકર્મ ફળને સારા, શુભકર્મફળ, પૈસાનાં ઢગલા થાય, મકાનો સોંઘા મળે, ૫ લાખનું મકાન, ૫૦ હજારમાં મળે, એય આને પૈસા જોતા હોય અને એટલું બધું કોઈ દેનાર ન હોય તો પછી શેઠીયાને બોલાવીને કહે બાપુ ! આમાંથી આટલું આપો. કેટલો આપણને લાભ છે. જુઓ ૫ લાખનું કહ્યું ને ૫૦ હજાર આપે છે. એમાં શું થયું પણ ? લાભ શું થયો ? ઈ નુકશાન થયું. ભ્રમણાં થઈ તને. હેં ? આહાહા ! અને અશુભકર્મફળને બૂરા માને છે. અશુભકર્મફળ નિંદા કોઈ કરતું હોય શરીરમાં રોગ હોય વાંઢાપણું હોય વાંઝીયાપણું હોય અરેરે ! આ તો અનંત દુ:ખ આહાહા ! છે ? એ અશુભકર્મફળને બૂરા માની તે પ્રત્યે રાગ-દ્વેષ કરે. આહાહા !

શરીરનો જન્મ થતાં પોતાનો જન્મ માને. આહાહા ! જન્મ-જયંતિ ઉજવો. કોનો જન્મ ભાઈ ? સમજાણું કાંઈ ? વાત તો એવી છે. જન્મ જયંતિ ઉજવે તો રાજી થાય, કે આ મારા જન્મ-જયંતિ ઉજવો છો, કે તું જન્મયો છો ? એ ઈ. આહાહા ! શરીરના

જન્મને પોતાનો જન્મ માની અને રાજી થાય. ઈ જયંતિ ઉજવે તો ખુશી થાય. આહાહા! એને શું છે, એ તો જગતના ભાવ છે, જે કરે એમ કરે, પણ જન્મ કયાં હતો તારો ? આત્મા કે દિ' જન્મે ? શરીરના જન્મને તું પોતાનો જન્મ માનીને એના પ્રશંસા કરનારને તું રાજી થાય એનાથી. આહાહા! ઝીણી વાતુ ભાઈ! હેં ? આહાહા! કાંઈક આવડયુંને જગતને કાંઈક ખ્યાલમાં આવ્યું, તો ઉજવો જન્મ જયંતિ, શેની જન્મ-જયંતિ પણ ? આહાહા! જન્મ તો જેણે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની દ્રષ્ટિ ઉભી કરી આહાહા એ જન્મને પોતે પ્રશંસે છે. બીજો જાણે ન જાણે, એની હારે શું છે ? સમજાણું કાંઈ ?

એને નાના-નાના એવા ભાવમાં શલ્ય રહી ગયું છે. સમજાણું કાંઈ ? અને તેનો નાશ થતાં પોતાનો નાશ માને છે. હવે હું અહીં રહેવાનો નથી હોં. હવે હું, મારી સ્થિતિ પૂરી થઈ ગઈ. લે એ તો શરીરની સ્થિતિ પૂરી થઈ છે તારી કયાં થઈ ? હેં ? દેહની સ્થિતિ પૂરી થઈ દેહની સ્થિતિ પૂરી એમાં હું પૂરો થઈ ગયો હવે આહાહા ! એ બધી ભ્રાંતિ છે. તે મિથ્યાદ્રષ્ટિ બહિરાત્મા છે. આહાહા! વળી આ શરીરાદિ જડ પદાર્થો પ્રગટપણે આત્માથી જુદા છે તે કોઈ પદાર્થો આત્માના નથી, આત્માથી ભિન્ન જ છે. સાદી ભાષામાં, બહુ સાદુ, સારું લખ્યું છે છતાં તેને પોતાનાં માનવાં, તેમ શરીરની બોલવા ચાલવા વગેરેની ક્રિયા લ્યો ઠીક, હું બોલું, હું ચાલું, મારી ગતિ હાથીનાં જેવી છે. ફલાણાની ગતિ ગધેડા જેવી છે. અરે! એ તો જડની ક્રિયા ગતિ તો. ભાઈ! એ હું કરું છું લ્યો! શાસ્ત્રમાં એવું આવે કે, સાધુએ ઈર્યા-સમિતિમાં સામે જીવ દેખાય તો પગને ઉંચો કરી લેવો લ્યો, આ ઈર્યાસમિતિની વાત છે. અહીં કહે કે ઉંચો કરું છું હું એમ માને એ મિથ્યાત્વ છે. આહાહા હેં ? આહાહા! ભાઈ! મારગ વીતરાગનો સર્વજ્ઞ પરમેશ્વરનો મારગ ડહોળાઈ ગયો અત્યારે, બહુ! વાડામાં તો કાંઈ ગંધેય રહી નથી તત્ત્વની. આહાહા! ગંધ રહી નથી એનો વાંધો નહિ પણ ઉલટી આખી દશાનું કાંઈ ભાન નહિ, આત્મા કોણ ? દેવ કોણ ? ગુરુ કોણ ? આ દીક્ષા લઈને થઈ ગયા સાધુ, લ્યો!

કહે છે એ આત્માથી પર છતાં તેના માનવા. શરીરની બોલવા ચાલવાની ક્રિયા હું કરું છું, મને તેનાથી લાભ-અલાભ થાય છે. શરીર બરાબર હાલે તો મને લાભ થાય. શરીર બરાબર ઠીક ન હાલે તો મને નુકશાન થાય. આહાહા! સમય સમયની પર્યાયમાં ભૂલ કયાં છે એની એ કહે છે. સમય-સમયમાં ભિન્ન ચીજને પોતાનીથી માનવી આહાહા! એ તો મિથ્યાત્વ ભાવ છે, બહિરાત્મા છે. ત્યાં તો આત્માથી પર છે છતાં તેને પોતાના માને શરીરની બોલવાની, લાભ-અલાભ, આ શરીર મારું, હું પુરુષ, લ્યો, હું

આદમી છું મિથ્યાત્વભાવ છે, હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું રાજા છું આહાહા! હું રંક છું, ભાઈ! અમે તો ગરીબ માણસ કહેવાઈએ, અમે તો કો'કની મજૂરી કરીને રોટલા ખાઈએ સાંજ સવાર. કયાં બાપા? એ રંકપણું એ તું છો? આહાહા! હું રાગી એ શુભભાવ વાળો હું! અને એ મારાં 'અહમ્' ને 'મમ્' શુભ રાગ તે મારા અને હું એનો આહાહા! તો પછી આ બાપ દીકરા ને કયાં રહ્યા?

શ્રોતા : નથી જ ને, હતા કે દિ'?

**પૂ. ગુરુદેવ** : આહાહા! એય.

**શ્રોતા** : જગતનાં સ્વતંત્ર પદાર્થમાં બાપ દીકરો, મા બાપ ક્યાં રહ્યા?

**પૂ. ગુરુદેવ** : એ શિષ્ય ગુરુ એ ક્યાં છે? શું જીવને વળી, આ શિષ્યને આ ગુરૂને, એવું છે એમાં? હેં? આહાહા! વહેવારના એ ધંધાઓ, એ કયાંય-કયાંક સલવાઈ જાય એ રીતે. આહાહા! કાંટાના ગળિયામાં સર્પ ગરે ને કાંટાના ગળિયાં સમજતે હૈ? દસ-વીસ મણનું હોય એમાં સર્પ કયાંક આવી ગયો હોય અને એમાં જો ગર્યો આહાહા! ચારેકોર કાંટા વાગે, લોહી નીકળે, ને બહાર જાય તો કીડીયું હજારો કાટે. એમ આ જગતમાંથી પરવસ્તુને પોતાની માને, મિથ્યાત્વમાં ગયો. આહાહા અને એને આકુળતાનું વેદન છે. (વગર પગારે નોકરી કરવી?) એઈ? આહાહા! ભારે વાતું ભાઈ! કોની નોકરી, કરે કોણ?

મને તેનાં છે? રંક, હું રાગી, હું દ્વેષી, હું ધોળો, મારું શરીર ગોરું છે એ ગોરો તે હું. આહાહા! ગોરો ને કાળો તે તો જડની દશા છે. હેં? હું કોમળ છું, મારી કાઠી નબળી છે પહેલેથી આ કાઠી એટલે શરીર ને ભાઈ? આહાહા! ભાઈ! તું કયાં માન્યું તને, ઓમાં નાખ્યું છે ને? શરીર આનું ઝીણું છે ને? શબ્દકોષ પરમાણું, એટલે કહ્યું છે ઓહોં! ભગવાનના શરીરમાં જેમ ઉપશમરસના પરમાણુ હતાં એવા બધા એ શાંત રસના પરમાણુ અહીં ભેગા થયાં કહો? કયાંનું કયાં લગાવે છે અરે ભાઈ! આહાહા! ભક્તામરમાં નથી આવતું? 'यैः शांत राग - रुचिभिः परमाणुभिस्त्वं', જેટલા શાંતના પરમાણુ હતાં તે બધા ભગવાનના શરીરમાં આવ્યા તે પરમાણુને ને આત્માને શું સંબંધ? હું કાળો છું એમ બાહ્ય પદાર્થોથી પોતાના આત્માને ભિન્ન નહિં જાણતો તે પરપદાર્થને જ આત્મા માને છે. આહાહા! અને મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જીવ અજીવ આદિ તત્ત્વોના સ્વરૂપમાં ભ્રાન્તિથી પ્રવર્તે છે. આહાહા!

શરીરનો સદુપયોગ કરવો ભાઈ! જુવાની છે ન્યાં શરીરમાંથી માલ કાઢવો

અપવાસ કરીને. કસ, કસ કાઢવો? શું કસ કાઢવો, ન્યાં કસ છે? કસ તો આત્મામાં છે. (શરીરનો કસ આત્મામાં આવે?) કહે છે માણસ શરીરમાં મજબૂત હોય તો અપવાસ કરીને ગાળવું, શરીર પાતળું પડે તો આત્માને ધર્મનો નિર્જરાનો લાભ થાય અપવાસથી. અહીં કહે છે કે એ બધી મૂર્ખાઈ છે માન્યતા તારી, હેં? આહા! એમ બાહ્ય પદાર્થથી પોતાનાં આત્માને ભિન્ન નહિં જાણતો તે પરપદાર્થને જ આત્મા માને છે. મોક્ષમાર્ગમાં તો એવું જીવ-અજીવમાં ભ્રાંતિથી પ્રવર્તે તે જીવ બહિરાત્મા છે. પર પદાર્થમાં આત્મભ્રાંતિને લીધે અજ્ઞાની વિષયોની ચાહરૂપ દાવાનળમાં રાતદિન જલતો રહે છે. આહાહા ! વિષયની મિઠાશ છે જેને મૂંઢને, આહાહા સમજાણું કાંઈ?

સુંદર, ગોરી, સ્ત્રી અને મધુર તૃષા કરે, ત્યારે આ વિષયમાં કેટલી મજા છે. આહાહા! મૂંઢ છો બાપુ! એ પરમાં સુખની કલ્પના તેં કરી ભગવાન આનંદનોનાથ તેની તેં હિંસા કરી. સમજાણું કાંઈ? એની તો ખબર નથી અને પછી અમે છીએ સમકિતી, ઠીક ભાઈ! કોણ ના પાડે છે. આત્મનો અજ્ઞાની વિષયોની ચાહ જોઈ? ચાહ છે ને ? એને ચાહના. આબરુની ચાહના, પોતાના શરીરની સુંદરતા બતાવવાની ચાહના, બીજાની સુંદરતા જોવાની ચાહના. આહાહા! એ દાવાનળમાં રાતદિન જલતો રહે છે. આહાહા! છખંડનાં રાજ હો, છન્નુ હજાર સ્ત્રી હો, પણ એની ચાહ છે મિથ્યાદ્રષ્ટિને, પરપદાર્થની આહાહા! એ બધા સુખના સાધન છે એ મિથ્યાદ્રષ્ટિ મૂંઢ છે, ચાહે તો સાધુ જૈનનો થયો હોય તોય એ મિથ્યાદ્રષ્ટિ, મૂંઢ છે. સમજાણું? આત્મશાંતિ ખોઈ બેસે છે. પરમાં સુખની ચાહનાથી આત્માની શાંતિનો નાશ કરે છે. સમજાણું કાંઈ?

અતીન્દ્રિય ચૈતન્ય આત્માને ભૂલી, બાહ્ય ઈન્દ્રિય વિષયોમાં મૂર્છાઈ જાય છે અને આકુળતારહિત મોક્ષસુખની પ્રાપ્તિ માટે કાંઈ પ્રયત્ન કરતો નથી. આહાહા! કો' પોપટભાઈ! આહાહા! શું કહેવાય ઓલી? વડોદરાની નહિં? ભૂલવણી, મહેંદીની ભૂલવણી છે ત્યાં. વડોદરામાં. મહેંદીનું ગરવું કરે, પણ પછી નીકળવું કાંઈ ખબર ન પડે, પછી એનો માણસ હોય એને પૈસા આપવા પડે ચાર આના, આઠ આના - બાપુ! આમાં અમારે નીકળવુ કયાંથી અમારે....

૬૩ ની વાત છે. કેસ ચાલતો હતો ને અફીણનો ખોટો, ખોટો તદ્દન. સવા મહિનો કામ ચાલ્યું ત્યાં જોવા જતાં ત્યાં, કે આઠઆના આપો, રૂપીયો આપો કે ભઈ આઠઆના લઈ લ્યો, અમે તો વેપારી છીએ, તારી હારે અમારે શું કામ છે, આઠ આના લે, એમાં વાંધા ઉઠયાં ને એ સાતસેનો ખર્ચ, ને સવા મહિના સલવાણાં. ત્યાંય એક ફેર

ગ્યાં જોવા ન્યાં, મહેંદીની છે ને ભૂલવણી. ગ્યા ખરા, પણ નીકળવું ક્યાંથી? આમ, આમને પછી ઓલા માણસને કહ્યું? બાપુ! કયાં છે. આ રસ્તો એ આંઈથી, આંઈથી, આંઈથી આમ નીકળો. આંહી નીકળો. આહાહા! એમ ભૂલવણીના રસ્તે ચડી ગયો છે, અનાદિથી, સમજાણું કાંઈ? એ પરમાત્મા બતાવે છે. નીકળવાનો હેં? આ રસ્તે નીકળ બાપુ. આહાહા! એ મહેંદીના આડા અવળા, આડા અવળા, મહેંદીના ઝાડ, આટલા આટલાં કૂદીને નીકળાય નહિ, એટલા ઉંચા હોય, આહાહા!

આ એ ભૂલવણી છે કહે છે. બાહ્ય ઇન્દ્રિયના વિષયોમાં શબ્દમાં, રૂપમાં, રસમાં, ગંધમાં આહાહા! શબ્દથી મને જ્ઞાન થાય, પરથી મને લાભ થાય, એ બધી પરના વિષયમાં મૂર્છાઈ ગયો છે. અને આકુળતારહિત મોક્ષસુખની પ્રાપ્તિ નથી. અંતરઆત્મા, ચૈતન્ય લક્ષણ વાળો જીવ છે. એ તો જાણનાર, જાણનાર, જાણનાર, એવા લક્ષણથી લક્ષ થઈ શકે છે, એવી ચીજ છે. કોઈ પણ ગુરુથી, દેવથી કે વિકલ્પથી આત્મા જણાય એવો નથી. આહાહા! પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે એને બીજી રીતે માને એ ભ્રમણા છે. આહાહા! સમજાણું કાંઈ?

તેનાથી વિપરીત લક્ષણવાળો અજીવ છે, આત્માનો સ્વભાવ તો જ્ઞાતા-દ્રષ્ટા છે, અમૂર્ત છે એમાં કોઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે? (નહિં) આહાહા અને શરીરાદિ પરદ્રવ્ય છે, પુદ્ગલ પિંડરૂપ છે, એ જડ છે, વિનાશક છે, એ મારાં નથી, હું તેનો નથી, એવું ભેદજ્ઞાન કરનાર સમ્યગ્દ્રષ્ટિ અંતરાત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? એવું ભેદજ્ઞાન કરનાર એટલે કે જેમ છે તેમ જુદાઈ જાણનાર એમ, ભેદનો અર્થ આ રીતે સમ્યગ્દ્રષ્ટિ અંતરાત્મા છે. બસ કે આટલું જાણે ત્યાં અંતરાત્મા થઈ ગયો? કાંઈ વ્રત પાળ્યા નહિ, ઉપવાસ કર્યા નહીં. આહાહા! ભાઈ! હજી તો એ ઉપરાંત ૫મું ગુણસ્થાન આવે, એ સ્વરૂપ ને શાંતિનો આશ્રય વધી જાય એને એવા વ્રતના વિકલ્પ હોય તે પણ બંધનું કારણ છે. આહાહા! તને કયાંથી આવી ગ્યાં વ્રતનાં વિકલ્પ? આહાહા!

જેની શાંતિ સર્વાર્થસિદ્ધનાં દેવ સમકિતી, એનાથી જેની શાંતિ અંદર વધી જાય. આહાહા! એને ૫મું ગુણસ્થાન કહીએ અને એને ૧૨ વ્રતના, આશ્રવનાં એ જાતનાં વિકલ્પ હોય. અને શ્રાવકને ૬ કર્તવ્ય કીધા છે. ને? દિન-દિન પ્રત્યે દેવ દર્શન, પ્રભુ સેવા, દાન, તપ, સંયમ, ઈ જાતનો એવો વિકલ્પ આવે છે એ ભૂમિકાએ એમ જણાવ્યું છે સમજાણું કાંઈ? એ કર્તવ્ય તરીકે છે એમ વહેવારનયના લખાણમાં એમ આવે, નિશ્ચયથી એને કર્તવ્ય છે મારું એમ માને, આહાહા! તો એને ભેદજ્ઞાન નથી. આ તો ભેદજ્ઞાન

કરનાર સમ્યગ્દ્રષ્ટિ અંતરાત્મા છે. આહાહા! વળી તે જાણે છે ધર્મી સમ્યગ્દ્રષ્ટિ જીવ હું દેહથી ભિન્ન છું. દેહાદિક મારા નથી. મારો તો એક જ્ઞાન-દર્શન લક્ષણ રૂપ શાશ્વત આત્મા જ છે, લ્યો, દેખો. પર્યાયનો અંશેય ન લીધો આંહી, હેં? માનનાર પર્યાય છે. પણ એનું લક્ષ જે છે એ તો પૂર્ણ શાશ્વત છે. આહાહા સમજાણું કાંઈ? આ, આવો ધર્મ કેવો? કે છે સોનગઢવાળાએ નવો કાઢયો છે?

ભગવાન નવો નથી, ભગવાને કહેલો આ મારગ છે. તેં સાંભળ્યો ન હોય માટે નવો થઈ ગયો? મીંદડીના બચ્ચાને ૭ દિ'થી ફેરવે અને ૪૯ દિ' થાય ત્યારે આંખ્યું ખોલે ઓહો! આ જગત છે? પણ તારી આંખ્યું નહોતી ત્યારેય જગત હતું. તને આંખમાં આવ્યું ત્યારે એમ કે આ જગત છે? આહાહા! સમજાણું કાંઈ? એમ જ્યાં આંખ ખોલી અંદરમાં ઓહો! આવો આત્મા? એવો અનાદિથી છે. તને જયારે દ્રષ્ટિમાં આવ્યો ત્યારે તને લાગ્યું કે આ આત્મા? આહાહા! સમજાણું કાંઈ? આહાહા! બાકીના સંયોગ લક્ષણવાળા જે કોઈ ભાવો છે તે બધાય મારાથી ભિન્ન છે. આત્માના આશ્રયે જે જ્ઞાન-વૈરાગ્યરૂપ ભાવ પ્રગટે છે, તે સંવર નિર્જરા મોક્ષનું કારણ હોઈ મને હિતરૂપ છે. ભાષા શું છે? આત્માના આશ્રયે, કોઈ ક્રિયાકાંડ કરીને, આ દયા પાળીને એ સંવર નિર્જરા નહિ. આહાહા! આત્માને આશ્રયે, તો આત્મા કેવો છે ઈ જાણ્યો, હોય એને આશ્રયે. આહાહા! જે જ્ઞાન ને વીતરાગતારૂપ ભાવ પ્રગટે છે, પર્યાય કહેવી છે ને અહીં તો? તે સંવર - નિર્જરા - મોક્ષનું કારણ હોઈ, તે સંવર ને નિર્જરા, મોક્ષનું કારણ હોઈ, મને હિતરૂપ છે, બાહ્ય પદાર્થના આશ્રયે જે બે આશ્રય લીધા, જોયું?

એની વાત આવશે વિશેષ.....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**



# પ્રવચન – ૧૨

## શ્લોક – ૫

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૨.૧૨.૭૪**

**तत्र बहिरन्त:परमात्मनां प्रत्येकं लक्षणमाह -**

**बहिरात्मा शरीरादौ जातात्मभ्रान्तिरान्तर:।**
**चित्तदोषात्मविभ्रान्ति: परमात्माऽतिनिर्मल: ।। ५ ।।**

આત્મભ્રાન્તિ દેહાદિમાં કરે તેહ 'બહિરાત્મ' ।
'આન્તર' વિભ્રમરહિત છે, અતિનિર્મળ 'પરમાત્મ' ।। ૫ ।।

**तद्वाचिकां नाममालां दर्शयन्नाह -**

**निर्मल: केवल: शुद्धो विविक्त: प्रभुरव्यय: ।**
**परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिन: ।।६।।**

નિર્મળ, કેવળ, શુદ્ધ, જિન, પ્રભુ, વિવિક્ત, પરાત્મ,
ઈશ્વર પરમેષ્ઠી અને અવ્યય[૧] તે પરમાત્મ ।। ૬ ।।

**टीका :** निर्मल: कर्ममलरहित:। केवल: शरीरादीनां सम्बन्धरहित:। शुद्ध: द्रव्यभावकर्मणामभावात् परमविशुद्धिसमन्वित:। विविक्त: शरीरकर्मादिभिरसंस्पृष्ट:। प्रभुरिन्द्रादीनां स्वामी। अव्ययो लब्धानंतचतुष्टयस्वरुपादप्रच्युत:। परमएष्ठी परमे इन्द्रादिवंधे पदे तिष्ठतीति परमेष्ठी स्थानशील:। परमात्मा संसारजीवेभ्य उत्कृष्ट आत्मा। इति शब्द: प्रकारार्थे। एवंप्रकारा ये शब्दास्ते परमात्मनो वाचका:। परमात्मेत्यादिना तानेव दर्शयति। परमात्मा सकलप्राणिभ्य उत्तम आत्मा। ईश्वर इंद्राधसम्भविना अन्तरङ्गबहिरङ्गेण परमैश्वर्येण सदैव सम्पन्न: जिन: सकलकर्मोन्मूलक:।। ६ ।।

પરમાત્માનાં નામ - વાચક નામાવલિ દર્શાવતાં કહે છે :-

**અન્વયાર્થ :** (निर्मल:) નિર્મળ - મલ રહિત, (केवल:) કેવળ - શરીરાદિ પર દ્રવ્યના સંબંધથી રહિત, (शुद्ध:) શુદ્ધ - રાગાદિથી અત્યંત ભિન્ન થઈ ગયા હોવાથી પરમ

---

૧ : અવ્યય = અવિનાશી; પોતાના શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ નહિં થયેલા

વિશુદ્ધિવાળા, (विविक्त) વિવિક્ત - શરીર અને કર્માદિકના સ્પર્શથી રહિત, (प्रभुः) ઇન્દ્રાદિકના સ્વામી, (अव्ययः) અવ્યય - પોતાના અનંતચતુષ્ટયરૂપ સ્વભાવથી ચ્યુત નહિ થવાવાળા, (परमेष्ठी) પરમેષ્ઠી - ઇન્દ્રાદિથી વન્દ્ય પરમ પદમાં સ્થિત, (परमात्मा) પરમાત્મા - સંસારી જીવોથી ઉત્કૃષ્ટ આત્મા, (इश्वरः) ઈશ્વર - અન્ય જીવોમાં અસંભવ એવી વિભૂતિના ધારક - અર્થાત્ અંતરંગ અનંતચતુષ્ટય અને બાહ્ય સમવસરણાદિ વિભૂતિથી યુક્ત, (जिनः) જિન - જ્ઞાનાવરણાદિ સંપૂર્ણ કર્મશત્રુઓને જીતનાર, (इति परमात्मा) - એ પરમાત્માના નામ છે.

**ટીકા** : નિર્મલ એટલે કર્મમલરહિત, કેવલ એટલે શરીરાદિના સંબંધરહિત, શુદ્ધ એટલે દ્રવ્યકર્મ-ભાવકર્મના અભાવના કારણે પરમ વિશુદ્ધિવાળા, વિવિક્ત એટલે શરીર-કર્માદિથી નહિ સ્પર્શાયેલા, પ્રભુ એટલે ઇન્દ્રાદિના સ્વામી, અવ્યવ એટલે પ્રાપ્ત થયેલ અનંતચતુષ્ટયમય સ્વરૂપથી ચ્યુત (ભ્રષ્ટ) નહિ થયેલા, પરમેષ્ઠી એટલે પરમ અર્થાત્ ઇન્દ્રાદિથી વન્દ્ય-એવું મોટું પદ-તેમાં જે રહે છે તે સ્થાનશીલ પરમેષ્ઠી, પરમાત્મા એટલે સંસારી જીવોથી ઉત્કૃષ્ટ આત્મા-એવા પ્રકારના જે શબ્દો છે તે પરમાત્માના વાચક છે,

'પરમાત્મા' ઇત્યાદિથી તેમને જ દર્શાવાય છે. પરમાત્મા એટલે સર્વ પ્રાણીઓમાં ઉત્તમ આત્મા, ઈશ્વર એટલે ઇન્દ્રાદિને અસંભવિત એવાં અંતરંગ-બહિરંગ પરમ ઐશ્વર્યથી સદાય સંપન્ન; જિન-સર્વકર્મોનો મૂલમાંથી નાશ કરનાર-(ઇત્યાદિ પરમાત્માનાં અનંત નામ છે).

**ભાવાર્થ**: નિર્મળ, કેવળ, શુદ્ધ, વિવિક્ત પ્રભુ, અવ્યય, પરમેષ્ઠી, પરમાત્મા, ઈશ્વર, જિન, વગેરે નામો પરમાત્મા-વાચક છે.

આ નામો પરમાત્માના સ્વરૂપને બતાવે છે. તે સ્વરૂપને ઓળખીને પોતાના આત્માને પણ તેવા સ્વરૂપે ચિંતવવો તે પરમાત્મા થવાનો ઉપાય છે.

આત્મામાં શક્તિરૂપે રહેલા ગુણોનું જીવને ભાન થાય તેટલા માટે ભિન્ન ભિન્ન ગુણવાચક નામોથી પરમાત્માની ઓળખાણ કરાવી છે.

આત્મા ચૈતન્યાદિ અનંત ગુણોનો પિંડ છે. આ ગુણો ભગવાનમાં પૂર્ણપણે વિકસિત થઇ ગયા છે, તેથી તે ગુણોની અપેક્ષાએ તેઓ અનેક નામોથી ઓળખાય છે.

પરમાત્માને ગુણ અપેક્ષાએ જેટલાં નામ લાગુ પડે છે તે બધાંય નામો આ આત્માને પણ સ્વભાવ અપેક્ષાએ લાગુ પડે છે, કારણ કે શક્તિ અપેક્ષાએ બંને આત્માઓ

સમાન છે; તેમાં કાંઇ ફેર નથી. જે પરમાત્માના ગુણોને[૨] બરાબર ઓળખે છે તે પોતાના આત્માના સ્વરૂપને જાણ્યા વગર રહે નહિ. જેટલા ગુણો પરમાત્મામાં છે તેટલાજ ગુણો દરેક આત્મામાં છે. પોતાના ત્રિકાલી આત્માની સન્મુખ થઇને તેમનો પૂર્ણપણે વિકાસ કરીને આ આત્મા પણ પરમાત્મા થઇ શકે છે. ૬

# પ્રવચન – ૧૨

**મંગલાચરણ**

**ણમો લોએ સવ્વ અરિહંતાણં;**
**ણમો લોએ સવ્વ સિદ્ધાણં;**
**ણમો લોએ સવ્વ આયરિયાણં;**
**ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;**
**ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;**
**ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।**
**કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।**
**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।**
**મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।**
**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....**

છેલ્લી લીટી બે છે. આ રીતે જીવાદિ તત્ત્વોને જેમ છે તેમ જાણીને. એટલે શું કહ્યું ? કે આ આત્મા જે શુધ્ધ ચૈતન્યઘન, એને આશ્રયે થતો ભાવ, એ સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ છે, બહુ ટૂંકું. ચૈતન્ય, જ્ઞાનાનંદ, શુધ્ધ, ધ્રુવ, ચૈતન્ય એ આવ્યું હતું, આત્માના

૨. – જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યાયપણે, તે જીવ જાણે આત્માને, તસુ મોહ પામે લય ખરે. (શ્રી પ્રવચનસાર, ગુ.આવૃત્તિ–ગાથા–૮૦)

આશ્રયે જ્ઞાન-વૈરાગ્યરૂપભાવ પ્રગટે છે તે સંવર નિર્જરા-મોક્ષનું કારણ મને હિતરૂપ છે, આમ એણે નક્કી કરવું જોઈએ. આહાહા! સમજાણું કાંઈ? આત્માને આશ્રયે, ૧૧મી ગાથામાં લીધું છે, જેમાં આત્માનું અવલંબન હોય, એમાં ભગવાન પૂર્ણાનંદ, જેની પર્યાયમાં, સમીપ વર્તતો હોય અથવા જેના આશ્રયે વસ્તુસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ, એને આશ્રયે પ્રગટેલી જ્ઞાન અને ચારિત્ર દશા, એ સમ્યક્, એ સંવર-નિર્જરા ને મોક્ષનું કારણ છે.

બાહ્ય પદાર્થને આશ્રયે જે રાગાદિભાવ થયા, આહાહા! ચાહે તો તીર્થંકર હો કે એની વાણી હો કે શાસ્ત્ર હો એનું વાંચન આદિ બાહ્ય પદાર્થનાં આશ્રયે થતાં રાગાદિભાવ એ બંધનું કારણ છે. એ શાસ્ત્રને વાંચીને ભણીને એનો આ આશય નીકળવો જોઈએ, એનું સત્ત્વ અને સાર તો આ છે. આહાહા! જે ચૈતન્ય સ્વરૂપ પૂરણ વસ્તુ સ્વભાવ એને આશ્રયે પ્રગટેલી દશા એ મોક્ષનું કારણ છે અને બાહ્ય આત્મા સિવાય શાસ્ત્ર, દેવ, ગુરુ, આ તો ઉંચા નિમિત્ત લીધા, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ તો પર છે, એના આશ્રયે થતો ભાવ ઈ તો વિકાર છે, અને દેવ, ગુરુ ને શાસ્ત્રને આશ્રયે થતો પણ રાગ છે. આહાહા!

એ રાગ આસ્ત્રવાદિ બંધરૂપ હોઈ સંસારનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? મને તે અહિતરૂપ છે. આહાહા! આ તે કાંઈ? ભગવાન સર્વજ્ઞ દેવ, ગુરુ ને શાસ્ત્ર, એને આશ્રયે થતો રાગ એ મને અહિતરૂપ છે. આ અંતરની વસ્તુમાંથી નિર્ણય આવવો જોઈએ. આહાહા! ભણતર ઓછું. હોં, ભણતર ઓછું હોય એની સાથે ક્યાં (સંબંધ) છે. ચૈતન્યનો આશ્રય અને પરનો આશ્રય બે વાત. આહાહા! ચૈતન્ય વસ્તુ જે અનંત ગુણનો પિંડ છે-આત્મા એને આશ્રયે એને અવલંબે એ સત્ય વસ્તુ મહાપ્રભુ એને આશ્રયે એના અવલંબે જે દશા વીતરાગીપર્યાય પ્રગટે, એને આશ્રયે રાગપર્યાય ન પ્રગટે. આહાહા! અને બાહ્ય પદાર્થ ચાહે તો દેવ, ગુરુ, શાસ્ત્ર હો કે સમ્મેદશિખર હો કે શેત્રુંજ્ય હો. 'એક વાર વંદે જો કોઈ' આવે છે ને સમ્મેદશિખરમાં? નરક, પશુ ન હોય. એક ભવ નરક, પશુ ન હોય.

એ ભગવાન સર્વજ્ઞ હો કે એનું સમવસરણ હો કે એની વાણી હો પણ એ બાહ્ય પદાર્થ છે, એને આશ્રયે થતો ભાવ આસ્ત્રવ છે બંધનું કારણ છે. આહાહા! આખું જૈન દર્શનનું દોહન આ છે. પછી ગમે એ ભણે, મગનભાઈ. આહાહા! ભગવાનઆત્મા, જેની પર્યાયમાં સમીપપણે આવે એનો અર્થ કે પર્યાય ત્યાં સમીપપણે જાય. આહાહા! હેં? એની સમીપમાં આવે, એમ કહ્યું, जत्संगोअप्पा નિયમસારમાં, જેની પર્યાયમાં ભગવાન સમીપે વર્તે છે. આહાહા! લાખ વાતની વાત, 'નિશ્ચય ઉર આણો, છોડી, જગત દ્વંદ, ફંદ,

નિજ આતમ ધ્યાવો'. આહાહા!

આ વાત ન હોય ને બીજી બહારની કરોડો, અબજો ખર્ચેને, આ જંબુદ્વીપ ને અઢીદ્વીપ ને વંદેને, એને શું કહેવાય? લાખવાર.. પણ એને આશ્રયે તો રાગ જ થાય. હો ભલે, પણ એ આસ્ત્રવ છે. બંધરૂપ છે કેમકે અબંધ સ્વરૂપી ભગવાન આત્મા, આત્મા તો પોતે અબધ્ધ-સ્પૃષ્ટ છે, એ તો રાગથી બંધાયેલો નથી, તેમાં દ્રવ્યને રાગ ક્યાં આવે? એવું જે વસ્તુનું સ્વરૂપ આહાહા! એનાં આશ્રયથી ધરમ થાય અને પર પદાર્થના આશ્રયે રાગ થાય. ઉંચી ભાષાથી. મગનભાઈ.

પરપદાર્થને આશ્રયે અધરમ થાય હેં? નવનીતભાઈ! આહાહા! એ તો એક જ કહેવાય એમ ચોખ્ખી વાત કહી. આહાહા! આખું તત્ત્વનું સ્વરૂપ જ આ છે. એને કોઈ બીજી રીતે કહે કે પરદ્રવ્ય ને આશ્રયે થતો ભાવ આત્માને ધરમનું કારણ થાય એ સંસારનું કારણ છે એ ધર્મનું કારણ કેમ થાય? સમજાણું કાંઈ? આવો મારગ છે. જોવોને ટૂંકામાં નાંખ્યું છે. આત્માના આશ્રયે જે જ્ઞાન અને ચારિત્ર વળે એટલે ચારિત્ર છે, ભાષા પ્રગટે એ સંવર-નિર્જરા ને મોક્ષનું કારણ હોઈ મને હિતરૂપ છે. અને બાહ્ય પદાર્થને આશ્રયે બાહ્યમાં કોણ રહ્યું? આત્મા સિવાય બધાય બાહ્ય. આહાહા! સ્ત્રી, કુટુંબ ને આશ્રયે આ ધંધાને આશ્રયે ભાવ થાય તે કેવો હશે? સંસારનું કારણ છે, અહિતરૂપ છે. આહાહા!

જગતની અનુકૂળતા કરવા હાટુ મથે છે, છે તદ્દન પ્રતિકૂળ, રખડવાનો રસ્તો. આહાહા! પોપટભાઈ! બાહ્યપદાર્થને રાજી રાખવા કે બાહ્યપદાર્થને રાજીપણું મને આપે અનુકૂળતા. આહાહા! એવી જે બધી શું કહેવાય? એ આપણે કાંઈ? હેં? લાલચ આપે માણસને બીજાની સાથે વાત કરતાં કાંઈ જાણે બીજા મારાથી રાજી થાય. હેં? લાલોપાટો, લાલોપટ્ટો, એ ભાષા જુદી છે, હાં એ લાલાચોપડી તમારે કહતે હૈં, હાં એ લાલાચોપડી. આહાહા ! પ્રભુ, તું દુનિયાને રાજી રાખવાં અને દુનિયાથી રાજી થવા જેટલો જાય એટલું બધું બંધનું દુઃખનું કારણ છે. આહાહા! અને જેટલો ભગવાનને રાજી રાખવા જાય અંદરમાં. આહાહા! એટલું આત્માને સુખનું કારણ છે.

શ્રીમદ્‌માં એક પત્ર આવે છે ને કાંઈ, શરૂઆતમાં આવે છે જગતને રાજી રાખવાં, પવિત્ર આત્મા હેં! લવથવ કરે છે. લવથવ કરે છે, લવથવ, લવથવ હોં. વધારે ભાષાએ ચોખ્ખી ત્યાં. લવથવ એટલે લવવું અને થવવું એટલે બીજાને મોટપ બતાવવી, કરવી અને બીજાથી મોટપ લેવી. એ લવથવ છે, લવથવ કહેવી. સમજાણું કાંઈ? લવથવની વ્યાખ્યા એવી છે કે બીજા સાથે વાત કરતાં એને મોટપ દેવી અને એનાથી પોતાને મોટપ

લેવી. આહાહા ! પોપટભાઈ હેં ? આવું જ છે. આહાહા ! શ્રીમદ્‌માં એક પત્ર આવે છે હોં. જગત ને રાજી રાખવાં જગતને રૂડું મનાવવા રાજી રાખવા એમ કે છે અનંતવાર પ્રયત્ન કર્યો, જગત મને ઠીક રાખે અને એને ઠીક હું રાખું. આહાહા ! પ્રિયભાઈ, સત્યાભિલાષી જૂઠાભાઈ ઉપર છે. જૂઠાભાઈ નહિ ? અમદાવાદ ૨૦ થી ૨૧ મો (પત્રાંક નંબર).

જગતને રૂડું દેખાડવા અનંત વાર પ્રયત્ન કર્યો, તેથી રૂડું થયું નથી, કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણનાં હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. આહાહા ! એક ભવ જો આત્માનો અનુભવ થાય તેમ વ્યતીત કરવામાં આવે થશે તો અનંતભવનું સાટુ વળી રહેશે એમ હું લઘુત્ત્વભાવે સમજ્યો. એકભવ આત્માનો અનુભવ થાય તેમ વ્યતીત કરવામાં આવે તો, આહાહા ! આ તો શરૂઆતની વાત છે.આત્માનું ભલુ થાય, પણ ક્યારે ? કે પોતે આનંદનો નાથ પૂર્ણાનંદ સ્વરૂપ એનો આશ્રય લે તો કલ્યાણ એટલે રૂડું થાય. રાજેન્દ્ર ? હેં ? આહાહા ! સમજાણું કાંઈ ? બાહ્ય પદાર્થોને આશ્રયે. આહાહા ! પણ એમાં તો કહ્યું છે ને ધવલમાં તો કે, જિનબિંબ દેખી ને નિધત્ત અને નિકાચિત કર્મ નાશ થાય છે લ્યો. એ તો જાણ્યું કે ઓહોહો ! વીતરાગ મૂર્તિ શાંત દશા છે, એવી એ વીતરાગમૂર્તિ 'હું' છું, જિનબિંબ 'હું' છું. આહાહા !

જેની નજરું જિનબિંબ ઉપર પડે, ઈ જિનબિંબ આ. પણ ધવલમાં પાઠે ઘણાં આપે કે, જુઓ ભગવાનના દર્શનથી, જિનબિંબથી પણ નિધત્ત અને નિકાચિત કર્મનો નાશ થાય અને મોક્ષ થાય. આહાહા ! ભાઈ ! જિનબિંબ ઇ નહિ. આહાહા ! અકષાય સ્વભાવનું સ્વરૂપ એ જિનબિંબ આત્મા છે એને આશ્રયે હિતરૂપ થાય. આહાહા ! બાકી, ત્રણલોકનોનાથ સર્વજ્ઞ એમ કહે છે મારી સામું જોઈને તને રાગ થશે. ભાઈ ! તે પણ સંસારનું કારણ છે. આહાહા ! આ વીતરાગની વાણી જુઓ ! હું ય તારાની અપેક્ષાએ બાહ્ય છું, અંદરમાં નથી. આહાહા ! હેં ? એ બાહ્ય પદાર્થને આશ્રયે તને રાગ થશે. આહાહા ! અમારા ગુરૂને આશ્રયે, વીતરાગી સંતોને આશ્રયે રાગ થશે અને તીર્થંકર કહે છે કે અમે છદ્દમસ્થ હોઈએ અને અમને આહાર દેવાનો ભાવ આવે. આહાહા ! તોય રાગ થશે ભાઈ !

એ ૭૭ માં ચર્ચા થઈ હતી. ગોંડલ, તમારા વેવાઈ પોપટ જાદવજી. એમના દીકરા વેરે, એમની બેન આપી છે ને ? કોણ રામજીભાઈની, પોપટ જાદવજી અગ્રેસર હતાંને ત્યાં, મોહનભાઈ ન ઓળખે ત્યાં મોઢાગળ એની હારે વાત થઈ'તી કે, આમાં આમ આવ્યું છે ને શાસ્ત્રમાં ? કે રેવતીને ત્યાં આહાર વહોરવા ગયા, સિહોરદાન 'ભગવતીમાં' પાઠ છે. ભગવાનને રોગ થયો. આહાહા ! ભગવાનને રોગ થયો અને પીડા

પીડા પીડા અરે! ભગવાનને રોગ ન હોય ભાઈ! ભગવાનને તો રોગ ન હોય પણ એનાં શરીરનેય ન હોય. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન જેનો તીર્થંકરનો આત્મા. આહાહા! એ તો જન્મથી એને પરમઔદારિક શરીર હોય, એનો ડાબલોય જુદો હોય કેસર કોથળે ન રખાય એને જોઈએ કાચના ને પિત્તળના ડબ્બા.

એમ ત્રણલોકનો નાથ તીર્થંકર જે થવાના છે હજી તો હોં! એ જન્મે ત્યારથી એનું શરીર પરમઔદારિક હોય, આહાહા! એ કહે છે કે અમને પણ છદ્મસ્થ વખતે આહાર દેવાનો તને ભાવ થાય, એ શુભભાવ છે ભાઈ. આહાહા! નવરંગ ભાઈ આવું કોણ કહે? વીતરાગ સ્વભાવી આત્મા એમ કહે. આહાહા! સમજાણું કાંઈ? ભાઈ! આ તો હિત અને અહિતની બે વાતું છે. આહાહા ગજબ વાત છે.

બાહ્ય પદાર્થને આશ્રયે, દેવજીભાઈ! ન્યાં મંદીર બંધાવ્યું એ શું છે? કહે છે એને આશ્રયે ભાવ શુભ થાય એમ કહે છે, ભારે ભાઈ, તે અહિતરૂપ છે, આવે, વીતરાગ પૂર્ણ ન હોય એને એવો ભાવ આવે, પણ છે તો અહિતરૂપ. આહાહા! પોતામાંથી ખસીને પરનો આશ્રય લે ત્યાં તો આંગણામાંથી નીકળી ગયો ઈ તો. હેં? આહાહા! આવી વાત મૂળ સમજ્યા વિનાં ગમે તેટલા ભાષણો અને વ્યાખ્યાનો આપે, એમાં કાંઈ મૂળ ચીજ વીતરાગની આવી નથી. આહાહા! સમજાણું કાંઈ? ગળે ઉતરવું કઠણ પડે. મારગ તો આવો છે ભાઈ!

બાહ્ય પદાર્થોને આશ્રયે જે રાગ પુણ્યભાવ આદિ થાય તે આસ્રવ બંધ રૂપ હોઈ સંસારનું કારણ છે. આહાહા! ભાઈ! ભગવાનનો મારગ અનેકાંત છે. અનેકાંતની વ્યાખ્યા શું? કે ભગવાનનાં મારગ પૂજાથી, દાનથી પણ ધરમ થાય અને પુણ્યાશ્રયથી ધરમ થાય અનેકાંત મારગ છે. અરે! આત્માને આશ્રયે થાય અને પરને આશ્રયે ધરમ ન થાય એમ અનેકાંત છે. આહાહા! સમજાણું કાંઈ?

આ તો ભાઈ મૂળ મારગ છે બાપુ? આહાહા! ચૈતન્ય હીરલો મહા-પ્રભુ એનો આશ્રય છોડીને બહારમાં જા છો. આહાહા! એ વૃત્તિને વ્યભિચારી કીધી છે, નિર્જરા અધિકાર, ૨૦૩ ગાથા નહીં? આહાહા! ભારે વાત ભાઈ! વ્યભિચારી. આહાહા! સંયોગીભાવ છે ઈ, એ સ્વભાવિકભાવ નથી.

આ રીતે જીવાદિ તત્ત્વોને જેમ છે તેમ જાણીને, આ રીતે સમજાણું કાંઈ? આ રીતે જીવાદિ તત્ત્વોને હિત ને અહિત એવા તત્ત્વો એમ કીધું ને? સ્વને આશ્રયે હિતરૂપભાવ, પરને આશ્રયે અહિતરૂપભાવ, એ રીતે તત્ત્વોને જાણીને. આહાહા! પણ

આમાં પાણીનું ગળવું તો ક્યાંય રહી ગયું નહિં ? નવરંગ ભાઈ ? ૫ ની સાલ થઈ ગઈ ને, આ તો ૨૬ વરસ થઈ ગયાં, હજુ પાંચ ગ્યાં. આહાહા ! આ રીતે, જીવ સ્વને આશ્રયે થતો સંવર-નિર્જરા, પરને આશ્રયે થતાં આસ્ત્રવ ને બંધ, ઈ જેમ છે તેમ જાણીને જ્ઞાન કરીને અંદર તેની સાચી પ્રતીતિ કરી એટલે જાણીને પ્રતીતિ લીધું છે. ૧૭, ૧૮માં આવ્યું છે ને ? ૧૭, ૧૮ ગાથામાં, પહેલું જ્ઞાન કરીને, આ, આ છે એમ જાણ્યાં વિના પ્રતીત કોની ? આહાહા !

જીવાદિ જીવ તત્ત્વ, આવી ગયું ને બધું ? જીવ તત્ત્વ એનો આશ્રય કરીને થતો સંવર-નિર્જરા ને મોક્ષ, બાહ્યપદાર્થ અજીવ કે જીવ બીજા ગમે તે, એને આશ્રયે થતો આસ્ત્રવ ને બંધ, એ સંસારનું કારણ છે. આહાહા ! સાચી પ્રતીતિ કરીને જે પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપ-આ અંતરાત્માની વ્યાખ્યા ચાલે છે, ધરમી આવો હોય. આહાહા ! પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપઆત્મામાં એમ કહીને એમ કહ્યું કે આત્મા એટલે શું ? કે જ્ઞાનાનંદસ્વરૂપ. આહાહા ! જ્ઞાન એટલે સમજણ અને આનંદ અતીન્દ્રિય એ જ્ઞાનાનંદસ્વરૂપ આત્મામાં જ અંતર્મુખ થઈને વર્તે છે તે અંતરાત્મા છે. સમજાણું કાંઈ ? આ તો સાદી ભાષા છે. આ કાંઈ બહુ ઝીણી નથી. હેં ? આહાહા !

અંતરાત્માના ત્રણ ભેદ છે હવે એનાં પાછા ત્રણ ભેદ પાડયાં. ધર્માત્માનાં 'ઉત્તમ અંતરાત્મા', 'મધ્યમ અંતરાત્મા' અને 'જઘન્ય અંતરાત્મા'. સ્વનો આશ્રય લઈને પ્રગટેલી ધરમદશા, હજી પૂરણ થયો નથી, એવો અંતરાત્માના ત્રણ પ્રકાર, ઉત્તમ, મધ્યમ અને જઘન્ય.

અંતરંગ અને બહિરંગ પરિગ્રહોથી રહિત, છેલ્લા ૧૨મા ગુણસ્થાનની વાત છે. ઉત્તમ છે ને ? અંતરંગ ને બહિરંગ પરિગ્રહોથી રહિત, બાહ્યનો સંયોગ વસ્ત્રાદિ નહિ અંદરનો સંયોગ રાગાદિ નહિ રહિત શુદ્ધઉપયોગી આત્મ ધ્યાની શુદ્ધઉપયોગી વીતરાગી પરિણતીવાળો આત્મધ્યાની, દિગંબરમુનિ ઉત્તમ અંતરાત્મા છે, આમ આત્મા ઉત્કૃષ્ટ લેવો છે ને ? શુભકષાયોના અભાવ દ્વારા ક્ષીણમોહ, પદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે. આહાહા ! ૧૨માં ગુણસ્થાનમાં ઉત્કૃષ્ટ અંતરાત્મા લીધો, હજી અંતરાત્મા છે ને ઈ ? આહા ૧૨મું વીતરાગદશા, એ ઉત્તમ અંતરાત્મા. ૪થા ગુણસ્થાનવર્તી વ્રતરહિત સમ્યગ્દૃષ્ટિ આત્મા સમ્યગ્દૃષ્ટિ ૪થા (વ્રત) ગુણસ્થાનવાળો વ્રતરહિત સમ્યગ્દૃષ્ટિ આત્મા જઘન્ય અંતરાત્મા કહેવાય છે, નીચલી દરજ્જાનો અંતરાત્મા કહેવાય છે, કેમ કે આત્માનો આશ્રય લીધો છે પણ હજી કષાય બાકી છે, અને આણે આશ્રય લીધો અને પૂરણ કષાય રહિત થઈ ગયો, ઉત્કૃષ્ટ ઉત્તમઆત્મા. આહાહા ! અને એ બેની જઘન્ય અંતરાત્મા અને

ઉત્તમ અંતરાત્માની મધ્યમાં રહેલા ૫માં ગુણસ્થાનવાળા મધ્યમ અંતરાત્મા એ ૧૧માં ગુણસ્થાન સુધી સમજાણું કાંઈ?

૪થા ગુણસ્થાનથી જઘન્ય અંતરાત્મા જઘન્ય અંતરાત્મા કહેવાય, આ બેની વચમાં મધ્યમાં રહેલાં સર્વે મધ્યમ અંતરાત્મા છે. આહાહા! ૫મા થી ૧૧મા ગુણસ્થાન (સુધી) વર્તી, ગુણસ્થાનવર્તી - ગુણસ્થાનમાં વર્તનારા. આહાહા! જેને આત્માનો આનંદ, ૪થા ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધનાદેવને અવિરત સમ્યગ્દ્રષ્ટિ કહીએ, અને જેને ૫મું ગુણસ્થાન અંતરમાં પ્રગટ થયું છે, આહાહા! એને આનંદની ધારા વિશેષ થઈ ગઈ છે, શાંતિ ૪થા કરતાં, સર્વાર્થસિદ્ધના એકાવતારી દેવ ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જનારા એના કરતાં પણ જેને અંતરમાં આનંદની છોળ, આહાહા! અકષાયભાવ બીજા નંબરનો કષાયભાવ ટળીને જેને, એવી શાંતિ શાંતિ શાંતિ ઉપશમરસ જેને વધી ગયો છે ૪થા કરતાં, એને મધ્યમ અંતરાત્મા કહીએ. કો સમજાણું કાંઈ?

અને પરમાત્મા કોને કહીએ હવે? મુનિ પણ છટ્ઠે ગુણસ્થાને મધ્યમ અંતરાત્મામાં આવ્યા સાચા મુનિ. હેં? આહાહા! જેણે આત્માનું અવલબંન લઈ અને જેણે બે કષાયનો નાશ કર્યો છે, એ મધ્યમ ૫માં ગુણસ્થાનવાળો જેણે ભગવાન આત્માનો આશ્રય લઈ પરમશુદ્ધ ઉપયોગી થઈ, આહાહા! એ આવે છે ને પ્રવચનસારમાં. પહેલી પાંચ ગાથામાં પરમશુદ્ધ ઉપયોગી. આહાહા! એ આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ. આહાહા! એને મધ્યમ અંતરાત્મા કહીએ. અરે! ૭મા ગુણસ્થાનથી ૧૨મા, અપ્રમત્તદશામાં રહેલાં આહાહા! એનો દ્રવ્યસ્વભાવ જોતાં જે પર્યાયનો જેમાં નિષેધ થાય છે. પહેલેથી છટ્ઠા સુધી ૭મા થી ૧૪ સુધી. પહેલે થી છટ્ઠા સુધી પ્રમત્ત, ૭મા થી ૧૪ અપ્રમત્ત. 'ण वि होदि **अप्पमत्तो ण पमत्तो**' જેને અપ્રમત્ત ને પ્રમત્તદશા નથી એવો ભગવાન જ્ઞાયકસ્વભાવ જેમાં કેવળજ્ઞાનની પર્યાયે નથી. આહાહા!

વસ્તુ જે દ્રષ્ટિ, સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શન જે ધરમની શરૂઆત જઘન્ય અંતરાત્મા, એનો વિષય જે છે એ તો વસ્તુ છે. એ વસ્તુમાં અપ્રમત્ત કે પ્રમત્ત દશા નથી. આહાહા! સમજાણું કાંઈ? સાચી પ્રમત્ત-અપ્રમત્તદશા હો?

**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो**

જ્ઞાયકભાવ હો, 'ભાવ' લીધો છે ને? ઇ ભાવવાનનો 'ભાવ' લીધો છે. જ્ઞાયકભાવ, ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ જે સમ્યગ્દર્શનનો આશ્રય છે વિષય છે ધ્યેય છે એ

ચીજ જે છે એને આત્મા કહીએ. એ આત્મામાં પ્રમત્ત-અપ્રમત્તદશાઓ નથી. આહાહા! સમજાણું કાંઈ? ઓહો! બાપુ મારગડા આવા છે ભાઈ!

લોકો એમ કહે છે કે અમને તમે માનતાં નથી, અરે બાપુ! પંચપરમેષ્ઠીને નથી માનતાં? હેં! અને તમને શંકા શું કરવા પડે છે, પંચપરમેષ્ઠીને માને એમાં હો તો તમે એમાં આવી જાઓ છો અને ન હો તો બહાર રહી જાઓ છો. છે, એ તો હોય તો છે કહેવાય ને? હેં? આહાહા! બાપુ, તિરસ્કાર માટે નથી, ભાઈ! તમારે પ્રત્યે, એ વસ્તુનું સ્વરૂપ છે આવું એ વસ્તુના સ્વરૂપનું જે તમે માનો છો એવું સ્વરૂપ ન હોય તો એ માનતા કરવી એ પોતાને માટે છે ઈ. કાંઈ પરને માટે નથી. હેં? આહાહા!

જે સત્‌નાં પડખે આવીને વાત હોય, તે વાત એની છે. સમજાણું કાંઈ? સત્ ને પડખે આવ્યો નથી અને માની બેઠો છે કે અમે સાધુ છીએ ને, શ્રાવક છીએ ને, માનો, બાપુ, લાભ નહિ થાય ભાઈ! એ ભવના બોજા નહીં ટળે. સમજાણું કાંઈ? ભવનો બોજો આહાહા! નિગોદમાં એક અંતઃમુહુર્તમાં એક શ્વાસમાં અઢાર ભવ, ગજબ વાત છે ને! આહાહા! નિગોદનાં જીવને, એક શ્વાસમાં અઢાર ભવ કરે. આહાહા!

એમ કહીને એમ કહે છે. આ બાયડીયું હોય છે ને સાડલાં ઘણી જાતના રાખે. એનામાં શું કહેવાય ઈ? શું કહેવાય તમારું ઈ? ટ્રંક ટ્રંક ભૂલી જવાય છે, તેને જુદી જુદી જાતના કપડાં પહેરે જોયું છે? દિશાએ જાય ત્યારે જુદું, ક્યાંક રાત ચાર વાગે રોવા જાય તો જુદું, એવું છે ને બધું, ગામમાં જવું હોય તો જુદું, કેટલી જાતનાં રાખે ટ્રંકમાં, નંબર નંબર નંબર નંબર અને આ રાજાઓ મોટા કેટલી જાતના જોડા રાખે, ભાવથી જેને, બીજું કહેવું છે કે જેમાં જેની પ્રીતિ છે ને એ બદલાવ્યા જ કરે છે, આ પહેરું આ પહેરું આ પહેરું આ કરું આ કરું આ કરું. એમ નિગોદના જીવને ભવનો પ્રેમ છે. આહાહા! અંતઃમુહૂર્તમાં ફેરવ્યાં કરે છે. આહાહા! સમજાણું કાંઈ?

આદમીને એવા થોડા ફેરવે છે. આદમીએ એવા હોય છે સવારના કપડા જુદા સાંજના જુદા બહારના જુદા હોય સૂવાનાં જૂદા. રાજા ને, રાજા હોય એને સૂવાનાં જુદા હોય એ બધી જાત હોય, આને બાયડીને એવું હોય ભાત પાડેલી હોય તો આમ જવાય, ઢીંકણાનું હોય તો આમ જવાય, એવા ભિન્ન- ભિન્ન આહાહા! એનો અર્થ એ છે કે એને એના ઉપર પ્રેમ છે, અને પ્રેમ છે તેથી એને બદલાવી બદલાવીને સારો કેમ દેખાઉં? આહાહા! એમ ભવભ્રમણના એક શ્વાસમાં અઢાર ભવ, આહાહા ! બાપુ! ઈ વાત નથી. એને ભવનો પ્રેમ છે, અવ્યક્તપણે એને એમ નથી કે હું ભવ બદલાવું? હેં?

પણ ભવના ભાવનો, મિથ્યાત્વનો પ્રેમ છે, ને? આહાહા! એ મિથ્યાત્વમાં અનંત ભવ કરવાની તાકાત છે. એક શ્વાસોચ્છ્વાસ હો એમાં અઢાર ભવ શું એ વાત છે? આહાહા!

સર્વજ્ઞ ભગવાન, પરમાત્માએ જોયું ને કહ્યું છે ઈ, કહે છે કે એ બધા ભવોની તાકાત મિથ્યાત્વમાં છે. જેને મિથ્યાત્વનો રસ છે, એ ભવ બદલ્યાં જ કરશે, અને જેણે એ રસ તોડયો છે, આહાહા! જેમાં ભવ અને ભવનો ભાવ નથી એવો જે ભગવાન, ભવ અને ભવનો ભાવ નથી એવો જે ભગવાન આત્મા એનો આશ્રય લેશે એને ભવ નહિ થાય. આહાહા! સમજાણું કાંઈ? બાકી બધી લાખો આમ કરે ને, આને આ સમજાવ્યા મેં આવુ કરાવ્યુંને મેં લાખો ખરચાવ્યા ને મોટા ૨૬-૨૬ લાખના બંગલા કર્યાને માટે એમાંથી કાંઈ ધરમ થાય, એ વાતમાં જરીયે માલ નથી. આહાહા! એય સમજાણું કાંઈ? અમે પાઠશાળાઓ ઘણી કાઢી, શું કહેવાય, શિક્ષણ શિબિર કાઢયા? એય, એ બધો વિકલ્પ છે. એ વિકલ્પ તો આસ્ત્રવ છે, અહિતનું કારણ છે. આ તે વાત બાપા! આહાહા! ચંદુભાઈ, આવી વાત છે ભાઈ! કહે છે કે અંતરાત્મા પાંચમા થી તે અગિયાર સુધી. આહાહા! મુનિ ને તો શુદ્ધઉપયોગી જ કહ્યા છે, માથે શુદ્ધાઉપયોગી કહ્યા છે એ ૧૬ કષાયના અભાવવાળાને ઉત્કૃષ્ટ આત્મા લેવો છે ને અંતરાત્મા, એટલે.

બાકી મુનિને પ્રવચનસાર ની પાંચ ગાથામાં પરમશુદ્ધઉપયોગી. આહાહા! એ પંચમહાવ્રતને પાળનાર ને નગ્ન ને એમ શબ્દ લીધાં નથી ત્યાં એ કાંઈ વસ્તુ નથી. આહાહા! નગ્નપણું તો તિર્યંચનેય છે, એમાં આવે છે ને? અષ્ટપાહુડમાં, આવે છે હેં? આવે છે, તિર્યંચપણું છે એને, ભાવપાહુડમાં, બહુ આવ્યું છે, ભાઈ ગ્યા? સુમનભાઈ ગ્યાને, સુમનભાઈ. બહુ કહે, ભાવપાહુડ, લઈ ગ્યાં ત્યાં, આહાહા! એમાં જિનભાવના બહુ આવી'તી, આવીતીને ભાઈ. જિનભાવના વિના એટલે કે વસ્તુ વીતરાગસ્વરૂપ છે તેની ભાવના વિના આહાહા! ભાઈ! ભાવ, ભાવ જિનસ્વરૂપની ભાવના વિના અનંતીવાર દ્રવ્યલિંગો લીધા. આહાહા! અને પંચમહાવ્રત પાળ્યા પણ એ તો બધો બાહ્ય પદાર્થના આશ્રયનો ભાવ છે. આહાહા! અરે! આ આંતરો ક્યારે સમજે હેં?

આ દીક્ષા નો દિવસ છે ને, ઉપરાઉપર બાપુ દીક્ષા કોને કહેવી ભાઈ! તને ખબર નથી. હજી તો મિથ્યાત્વમાં કેટલા ઉંડા પડયા છે એનીય એને ખબર નથી. આહાહા. કહે છે પંચમ ગુણસ્થાનથી, આ ૬ઠ્ઠે આવ્યાં અંતરાત્મા છે મધ્યમ અંતરાત્મા. આહાહા! અંતરસ્વરૂપ છે એને, એણે પકડયો છે, પૂર્ણાનંદના નાથને જેણે દ્રષ્ટિમાં લીધો છે. આહાહા! જેને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જેણે પૂર્ણાનંદ સ્વરૂપને જ્ઞેય બનાવ્યું છે. આહાહા! અને

જેને પૂર્ણાનંદના સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગી રમે છે, એને મધ્યમ અંતરાત્મા કહેવામાં આવે છે. આહાહા! આવું એનું સ્વરૂપ જ છે હવે એમાં કરવું શું? અને આ તો એમ કે નહિ અમને આમ માનો ને અમને બાપા! તમને માનીએ એ તો તમે કોણ છો? અને ક્યાં છો? એ તમને ખબર નથી? આહાહા! આહીં તો ત્યાં સુધીને અંતરાત્મા કહ્યા.

હવે પરમાત્મા, જેમણે અનંત જ્ઞાન-દર્શનાદિરૂપ ચૈતન્ય શક્તિઓનો ભારે! માળી ભાષા કરી છે. અનંત જ્ઞાન-દર્શનરૂપી જે શક્તિઓ છે ગુણ છે સ્વભાવ ભગવાન આત્માનો એ સ્વભાવ છે. આહાહા! એનો પૂરણપણે વિકાસ કરી, પૂરણપણે વિકાસ કરી, જ્ઞાનાવરણીયનો નાશ કરી, એમ ન લેતાં, આ શક્તિઓનો પૂર્ણ વિકાસ કરી. આહાહા! અસ્તિથી લીધું છે ને? કેમકે નાસ્તિ આવે ભલે, પણ ઈ કાંઈ, જ્ઞાનાવરણીયનો નાશ થતાં વિકાસ થાય છે એમ છે નહિ. આહાહા! સમજાણું કાંઈ? હેં? એ આવે, વહેવારના ગ્રંથમાં, વહેવારના કથનો ઘણાં હોય, તેથી કહ્યું ને વહેવારનય ને વહેવારનય એક દ્રવ્યમાં બીજા દ્રવ્યની વાત કરશે, એક ભાવમાં, બીજા ભાવને ભેળવશે, કારણ કોક ને કાર્ય કોક એમ કહેશે, એમ માન્યતા કરશો તો મિથ્યાત્વ છે. આહાહા! ત્યારે વહેવારનય ભગવાને નથી કીધો? પણ વહેવારનય 'છે' એટલું, પણ વહેવારનય 'આશ્રય' કરવાલાયક છે એમ ક્યાં આવ્યું ન્યાં? વહેવારનય 'છે' એટલું એને જાણવું જોઈએ. સમજાણું કાંઈ? આહાહા! આંહિ તો વહેવારનય નો વિષય સંસાર નથી બંધ નથી આસ્ત્રવ નથી વસ્તુ છે તેથી શું? અરે! એની નિર્મળ પર્યાય પણ વહેવારનયનો વિષય છે.

વસ્તુ છે તે નિશ્ચય છે, આહા આનંદ ને શાંતિ પ્રગટી, ૪થે, ૫મે, ૬ઠ્ઠે એ પણ વહેવાર છે. એ આત્મવહેવાર છે, અને રાગાદિ, દયા, દાનને પોતાના માનીને રહેવું એ મનુષ્યનો સંસારિકવહેવાર છે મનુષ્યવહેવાર કહ્યો છે. ૯૪ પ્રવચનસાર. આહાહા! ભગવાન ભૂલાની ખડકી, અમારે છે ને આત્મારામની? એમના બાપ-દાદા પેઢી કેટલીક ભગવાન ભૂલા એમ આ ભગવાન ભૂલ્યો છે. એની ખડકીએ ચઢી ગયો છે માળો. આહાહા! રાગની ને પર્યાયના આશ્રયની ને આની ને આની ને. આહાહા! આત્મારામ, ભગવાન ભૂલામાં રહે છે ને? આ તો કુટુંબ તરીકે. આહાહા! આતમરામ, એ રાગની ક્રિયાને આ ક્રિયાને આ ક્રિયાને એ હું કરું છું ને એ મને લાભદાયક છે એ ભગવાન ભૂલાની, ખડકીએ ભૂલની ખડકીએ ચઢી ગયો છે. સમજાણું કાંઈ?

પરમાત્મા તો આને કહીએ કે પૂરણપણે વિકાસ કરી સર્વજ્ઞ પ્રાપ્ત થયું કર્યું છે. આહાહા! છે? સર્વજ્ઞપદ તે પરમાત્મા છે. પરમાત્મા ના બે પ્રકાર ઓલા અંતરાત્માના

ત્રણ પ્રકાર હતા. સકલપરમાત્મા, સકલ કલ એટલે શરીર, શરીર સહિત પરમાત્મા-અરિહંત પરમાત્મા, નિકલ શરીરરહિત પરમાત્મા સિદ્ધ પરમાત્મા. અરહંત પરમાત્મા તે સકલ પરમાત્મા છે, સિદ્ધ પરમાત્મા તે નિકલ પરમાત્મા છે. તેઓ કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયસહિત છે, બેય પણ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ જેની દશામાં પૂરણ પવિત્રતા પ્રગટ થઈ ગઈ છે, એને પરમાત્મા કહેવામાં આવે છે.

કોઈ જગતનો કર્તા છે ને, જગતને તારવાં અવતાર લે ને, એ પરમાત્મા છે એમ નથી. સમજાણું કાંઈ? અરહંત પરમાત્મા ને ચાર અઘાતીકર્મો બાકી છે. તેનો ક્ષણે ક્ષણે ક્ષય થતો જાય છે ક્ષય થતો જાય છે હોં. કરે નહિં? તેમને બહારમાં સમવસરણાદિ દિવ્ય વૈભવ હોય છે તીર્થંકરની વાત છે. સમવસરણમાં દિવ્ય વૈભવ, તેમને ઈચ્છા વિનાં ભવ્યજીવોને કલ્યાણરૂપ દિવ્ય-ધ્વનિ છૂટે છે, ઈચ્છા વિના ૐ ધ્વનિ ભવ્ય જીવોને કલ્યાણ રૂપ, ભાષા તો એમ કહેવાયને. પણ એક કોર એમ કહેવાય કે વાણીનો આશ્રય લે તો વિકલ્પ થાય હેં? એ બતાવીને એ બતાવે છે અંદર ઈ, કે અમારું પણ લક્ષ છોડીને તારું લક્ષ કર તો તારું કલ્યાણ થાય. એવી વાણી સાંભળવાની સમજાય છે કાંઈ? આ વાત બેસે એવી ખરી? હેં ? પણ બરાબર બેસે. એ તો વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં, વસ્તુ પોતે જ પોકાર કરે છે. એમાં પરના કહેનારા ગમે એવા હોય એની હારે સંબંધ શું છે?

તેમને ઈચ્છા વિના ભવ્ય જીવોને કલ્યાણરૂપ દિવ્ય ધ્યનિ. જોયું? તેઓ પરમહિતોપદેશક છે. હિતના ઉપદેશ કરનારા છે. લ્યો. કેવળી પાછા હિતના ઉપદેશ કરનારા છે. નિમિત્તપણે વાણી છે ને? એટલે હિતના ઉપદેશ કરનારા એમ કહેવાય. આહાહા! તે પણ પરમહિતોપદેશક આત્માનું કલ્યાણ કેમ થાય? મોક્ષ કેમ થાય? એવા પરમહિતના ઉપદેશક છે. હેં? આહાહા! સંસારદશાનો વ્યય, મોક્ષદશાનો ઉત્પાદ એવો ભગવાનનો ઉપદેશ છે. પરમ ઔદારિક શરીરના સંયોગસહિત હોવાથી પરમઔદારિક શરીર હોય છે કેવળીને, તીર્થંકરને તો જનમથી હોય છે, પણ આ તો કેવળીની વાત છે ને? આહાહા! પરમઔદારિક શરીરના સંયોગરૂપ તેઓ સકલ, કલ શરીર સહિત પરમાત્મા કહેવાય છે. આહાહા! ભલે શરીર હો પણ છે પરમાત્મા, ભાવ મોક્ષ છે એને અરિહંત પરમાત્મા કહેવાય છે.

એ આવા પરમ ઔદારિક શરીર એને રોગ કહેવો હમણાં ક્યાંક વાચ્યું'તું કાલ ક્યાંક? બહુ પીડા, એમ કે ભગવાનને બહુ પીડા થઈ, સિંહ અણગાર ને બોલાવ્યા, જાઓ લેવા જાઓ એમ આવે છે ભગવતી સૂત્રમાં. શરીરમાં પીડા હોય ને? શરીર છે ને

એને, ૧૧ પરિષહ છે ને? શાસ્ત્રમાં નથી લખ્યું? ૧૧ પરિષહ છે કેવળીને, એ તો ઉપચારથી કથન છે, કર્મ પડયું છે ચાર અઘાતિ એટલે, આહાહા! હજી અરિહંતનીય ખબર ન મળે અને જે શાસ્ત્રમાં અરિહંતના કેવળજ્ઞાન વખતે રોગ થાય ને પીડા થાય ને એ દવા લાવે ને દે ને ઈ શાસ્ત્ર નહિ. ભાઈ! આહાહા ! આકરું બહુ પ્રભુ, સમજાણું કાંઈ? જયંતિભાઈ! સાંભળ્યું છે કે નહિ બધું નથી સાંભળ્યું તમે? શું કીધું? લોહખંડવાળો ઈ પછી ભગવાનેય લોહીખંડવાળો, એનાં ભક્તોને ઈન્દ્રોને ન હોય એના દેવને હોય. આહાહા! ભાઈ! આ તે કાંઈ વાત છે. એને ખબર નથી, નથી તત્ત્વની આત્માની ખબર, નથી એને પુણ્ય-પાપની, નવે તત્વની ભૂલ છે. આહાહા! સમજાણું કાંઈ? ક્યાક આવ્યું'તું બે દિ' પહેલા કયાંક એમાં લખ્યું છે ભગવાન ને આમ થયું, ને આમ થયું, છાપું છે ને અહીંયા જ હશે, જૈનપ્રકાશમાં, એમાં ઈ છે. ભગવાનને પીડા થઈને ભગવાન ને આમ થયું ને અરે ભાઈ! આ શું કર્યું તેં, એ શાસ્ત્રની રચના એ સંતોની રચના નહિ. ભાઈ! એ આત્માના આત્મજ્ઞાનીની રચના નહિ. આહાહા! એથી કોઈનો તિરસ્કાર કરવો છે, એમ નથી. વસ્તુનું સ્વરૂપ આમ છે ત્યાં બીજી રીતે માનતાં માન્યતા ઉંધી થઈ જાય છે. હેં? આહાહા!

કહે છે, એને તો પરમ ઔદારિક શરીર જે જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મ રાગાદિ-ભાવકર્મ શરીરાદિનો કર્મથી રહિત છે શુદ્ધ જ્ઞાનમય છે, આ સિદ્ધની વાત છે. આ સિદ્ધની. પરમ ઔદારિક શરીરથી રહિત છે, એ નિર્દોષ અને પરમ પૂજ્ય સિદ્ધ પરમેષ્ઠી નિકલ પરમાત્મા કહેવાય છે. તેઓ અનંત કાળ સુધી અનંત સુખ ભોગવે છે. આવા સિદ્ધને સિદ્ધ કહેવાય. જેણે અનંતઆનંદ પ્રગટ કરીને, અનંતઆનંદમાં સાદિઅનંત અનુભવ સ્થિત અનુભવે છે. આહાહા! આત્મામાં પરમાનંદની શક્તિ ભરી પડી છે, એ આત્મધર્મમાંથી નાખ્યું છે, છે ને નીચે આત્મધર્મમાં આવ્યું છે ને એમાંથી નાખ્યું છે. શું કહેવાય? આ બહુ હોંશિયાર હસ્ત, હેં? ઈ નહિ ઈ એ નહિ આ તો હસ્તસિદ્ધ છે. હસ્ત સિદ્ધ હેં? સિદ્ધહસ્ત. હા, હા, એ સિદ્ધહસ્ત. ઓલું પુસ્તક બનાવ્યું છે ને? નહિ આ ડાકટરે? હેં? હેં, એમાં લખ્યું છે હરીભાઈ માટે. સિદ્ધહસ્ત છે, આ પુસ્તક આત્મધર્મ કરી લખવામાં લખ્યું છે મારા એક શબ્દ, આવ્યો તો હાથ એ ભાઈ, અહિંયા આવ્યું છે ને, ઓલો નહિં, નાનો કોક છે નાનો 'અહિંસા પરમો ધર્મ', છે (મનોજ) એ છે અહીંની રુચિવાળો, અહીંની વાત વધારે લખે છે, હરીભાઈનું લખાણ પસંદ બહુ પડયુ છે એને, સત્ય વાત રુચતી હોય તો એને સારું લાગે છે એમાં શું છે?

આત્મામાં પરમાનંદની શક્તિ ભરી પડી છે. આહાહા! તું આમ ફાંફાં

મારે છો બહારમાં, આનંદને માટે એટલે કે મજાને માટે એટલે કે સુખી થવા માટે મુર્ખાઈ છે. કેમ કે પરમાનંદની શક્તિથી ભરેલો પરમાત્મા પોતે આત્મા એવડો છે. આહાહા! આત્મામાં પરમાનંદની શક્તિ એટલે ગુણ હો અહિં ભરી પડી છે. જેમ શીશીમાં દૂધ ભર્યુ હોય એમ ને ? એ દાખલો આવે છે પણ એમ નથી એમ ક્યાં છે ? જેમ દૂધમાં મીઠાશ પડી છે એમ. દૂધ શીશીમાં, વાસણમાં પડયું છે એમ નહિ. એમ ગુણ, કોઈ ચીજ છે એમાં પડયા છે એમ નથી, એ પરમાનંદરૂપી શક્તિ ભગવાન દ્રવ્યમાં પડી છે, આહાહા! તે શક્તિ ભરી પડી છે. આહાહા!

બાહ્ય ઈન્દ્રિય વિષયોમાં વાસ્તવિક સુખ નથી. ઈન્દ્રિયનાં વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શ, એમાં જરીયે મજા નથી. એ તો ઝેરના પ્યાલા દુ:ખનાં પીવા છે એને. સમજાણું કાંઈ? એમ અંતર પ્રતીતિ કરીને ઘરમી જીવ અંતરમુખ થઈને, અંતરમુખ થઈને આત્માના અતીન્દ્રિય સુખનો સ્વાદ લે છે. આહાહા! કહો, આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે છે. આહાહા! એને અંતરાત્મા ને ઘરમી કહીએ કહે છે. સમજાણું કાંઈ?

જેમ આ દાખલો આપણે ઘણીવાર આપીએ છીએ ને? એ નાખ્યો છે આંહિ જેમ લીંડીપીપરના દાણે દાણે ચોસઠ પહોરી તીખાશની તાકાત ભરી છે, તેમ પ્રત્યેક આત્માનો સ્વભાવ પરિપૂર્ણ જ્ઞાન, આનંદથી ભરેલો છે, પણ તેનો વિશ્વાસ કરી આહાહા! ઈ પૂરણ જ્ઞાનને આનંદથી અસ્તિત્વ છે એનો વિશ્વાસ કરીને, પ્રતીતમાં લઈને જ્ઞાનમાં જ્ઞેય બનાવીને પછી પ્રતીતમાં લઈને એટલે વિશ્વાસ એમ અંતરમુખ થઈ તેમાં એકાગ્ર થાય, આહાહા! તો તે જ્ઞાન અને આનંદનો સ્વાદ અનુભવમાં આવે. આત્માથી ભિન્ન બાહ્ય વિષયોમાં ક્યાંય આત્માનો આનંદ નથી. આહાહા! ધર્માત્મા પોતાના આત્મા સિવાય બહારમાં ક્યાંય સ્વપ્નમાંય આનંદ માનતો નથી. આહાહા!

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૧૩

## શ્લોક – ૬

**સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૨૩.૧૨.૭૪**

**तद्वाचिकां नाममालां दर्शयन्नाह -**

**निर्मलः केवलः शुद्धो विविक्तः प्रभुरव्ययः ।**
**परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिनः ।।६।।**

**નિર્મળ, કેવળ, શુદ્ધ, જિન, પ્રભુ, વિવિક્ત, પરાત્મ,**
**ઈશ્વર પરમેષ્ઠી અને અવ્યય[૧] તે પરમાત્મ ।। ૬ ।।**

**टीका :** निर्मल: कर्ममलरहितः। केवल:शरीरादीनां सम्बन्धरहितः। शुद्धः द्रव्यभावकर्मणामभावात् परमविशुद्धिसमन्वितः। विविक्तः शरीरकर्मादिभिरसंस्पृष्टः। प्रभुरिन्द्रादीनां स्वामी। अव्ययो लब्धानंतचतुष्टयस्वरुपादप्रच्युतः। परमेष्ठी परमे इन्द्रादिवंद्ये पदे तिष्ठतीति परमेष्ठी स्थानशीलः। परमात्मा संसारिजीवेभ्य उत्कृष्ट आत्मा। इति शब्दः प्रकारार्थे। एवंप्रकारा ये शब्दास्ते परमात्मनो वाचकाः। परमात्मेत्यादिना तानेव दर्शयति। परात्मा सकलप्राणिभ्य उत्तम आत्मा। ईश्वर इंद्राधसम्भविना अन्तरङ्गबहिरङ्गेण परमैश्वर्येण सदैव सम्पन्नः जिनः सकलकर्मोन्मूलकः ।। ६ ।।

પરમાત્માનાં નામ - વાચક નામાવલિ દર્શાવતાં કહે છે :-

અન્વયાર્થ : (निर्मलः) નિર્મળ - મલ રહિત, (केवलः) કેવળ - શરીરાદિ પર દ્રવ્યના સંબંધથી રહિત, (शुद्धः) શુદ્ધ - રાગાદિથી અત્યંત ભિન્ન થઇ ગયા હોવાથી પરમ વિશુદ્ધિવાળા, (विविक्त) વિવિક્ત - શરીર અને કર્માદિકના સ્પર્શથી રહિત, (प्रभुः) ઇન્દ્રાદિકના સ્વામી, (अव्ययः) અવ્યય - પોતાના અનંતચતુષ્ટયરૂપ સ્વભાવથી ચ્યુત નહિ થવાવાળા, (परमेष्ठी) પરમેષ્ઠી- ઇન્દ્રાદિથી વન્દ્ય પરમ પદમાં સ્થિત, (परमात्मा) પરમાત્મા - સંસારી જીવોથી ઉત્કૃષ્ટ આત્મા, (इश्वरः) ઈશ્વર - અન્ય જીવોમાં અસંભવ એવી વિભૂતિના ધારક - અર્થાત્ અંતરંગ અનંતચતુષ્ટય અને બાહ્ય સમવસરણાદિ

---

૧ : અવ્યય = અવિનાશી; પોતાના શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ નહિં થયેલા

વિભૂતિથી યુક્ત, (जिनः) જિન - જ્ઞાનાવરણાદિ સંપૂર્ણ કર્મશત્રુઓને જીતનાર, (इति परमात्मा) - એ પરમાત્માના નામ છે.

**ટીકા** : નિર્મલ એટલે કર્મમલરહિત, કેવલ એટલે શરીરાદિના સંબંધરહિત, શુદ્ધ એટલે દ્રવ્યકર્મ-ભાવકર્મના અભાવના કારણે પરમ વિશુદ્ધિવાળા, વિવિક્ત એટલે શરીર-કર્માદિથી નહિ સ્પર્શાયેલા, પ્રભુ એટલે ઇન્દ્રાદિના સ્વામી, અવ્યવ એટલે પ્રાપ્ત થયેલ અનંતચતુષ્ટયમય સ્વરૂપથી ચ્યુત (ભ્રષ્ટ) નહિ થયેલા, પરમેષ્ઠી એટલે પરમ અર્થાત્ ઇન્દ્રાદિથી વન્દ્ય-એવું મોટું પદ-તેમાં જે રહે છે તે સ્થાનશીલ પરમેષ્ઠી, પરાત્મા એટલે સંસારી જીવોથી ઉત્કૃષ્ટ આત્મા-એવા પ્રકારના જે શબ્દો છે તે પરમાત્માના વાચક છે,

'પરમાત્મા' ઇત્યાદિથી તેમને જ દર્શાવાય છે. પરમાત્મા એટલે સર્વ પ્રાણીઓમાં ઉત્તમ આત્મા, ઇશ્વર એટલે ઇન્દ્રાદિને અસંભવિત એવાં અંતરંગ-બહિરંગ પરમ ઐશ્વર્યથી સદાય સંપન્ન; જિન-સર્વકર્મોનો મૂલમાંથી નાશ કરનાર-(ઇત્યાદિ પરમાત્માનાં અનંત નામ છે).

**ભાવાર્થ**: નિર્મળ, કેવળ, શુદ્ધ, વિવિક્ત પ્રભુ, અવ્યય, પરમેષ્ઠી, પરમાત્મા, ઇશ્વર, જિન, વગેરે નામો પરમાત્મા-વાચક છે.

આ નામો પરમાત્માના સ્વરૂપને બતાવે છે. તે સ્વરૂપને ઓળખીને પોતાના આત્માને પણ તેવા સ્વરૂપે ચિંતવવો તે પરમાત્મા થવાનો ઉપાય છે.

આત્મામાં શક્તિરૂપે રહેલા ગુણોનું જીવને ભાન થાય તેટલા માટે ભિન્ન ભિન્ન ગુણવાચક નામોથી પરમાત્માની ઓળખાણ કરાવી છે.

આત્મા ચૈતન્યાદિ અનંત ગુણોનો પિંડ છે. આ ગુણો ભગવાનમાં પૂર્ણપણે વિકસિત થઇ ગયા છે, તેથી તે ગુણોની અપેક્ષાએ તેઓ અનેક નામોથી ઓળખાય છે.

પરમાત્માને ગુણ અપેક્ષાએ જેટલાં નામ લાગુ પડે છે તે બધાંય નામો આ આત્માને પણ સ્વભાવ અપેક્ષાએ લાગુ પડે છે, કારણ કે શક્તિ અપેક્ષાએ બંને આત્માઓ સમાન છે; તેમાં કાંઇ ફેર નથી. જે પરમાત્માના ગુણોને[૨] બરાબર ઓળખે છે તે પોતાના આત્માના સ્વરૂપને જાણ્યા વગર રહે નહિ. જેટલા ગુણો પરમાત્મામાં છે તેટલાજ ગુણો દરેક આત્મામાં છે. પોતાના ત્રિકાલી આત્માની સન્મુખ થઇને તેમનો પૂર્ણપણે વિકાસ

**૨. જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્યપણે, તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. (શ્રી પ્રવચનસાર, ગુ. આવૃત્તિ-ગાથા-૮૦)**

કરીને આ આત્મા પણ પરમાત્મા થઈ શકે છે. ૬

# પ્રવચન – ૧૩

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**तद्वाचिकां नाममालां दर्शयन्नाह -**

**निर्मलः केवलः शुद्धो विविक्तः प्रभुख्यय: ।**
**परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिनः ।।६।।**

**ટીકા :** નિર્મળ એટલે કર્મમળ રહિત, એવો જ આ આત્મા નિર્મળ એટલે કર્મ રહિત છે. ભગવાનને પ્રગટ થયો છે, આ આત્મા વસ્તુ તરીકે એવો જ છે. આહાહા! સમજાણું કાંઈ? આવશે એમાં, જો જાણે અરિહંતને આવે છે ને જે જાણે પરમાત્મા ને, અરિહંત ને જાણે કહો કે પરમાત્માને સો જાણે અપ્પાણં આત્મા એવો છે અંદરમાં નિર્ણય કરે અનુભવ

કરે. આહાહા ! આમ આત્મા આત્મા છે આત્મા છે એમ શ્રદ્ધા કરે, પણ આત્મા છે કેવો ? સમજાણું કાંઈ ? એ નિર્મળ છે, ભગવાન પરમાત્માને પર્યાયમાં નિર્મળતા થઈ ગઈ છે. પણ ઈ નિર્મળતા આવી ક્યાંથી ? હેં ? અંતરમાંથી. વસ્તુનું સ્વરૂપ જ નિર્મળ છે, કર્મનો સંબંધ જ દ્રવ્ય - જ્ઞાયક સ્વભાવ સાથે નિમિત્તપણે પણ.. બાકી બધી ગમે તે વાત હો....

કેવળ શરીર આદિના સંબંધ રહિત, પરમાત્માને શરીરનો સંબંધ છે નહિ. એમ આત્માને શરીરના સંબંધ રહિત જ એનું સ્વરૂપ છે. શરીરાદિ વસ્તુ તો એમાં નાસ્તિ છે, એટલે કે એને સંબંધ શરીરનો છે વસ્તુને એમ તો છે નહિ. આહાહા ! તોય વસ્તુને નિરોગ રાખવી, દવા શીખવું, હવે મેળવો વાતુ માળે આવી વાતું.

(**શ્રોતા** : પૂજ્યપાદ આચાર્ય વૈદ્ય હતા) કોણ ? હા ખબર છે ને. હા કહેવાણું છે. પણ એ તો એવો કોઈ વિકલ્પ આવી ગયો. અને કોઈ એવા વૈદોની ઉગ્રતા દવાની બહારમાં પ્રસિધ્ધી બહુ હોય, અને એની પ્રસિદ્ધિમાં આવું જાણનાર હોય કોઈ મુનિ સહેજે જણાય ગયું હોય, તો એને જણાવે છે એ કોઈ વિશેષ નથી. એમ મોટા હોય છે તે આ વૈદ વૈદો એઈ પૂજ્યપાદસ્વામીએ પુસ્તક બનાવ્યા છે, પણ એ તો એ જાતનો વિકલ્પ થોડો એ સમયે એ ક્ષેત્ર દ્રવ્યમાં એવો કોઈ જીવ દેખાય કે આ તો આંહિ, વૈદની સ્થિતિથી પ્રસિધ્ધ તો નિરોગતા કરાવનાર ઈ છે, એવી પ્રસિદ્ધિ થઈ હોય એને પોતે નિરોગતા થવાની દશા બતાવે, અને રોગનો ઉપાય પણ અંદર આવી જાય. આહાહા ! આવી આકરી વાતું, પૂજ્યપાદ સ્વામીએ બનાવ્યું છે, આ વૈદ શાસ્ત્ર બનાવ્યું છે એ પણ પ્રસંગ આવો હતો એટલે, હવે એમ ન જાણે ને આમ બધે લાગું પાડી દે બધે ઠેકાણે. આહાહા !

આંહિ તો કહે છે કે શરીરાદિના સંબંધ રહિત જ આત્મા છે. પરમાત્મા શરીરના સંબંધ રહિત તો છે. પણ ભગવાન આત્મા શરીર તેજસ, કાર્મણ, અને ઔદારિક, વૈક્રિય ના હોય. એ અને ભાષા અને મન એના સંબંધ રહિત વસ્તુ છે. સમજાણું કાંઈ ? જેમ કહ્યું ને કે આત્મા અબદ્ધ સ્પષ્ટ છે, એનો અર્થ થયો કે અબદ્ધ સ્પૃષ્ટ એટલે પરના સંબંધ વિનાનો છે બંધ વિનાનો છે એટલે સંબંધ વિનાનો છે. આહાહા ! ૧૪મી ગાથાનું આવ્યું પંદરમી (સમયસાર) એ જે જાણે તેણે જૈનશાસન જાણ્યું. આહાહા !

ભગવાન આત્મા રાગ ને કર્મના બંધ રહિત છે અબદ્ધ સ્પૃષ્ટ છે એવું જેણે શુદ્ધઉપયોગમાં જાણ્યું, એ શુદ્ધઉપયોગ એ જૈન શાસન છે. સમજાણું કાંઈ ? વચ્ચે શુભભાવ આવે એ જૈનશાસન નથી. એ વહેવાર જૈન શાસન એટલે ઉપચાર છે. આહાહા ! આકરી

વાત બાપુ એને પડે, અરેરે ! આ તો જનમ મરણના રહિતની વાતું છે ને ? હેં ? એ જનમ મરણ રહિત છે વસ્તુ તો જનમ મરણ રહિત છે વસ્તુને જનમે ને વસ્તુને મરે એમ છે એમાં ? ઉત્પન્ન થવું ને મરવું એટલે વ્યય થવો. આહાહા ! એમ શરીર અને મનને વાણીને કર્મના સંબંધ રહિત પરમાત્મા છે. તો એ આ આત્મા જ એવો છે. અત્યારે. સમજાણું કાંઈ ? એવી શક્તિ અંદર ધરાવે છે ત્રિકાળ, આ બધી શક્તિઓનું વર્ણન છે. આહાહા !

દુનિયા હારે વાદ-વિવાદે કાંઈ પાર પડે એવું નથી. હેં ? લોકોને વહેવારની વાતો સારી લાગે છે ને સત્ય છે નિશ્ચય એને આ પકડાયું નથી બિચારાને. ઝીણું છે ઝીણું છે એમ કરીને કાઢી નાંખે. શરીરાદિ એટલે વાણી મનથી રહિત છે સંબંધરહિત છે એટલે કે બંધરહિત છે. એટલે કે મુક્તસ્વરૂપ છે. આહાહા !

**'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं ।**
**अविसेसमसंजुत्तं सुद्धणयं वियाणीहि ।।१४ ।।'** સમયસાર

અને વિકાર રહિત, એવો જે ભગવાન આત્મા, એને જે અંદરમાં જ્ઞાન ને શ્રધ્ધાથી જોવે માને એને આંહિ જૈનશાસન કહ્યું છે હવે. આહાહા ! જૈનશાસન તો આ. આંહિ જૈનશાસન પર્યાયની વાત છે હોં ! દ્રવ્ય જૈનશાસન, પણ એ પર્યાય જેવો વીતરાગ સ્વભાવ છે. સંબંધ વિનાનો સ્વભાવ છે. અબધ્ધ સ્વભાવ છે, એટલે કે અબધ્ધ તો નાસ્તિથી કહ્યું પણ અસ્તિથી કહીએ તો મુક્ત સ્વરૂપ છે. આહાહા !

એવા મુક્ત સ્વરૂપ વસ્તુ છે એનો અનુભવ કરીને એની પ્રતીત કરવી એ દશાને જૈનશાસન કહે છે, આ બાર અંગમાં આ છે, પોપટભાઈ. આહાહા ! એ પરમાત્મા શક્તિનું સત્વ છે. એ બહિરાત્મા ને અંતરાત્મા એ તો પર્યાયની અપેક્ષાથી છે, ને આ પ્રગટે છે એ પર્યાયની અપેક્ષાએ વાત હાલે છે. સમજાણું કાંઈ ? પણ એ પર્યાયમાં આ પણું થયું એ ક્યાંથી થયું ? આહાહા ! એને એ વિશ્વાસની દ્રષ્ટિમાં આખો આત્મા આવો આવ્યો, એથી એની પર્યાયમાં મુક્ત સ્વભાવની દ્રષ્ટિ થતાં દ્રષ્ટિ એ તો મુક્ત છે, દ્રષ્ટિનો વિષય મુક્ત છે, પણ મિથ્યાત્વ અને અનંતાનુંબંધી કષાય જેટલો અબદ્ધ સ્પૃષ્ટ ને જાણતા અનુભવતાં ટળી એટલો પર્યાયમાં મુક્તિ આવી. છે ? આહાહા ! મુક્ત સ્વરૂપ ભગવાન આત્મા, આંહિ સંબંધરહિત ભાષા છે ને ? આહાહા ! સંબંધ કહો કે બંધ કહો, ૧૪મીમાં એમ લીધું

'જો પસયદિ અબદ્ધ', અબદ્ધનામ બદ્ધ નહિં એટલે મુક્ત સ્વરૂપ છે. આહાહા ! એને કોઈ રાગ ને શરીરનો કાંઈ સંબંધ જ નથી. રાજેન્દ્રજી.. આવી વાત છે આ, અને આ દવાખાનામાં જરા ગપ્પા મારવા જવા હોંશિયાર થઈ જાય ને જાણે અમે

હોંશિયાર છીએ. હેં ? એમ હશે ? આહાહા ! બાપુ, તારી હોંશિયારી તો જ્ઞાન ને આનંદની હોંશિયારી તારામાં પડી છે. અરે' .. અબધ્ધ સ્પૃષ્ટ એવી મુક્તશક્તિ તારામાં પડી છે. આહાહા ! એ શકિતને સંભાળે તે હોંશિયાર કહેવાય, નવરંગભાઈ ! આહાહા ! આવી વાત છે. મૂળ વસ્તુને મૂકીને બીજી બધી વાતું કરે, અણુવ્રતને મહાવ્રત પાળે તો એ અણુવ્રત એ પણ ચારિત્ર કહેવાય અરે કયાં આવ્યાં બાપુ ? આહાહા ! અણુવ્રતને મહાવ્રતનો વિકલ્પ એ તો આસ્ત્રવ છે. આસ્ત્રવનાં સંબંધ રહિત ભગવાન છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આ તો જેને હિત કરવું હોય એની વાતું છે ભાઈ ! વાતું કરવી હોય ને ક્યાંક શાસ્ત્રને વહેવારની વાતુંને પડખે ઉભો રહીને વાતું કરવી હોય એને ન બેસે આ. હેં ? આહાહા ! કહે છે એ શરીરના આદિના સંબંધ રહિત ભગવાન છે.

પરમેશ્વર એવી શક્તિવાળું તત્ત્વ જ એ હું છું. શુદ્ધ છે, દ્રવ્યકર્મ ને ભાવકર્મના અભાવને કારણે, પરમ વિશુદ્ધિ, જોયું ? શુદ્ધના અર્થમાં વિશુદ્ધિ લીધી, નહીં તો વિશુદ્ધિ તો કષાયની મંદતાને પણ હોય છે. પણ આંહિ તો પરમ વિશુદ્ધિ લીધી છે એટલે પરમાત્મા એને કહીએ તદ્દન આનંદની દશા પૂરણ જેને પ્રગટી છે એને પરમાત્મા કહીએ. આહાહા ! કોઈ જગતનો કર્તા છે, એની સૃષ્ટિને એણે સર્જી છે માટે એ પરમેશ્વર છે એવું પરમેશ્વરનું સ્વરૂપ છે નહીં. આહાહા ! શુદ્ધ જડકર્મ ને ભાવકર્મ, પુણ્યને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિના ભાવ, એના અભાવને કારણે, પરમેશ્વરને એનો અભાવ થયો છે એને કારણે પરમવિશુદ્ધિવાળા છે. આહાહા ! તો આ ભગવાન આત્મા પણ એ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

વસ્તુએ પુણ્યને પાપ અને જડકર્મના ભાવ વિનાની આ ચીજ છે. જેમાં એ વસ્તુનો નાસ્તિભાવ છે, રાગ અને કર્મની પોતાનું જે અસ્તિત્વ છે, આવી મહાપ્રભુ સત્તા એના અસ્તિત્વમાં રાગ અને કર્મનો અસ્તિત્વનો નાસ્તિભાવ છે. સમજાણું કાંઈ ? મૂળ ચીજને જાણ્યા વિના અને મૂળ ચીજ ને દેખ્યા વિના ...

એમાં નથી એનો સ્પર્શ એને કેમ હોય ? આહાહા ! ભગવાન આત્મા શરીર વાણી કર્મ એને સ્પર્શેલો નથી. પરમાત્માને પર્યાયમાં નથી, આના વસ્તુના સ્વભાવમાં નથી. આહાહા ! સમજાણું કાંઈ ? કેમ કે એ વસ્તુ એવી છે, છઠ્ઠી અલિંગમાં (અલિંગગ્રહણ) કહ્યુંને છઠ્ઠા બોલમાં, કે વસ્તુ પોતે આત્મા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા ! એ વસ્તુ એવી છે વસ્તુ ત્રિકાળ એવી છે કે એ સ્વસ્વભાવથી જણાય, કારણ કે એનું સ્વરૂપ છે એ એની પર્યાયથી જણાય એમ, પણ એના સ્વરૂપમાં વિકલ્પને, શરીરને અડયો જ નથી. આહાહા ! એનાથી એ જણાય, ભાઈ ! એ વસ્તુનું સ્વરૂપ નથી ભગવાને

કીધું છે એ આમ છે, એ તો એવો વસ્તુનો સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

વિવિકતની વ્યાખ્યા કરી. વિવિક્ત પહેલા પદમાં આવ્યું'તું શરૂઆતમાં પદમાં વિવિક્ત. વિવિક્તનો અર્થ જ એ છે. આમાં આવે છે ને નવવાડમાં સ્ત્રી, પુરૂષ, નપુંસક, રહિત વિવિક્ત સ્થાન, નવવાડ બ્રહ્મચર્યમાં આવે છે, એમ આ ભગવાન પોતે એ પરદ્રવ્ય કર્મને શરીરને સ્પર્શયો નથી એવો વિવિક્ત છે. આહાહા! પછી એને વહેવારથી થાય, નિશ્ચય ને વહેવારનો કર્તા આત્મા, એમ નહિ લાગુ પડે એને! પોપટભાઈ ઓલું સારું, આ મગજ થઈ ગયું'તું હવે આવ્યું આ બધું સાંભળવાનું, આહા તે દી' બહેન કહેતા'તા ખાનગીમાં કે એ ભાઈ એકલા બડબડે છે એમ વાત આવી'તી પણ ભાગ્યશાળી પાછું સરખું આવી ગ્યું બધું. અરે આ વાત કરવાની ને સમજવાની છે બાપા, બાકી બધા ધંધાને પાણી એ તો પરની, પરને સ્પર્શયો નથી ને કરે શી રીતે? એમ કહે છે. આહાહા! એ મહેન્દ્રભાઈ, એ હીરા ને માણેકને અડતો નથી જીવ, હવે ઉપાડે ને પરીક્ષા કરીને આપે. ક્યાં છે? આહાહા! વેલજીભાઈ, આ લોકો જુઓને ભાગ્યશાળી માણસો ક્યાંના ક્યાં આવી ગયા? હેં? આહાહા!

અરે, આ તો પરમાત્માના બારણા ખોલવાની વાતું છે. બંધ છે તે હું રાગવાળો છું ને આ વાળો છું ત્યાં એ બારણું બંધ છે ત્યાં. આહાહા! વિવિક્ત છું, પરમાત્મા વિવિક્ત છે. જો જાણે અરિહંત, દ્રવ્ય ગુણને પર્યાયને એ અરિહંતની પર્યાય વિવિક્ત છે, એમ જે જાણે તે આત્મા વિવિક્ત છે, એમ જાણીને તે આત્માને અનુભવે ને જાણે. આહાહા! પણ ઓલા વહેવારના લખાણ ચરણાનુયોગમાં બહું આવે, વ્રત પાળવા, આ વ્રત આમ કરવું આમ કરવું ને આમ કરવું, આહાહા! એટલે એને એમ થયું કે ઈ પણ એક આત્માનું આચરણ છે. હેં? અણુવ્રતને મહાવ્રત શ્રાવકના છ કર્તવ્ય આવે છે ને? ગુરૂસેવા, ભગવાનની પૂજા, દેવપૂજા, ગુરુપાસ્તિ સ્વાધ્યાય સંયમ તપ હા, એ, ઈ જાણે કે એ એનું સ્વરૂપ જ થઈ ગયું એ, એ સ્વરૂપથી એ રાગને સ્પર્શયો જ નથી. હોય છે, છતાં એના અભાવસ્વરૂપ એના અભાવ સ્વભાવ સ્વરૂપે આત્મા છે, આહાહા! વિવિક્ત એટલે શરીર ને કર્મ આદિ એટલે ભાષા આદિ, નહિ સ્પર્શાયેલો ઓહોહો! એને પરમાત્મા એને અડયો અડતાં નથી એમ. ભગવાન આત્મા એ પણ રાગને ને કર્મને અડયો જ નથી, અબદ્ધ સ્પૃષ્ટ, ઓહોહો! બે શબ્દ છે ને? અબધ્ધ સ્પૃષ્ટ પછી વળી ચાર બીજા, અનન્ય, સ્પર્શયો નથી એમ કીધું ત્યાં શું ન કીધું ઇ? આહા!

એ ચૈતન્ય જ્યોતિ ઝળહળ જ્યોતિ જ્ઞાન સ્વભાવ એનું સ્વરૂપ જ એકલું

જ્ઞાન સ્વરૂપ, એ રાગને ને શરીરને કેમ સ્પર્શે? જ્ઞાન કેમ સ્પર્શે? એને પરજ્ઞેય તરીકે પરજ્ઞેય તરીકે જાણવું, એ પણ પર છે માટે પરજ્ઞેય તરીકે જણાય છે એમ નથી. આહાહા! એ પર છે એ સ્વનું જ્યાં સ્પર્શયા વિનાની ચીજ છું એમ ભાન થયું ત્યારે પરનું જ્ઞાન પરને લઈને નહીં, પણ સ્વભાવને લઈને જે પરનું જ્ઞાન થયું, એ જ્ઞાનની પર્યાયને સ્પર્શે છે. આહાહા! ભગવાન પૂરણ પર્યાયને સ્પર્શે છે. સમજાણું કાંઈ? આ આત્મા પૂરણ પર્યાયને સ્પર્શે તો તો પરમાત્મા વ્યક્ત થઈ જાય પર્યાયમાં. આહાહા! વિવિક્ત નથી આવતું? વિવિક્ત શયના સંબંધે આવે છે ને નવવાડ બ્રહ્મચર્યમાં, જ્યાં પર સ્ત્રી પુરુષ નપુંસક, જ્યાં ન હોય ત્યાં બ્રહ્મચારીએ રહેવું, એ પર્યાયની વાત છે. આ કહે છે કે દ્રવ્ય સ્વભાવ ભગવાન પરમાત્મા કેવળજ્ઞાની અરિહંતદેવને પરના સ્પર્શ વિનાની દશા થઈ ગઈ છે, તો એ દશા થઈ ક્યાંથી? અંતરમાં વસ્તુ ભગવાન આત્મા શરીરને વાણીના સ્પર્શ વિનાની ચીજ જ એ છે. આહાહા! હા, ભારે, દ્રષ્ટિને ઉઠાડીને, રાગના સંબંધવાળી દ્રષ્ટિને ઉઠાવી દઈ ને રાગના સંબંધને સ્પર્શ વિનાનો સ્વભાવ એની દ્રષ્ટિ કરી, એનો અર્થ થયો. પર સન્મુખની જે દ્રષ્ટિ હતી, એને સ્વ સન્મુખ કરવો કેમ કે એ પોતે રાગના ને શરીરના સ્પર્શ વિનાનો છે. આહાહા! સમજાય છે કાંઈ? દિલ્હીવાળા છે ભાઈ? ભાઈ ક્યાંના છે? તમારી પાસે બેઠા ઈ હેં ? (શ્રોતા : મોરબી) મોરબી, ઠીક. દિલ્હીવાળા કાલ આવ્યાં'તા, આ ચોપડી એ હિન્દી સમજે ને ઓલામાં આવે છે ને?

બડા બડાઈ બોલે નહીં, બડા ન બોલે બોલ, હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ! આહાહા! કેમ કે આ વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ શરીર અને રાગને, મનને, સ્પર્શયો નથી. આહાહા! એવી વિકલ્પની વાણી એ વિકલ્પ કરવો એ એનામાં નથી. આહાહા! એ એમ બોલે નહીં કે હું વિકલ્પ વિનાનો છું ને સ્પર્શ વિનાનો છું. એવી વાત છે. આહાહા!

આવું જે વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞે કીધેલું ને એવું છે. પ્રભુ છે ઈ હેં ? એ ઈન્દ્રાદિના સ્વામી, પ્રભુની વ્યાખ્યા કરી, છે ને એમાં? પ્રભુ, ખરેખર ઈન્દ્રાદિના સ્વામીની એ પ્રભુતા એ વહેવારથી લીધી છે, બાકી તો બધી શક્તિઓની પ્રભુતા પર્યાયમાં પ્રગટ થઈ ગઈ છે કેમકે એનામાં પ્રભુત્વ નામનો ગુણ છે. ૪૭માં આવે છે ને? ૭મો, ૭મો છે ૭મો ગુણ છે, પ્રભુત્વ નામની શક્તિ છે, પ્રભુત્વ નામનો ગુણ કહો, સત્‌નું સત્વ જ પ્રભુથી ભરેલું છે. આહાહા! એટલે કે એ પરમેશ્વર છે. પ્રગટ દશા પરમેશ્વરની થઈ એને ઈન્દ્રો આદિ નમે છે એમ કહ્યું છે. આહિં તો કહે છે કે પ્રગટ દશા થઈ ભલે તેની પણ આહિં

તો વસ્તુ વ્યક્તપણે દ્રવ્યપણે પ્રગટ છે. એવો જે ભગવાન આત્મા એને આંહિ પ્રભુ કહીએ છીએ. આહાહા! ભગવાન આત્મા એમ અહિંથી એક બોલ કોઈ લઈ ગયું ત્યાં, ન્યાં તો ભગવાન આત્મા કહે છે હે? ભગવાન આત્મા હોય? અરે આહિં કોઈ સાંભળીને લઈ ગયા હિન્દી હિન્દી ત્યાં તો ભગવાન આત્મા કહે છે, બાપુ ભગવાન આત્મા નથી, ત્યારે શું પામર છે? આહાહા!

સિદ્ધની પર્યાયની પૂરણતા, એવી અનંતી પર્યાયની પૂરણતા તો તેના ગુણમાં પડી છે. એવો જે ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર. આહાહા! ત્રિલોકનાથની વાણીમાં આ આવ્યું છે, અને એમ છે એ આવ્યું છે. જે આ રીતે માને નહિ એને તો આત્મા માનતો નથી, શાસ્ત્ર માનતો નથી સાચા દેવ-ગુરૂ ને પણ એ માનતો નથી. આહાહા! સમજાણું કાંઈ? આવો મારગ કાન્તીભાઈ, ત્યાં ક્યાંય સાંભળવા મળ્યો નથી. ત્યાં લીંબડીમાં ને ક્યાંય. આહાહા! પ્રભુ ઈન્દ્રાદિના સ્વામી અથવા જિનવર કીધું છે ને ત્યાં, ગણધરોના વર પ્રધાન છે. આ જીનેન્દ્ર એમ કહ્યું છે દ્રવ્યસંગ્રહમાં જિનવર જિન સમકિતી એના વર પ્રધાન ગણધરો, એના પ્રધાનો જિનવર (**શ્રોતા :** જિનવર વૃષભ કહ્યું છે) જિનવર વૃષભ કહ્યું છે ને ત્યાં, એ જિનવરેન્દ્ર કહો કે જિનવરવૃષભ કહો, જિનવરેન્દ્ર, જિનવરેન્દ્ર, આહાહા! સમ્યગ્દ્રષ્ટિથી માંડીને જિન કહેવાય ગણધરો આદિને તેના જિનવર કહેવાય, અને ભગવાન અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર જિનવરેન્દ્ર, જિનવરેન્દ્ર. આહાહા! અરે એને પામરની પર્યાયની બુદ્ધિમાં આવો પ્રભુ છે એ વાત એને અંતરમાં બેસતી નથી કારણ કે પ્રગટપણે છે એ તો અંશ દશા છે, અને અંદર છે એ તો પૂરણ વસ્તુનું સ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ?

ઈન્દ્રાદિના સ્વામી છે, ઈન્દ્રાદિમાં પછી ગણધર આદિના પણ સ્વામી પ્રભુ છે ને પરમાત્મા. એમ આ આત્મા સર્વજ્ઞ પર્યાય પ્રગટે એનો એ સ્વામી છે, એવો એનામાં ગુણ છે, પ્રભુત્વ નામનો ગુણ છે. આહાહા! 'અવ્યય' છે. છઠ્ઠી ગાથાનું છે. પહેલાં પદનું છેલ્લો શબ્દ અવ્યય છે. એટલે પ્રાપ્ત થયેલી દશાથી તે નાશ થાય એવો નથી. છે? પ્રાપ્ત થયેલ અનંત ચતુષ્ટમય સ્વરૂપથી ભ્રષ્ટ નહીં થયેલા. આહાહા! પ્રાપ્ત અવ્યય છે ને? વ્યય એટલે નાશ નથી એમ. પ્રાપ્ત થયેલ અનંતચતુષ્ટય, અનંત જ્ઞાન, અનંતદર્શન, પર્યાયની વાત છે આ. એવા અનંતચતુષ્ટયમય સ્વરૂપ અનંત-ચતુષ્ટમયસ્વરૂપ અનંતચતુષ્ટવાળો એમેય નહિ, પરમેશ્વર પર્યાયમાં અનંત ચતુષ્ટમયસ્વરૂપ એથી તે અવ્યય છે. એમ ભગવાન આત્મા અનંતચતુષ્ટ સ્વભાવ એમાંથી ખસે નહિં એવો એ પ્રભુ છે, એવો અવ્યય છે. આહાહા!

સમજાણું કાંઈ? આરે આવી વાતું, કો દિલીપ બરાબર, આવ્યો છે સાંભળવા ઠીક, આવી વાતો નીકળે. ક્યાં ગયા ડોહા? કો સમજાણું કાંઈ? આહાહા !

ભગવાન અનંતચતુષ્ટ સંપન્ન છે, એમાં હીણી દશામાં એ દશા આવતી નથી એમ કહે છે. હેં? પરમાત્માને પૂરણ થઈ ગઈ એ પાછી પડતી નથી, નાશ થતી નથી એમ ભગવાન આત્મા જેનો સ્વભાવ એની શક્તિને ક્ષેત્રની મોટપની જરૂર નથી. એના સ્વભાવની અનંતતાને ક્ષેત્રની મોટપની જરૂર નથી, એના સ્વભાવની સામર્થ્યને અનંત અનંત સામર્થ્ય છે ભાવ, એની એને જરૂર છે. સમજાણું કાંઈ? એવો એ ભગવાન 'અવ્યય છે'. પરમેષ્ઠી છે, પરમ ઈન્દ્રાદિથી વંધ્ય એવું મોટું પદ પરમેષ્ઠી કહેવું છે ને ઈષ્ટનું , તેમાં જે રહેલ છે, પરમપદની પર્યાય જે છે પૂરણ એમાં એ રહેલું છે તેથી તે ઈન્દ્રિાદિથી પણ વંધ્ય છે. આહાહા ! એવું મોટું પદ તેમાં જે રહે છે, પૂરણ મોટું પદ જે ઈન્દ્રિાદિથી પણ વંધ્ય દશા એવી દશામાં એ રહેલા છે, આ ભગવાન પણ એવી દશાવાળો છે, કહે છે. આહાહા !

એનો સ્વભાવ જ પરમેષ્ઠી છે, પરમ પરમાત્મ સ્વભાવ એની ઈષ્ટતા નામ કોઈ દિ' છોડતો નથી. આહાહા ! અરે, એની વાતેય સાંભળી નથી, હેં? ને આ દયા પાળો ને વ્રત પાળો ને ઉપવાસ કરો ને, વહેવાર મારગ છે કે નહિ? વહેવાર મારગ છે કે નહિ? ભગવાન બે નયનો ઉપદેશ કરે છે કે નહિ? એમ કરીને આ ભગવાનનો મારગ એક જ પ્રકારનો છે એટલે શું? એક વીતરાગતા પૂર્ણ ન પ્રગટે ત્યારે એને નિશ્ચયની સાથે એવા શુભ વિકલ્પનો વહેવાર હોય છે એનું નામ વહેવાર છે એમ કહેવાય છે. પણ વહેવાર છે એનો જોર લઈને વહેવાર કરવા લાયક છે ને વહેવાર હોય તો નિશ્ચય પ્રાપ્ત થાય એવું સ્વરૂપમાં નથી. હેં? આહાહા ! સમજાણું કાંઈ? પરમ ચિંતન આદિથી વંદે એવું સ્થાનશીલ જોયું? એમાં રહે છે તે એ સ્થાનમાં પૂરણ પર્યાયમાં રહેવું એવો જ એનો સ્વભાવ છે. આહાહા ! એમ ભગવાન આત્માનો પૂરણ સ્વભાવમાં સ્થિર રહેલો છે. કોઈ દિ' એ અપૂરણ પર્યાયમાં એ આવ્યો જ નથી. આહાહા ! સમજાણું કાંઈ? એ આમ સ્થાનશીલ જોયું? જેમ સિદ્ધ ભગવાનનું વ્યવહાર સ્થાન સિદ્ધ શીલ છે, પણ નિશ્ચય સ્થાનશીલ પોતાના પર્યાયમાં નિર્મળતામાં રહેવું એનું એ મૂળ સ્થાનશીલ છે. આહાહા ! લોકને અગ્રે ભગવાન રહે છે એ બધી વહેવારની વાતું છે. એ પોતે એની પૂરણ પર્યાયમાં રહેવું એવો જ એનો સ્વભાવ છે. આહાહા ! સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્માનો પૂરણ શક્તિઓમાં વસીને રહેવું એ જ એનો સ્વભાવ છે. અપૂરણપણે આવવું રાગપણે થવું એ તો એનામાં સ્વભાવમાં નથી. આહાહા !

હેં ? આહાહા ! અરે, એની વાસ્તવિક સ્થિતિ શું છે ? એ તત્વનું વાસ્તવિક પૂરણ સ્વરૂપ શું છે ? એની અંતરમાં અનુભવમાં પ્રતીતિ વિના, બધી વાતું સમજવા જેવી છે. આહાહા ! એની વાતની વાત નહિ ને બીજી માંડીને કરવી કે આ વહેવાર કહ્યાં શાસ્ત્રમાં એ બધી છે એ છે ઇ સાંભળને. વહેવાર કહ્યો એ બધો વિષકુંભ છે. આહાહા ! હેં ? વિષકુંભ છે. ભગવાન આત્મા અમૃતનો ઘડો, એ વિષકુંભને સ્પર્શયો નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

પરમેષ્ઠી સ્થાનશીલ પરમેષ્ઠી, પરાત્મા સંસારી જીવોથી પર ઉત્કૃષ્ટ આત્મા સંસારની પર્યાયથી ભિન્ન થઈને, પર્યાયમાં ઉત્કૃષ્ટ દશા આત્મા થયા એ ઉત્કૃષ્ટ પરાત્મા કહેવાય, પરાત્મા, એમ ભગવાન આત્મા એક સમયની પર્યાયમાં ન આવતાં પરાત્મા, મહાઆત્મા છે કહે છે. આહાહા ! હેં પ્રવિણભાઈ, આમાં પ્રવિણ કરવું પડશે. આહાહા ! એવા પ્રકારના જે શબ્દો છે તે પરમાત્માના વાચક છે, વાચ્ય છે ઈ વસ્તુ સ્વરૂપ, વાચક એના શબ્દો, એ શબ્દો તેના વાચ્ય ને અડતા નથી, અને વાચ્ય જે છે તે શબ્દોને કરતા નથી. આ લોજીકથી તો વાત છે આ.

અરેરે.. માણસને એમ ન થાય, પણ આ શું શાસ્ત્ર કહે છે. ઈ કહે છે આ સોનગઢ વાળાએ આવું નવું કાઢયું, એમ માળાએ કહ્યું, અરે, પ્રભુ એમ રહેવા દે બાપુ ! તને ન બેસે તેથી પરમાત્માની વસ્તુના ઘરની વાત છે આ તારૂં ઘર જ એવું છે. સમજાણું કાંઈ ? તારા ઘરમાં માલ આટલો પડયો છે એ બતાવવું છે બાપુ ! આહાહા ! તને પર્યાયના અંશમાં મોટપ દેખાઈ જાય ભ્રમ છે. આહાહા ! મોક્ષનો મારગ પર્યાય છે એની તને મોટપ દેખાઈ જાય એવું વસ્તુ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? એ પરાત્મા છે. આહાહા ! એક સમયની પર્યાયની સામર્થ્ય શક્તિથી ભગવાન પર ભિન્ન છે. આહાહા ! પરમાત્માને પર્યાયમાં પર ભિન્ન થઈ ગયો. અહીં વસ્તુમાં એ પર પર્યાયથી પરાત્મા ભિન્ન છે. આવી વસ્તુની સ્થિતિ છે ત્યાં એને મર્યાદામાં લાવી નાખવી એ વસ્તુ નથી. સમજાણું કાંઈ ? આહાહા ! એ બધા શબ્દો પરમાત્માના પરમાત્મા વાચ્ય છે અને શબ્દો બધા વાચક છે. પરમાત્મા ઈત્યાદિથી તેમને દર્શાવાય છે, પરમાત્મા ઈત્યાદિથી આ નામ બધા લીધાને પરમાત્મા એટલે સર્વ પ્રાણીમાં ઉત્તમ આત્મા. ઈશ્વર એટલે ઈન્દ્રાદિને અસંભવિત એવા અંતરંગ વૈભવ અને તીર્થંકરના નાંખ્યા છે.

બહિરંગ પરમેશ્વરની સદાય સંપન્ન ઐશ્વર્ય, સર્વકર્મનો મૂળમાંથી નાશ કરનાર. આહાહા ! એય અપેક્ષિત કથન, નાશ કરતો નથી આત્મા. આહાહા ! સમજાણું ? ૩૫ ગાથામાં ન આવ્યું સમયસાર, કે રાગનો પરમાર્થે નાશકર્તા પણ આત્મા નથી. આહાહા ! સ્વભાવમાં

ઠરે છે રાગ ઉત્પન્ન થતો નથી એને આત્મા રાગનો નાશ કરનાર છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ? સમજાવવું હોય ત્યારે ટૂંકા શબ્દોમાં આવી શૈલી આવે. ત્યાં કહ્યું કે આત્મા રાગનો નાશકર્તા છે એમ કહેવું એ પણ બરાબર નથી. આહાહા ! આંહિ કહેવું કે સર્વકર્મોના મૂળમાંથી નાશ કરનાર છે. હેં ? રાગનો નાશકર્તા કહેવું એ પણ ઉપચારથી કથન છે. આહાહા ! રાગનો હો, કેમકે વસ્તુ સ્થિતિ અંતરમાં રહેતાં ફળતાં એને રાગની ઉત્પત્તિ થતી નથી એથી એને રાગનો નાશ કરે છે એવો ઉપચાર આપવામાં આવ્યો છે. આહાહા ! એ વહેવારના કથન છે કહે છે. કહો સમજાણું કાંઈ ? આહાહા !

આંહિ થોડી થોડી નાની ચીજમાં લોભાઈ જાય ખેંચાઈ જાય એને આવડી મોટપ કેમ બેસે ? સમજાણું કાંઈ ? એના વખાણ કરે મોટપ દે અભિનંદન પત્રો આપે એને ખુશી થઈ જાય કે આહાહા ! મારી કદર કરતાં એને આવડી, એને આવડો આત્મા કેમ બેસે ભાઈ ! સમજાણું કાંઈ ? આવી વસ્તુની સ્થિતિ છે. આહાહા ! એમ એને જ્ઞાનમાં અને શ્રદ્ધામાં, આવી મોટપ એને બેસવી જોઈએ. સમજાણું કાંઈ ? આહાહા ! ઈત્યાદિ પરમાત્માના અનંત નામ છે.

**ભાવાર્થઃ** નિર્મળ, કેવળ, એક એમ આવ્યુંતું' ને બધાનું શુદ્ધ, વિવિક્ત પ્રભુ, અવ્યય, પરમેષ્ઠી, પરમાત્મા, ઈશ્વર, જિન વગેરે નામો પરમાત્માના વાચક છે. ટીકામાં નાંખ્યું છે ને ? '**પરમ આત્મા ઈશ્વરો જિનઃ**' છે ને મૂળ પાઠમાં '**પરમાત્મા ઈશ્વરો જિનઃ**' ઈશ્વર પોતે છે. આહાહા ! સમજાણું કાંઈ ? ભગવાન પરમેશ્વર પર્યાયમાં ઈશ્વર છે આ વસ્તુ સ્વરૂપે ઈશ્વર છે. એ આ કરવા જેવું હોય તો આ દ્રષ્ટિ ને આ જ્ઞાન અને પછી ઠરવું બસ આ છે. એ ઈ આહાહા ! જાત્રા કરી આવ્યા ને જાણે કે ન્યાલ થઈ ગયા. સમ્મેદશીખર ની જાત્રા કરી આવ્યા એ ઈ હમણાં ગ્યો નહોતો ? કહ્યું તું તારા દાદા એ કે એ સમ્મેદશીખરની જાત્રા કરવા જાત્રા કરવા ગ્યા'તાને હમણાં તમારો દિલીપને. આહાહા ! એ તો કહે છે કે જાત્રાનો ભાવ હોય છે પણ એને મોટપ દેવા જાય, પોતાની મોટપ રહી જાશે. હેં ? આહાહા ! આવી વીતરાગની વાણી અને તેનો વાચ્ય ભગવાન આવો, વાણી વાચક છે ને અરે ! આવો આત્મા સાંભળ્યો નહિં પામર થઈને પ્રભુને એણે જાણ્યો નહિ પામરતામાં આત્માને પ્રભુતાને રોળી નાંખી. આહાહા ! કહે છે આ નામો પરમાત્માના સ્વરૂપને બતાવે છે. તે સ્વરૂપને ઓળખીને પોતાના આત્માને પણ તેવા સ્વરૂપે ચિંતવવો. જોયું ? તે પરમાત્મા થવાનો ઉપાય છે.

અંદર અંદર ચિંતવવું એટલે એકાગ્ર થવું હોં, ચિંતવવુ એટલે વિકલ્પથી ચિંતવવું એમ નહિ. આવો પૂર્ણ સ્વભાવનું તેનું જ્ઞાનમાં લક્ષ લઈને નક્કી કરે, ભલે

વિકલ્પથી કરે, એ નિર્ણય સાચો નહીં, પાછો કહે છે. આહાહા ! અંતરના સ્વરૂપને સ્પર્શીને જે નિર્ણય કરે એ સાચો નિર્ણય છે. આહાહા ! એવા સ્વરૂપને ઓળખીને પોતાના આત્મામાં પણ છે ને ? એવા સ્વરૂપે એકાગ્ર થવું, તે પરમાત્મા થવાનો ઉપાય છે. આત્મામાં શક્તિરૂપે રહેલા ગુણોનું, આત્મામાં સ્વભાવના સામર્થ્યરૂપે રહેલા ગુણોનું જીવને ભાન થાય એટલા માટે ભિન્ન ભિન્ન ગુણ વાચક નામોથી પરમાત્માની ઓળખાણ કરાવી છે. સમજાણું કાંઈ ?

આત્મામાં શક્તિરૂપે રહેલા ગુણોનું, એમાં રહ્યા છે શક્તિ તેનું અસ્તિત્વ છે, આહાહા એ સત્‌નું સત્વનું હોવાપણું છે, એ આત્મા સત્‌રૂપ એના ગુણો તેનું સત્ત્વ તેના ભાવ સ્વભાવ સ્વરૂપ છે, એ શક્તિથી સંપન્ન છે. આહાહા ! એવા આત્માને આત્મા તરીકે જાણે એને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય અને સાથે સ્વરૂપ આચરણ પણ હોય જ. એની દ્રષ્ટિ કરીને આમ આમ ધ્યાન કર્યું, એટલું તે ત્યાં ઠરે છે કે નહિ ? સમજાણું કાંઈ ? ઓલા કહે છે ને ૪થે ગુણસ્થાને સ્વરૂપઆચરણ ન હોય, વળી એક જણા કહે કે સિદ્ધમાં ચારિત્ર ન હોય હેં ? પેલા લખ્યું તું આરે. પંડિતાઈવાળાને, પંડિતાઈનું અભિમાન મૂકવું આકરું પડે. પછી આરે લખ્યું કે સિદ્ધને ચારિત્ર ન હોય, અરે ! સિદ્ધને સંયમ ન હોય આ કષાય ને મનને ઈન્દ્રિય ને એ ન હોય, ચારિત્ર ન હોય ? ચારિત્ર તો એનો ગુણ છે. શક્તિરૂપ આખો ચારિત્રગુણ છે કીધું ને. આહાહા ! એ શકિતરૂપે ચારિત્ર રૂપે રહેલા ગુણો એમ અનંતગુણો છે એની પ્રગટ દશા થઈ છે, પર્યાયમાં ચારિત્ર પૂર્ણ આવ્યું. આહાહા ! સમજાણું કાંઈ ?

ભિન્ન ભિન્ન ગુણવાળા નામોથી પરમાત્માની ઓળખાણ કરાવી આત્મા ચૈતન્ય આદિ અનંત ગુણોનો પિંડ છે. ભગવાન આત્મા, જ્ઞાતા, જ્ઞાન, દર્શન એવું ચૈતન, એવી અનંત શક્તિઓનો એ પિંડલો છે, એ અનંત શક્તિનો એ લાડવો છે પિંડ. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! એ આઠ વરસના રાજકુમારો જ્યારે આત્માના અનુભવ કરીને દીક્ષીત થતા હશે. આહાહા ! ધન્ય દશા, ધન્ય કાળ, ધન્ય અનુભવ. આહાહા !

માતા, અમને જે અનુભવ થયો ભગવાન આત્માનો એને અમે પૂર્ણ કરવા સાવધાન થઈને વનમાં જાશું મા. આહાહા ! અમારો ભગવાન પૂર્ણ શક્તિથી સંપન્ન પૂર્ણ ભરેલો છે એવું અમને અનુભવ થયો છે, પ્રતીત થઈ છે, એનો નમૂનો પણ સ્વરૂપઆચરણની સ્થિરતામાં આવ્યો છે. આહાહા ! એવા સ્વરૂપને સાધે તે સાધુ કહેવાય. સમજાણું કાંઈ ? આહાહા !

એ આઠ વરસનો બાળક, એક નાનું શું શું કહેવાય ? પીછીં ને એક કમંડળ આહાહા ! અમારો નાથ પૂર્ણ વસ્તુથી ભરેલો પ્રભુ છે, એની પર્યાયમાં આ અપૂર્ણતા કેમ

રહે? આહાહા! એને અમે પ્રભુતાના ગુણને પર્યાયમાં છલકાવશું હવે. આહાહા! એનું નામ સાધુપણું છે ભાઈ! સાધુપણું કાંઈ લૂંગડા છોડયા ને નગ્ન થયા! આહાહા! આવી શક્તિથી ભરેલો પરમાત્મા, અમારી પર્યાયમાં ન આવે દ્રષ્ટિ ને જ્ઞાનમાં આવ્યો કહે છે હેં? પણ સ્થિરતાની પર્યાયમાં ન આવે તે સાધવા માટે માતા આહાહા! જનેતા આહાહા! માતા રોવું હોય એટલું રોઈ લે, પણ કોલ કરાર કરીએ છીએ નવી માતા નહીં કરીએ બા આહાહા. એ આ મોટપ ભાસી ને, એ સાધવાની આ બધી દશા છે. આવી વસ્તુ અમને પ્રતીતમાં, અનુભવમાં, જ્ઞાનમાં, જણાઈ ગઈ છે, એ પર્યાયમાં ન આવે પૂર્ણતા ત્યાં સુધી અમને સખ નહીં રહે, એ સખ નહીં રહે એટલે દુઃખ થશે એમ નહિ, ત્યાં સુધી અમારો પ્રયત્ન પૂર્ણ કરવાને મથશે. આહાહા! એ અમારૂં આચરણ છે. સમજાણું કાંઈ? આહાહા! એવા સંતો જયારે નજરે પડતા હોય, હેં? આહાહા! લોકોના ભાગ્ય આમ દેખાય હેં! આહાહા!

રાજકુમાર હોય, પ્રતીતિ જેણે સમ્યક્ કરી હોય પણ શરીરને મારે સંબંધ જ નથી ને! સમજાણું કાંઇ ? અમે ભગવાન આત્માને સંબંધ વિનાનો જોઇએ છીએ. માતા, અમે પર્યાયમાં પૂરણ સંબંધ કરવાના છીએ. આહાહા ! આવો આત્મા છે. હવે આત્માના જ્ઞાનની ખબર ન મળે, આત્મજ્ઞાન ન મળે અને આત્મા આવી વસ્તુ છે એવી અંતરજ્ઞેય થઇને પ્રતીતિ ન મળે, ત્યાં આગળ શું સાધન મળે ? સમજાણું કાંઇ ? વાત તો આહિંથી શરૂ થાય છે. કહે છે કે પરમાત્માને ગુણ અપેક્ષાએ આહાહા ! અનંતગુણનો પિંડ છે. આ ગુણો ભગવાનમાં પૂરણપણે વિકસિત થઇ ગયા છે, પ્રગટેલા છે તેથી તે ગુણોની અપેક્ષાએ તેઓ અનેક નામોથી ઓળખાય છે. પરમાત્માને ગુણ અપેક્ષાએ જેટલા નામ લાગુ પડે તે બધા નામો, આ આત્માને પણ સ્વભાવ અપેક્ષાએ લાગુ પડે. અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંતવીતરાગતા, અનંતઆનંદ, સ્વચ્છતા, પ્રભુતા એ બધા નામો આત્માને લાગુ પડે, કારણ કે શક્તિ અપેક્ષાએ બન્ને આત્માઓ સમાન છે. જેવા સર્વજ્ઞ પરમેશ્વર પર્યાયમાં પૂરણ થયા એવો જ આ ભગવાન આત્મા ગુણે પૂરણ છે, પણ એ પ્રતીત અને શ્રદ્ધા કરે ત્યારે, નહિંતર આવા અનંતા ગુણો છે એનો એક-એક ગુણ એ ખ્યાલમાં આવ્યા વિના પ્રતીત શી રીતે કરે ? સમજાણું કાંઇ ? આહાહા ! એ સ્વસન્મુખ થઇ અને જ્યારે એની દશામાં આ આત્મા આ અનંતગુણનો એકરૂપ એવો આત્મા, એની પર્યાયમાં શ્રદ્ધામાં 'ભાસે' ત્યારે તે અનંતગુણવાળો છે, એમ કહેવાય. ખરેખર આવી છતી વસ્તુને છે, એને છે. પણે 'ભાસે' નહીં ત્યાં સુધી એને 'છે' ક્યાં છે ?

વિશેષ કહેશે !

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૧૪

## શ્લોક – ૬ અને ૭

સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૨૪.૧૨.૭૪

तद्वाचिकां नाममालां दर्शयन्नाह -

**निर्मलः केवलः शुद्धो विविक्तः प्रभुख्ययः ।**
**परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिनः ।।६।।**

નિર્મળ, કેવળ, શુદ્ધ, જિન, પ્રભુ, વિવિક્ત, પરાત્મ,
ઈશ્વર, પરમેષ્ઠિ અને અવ્યય[1] તે પરમાત્મ ।। ૬ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

૧ : અવ્યય = અવિનાશી; પોતાના શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ નહિં થયેલા

૬ઠ્ઠી ગાથા (ભાવાર્થનો) છેલ્લો પેરેગ્રાફ. પરમાત્માને ગુણ અપેક્ષાએ બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માની વ્યાખ્યા છે ને એમાં, પરમાત્મા શી રીતે થયો ? એની ઉપર ગાથાનું સાર શું છે ?

અરિહંત કે સિદ્ધ એ પરમાત્મ દશા છે અવસ્થા. એને જેટલા નામ લાગુ પડે છે તે બધાય નામો આ આત્માને પણ સ્વભાવ અપેક્ષાએ લાગુ પડે છે. શું કીધું ઈ ? પરમેશ્વર સિદ્ધ ભગવાન અરિહંત પરમાત્માને ગુણની અપેક્ષાએ એટલે વર્તમાન ગુણ પ્રગટ પર્યાયની અપેક્ષાએ, ગુણ એટલે એના ગુણ પ્રગટયા કરે એ અપેક્ષાએ, એની પર્યાય ગુણની પર્યાયની અપેક્ષાએ જેટલા નામો એને લાગુ પડે, તેટલા નામો આ આત્માના સ્વભાવની અપેક્ષાએ લાગુ પડે. બે માં શું ફેર પડયો ? ભગવાન, પરમેશ્વર, તીર્થંકરદેવ તે બધા નામ આપ્યા છે ને ઈન્દ્રોએ કેવળજ્ઞાન થાય ત્યારે કહે છે કે ઈ પરમેશ્વર પરમાત્મા અરિહંત એની નિર્મળગુણની પર્યાયની અપેક્ષાએ ગુણની પૂરણ પ્રગટ અપેક્ષાએ જેટલા નામો એને લાગુ પડે, તેટલા નામો આત્માના સ્વભાવની અપેક્ષાએ લાગુ પડે. આ પર્યાયની અપેક્ષાએ, આ શક્તિની અપેક્ષાએ.

જેને પ્રગટ થઈ એવી જે દશા પૂરણ એને જેટલા નામો કહો એ બધા લાગુ પડે એ આ આત્માના સ્વભાવની અપેક્ષાએ બધા લાગુ પડે એની શક્તિની અપેક્ષાએ, ગુણની અપેક્ષાએ, સત્વના સત્વની અપેક્ષાએ, પ્રગટ પર્યાયના જેટલા નામો લાગુ પડે તેટલા એને ગુણની શક્તિને લાગુ પડે છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! કારણકે શક્તિ અપેક્ષાએ બંન્ને આત્માઓ સમાન છે અને સ્વભાવ અપેક્ષાએ કહ્યું'તું ને ! પછી એનો ખુલાસો કરી નાંખ્યો સ્વભાવ એટલે શું ? કે શક્તિ. વસ્તુ છે, એની જે શક્તિ છે એનું સત્વ છે એનો જે ગુણ છે એનો સ્વભાવ. સ્વ-ભાવ. સ્વભાવીનો સ્વભાવ, એ જેટલી શક્તિઓ ને સ્વભાવ છે તે બધાને પર્યાયની અપેક્ષાએ આત્માને લાગુ પડે. સિદ્ધની પર્યાયની અપેક્ષાએ, અરિહંતની પર્યાયની અપેક્ષાએ તે લાગુ પડે છે. તેથી આ ભગવાન આત્માને સ્વભાવને શક્તિની અપેક્ષાએ લાગુ પડે છે. આહાહા ! સમજાણું કાંઈ ? કારણકે શક્તિની અપેક્ષાએ બન્ને આત્માઓ સમાન છે, કેમ લાગુ પડે છે ? કે શક્તિની અપેક્ષાએ બેય આત્મા પ્રગટ થયેલા અને આ બેય શક્તિએ તો સરખા છે એને પ્રગટ થઈ છે અહિં પ્રગટ થવાની તાકાત છે. આહાહા ! સમજાણું કાંઈ ?

જે પરમાત્માના ગુણ ને બરાબર ઓળખે છે, ઈ નાંખ્યું છે ઈ. 'જે જાણતો' છે ને ? જે અરિહંતના ગુણોને એટલે એની પર્યાયને, અરિહંતના દ્રવ્યગુણને પર્યાય એને જે

બરાબર ઓળખે છે તે પોતાનાં આત્માના સ્વરૂપને જાણ્યા વગર રહે નહિં. જોયું ? આહા કે અરે ! 'હું' પણ આત્મા એની જાતનો એની નાતનો એની જાતની પંક્તિમાં રહેલો છું, તો એને જે પર્યાય અપેક્ષાએ જેટલું કહેવાય એટલો 'હું' પણ એવો છું, એ આત્માને જાણે. આહાહા ! પોતાના આત્મામાં સ્વરૂપને જાણ્યા વગર રહે નહિં આહિં તો એ સિદ્ધ કરવું છે ને ? અરિહંતનું છે ને પહેલું જાણવા યોગ્ય, એમાંય તર્ક ઉઠે કે પરદ્રવ્યનાં ગુણ પર્યાય જાણ્યાં માટે આત્મા જણાય એ તો નિમિત્તની વાતો થઇ. ઈ તો ઈ અપેક્ષા ન્યાલભાઇએ નાંખ્યું છે કે જેવી રીતે ના પાડો કે નિમિત્તથી ન થાય અને અહિં અરિહંતનાં દ્રવ્ય ગુણ પર્યાયને જાણવાથી આત્મા થાય એ તો નિમિત્તની વાત છે. સમજાણું કાંઈ ? કોણ સવારમાં કોક કહેતું'તું ને નિહાલભાઈને, તમે કહેતા'તા નિહાલભાઈને હેં ? તો એનામાં એ છે તે અહિં બધું નીકળે છે પ્રવચનસારમાંથી. આહાહા !

જે અરિહંતની દશાના પ્રગટ પર્યાયને જાણે તો એના ગુણો કે શક્તિ ને એનો આત્મા એ ત્રણેયને જાણે, અને એને જાણતાં હું પણ એવો જ આત્મા એની જાતનો છું તો એને ઈ પરનું જાણવાનું લક્ષ છોડી દઈને છોડી દઈને વાત તો એમ કહે છે

'જે જાણતો અરહંતને ગુણ, દ્રવ્ય, પર્યાયપણે,
તે જીવ જાણે આત્માને તસુ મોહ પામે લય ખરે'

ગાથા ૮૦ પ્રવચનસાર એનો અર્થ છે કે ઇ એવો જ અહિં આત્મા લીધો કે જેણે પરમાત્માના દ્રવ્યગુણ ને પર્યાયને જાણ્યાં એને આત્મા જાણ્યાં વિના રહેવાનો નથી, એવો આત્મા લીધો. સમજાણું કાંઈ ? છે ને ? સ્વરૂપને જાણ્યાં વગર રહે નહિં. આહાહા ! એને પૂરણ પર્યાયમાં પૂરણતા છે. મારા સ્વભાવમાં પૂરિપૂર્ણતા છે અને સ્વભાવવાન પણે પરિપૂર્ણ છે અને એને પરિપૂર્ણ પર્યાય છે તો એ પરિપૂર્ણ પર્યાય મારે નથી, તો પ્રગટે કેમ ? કે પૂરણ દ્રવ્યને પૂરણ સ્વભાવને આશ્રયે પ્રગટે એટલે એનો આશ્રય લે એમ. આહાહા ! એ જ્ઞાનની ક્રિયાને દર્શનનો વિષય એની મહત્તા જગતને ન આવે બહાર ત્યાગ કર્યા ને આ કર્યા ને આ કર્યા ને. આહાહા ! એ આત્માને જાણ્યાં વગર રહે નહિં એમ કીધું જોયું ? પાઠ એવો ખરોને, તે જીવ જાણે આત્મને, જે જાણે અર્હંતને, દ્રવ્યગુણ પર્યાય પણે, પાઠ છે ને એવો **सो जाणदि अप्पाणं** એમ લીધું છે ને, **सो जाणदि अप्पाणं** ત્યારે કહે, એવા દ્રવ્ય ગુણ પર્યાયનું જ્ઞાન અગિયાર અંગ ને નવપૂર્વમાં નથી આવ્યું ? પણ એને આવો તે પ્રગટ છે એવો જ 'હું' શક્તિમાં છું, એવી એને સ્પર્શના દ્રવ્ય સ્વભાવની કરી નહિં. સમજાણું કાંઈ ? આહાહા !

નિમિત્તને ઉપાદાન કહે છે ને કે તું તો રોકનારો છો. એ ચંદુભાઈ ! શેમાં

ઉપાદાન - નિમિત્તમાં દેહથી રહ્યું, તેમાં દલીલ કરી, જો વિષય રોકે છે કે નહિં કે આ પર વસ્તુ આંહી રોકે છે કે નહિં, ઘણું લખ્યું છે બે-ત્રણ શ્લોકમાં, એમ નાંખ્યું છે કે એમ તો એમ કહ્યું કે નિમિત્તનો લક્ષ કરશે આશ્રય કરશે એને રાગ થશે અને ઉપાદાનનો આશ્રય કરશે એને વીતરાગતા પ્રગટશે. સમજાણું કાંઈ ? એમ બતાવવા એમ કહ્યું છે ત્યારે કહે જુઓ દેહ પિંજરો રોકે છે જીવને જો આવ્યું કે નહિં ? એમાં લખ્યું છે કે નહિં કોઈએ કે નિમિત્ત રોકે છે એને ? નિમિત્તની વ્યવસ્થા છે કે નહિં ? કે જેમાંથી તમે એકલું ઉપાદાનનું કાઢો છો. એય એમાં નિમિત્તનું નીકળે છે કે નહિં ? અરે કઇ અપેક્ષાએ ભાઇ. અરેરે ! ને ભાઈએ નાંખ્યું છે, ઇ નિહાલચંદભાઈએ, કે બીજે બધેથી તમે કહો કે પરને લઈને પરને જાણવાનું થાય તો પોતાને એને લઈને ન થાય અને અહિં તો આમ કહ્યું છે,

**जो जाणदि अरहंत द्रव्वत्तगुणत्तपज्जयत्ते हिं ।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ।। ८० ।।** પ્રવચનસાર

કે એ તો નિમિત્તથી કથન કર્યું છે, સમજાણું કાંઈ ? એથી અહિં કહે ને, જે જાણે અને જાણ્યાં વગર રહે નહિં. આહાહા ! આવો જ આત્મા 'હું' છું, પરિપૂર્ણ શક્તિસ્વભાવ સત્વથી એવો 'હું', જાણ્યા વિના રહે નહિં, એણે અરિહંતનાં દ્રવ્ય ગુણ પર્યાય જાણ્યાં એમ નિમિત્તપણે કહેવામાં આ વાત છે. આહાહા !

મૂળ સ્વતંત્રતાની જેને ખબર નથી, પર્યાય પર્યાયનો ઉત્પાદ સ્વતંત્ર છે, એમ તો કીધું નહિં ? હેં ? એને લઈને થાય એ આવ્યું ક્યાં એમાં ? સમજાણું કાંઈ ? જેટલા ગુણો પરમાત્મામાં છે તેટલા ગુણો દરેક આત્મામાં છે. દરેક આત્મામાં પણ તો અભવી ને બધાય આવી ગયા કે અભવીમાં એટલાજ ગુણો છે. સમજાણું કાંઈ ? એ તો આવી ગયું છે પહેલું એવી વાત તો અમારે ત્યાં કીધું ને ૮પમાં થઈતી મણીલાલજી હારે. એ મોહનલાલજી એમ કહે કે - મોહનલાલજી હતા. ઓળખતાતાને ? મણીલાલજીના ૮૦ એટલે પચાસ થયા ચોમાસુ હતું રાજકોટ ૮૦માં અને બોટાદમાં મોહનમાળા. એ તો બીજાએ વાત કરી. સમજાણું કાંઈ આમાં ? કે એને કેવળજ્ઞાન છે કે કેવળજ્ઞાનાવરણીય છે ભાઈ ? એ તો બીજાએ વાત કરી નવરંગભાઈ ! એને ક્યારે થાય ? કહેતા'તા ને ? વર્ણીજી એમ કહેતા'તા કે શુદ્ધ તો બધા આત્મા છે, શુદ્ધ તો છે, પણ અશુદ્ધતા ટાળવી કઈ રીતે ? એમ નથી. શુદ્ધ છે એવી જ શ્રદ્ધા જ્ઞાનમાં પ્રતીતિ આવે ત્યારે શુદ્ધ એને માટે છે. એ નવરંગભાઇ, આહાહા ! સમજાણું ?

આત્મા શુદ્ધ છે, 'છે' ઈ શું ? ઇ સાંભળીને માને એમ છે કીધું એમ માને એમ આવ્યું છે એને ? આ પરિપૂર્ણ વસ્તુ અનંતગુણ સંપન્ન છે, એવી જે પ્રતીતિ એના

જ્ઞાનની પર્યાયને જે અસ્તિત્વનો ભાસ થયો ત્યાં એને માટે આ શક્તિ છે. વાત તો એવો ફેર છે. થોડો ફેરમાં બહુ ફેર પડી જાય છે. સમજાણું કાંઈ? એમ કહે કે ઈ તો શુદ્ધ તો છે, હવે આપણે (શુદ્ધ) અશુદ્ધ ટાળવું શી રીતે? માટે શુદ્ધ છે એ તો બધા જાણે છે આ તો. અરે, બાપુ એમ નથી ભાઈ! આહાહા! આ પ્રભુ શુદ્ધ છે, એ તો પરદ્રવ્યના લક્ષને છોડી એ આવે છે ને? છટ્ઠામાં,(સ.સાર) સ્વની ઉપાસના કરતાં. આહાહા! ગજબ ટીકાઓ કરી છે. સ્વ વસ્તુ તરફ ઢળેલો એની સેવા કરવી એટલે કે એણે કબુલ્યું બધું અંદર શ્રદ્ધામાં. ઓહોહો! એવી જે શ્રદ્ધાની પર્યાય શુદ્ધમાં એની પ્રતીતિ આવી, એને એ 'શુદ્ધ' છે. સમજાણું કાંઈ? આહાહા! કહો સમજાય છે, આ તો ભાષા સાદી છે. આહાહા!

એમ અરિહંતની દશા પૂરણ પ્રગટ થઈ, એવો હું છું કોણ માને? કોણ જાણે? કે એ શક્તિનું તત્ત્વ જે આખું છે એનો જેને સન્મુખ થઈને સ્વીકાર કર્યો છે કે, આ છે, સમજાણું કાંઈ? એને મોહ ખલુ જાય છે એટલે એનો મોહ નાશ થઈ જાય છે, દર્શનમોહનો નાશ થઈ જાય છે અને તેને સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા! કેવી શૈલી ને કેવી વાત. આહાહા!

જેટલા ગુણો પરમાત્મામાં છે તેટલાજ ગુણો દરેક આત્મામાં 'છે', પણ છે ઈ કોને? સમજાણું કાંઈ? 'છે' એનો જેને અંતરમાં જ્ઞાનની પર્યાયમાં તે 'છે' એનું જ્ઞેય થઈને જ્ઞાનની પર્યાયમાં તે 'છે' એનું જ્ઞેય થઈને જ્ઞાન થયું એને 'છે'. આહાહા! સમજાણું કાંઈ? આહા. 'છે' એમાં આટલુંજોર છે કહે છે. સમ્યગ્દર્શન - શ્રદ્ધા, એમાં આટલુંજોર ઈ શ્રદ્ધામાં આવ્યું છે એ વસ્તુ ખ્યાલમાં, જ્ઞાનની પર્યાયમાં શ્રદ્ધાને તો કંઈ ખ્યાલ આવતો નથી એમાં, પણ જ્ઞાનની પર્યાયની અનુભૂતિમાં, આ વસ્તુ કેવી શક્તિવાન છે એવું એને પ્રગટ શુદ્ધ પર્યાયમાં પૂર્ણ શુદ્ધની પ્રતીતિ થઈ ગઈ છે. 'છે' એની પ્રતીતિ થઈ છે. આહાહા! સમજાણું કાંઈ? એ એટલા જ ગુણો દરેક આત્મામાં છે. પોતાના ત્રિકાળી આત્માની સન્મુખ થઈને જુઓ ઈ 'છે', એ આત્માની સન્મુખ થઈને આ 'છે' એમ સ્વીકાર થયો. તેમનો પૂરણ વિકાસ કરીને એ પૂરણ વસ્તુ શક્તિ પૂરણ છે એવું પર્યાયમાં જ્ઞાનમાં ભાસ્યું ત્યારે એને પ્રતીતિ થઈ, આ તો પૂરણ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ૧૭-૧૮માં ઈ આવે છે ને? ગાથા ૧૭-૧૮(સ.સાર) કે જે ચીજ જાણી નહિં. સમજાણું કાંઈ?

ટોડરમલજી, 'ભાવભાસન' થવું એમ ભાષા વાપરી છે એનો હેતુ આ છે. સમજાણું કાંઈ? લ્યો, ન્યાંનું ક્યાં આવ્યું? ક્યાં નું ક્યાં આવ્યું? હેં? એને ભાવભાસન થયું છે. 'ભાવભાસન' એટલે, તે તે શક્તિઓનો ભાવ આવો છે એવું જ્ઞાનમાં એને આવ્યું

છે. આહાહા ! સમજાણું કાંઈ ? પોતાની ત્રિકાળી આત્માની સન્મુખ થઈને એટલે કે આમ જે હતો રાગની સન્મુખતામાં પર તરફ, ત્યારે તેનો અનાદર હતો હોવા છતાં શક્તિ-સત્વ-સ્વભાવરૂપ હોવા છતાં એ નહોતું. સમજાણું કાંઈ ? કેમ કે વસ્તુ જે છે એના જ્ઞાનમાં આ છે એ આવ્યું નહોતું. એની સન્મુખ થાય ત્યારે એનો અર્થ થયો કે એનો સ્વીકાર કર્યો. સમજાણું કાંઈ ? ઈ ત્રિકાળી આત્માની સન્મુખ થઈને તેમનો પૂરણપણે વિકાસ કરીને ઈ તો પછી પર્યાય વિકાસ થઈ, પણ આ તો સન્મુખ થઈને એનું કેમ એને ખ્યાલમાં આવ્યું કે સન્મુખ થયો સત્ વસ્તુની સામે મુખ એનું થયું એમ કહે છે. 'આ' વસ્તુ 'આ' છે. આ..હા..

જેને જ્ઞાનની પર્યાયમાં આવું જ્ઞેય જણાય છે. બેન બરાબર ટાઈમે આવ્યા છે સમ્યાવતીબેન. ભાગ્યશાળી છે આવી વ્યાખ્યા કોઈ વખતે બહાર આવે હોં. આહાહા ! સવારે જે હતું ને એ વ્યાખ્યા પહેલી-વહેલી આવી આવી સ્પષ્ટ બહાર ક્રિયાકાંડમાં સલવાઈ ગયા બિચારા, કાંઈ ખબર ન મળે જીવની જ્ઞાતા દ્રષ્ટિની. દ્રષ્ટિમાં દ્રષ્ટિવાન આત્મ નજરમાં શ્રદ્ધામાં ન આવે ત્યાં સુધી એનું બધું ફોગટ છે. એ વ્રત ને નિયમ ને ત્યાગ ને બધી એકડા વિનાનાં મીંડા છે, એની કિંમત નથી. એટલે કે આવો આત્મા પરિપૂર્ણ છે એની શ્રદ્ધા શું અને એ શ્રદ્ધામાં ભાવનું ભાસન થયું એ મહાત્મ્ય કિંમતી ચીજ છે ચંદુભાઈ. આહાહા !

આ કોઈ સંપ્રદાયની વાત નથી. હેં ? આ તો વસ્તુ છે એનો ભાવ એની વાત છે આ બધી એ '**છે**' એનો જે ભાવભાસન ન થાય, ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ને જ્ઞાન હોઈ શકે (**શ્રોતા :** નહિં) આહાહા ! અને એ ભાવભાસન માટે તો અંતર સન્મુખ થવું જોઈએ કહે છે. આહાહા ! આણે ઈ શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ ? એનો આશ્રય લેવો જોઈએ. મહાન વસ્તુ આ છે, જેનાં એક-એક ગુણનો પાર નથી એક-એક ગુણની શક્તિના સામર્થ્યનો પાર નથી એવી જે અનંતીશક્તિનું અસ્તિત્વ આ શક્તિવાનમાં છે. સમજાણું કાંઈ ? એવી પ્રતીતિ થતાં એને આ પૂરણ છે એમ શ્રદ્ધા જ્ઞાનમાં આવી ગયું. આહાહા !

હવે એના તરફ વળીને, તેમનો પૂરણપણે વિકાસ કરીને. આહાહા, આ આત્મા પણ પરમાત્મા થઈ શકે છે. આહા, જૈન દર્શનની બીજા કરતાં વિશેષતા ઈ છે કે એક- એક આત્મા પરમાત્મારૂપે અને પરમાત્મા થઈ શકે એવો આત્મા છે. સમજાણું કાંઈ ? એ વસ્તુનું સ્વરૂપ એ છે. આહાહા ! સમજાણું કાંઈ ? આ ચૌવિહાર કરવો ને કંદમૂળ ન ખાવા ને શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું છ કોટિ એ કંઈ જૈનદર્શનની વિશેષતા નથી.

સમજાણું કાંઈ ? એ એવી વાતો અન્યમાંય હોય છે. એ નાંખ્યું નથી ? મોક્ષમાર્ગપ્રકાશકમાં નાંખ્યું, એમ કહે કે આમ છે તેમ છે ફલાણુ છે ત્રણ ચાર પાંચ બોલ છે નહિં,આઠ એવી તો અન્યમાંય છે, અન્યમાંય છે ઈ આ છે એવું અન્યમાં નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

આ વસ્તુની પૂરણ શક્તિવાન, એની જે શ્રદ્ધા ને જ્ઞાન પૂરણ શક્તિવાન ભગવાન 'ભગ' અનંત લક્ષ્મીનો વાન એનું રૂપ છે. સમજાણું કાંઈ ? આહાહા ! એમ આ શક્તિવાન, જેમ ભગવાન. 'ભગ' એટલે અનંતજ્ઞાન-દર્શન આનંદ આદિ જેની લક્ષ્મી એનો એ વાન એનું વાન એનું છે, એનું એને રૂપ છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહા ! માણસો નથી કેતા આ ફલાણું કેવા વાને છે ? નવરંગભાઈ, કહે છે ને કે આ કે ઘઉંવર્ણ છે કે ગોરાવર્ણે છે કે કાળા, શું કહો છો કાળા નથી કહેતા ભીનેવાન ભીનેવાન. કાળાવાન એમ નહિં ? ભીનેવાન. એમ આત્મા કેવો છે ? આહાહા ! હેં ? કે ભગવાન છે ઈ. ભગ લક્ષ્મીના વાનવાળો છે એમ કહે છે, ઈ એનું વાન છે. આહાહા ! સમજાણું કાંઈ ?

શ્વેતાંબરમાં પણ કેવળજ્ઞાન એક સમયે ને બીજે સમયે કેવળદર્શન. પણ ભઈ શક્તિ પૂરણ છે તો પર્યાયમાં પૂરણ પ્રગટે તો એને ખંડ-ખંડ ન હોય. સમજાણું કાંઈ એમાં ? જે વસ્તુ છે એમાં જ્ઞાન-દર્શનની શક્તિ પૂરણ છે એવી જેને પ્રતીતિ બેસે એને તો કેવળજ્ઞાન ને કેવળદર્શન એક સમયે હારે હોય છે. કેમ અંદર હારે (સાથે) શક્તિ છે ને ? તો એક સમયમાં એનો બેય ઉપયોગ એક સમયે હારે હોય છે. આહાહા ! એ ચેતનજી ! આ મોટો વાંધો.

ઓલા કહે કે તમે કેવળજ્ઞાન બીજા સમયે કેવળદર્શન, પછી એ વાત ન્યાં ન બેઠી તો ઓલા કહે કે એ તો અન્યમતિને માટે છે ગમે એમ કરીને. કારણકે એ તો વાત બેઠી નહિં આ. આ આમ વસ્તુ તૂટી જાય છે. આમ. કેમ ? વસ્તુ જે છે એ જ્ઞાન ને દર્શન સાથે પૂરણ છે. જ્ઞાન પૂરણ છે અને દર્શને અધૂરો છે એમ છે ? અને તે એક સાથે શક્તિ છે કે પહેલી આ ને પછી આ એમ છે ? હેં ? આહાહા ! તો જેને આ જ્ઞાન ને દર્શન એક સાથે શક્તિ છે એને વિકાસમાં લાવવા જાય ત્યારે એકસાથે બેય પર્યાય છે. આહાહા ! એને એમ કહેવું કે પહેલે સમયે જ્ઞાનનો વેપાર ને બીજે સમયે દર્શનનો, વસ્તુ જાણી નથી, શક્તિ માની નથી, પર્યાયની પ્રગટતા એને થતી નથી નવનીતભાઈ ! આવો મારગ છે. લોકો અત્યારે પચ્ચીસો વરસ છે માટે સંપ કરો સંપ કરો સંબંધ કરો. બાપુ, કોઈ હારે વિરોધ નથી, ઇ આત્મા છે, એ પણ પૂરણશક્તિવાન છે, ભૂલ હોય તો પર્યાયમાં છે, દ્રવ્યગુણમાં ભૂલ નથી. હેં ? આહાહા ! વ્યક્તિ ભગવાન, પણ એ ગુણરૂપે ભગવાન છે, એમ જેને

પોતાની શ્રદ્ધા થઈ છે એને બધા ભગવાન ગુણરૂપે પૂરણ છે, એ સાધર્મી છે એ અપેક્ષાએ પણ પર્યાયની અપેક્ષાએ નહિં! આહાહા! સમજાણું કાંઈ? તેમને વિકાસ કરીને આ આત્મા પણ પરમાત્મા થઈ શકે છે.

જુઓ, આ વિશેષતા. એક-એક તત્ત્વને, અને જે તત્ત્વ છે તે પોતામાં પરિપૂર્ણ છે, તો એની શક્તિઓ પણ પરિપૂર્ણ છે. વસ્તુ પરિપૂર્ણ છે, તો એની શક્તિઓ અનંત એ પણ પરિપૂર્ણ છે એ પરિપૂર્ણ છે અનંત શક્તિવાળો રૂપ, એવી જેને જ્ઞાનમાં ભાસે ને પ્રતીતિ થઈ, એનો ઉપયોગ વર્તમાન છદ્મસ્થમાં, ભલે જ્ઞાનઉપયોગ વખતે દર્શન ન હોય, કારણ કે વચ્ચે હજી આડ છે રાગની ને? પણ પૂરણશક્તિની જેને પ્રગટ દશા થઈ, એને પહેલે સમયે કેવળજ્ઞાન ને બીજે સમયે કેવળદર્શન, ત્રીજે સમયે કેવળજ્ઞાન ને ચોથે સમયે કેવળદર્શન, એમ છે નહિં, એ વસ્તુનું સ્વરૂપ જ નથી. એ ગુણ ને અંદર હારે માન્યા હોય તો એ પર્યાય પણ એક હારે બે ભેગી હોય એટલે ખરેખર તો એણે દ્રવ્યને ને ગુણને જાણ્યા નથી. આહાહા! આ તો વસ્તુની સ્થિતિ છે હોં, કોઈ વ્યક્તિ માટે નહિં. આ તો અંતરો કેમ પડી ગયો? મૂળ ચીજની જે વસ્તુ છે એક સાથે અનંત ગુણ છે એવી જો એને ખ્યાલમાં ને પ્રતીતિમાં આવે તો આ આમ ફંગ - ભંગ એના કાર્યમાં ન કહે. સમજાણું કાંઈ? તેથી કહે છે કે પૂરણ વિકાસ કરીને આત્મા પણ પરમાત્મા એક સમયે પૂરણ થઈ શકે છે. આહાહા!

હવે બહિરાત્માને દેહમાં આત્મબુદ્ધિરૂપ, વિસ્તાર હવે પોતે પાઠમાં કરે છે અર્થમાં તો કર્યો'તો. 'બહિરાત્મા' એટલે કે દેહમાં આત્મબુદ્ધિરૂપ મિથ્યા માન્યતા તે સ્થૂળ ભૂલ. આ, આ, આમ આત્મદ્રવ્ય છે એની પ્રતીતિ ને અનુભવ અને તેની શ્રદ્ધા જ્યાં નથી એને રાગ અને અલ્પજ્ઞતા પ્રગટ, એટલા અંશમાં જ આત્મા છે એથી એ અલ્પજ્ઞતા અને રાગ એ વસ્તુનાં પૂરણસ્વભાવ માં નથી, તેથી તે એકલી એટલાં માનનારને 'બહિરાત્મા' કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? 'બહિરાત્માને' દેહમાં કે રાગને પણ એ બધી એ સ્થિતિ છે. આહાહા! એક સમયનો પ્રગટ અંશ પણ એ વહેવાર છે. સમજાણું? એને જે આત્મા માને છે, એ વસ્તુનાં દ્રવ્ય ને ગુણનાં પરિપૂર્ણમાં, એ અલ્પજ્ઞનો વિકાસ છે એ એમાં નથી. સમજાણું કાંઈ? તેથી તે અલ્પજ્ઞને અને રાગ ઉપર રૂચિવાળો હોવાથી તે આત્મામાં એવું અલ્પજ્ઞપણું ને રાગ નથી એ બહિર છે એને માનનારો તેને 'બહિરાત્મા' કહે છે. આહાહા! કહો કાંતિભાઈ, આહાહા! એ આત્મબુદ્ધિરૂપ મિથ્યા માન્યતા કયા કારણે થાય છે? એ બતાવતાં કહે છે.

**इदानीं बहिरात्मनो देहस्यात्मत्वेनाध्यवसाये कारणमुपदर्शयन्नाह -**

★ **बहिरात्मेन्द्रियद्वारैरात्मज्ञानपराङ्मुखः ।**
**स्फुरितः स्वात्मनो देहमात्मत्वेनाध्यवस्यति ।। ७ ।।**

**ઇન્દ્રિય દ્વારા વિષયમાં બહાર ભમે બહિરાત્મ;**
**આતમજ્ઞાનવિમુખ તે માને દેહ નિજાત્મ ।। ૭ ।।**

**टीका** : इन्द्रियद्वारैरिन्द्रियमुखैः कृत्वा स्फुरितो बहिरर्थग्रहणे व्यापृतः सन बहिरात्मा मूढात्मा। आत्मज्ञानपराङमुखो जीचस्वरुपज्ञानाद्बहिर्भूतो भवति । तथाभूतश्च सन्नसौ किं करोति ? स्वात्मनो देहमात्मत्वेनाध्यवस्यति आत्मीयशरीरमेवाहमिति प्रतिपद्यते ।। ७ ।।

હવે બહિરાત્માને દેહમાં આત્મબુદ્ધિરૂપ મિથ્યા માન્યતા કયા કારણે થાય છે તે બતાવતાં કહે છે -

**અન્વયાર્થ:** (बहिरात्मा) બહિરાત્મા (इन्द्रियद्वारैः) ઇન્દ્રિય દ્વારોથી (स्फुरित) બાહ્ય પદાર્થોને જ ગ્રહણ કરવામાં પ્રવૃત્ત હોવાથી (आत्मज्ञानपराङमुखः) આત્મજ્ઞાનથી પરાઙ્મુખ-વંચિત હોય છે; તેથી તે (आत्मनः देहं) પોતાના શરીરને (आत्मत्वेन अध्यवस्यति) મિથ્યા અભિપ્રાયપૂર્વક આત્મારૂપ સમજે છે.

**ટીકા:** ઇન્દ્રિયોરૂપ દ્વારોથી અર્થાત્ ઇન્દ્રિયોરૂપ મુખથી બહારના પદાર્થોના ગ્રહણમાં રોકાઓલો હોવાથી તે બહિરાત્મા-મૂઢાત્મા છે. તે આત્મજ્ઞાનથી પરાઙમુખ અર્થાત્ જીવસ્વરૂપના જ્ઞાનથી બહિર્ભૂત છે. તેવો થયેલો તે (બહિરાત્મા) શું કરે છે ? પોતાના દેહને આત્મારૂપે માને છે અર્થાત્ પોતાનું શરીર જે 'હું છું' એવી મિથ્યા માન્યતા કરે છે.

**ભાવાર્થ:** બહિરાત્મા ઇન્દ્રિયોદ્વારા જે બાહ્ય મૂર્તિક પદાર્થો ગ્રહણ કરે છે તેને મોહવશાત્ પોતાના માને છે. તેને અંદરના આત્મતત્ત્વનું કંઇ પણ જ્ઞાન નથી; તેથી તે પોતાના શરીરને જ આત્મા સમજે છે - અર્થાત્ શરીર, મન અને વાણીની ક્રિયા જે જડની ક્રિયા છે તેને પોતે કરી શકે છે અને તેનો પોતે સ્વામી છે એમ માને છે.

જીવ ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે. તેને બહિરાત્મા અજ્ઞાનવશ જાણતો નથી અને બાહ્ય ઇન્દ્રિયગોચર પદાર્થો જે માત્ર જ્ઞેયરૂપ છે તેમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરી પોતાને સુખી-દુઃખી, ધનવાન-નિર્ધન, બલવાન-નિર્બલ, સુરૂપ-કુરૂપ, રાજા-રંક વગેરે હોવાનું માને છે.

## વિશેષ

મિથ્યા અભિપ્રાયવશ અજ્ઞાની માને છે કે, 'શરીર ઉત્પન્ન થવાથી મારો જન્મ થયો, શરીરનો નાશ થવાથી હું મરી જઈશ, શરીરની ઉષ્ણ અવસ્થા થતાં મને તાવ આવ્યો, શરીરની ભૂખ, તરસ, આદિરૂપ અવસ્થા થતાં મને ભૂખ-તરસ લાગી, શરીર કપાઈ જતાં હું કપાઈ ગયો, વગેરે'. એ રીતે અજીવની અવસ્થાને તે પોતાના આત્માની અવસ્થા માને છે.

" ..... આપને આપરૂપ જાણી તેમાં પરનો અંશ પણ ન મેળવવો તથા પોતાનો અંશ પણ પરમાં ન મેળવવો - એવું સાચું શ્રદ્ધાન કરતો નથી. જેમ અન્ય મિથ્યાદૃષ્ટિ નિર્ધાર વિના પર્યાયબુદ્ધિથી જાણપણામાં વા વર્ણાદિમાં અહંબુદ્ધિ ધારે છે, તેમ આ પણ આત્માશ્રિત જ્ઞાનાદિમાં તથા શરીરાશ્રિત ઉપદેશ-ઉપવાસાદિ ક્રિયાઓમાં પોતાપણું માને છે. .... વળી પર્યાયમાં જીવ પુદ્‌ગલના પરસ્પર નિમિત્તથી અનેક ક્રિયાઓ થાય છે તે સર્વને બે દ્રવ્યોના મેળાપથી નીપજી માને છે, પણ આ જીવની ક્રિયા છે તેમાં પુદ્‌ગલ નિમિત્ત છે તથા આ પુદ્‌ગલની ક્રિયા છે તેમાં જીવ નિમિત્ત છે- એમ ભિન્ન ભિન્ન ભાવ ભાસતો નથી.... " [૨]

'જેની મતિ અજ્ઞાનથી મોહિત છે અને જે મોહ, રાગ, દ્વેષ, આદિ ઘણા ભાવોથી સહિત છે એવા જીવ એમ કહે છે કે આ શરીરાદિ બદ્ધ તેમજ ધન-ધાન્યાદિ અબદ્ધ પુદ્‌ગલ દ્રવ્ય મારું છે.' [૩]

વળી શરીરાદિ બાહ્ય પદાર્થોમાં એકતાબુદ્ધિ કરવાથી અજ્ઞાનીને ભ્રમ થાય છે કે રસ, રૂપ, ગંધ, સ્પર્શ અને શબ્દનું જે જ્ઞાન થાય છે તે ઇન્દ્રિયોથી થાય છે તથા ઘટપટાદિનું જે જ્ઞાન થાય છે તે બાહ્ય પદાર્થોથી થાય છે, પણ તેને ખબર નથી કે જીવને જે જ્ઞાન થાય છે તે પોતાના જ્ઞાનગુણરૂપ ઉપાદાન શક્તિથી થાય છે. ઇન્દ્રિયો અને ઘટ-પટાદિ પદાર્થો તો જડ છે. તેનાથી જ્ઞાન થાય નહિં. તે તો જ્ઞાન થવામાં નિમિત્તમાત્ર છે.

એ રીતે બહિરાત્મા પોતાના જ્ઞાનાત્મક સ્વભાવને ભૂલી શરીરાદિ પર પદાર્થોથી પોતાનું અસ્તિત્વ માને છે અર્થાત્ શરીરાદિ પર પદાર્થોમાં તે આત્મબુદ્ધિ કરે છે. - ૭

# પ્રવચન – ૧૪

એનો અન્વયાર્થ લઈએ:

બહિરાત્મા, ઈન્દ્રિય દ્વારોથી બાહ્ય પદાર્થોને ગ્રહણ કરવામાં પ્રવૃત હોવાથી, કારણકે એને અતીન્દ્રિય જે વસ્તુ છે, એનું તો જ્ઞાન નથી. એથી એનો ઈન્દ્રિય તરફના લક્ષવાળું ઈન્દ્રિય તરફનાં લક્ષવાળું જ્ઞાન, છે? ઈન્દ્રિય દ્વારોથી બાહ્યપદાર્થોને કાંઈ ઈન્દ્રિય દ્વારા તો ઈન્દ્રિયજ્ઞાન દ્વારા તો બાહ્યપદાર્થ જાણવામાં આવે. હેં? કે ઈન્દ્રિયદ્વારા અણીન્દ્રિય આત્મા જાણવામાં આવે? આહાહા! આમ પર્યાયે લક્ષ કર્યુ છે ને? એટલે પર્યાયમાં જે ક્ષયોપક્ષમ ભાવ છે એ ભાવઈન્દ્રિય છે. એ ઈન્દ્રિય દ્વારોથી બાહ્ય પદાર્થોને જ ગ્રહણ કરવામાં પ્રવૃત છે. આહાહા! એટલે કે જ્ઞાનનો જે વર્તમાન ક્ષયોપશમ અંશ છે એ ભાવઈન્દ્રિય છે, અને એ ભાવઈન્દ્રિય દ્વારા પરવસ્તુ ને લક્ષમાં લે છે. એ ભાવઈન્દ્રિય દ્વારા સ્વનું લક્ષ ન આવી શકે. આહાહા! સમજાણું કાંઈ? ઈન્દ્રિય દ્વારે શબ્દ છે ને? તો ભાવઈન્દ્રિય દ્વારે દ્રવ્ય દ્રવ્ય નિમિત્ત માં ગ્યું. દ્રવ્યઇન્દ્રિયમાં અને એનાથી બાહ્ય પદાર્થ જાણવામાં આવે. હેં? આહા! એમાં બાહ્ય પદાર્થો ને જાણવામાં, 'ગ્રહણ' કરવું એટલે જાણવું, પકડે છે ક્યાં ન્યાં? આહા! ઈન્દ્રિય દ્વારે, સ્ફુરિત, આ ઈન્દ્રિય દ્વારે તેને પરનો સ્થૂળતા આવી જાણવાની એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મજ્ઞાન પરાઙ્મુખ, આમ જે ઈન્દ્રિય દ્વારા એ જાણવાનો જ્યાં પ્રયત્ન છે એને આત્મજ્ઞાન પરાઙ્મુખ. એ આત્માનું જે જ્ઞાન એનાથી ઉલટું કહે છે. આહા! સમજાણું કાંઈ? આહાહા! શું આચાર્યોએ સમાધિશતકને, સમાધિશતકના બધા (કહે છે વળી હો પંડિતો). શ્લોક મોઢે છે. પંડિતને બોલે છે હો.

આહિં કહે છે કે એને અહિંયા આત્માને તે આ ગ્રંથનું નામ 'સમાધિશતક' છે ને? 'સમાધિતંત્ર' છે ને? એ શું કામ? સમાધિતંત્ર હેં? શતક, બેયને, શતક તે આ શ્લોકને, તંત્ર. એ આત્મા પોતાની ચીજને અવલંબીને થાય એમાં ઈન્દ્રિય દ્વારા કામ ન કરે ત્યાં. સમજાણું કાંઈ? અને ઈન્દ્રિય દ્વારા જ્યાં કામ લે છે તો એમાંથી બાહ્યપદાર્થ જણાય સ્વ તો રહી જાય. હેં? આહાહા! બાહ્યપદાર્થ ને જાણવામાં ગ્રહવું શબ્દે જાણવું હોં, પકડે છે ન્યાં ક્યાં બાહ્ય પદાર્થ? જાણવામાં કરવાનું જાણવું કરવામાં પ્રવૃત્ત હોવાથી ઈન્દ્રિય દ્વારોથી સ્ફુરિત બાહ્ય જાણવામાં પ્રવૃત્ત કરવાથી, પ્રવૃત્ત હોવાથી આત્મજ્ઞાન પરાઙ્મુખ.

આહાહા! જે આત્મા, અંતર અતીન્દ્રિય જ્ઞાન દ્વારા આમ જણાય ને જાણે એ વાત રહી ગઈ. હેં? આહા! સમજાણું કાંઈ?

આત્મજ્ઞાન પરાઙ્મુખ, આત્મજ્ઞાન શું કીધું? બાહ્ય પદાર્થ ઈન્દ્રિય દ્વારા બાહ્યપદાર્થનું જ્ઞાન એમ અને આત્મજ્ઞાનથી પરાઙ્મુખ. સમજાય છે કાંઈ? એક ઘરે એકજ હશે નહિં? તમારે? એકેય નથી. કેમ વળી લીધું નહિં, હોય કોઇ દિ' તારા દાદાએ લીધું નહિં હોય? (**શ્રોતા** : વડોદરા ગયા છે) વડોદરા ગ્યા છે પણ એમ નહિં, અહીં રહે છે તો નહિં લીધું હોય? (**શ્રોતા** : એમની પાસે છે) છે? એ રાખ્યું છે ત્યાં. (**શ્રોતા** : પોતાની પાસે) સમજાણું કાંઇ? છપાણાં છે. થોડાં છપાણાં છે પંદરસો. હવે અત્યારે, કાંઈ પંદરસો, તો કાંઈ માણસ વધી ગયા છે. આહાહા!

બહિરાત્મા ઈન્દ્રિયદ્વારે એમ શબ્દ છે ને મુખપાઠમાં, બાહ્યલક્ષવાળો ઈન્દ્રિય દ્વારા જાણવામાં રોકાય છે અને ઈન્દ્રિય દ્વારા તો બાહ્યપદાર્થ જણાય. આહાહા! સમજાણું કાંઈ? અને તેથી તે આત્મનું જ્ઞાન જે જોઈએ સ્વ.. આ આમ થઈને જોઈએ એ આત્મજ્ઞાનથી એ પરાઙ્મુખ છે. આહાહા! આહા! ગજબ વાત કરી છે, શાસ્ત્રોને ઈન્દ્રિયદ્વારા જાણે છે કહે છે, એય શાસ્ત્રોને વાણીને ઈન્દ્રિય દ્વારા જાણે. હેં? ભગવાનને તેથી તો કીધું ને, **जे ईन्द्रियं जिणिता - ३१** (સ.સાર) એટલે કે ભાવઈન્દ્રિય, દ્રવ્યઈન્દ્રિય અને ભગવાનની વાણી એટલે એનું શરીર ને ભગવાન એ બધા ઈન્દ્રિય છે કેમ કે આ ઈન્દ્રિયદ્વારા એ જણાય છે. આહાહા! માટે ઈન્દ્રિય બધાય છે. આહાહા! વાત તો છે ને ભગવાન તો અણીન્દ્રિયસ્વરૂપ છે, પણ એને જાણનારો ઈન્દ્રિયદ્વારા જાણે માટે એનો વિષય તે ઈન્દ્રિય થઈ ગઈ, એ દ્વારા બાહ્યપદાર્થ જાણે. આહાહા! તો પછી કહ્યું કે જે જાણતો અર્હંતને દ્રવ્યગુણ પર્યાયથી. એ તો ઈન્દ્રિયદ્વારા છે અર્હંતનાં દ્રવ્ય-ગુણ–પર્યાયને જાણવાં, માટે એનાથી આત્માનું જ્ઞાન થાય, એમ નથી. આહાહા!

આત્મજ્ઞાનથી પરાઙ્મુખ છે, અને ઈન્દ્રિય દ્વારા સન્મુખ છે, એ સન્મુખ છે. ઈન્દ્રિય દ્વારા તો બાહ્ય પદાર્થ જાણવામાં આવે. ભગવાન હો કે ગુરુ હો કે શાસ્ત્ર હો કે સમ્મેતશિખર હો કે શત્રુંજય હો, ઈન્દ્રિય દ્વારા જાણવામાં આવે. ત્યારે અણીન્દ્રિય એવો જે ભગવાન આત્મા એ આત્મજ્ઞાનથી પરાઙ્મુખ થઈ ગયો. એવી વાતું છે ચીમનભાઈ, ઝીણી વાતો બહુ, ઓ.હો.! એના મહાતમ શું કરવા? એણે પોતાની ચીજ શું છે એને જાણવાનું જ્ઞાન કેવું હોય એવું જે આતમજ્ઞાન આતમજ્ઞાન કીધું ને? આતમજ્ઞાન. ઓલી ઈન્દ્રિયથી થતું બાહ્યજ્ઞાન. આહાહા! કહે છે આતમજ્ઞાન પરાઙ્મુખ. આહાહા! વંચિત

રહે છે. આહા ! ઈન્દ્રિયથી જ્ઞાન કરનારો બાહ્યપદાર્થને જાણતાં સ્વપદાર્થના જ્ઞાનથી વંચિત રહે છે. તમારું આ પછી આવ્યું કે નહિં આમાં ? ભગવાનની વાણી અને ભગવાન ઈન્દ્રિયનો વિષય છે કે નહિં ? હેં ? ભાષાપૂર્તિ કરવા જાય ને લોકો ભડકે છે. આ શું કહે છે ? ઈન્દ્રિય દ્વારા ભાવઈન્દ્રિયનો જે ક્ષયોપશમ છે એ દ્વારા દ્રવ્યઈન્દ્રિયને નિમિત્ત બનાવી નિમિત્ત વચ્ચે છે ખરું અને બાહ્યપદાર્થને જાણી. આહાહા ! સમજાણું કાંઈ ? એ બાલુભાઈ, આહાહા ! એ આત્મજ્ઞાન પરાઙ્મુખ થઈ ગયું છે. આહાહા !

ઈન્દ્રિયદ્વારા સાંભળે ઈન્દ્રિયદ્વારા જોવે ભગવાનને ઈન્દ્રિયદ્વારા સમોવશરણને જોવે હજી તો બાહ્યપદાર્થને જાણ્યું. સમજાણું કાંઈ ? એ બાહ્યપદાર્થના દ્રવ્યગુણ પર્યાયને જાણે તે ઈન્દ્રિય દ્વારા જાણે એમ થયું એ તો, એય. તે આત્માને જાણે, એમ પાછું ને બાહ્ય ઈન્દ્રિયદ્વારા જાણે એ આત્મા (દ્વારા) જાણે આત્માને જાણે. આહાહા ! સમજાણું કાંઈ ? એ બધા નિમિત્તના કથનો છે. એ આમ અંતરમાં આત્મજ્ઞાન કરે તો પછી આ બાહ્ય નિમિત્ત હતું એ જ્ઞાન એનું જ્ઞાન હો એ તરફનું જ્ઞાન, એ પરલક્ષી જ્ઞાન છે, એને છોડીને જ્યારે સ્વનો આશ્રય કરે ત્યારે પરલક્ષી જ્ઞાનને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા ! કે નિમિત્તે કાંઈ કર્યું નથી પાછું એમ. હેં ? આ વાંધા બધા. આહા ! હેં ? આ ચશ્મા અને આંખો ન હોય (જડ) તો આત્માને જ્ઞાનની પર્યાય થાય ? એ લે ક્યાંથી ? જણાય ક્યાંથી ? અરે ભાઈ ! તને તો હજી પરલક્ષી જ્ઞાનની સ્વતંત્રતાનીય ખબર નથી, હેં ? કે ભગવાનની વાણી અને ભગવાન દીઠા અને શાસ્ત્ર સાંભળ્યા એથી એ જ્ઞાન થયું, એની તને પરલક્ષી જ્ઞાન પણ સ્વતંત્ર પોતાથી થયું છે, ઈન્દ્રિય દ્વારા થયું છે. સમજાણું કાંઈ ? આહાહા !

દિગંબર આચાર્યોનાં દોહનરૂપ શાસ્ત્ર ગંભીર શાસ્ત્ર ઉંડે ઉંડે લઈ જાય છે. હેં ? આહાહા ! તો કોઈ એને એમ કહે, કે તુ ભગવાનની વાણી સાંભળ ભગવાનનાં દર્શન કર તને આત્મા જણાશે, એ તો ખોટી વાત થઈ. એય, સાક્ષાત પ્રત્યક્ષ છે ને શ્રાવકનાં, એ સમકિતીના છે ને છ બોલ. દેવ-દર્શન ગુરુસેવામાં છે ? હવે આ થયું સત્ ભાન. આહાહા ! એ વિકલ્પ છે ઈ પરને લક્ષે ઉત્પન્ન થયેલો છે પોતાનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ ? અને એને લક્ષે ઈન્દ્રિયદ્વારા જે થયું, એ જ જ્ઞાનવાળાને પરપદાર્થનું થયું ભગવાન રહી ગયો.

સ્વપદાર્થ જે ત્રિલોકનાથ ચૈતન પરમાત્મા. આહાહા ! હવે આ પરલક્ષી જે બહિરજ્ઞાન ઇન્દ્રિયદ્વારા જ્ઞાન એ દ્વારા આત્મજ્ઞાન ન થાય. અને ઈન્દ્રિયદ્વારા જે જ્ઞાન થયું એ વાણીથી થયું એય નથી. એ વખતનો તે પ્રકારનો ઈન્દ્રિયદ્વારનો ક્ષયોપશમનો અંશ છે તેથી એ થયું છે. આહાહા ! સમજાણું કાંઈ ? તો એના દ્વારા આત્મજ્ઞાન થાય એમ નથી

એમ કહે છે, એ તો આત્મજ્ઞાનથી પરાઙ્મુખ છે. એય, કારણકે આમ સન્મુખ નથી તો આમ સન્મુખ છે, આમ સન્મુખ છે તે આત્મજ્ઞાનથી વિમુખ છે. આહાહા ! હેં ? એ વંચિત હોય છે, પરાઙ્મુખની વ્યાખ્યા કરી. ઈન્દ્રિયદ્વારા પર પદાર્થનું જ્ઞાન કરનાર આતમપદાર્થનાં જ્ઞાનથી વંચિત રહે છે. આહાહા ! પરાઙ્મુખનો અર્થ કર્યો. સમજાણું કાંઈ ? સ્વભાવનું કારણ નિમિત્ત છે એમાં, ક્ષયોપશમ અને એમાં એક વિકલ્પ છે એમાં અને ક્ષયોપશમનો અંશ છે, પણ એ ક્ષયોપશમનાં અંશમાં તો બાહ્યપદાર્થનો ખ્યાલ આવતાં બાહ્યપદાર્થનાં જાણવામાં રોકાતાં આત્મજ્ઞાનથી વંચિત રહે છે કહે છે. હેં ? આહાહા ! કઇ શૈલી ? કઈ વાત ? આહાહા ! હેં ? શું કહ્યું ? વાત બહુ. પૂજ્યપાદસ્વામીએ ઘણું જ અનુભવમાંથી એણે સ્વ ને પરની વહેંચણી કરી ને વાત કરી છે. સમજાણું કાંઈ ?

કહો શાંતિભાઈ, ભાગ્યશાળીઓ ભેગા થયા છે. આવી વાતું બાપા, હેં ? આહાહા ! સાંભળવાની અપેક્ષાએ તો ભાષા નીકળે ? એ તો અંતરમાં ભાગ્યશાળી થાય કે આ તો પર સન્મુખમાં જવાની જે ક્રિયા ઈન્દ્રિય દ્વારની ત્યાં તો આત્મજ્ઞાન એ દ્રવ્યનું જ્ઞાન આત્મ વસ્તુનું જ્ઞાન એનાથી પરાડમુખ છે. ઓહોહો ! અરે ! ભગવાનનાં દર્શન કરે અરિહંતના કે પ્રતિમાના કે મંદિરનાં, તો ઇ ઈન્દ્રિયદ્વારા ત્યાં રોકાણો એ આત્માર્થી તો હોય આત્માના જ્ઞાનથી આત્મદ્રવ્યનાં સ્વના દ્રવ્યના જ્ઞાનથી પરનાં દ્રવ્યના ઈન્દ્રિયદ્વારા જ્ઞાનથી સ્વદ્વારા થતાં જ્ઞાનને એ તો વંચિત રહેશે. આહાહા ! એય સમજાણું કાંઈ ?

તેથી તે '**आत्मनः देहं**' એ પોતાના શરીરને '**आत्मत्वेनं अध्यवस्यति**' કેમકે ઈન્દ્રિયદ્વારા પરપદાર્થ ને જાણવાનો ભાવ એમાં એને ઈ, ઈ, ઈ જ વસ્તુ, ઈન્દ્રિય વિષે જ્ઞાન થયુંને પરનું એ બધું ખરેખર તો એ શરીર જ છે ઈ પર એ અચેતન જ્ઞાન છે. આહ, રે ! એ અચેતન એવા જે દેહને જેણે આત્મા માન્યો. આહા ! પોતાના શરીરને મિથ્યા અભિપ્રાયપૂર્વક આત્મારૂપે સમજે છે. આહાહા ! ગજબ વાત છે. ભઇ અહિં તો શાંતિથી સમજવા જેવી વાત છે. હેં ? જેને ઈન્દ્રિયદ્વારા પર ઈન્દ્રિયદ્વારા તો પરપદાર્થ જણાય. ભગવાન આત્મા ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી, અલિંગગ્રહણમાં. અલિંગગ્રહણમાં આવે છે. આત્મા ઈન્દ્રિયદ્વારા જણાય કે ઈન્દ્રિયદ્વારા જાણે એ આત્મા જ નહિં એમ કહે છે. આહાહા ! ભાઈ આ તે ક્યાં ગ્યું શું કીધું ?

આત્મા ઈન્દ્રિયથી 'જાણે' નહિં અને ઈન્દ્રિય જાણે નહીં ઈન્દ્રિયથી 'જણાય નહિં'. બે શબ્દ છે ને ? અલિંગગ્રહણના પહેલા બોલ છે. હવે અહિં એમ કહેવું છે કે ઈન્દ્રિયથી જણાય નહિં, તો એનો અર્થ ઈ થયો કે ઈન્દ્રિયદ્વારા બાહ્ય પદાર્થ જણાય, એમાં

સ્વઆત્મા ન જણાય. આહાહા! તો એ બાહ્ય પદાર્થ જણાય એવી ચૈતન્યમાં, અભાવસ્વભાવરૂપભાવ થયો. એથી એને શરીર જ કહી દીધું. (૫૨) સમજાણું કાંઈ?

પરને જાણવા ઈન્દ્રિયદ્વારા જાણ્યું એ ચૈતન્યસ્વરૂપ જ નથી કહે છે. આહાહા! એથી એ અચેતન સ્વરૂપ ખરેખર તો છે, આ ચૈતન્યનું જ્ઞાન નથી, એથી એનાં સિવાયનાં બધા પદાર્થો 'આ' ચેતન નથી. સમજાણું કાંઈ? એટલે એ બધો અચેતન કહ્યું, ઉપયોગ એ અચેતન થ્યો. હેં? આહાહા! એ ઈન્દ્રિયદ્વારા જણાય તે આત્મા, એણે શરીરને અને પરને જ પોતાનું માન્યું છે, અથવા ઈન્દ્રિયદ્વારા થતું જે જ્ઞાન તે જ જ્ઞાન મારું છે એ બધુ અચેતનને જ માને છે. આહાહા! સમજાણું કાંઈ? પોતાના '**आत्मनः देहं**' આત્મનં દેહમ્. આ આત્માના આત્મદેહ, એને ન માનતાં આ આત્માદેહા. સમજાણું કાંઈ? સોનગઢમાં હાલે, મુંબઈમાં આવું કહેવા જાય તો બધા ભાગે માળા બાહર પછી, હેં? કે આ શું માંડી? આ બાપુ! વસ્તુ તો ભગવાન. એના પડખાં ચીરતાં તો આવું નીકળે છે હેં? પડખે. ઈન્દ્રિયને પડખે, પરને પડખેથી જે જાણ્યું, એ આત્માનું જ્ઞાન નહિં, એ તો અજીવનું જ્ઞાન થયું. આહાહા! આ જીવ એમાં નથી, એનું એને જ્ઞાન થયું. સમજાણું કાંઈ? આહાહા! એ આત્માનો ઇ અર્થ કર્યો, એની ટીકા કરશે.

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**જેમ કૂતરાને કાનમાં કીડા પડે ને તેનું લક્ષ વારંવાર ત્યાં જ ગયા કરે તેમ જેને આત્મા પ્રાપ્ત કરવો છે, તેનું લક્ષ વારંવાર આત્માની સન્મુખ ગયા કરે. આત્માની ધૂન ચાલ્યા કરે. બીજી ધૂન તો અનંતકાળથી ચડી ગઈ છે તો એકવાર આત્માની ધૂન તો જગાડ! અને છ માસ તો પ્રયત્ન કર! વારંવાર અંતર્મુખનો પ્રયત્ન કર તો જરૂર તને આત્માની પ્રાપ્તિ થશે.**

**દષ્ટિનાં નિધાન ૧૩**

# પ્રવચન – ૧૫

## શ્લોક – ૭

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૨૫.૧૨.૭૪**

**इदानीं बहिरात्मनो देहस्यात्मत्वेनाध्यवसाये कारणमुपदर्शयन्नाह -**

★ **बहिरात्मेन्द्रियद्वारैरात्मज्ञानपराङ्मुखः ।**
**स्फुरितः स्वात्मनो देहमात्मत्वेनाध्यवस्यति ।। ७ ।।**

ઇન્દ્રિય દ્વારા વિષયમાં બહાર ભમે બહિરાત્મ;
આતમજ્ઞાનવિમુખ તે માને દેહ નિજાત્મ ।। ૭ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**ટીકા:** બહિરાત્મા  શું માને છે અને એને બહિરાત્મા કેમ કહેવો ઇ વ્યાખ્યા છે, કેમ કે ઈન્દ્રિયો દ્વારા ઈન્દ્રિયોરૂપ દ્વારોથી અથવા ઈન્દ્રિયરૂપ મુખથી એની તરફથી એમ  ઈન્દ્રિયોના મુખથી એટલે તે દ્વારાથી આહાહા! બહારના પદાર્થોને જાણવામાં રોકાયેલો હોવાથી, ગ્રહણ એટલે જાણવું. સમજાણું કાંઈ? ગુજરાતી કહ્યું એણે ગુજરાતી હિન્દી ન ચાલે અત્યારે. આ ગુજરાતી છે ને. સવારમાં હિન્દી ચાલે આ તો ગુજરાતી પાઠ છે ને! એ સમજાય એવું છે અત્યારે ગુજરાતી છે પુસ્તક ગુજરાતી છે, ને સવારમાં હિન્દી છે થોડું થોડુંક ધ્યાન રાખવું, ગુજરાતીમાં છે ને ગુજરાતીમાં આવે તો હિન્દીમાં એવું ન આવે, રોકાવું પડે.

આ આત્મા, એને કહે છે કે જે બાહ્યઈન્દ્રિયો દ્વારા, એક તો ભાવઈન્દ્રિય જે છે તે ક્ષયોપશમની એક પર્યાય છે જ્ઞાનની એક પર્યાય એને નિમિત્ત એ દ્રવ્યઈન્દ્રિય છે, અને એને જાણવાની ચીજ એ નિમિત્ત છે. એટલે આંહી તો ઈન્દ્રિય, ભાવઈન્દ્રિયદ્વારા અને એના દ્રવ્યઈન્દ્રિયના મુખથી એટલે એના તરફથી જે બાહ્ય પદાર્થનું ગ્રહણ રોકાયેલો હોવાથી ત્યાં બહારના જાણવામાં એ જ્ઞાન રોકાણું. આહાહા! સમજાણું કાંઈ? આંહી તો એમ સિદ્ધ કરવું છે કે જે પર્યાય ઉપર જેની બુદ્ધિ છે પર્યાય ઉપર એ ભાવઈન્દ્રિય દ્વારા દ્રવ્યઈન્દ્રિય એમાં નિમિત્ત ભલે હો, પણ દ્રવ્યઈન્દ્રિયની પર્યાય ને ભાવઈન્દ્રિયની પર્યાય વચ્ચે પણ અત્યંત અભાવ છે, છતાં એ ઈન્દ્રિય દ્વારા આમ જે જાય છે જાણવા ત્યારે એને બાહ્ય પદાર્થનું જ્ઞાન થાય છે, એ બાહ્યપદાર્થના જ્ઞાનમાં એ રોકાણો છે. આહાહા! તે બહિરાત્મા મૂંઢાત્મા છે.

જે આ આત્મા પોતાના જ્ઞાનની પર્યાયથી અંતર્મુખ થઈને જાણવું જોઈએ. સમજાણું કાંઈ? એને ઠેકાણે એ બાહ્ય ઈન્દ્રિયોનો પર્યાય જે ભાવઈન્દ્રિય છે એ ખરેખર આત્મા નથી. ભાવઈન્દ્રિયનો પર્યાય તે ખરેખર આત્મા નથી. કારણ કે એને તો એમ કહ્યું છે કે એને જીતે તે જિતેન્દ્રિય કહેવાય! એનાથી જાણે તો જિતેન્દ્રિય કહેવાય એમ નથી કહ્યું ત્યાં ૩૧મી ગાથા (સમયસાર) એટલે કે ભાવઈન્દ્રિય, દ્રવ્યઈન્દ્રિય અને એનાથી જણાતાં પદાર્થ, એ ત્રણેયને ખરેખર તો ઈન્દ્રિય કીધી છે ત્રણેયને ઈન્દ્રિય કીધી ૩૧ ગાથા. આહાહા. એટલે કે ઈન્દ્રિયનું જે જ્ઞાન ઈન્દ્રિયદ્વારા જે થતું જ્ઞાન એ ઈન્દ્રિય. દ્રવ્યઈન્દ્રિય તો જડની પર્યાય, ભાવઈન્દ્રિય ચૈતન્યની એક ક્ષયોપશમ વિકાર, બે વચ્ચે પણ અત્યંત અભાવ અને એનાથી જે જાણવાની ચીજ છે વર્તમાન પર્યાય બહાર એ દ્રવ્ય લો, તો એને વચ્ચે પણ અહીંયા જાણવાની પર્યાયને અને જણાય છે એવી ચીજને અત્યંત અભાવ છે. મૂળચંદભાઈ!

આ બધું આમાં ઊંડુ ઊતરવું પડશે. આહાહા ! એ એને જાણવામાં રોકાયેલું જ્ઞાન. આહાહા ! તે આત્મજ્ઞાનથી પરાઙ્મુખ છે. આહાહા !

ભાષા તો જુઓ ! આચાર્યે કેવી શૈલી લખી છે. હેં ? આહાહા ! ભગવાન આત્મા પોતાની જ્ઞાનની પર્યાય દ્વારા જેની એ પર્યાય છે તેને જાણવી જોઈએ, જ્ઞાન એનું લક્ષણ છે. તો લક્ષણ દ્વારા લક્ષને જાણવું જોઈએ ! સમજાણું કાંઈ ? આ ચૈતન્ય સ્વરૂપ છું એ જ્ઞાન દ્વારા જાણવું જોઈએ. એમ ન જાણતાં એ પર્યાયના મુખથી બાહ્ય ચીજોથી બાહ્ય પદાર્થને જાણે છે તો એ ચૈતન્યનો જેમાં અભાવ છે. ખરેખર તો વર્તમાન ભાવઈન્દ્રિયની પર્યાયમાં પણ ચૈતન્ય સ્વભાવનો અભાવ છે, દ્રવ્યેન્દ્રિયની પર્યાયમાં ચૈતન્ય સ્વભાવનો અભાવ છે, અને સામે જાણવા યોગ્ય જે પદાર્થ છે એની પર્યાયમાં કે એના દ્રવ્યગુણમાં આ ચૈતન્યનો તો અભાવ છે. આહાહા ! છતાં એને એ માની લે કે આ મારું છે અને આ જ્ઞાન મને થયું મારામાં અને તે 'હું' છું આહાહા ! સમજાણું કાંઈ ? એ બહિરાત્મા છે.

આ ચૈતન્ય જે વસ્તુ છે, દેહથી ભિન્ન રાગથી ભિન્ન આ વસ્તુ જે આત્મા છે આતમ પદાર્થ એનું હોવાપણું એનું અસ્તિત્વ એની સત્તાનું હોવાપણું, ખરેખર તો શરીરના અસ્તિત્વથી પણ એનું અસ્તિત્વ ભિન્ન છે. આ જડ છે આ માટી આ ઈન્દ્રિયો માટી જડ અજીવ છે. એની પર્યાયથી પણ એનું ભિન્નપણું છે, અને ખરેખર રાગ થાય જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો એ રાગથી પણ એનું અસ્તિત્વ તો ભિન્ન છે. અને એક સમયની જે ભાવઈન્દ્રિયનો ક્ષયોપશમ છે. આહાહા ! ઝીણી વાતું બાપુ ! તત્ત્વની એવી વાત. દુનિયાને કાંઈ પડી નથી, મારું શું થશે ? આ બધું કરીએ આ કરવું ને એમાં ગુંચાઈને મરીને જાય. આહાહા ! આવું તત્ત્વ જે છે એને રાગથી પરના જાણવાના લક્ષથી અથવા પરથી. આહાહા ! અંતરલક્ષ કરીને, જે પોતાને જાણવું જોઈએ, એનું નામ સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ પ્રતીતિને સમ્યક્આચરણ કહેવામાં આવે છે. આહાહા !

એ સમ્યક્પ્રતીતિ, જ્ઞાન ને આચરણને છોડીને આહાહા ! એ ઈન્દ્રિય વર્તમાન વિકાસ છે જે જ્ઞાનની દશાનો, એમાં કાંઈ આખો આત્મા નથી. આખું તત્ત્વ તો એક સમયની દશાથી હાલતથી, ભિન્ન તત્ત્વ છે. આહાહા ! એ પર્યાયબુદ્ધિવાળાને આંહી શરીરબુદ્ધિવાળો કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? કે જેમાં એ ચૈતન્ય વસ્તુ ભગવાન આત્મા સત્ ચિદાનંદ સ્વરૂપ નિત્યાનંદ ધ્રુવ, એ ધ્રુવનો જેમાં લક્ષ રહ્યું નહીં અને એની વર્તમાન દશાના મુખે બહારમાં જોતાં બાહ્ય પદાર્થને જાણે, એને જાણે તેને માને કે આ 'હું' છું. આહાહા ! સમજાણું કાંઈ ? કેમ કે જે અસ્તિત્વ એનું પોતાનું આખું છે. મહાપ્રભુ ચૈતન

સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત, જ્ઞાનને આનંદનો પૂંજ પ્રભુ આત્મા, ક્યાં જોવો ? કોને જોવો ? કોને પડી છે અંદર ? આહાહા ! અનંતકાળથી કેમ રખડે છે એ બહિરાત્માની વ્યાખ્યા કરે છે. હેં ?

ભગવાન આત્મા ચૈતન્યદળ છે, વસ્તુ છે ને ? પદાર્થ છે ને ? અસ્તિત્વથી છે, તો એ અસ્તિત્વ નામ હોવાવાળી ચીજ એ તો આનંદને જ્ઞાનના સ્વભાવથી ભરેલો પ્રભુ આત્મા છે. આહાહા ! એવા અસ્તિત્વને એની સન્મુખ જયા વિના, બહિર કીધું'તુંને આંહી, ઈન્દ્રિય દ્વારને મુખ કીધું છે. એણે નાંખ્યું છે ટીકામાં નાખ્યું છે **ईन्द्रियद्वारैरिन्द्रियमुखैः** એને ઈન્દ્રિયમુખ થઈ ગયું એને ! આહા ! આમ બહાર.

ભગવાન આત્મા, આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિયઆનંદના રસથી ભરેલું એ તત્ત્વ આત્મા છે. એવા આત્માને અસ્તિ તરીકે તેને જોવાને ન જતાં તેની અસ્તિત્વતાનો સ્વીકાર ન કરતાં, વર્તમાન વિકાસનો અંશ છે એ અંશ દ્વારા દ્રવ્યઈન્દ્રિયને નિમિત્ત બનાવી. આહાહા. અને પરને જાણે, એ તો બાહ્ય પદાર્થને જાણે છે લો ! એમાં ચૈતન ન આવ્યો ! દાસ ! ભારે આકરું કામ ભાઈ ! આ તો હવે આવું કોણ નવરા છે ? આહાહા ! હવે આ બધું પાંચ-પચાસ લાખ મળે પૈસા. એ શેઠ ? પોપટભાઈ. આ કરોડ, બે કરોડ મળ્યા તો કે હવે શું છે ? ધૂળ છે ! આહાહા ! કોને મળ્યા ભાઈ, તને ખબર નથી. પૈસો એ જડ ચીજ છે લક્ષ્મી, પૈસો, એ જડ, અજીવ તત્ત્વ છે એ અજીવ તત્ત્વનું અજીવ તત્ત્વ અજીવમાં રહેલું છે. એ અજીવતત્ત્વ, જીવમાં આવે ને, જીવમાં રહેલું છે, એમ નથી. આહાહા ! છતાં એ અજીવ તત્ત્વને જોવા જાય છે ઈન્દ્રિય દ્વારા એમ કહે છે. આહાહા ! જાણવા જાય છે એટલી વાત આંહી તો લેવી છે ને ? આમ ઈન્દ્રિયો દ્વારા, પર ઉપર લક્ષ કરી અને આ પદાર્થ છે, આ પદાર્થ, એમ જાણવા જાય છે, એવા બર્હિમુખ ભાવને અજ્ઞાની પોતાનો માને છે તે મૂંઢ છે તે મિથ્યાદ્રષ્ટિ છે એ જૂઠી અસત્ય દ્રષ્ટિનો સેવનાર છે ! એ જૂઠાને સેવનાર છે, એ સાચાને સેવતો નથી ! આહાહા ! સમજાણું કાંઈ ?

આ તો ઉત્તમ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ, સત્-ચિદ–આનંદકંદ છે. આ આત્મા ક્યાં કોને પડી છે ? એ ક્યાં છે ? કોણ છે ? એ મૂળચંદભાઈ ! આ પૈસા પેદા થાય પાંચ-પચાસ લાખ, દસ લાખ, ધૂળ, લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ, થઈ ગયા. વધી ગયા અમે, બીજા કરતાં વધ્યા, બાહુબળે બાપા પાંહે નહોતું ને અમે રળ્યા છીએ જાતે શું રળ્યા ? ધૂળ, સાંભળને ! એ તો પર ચીજ છે. એ રળવાનું તો નથી પણ પર ચીજને જોવા જતી જે જ્ઞાનની દશા આહાહા ! એ પરપદાર્થને જાણે છે, એમાં ભગવાનઆત્મા

રહી ગયો ! એ કહે છે ને જુઓ ! ઝીણી વાત છે ભગવાન. આ તો અનંતકાળની ભૂલ કેમ રહી છે અને એ ભૂલ ભાંગ્યા વિના, એના જનમ-મરણ ટળે એવા નથી. આહાહા ! એ આ ભૂલ રહી, કે જે મહાપ્રભુ અનંતઆનંદને અનંતજ્ઞાનના હોવાપણે બિરાજમાન વસ્તુ આત્મા છે ! એને અંતરની જેનો એનો સ્વભાવ છે જે જ્ઞાન આનંદ એ જ્ઞાન દ્વારા એને ન જાણ્યો, એના અસ્તિત્વને ન જાણ્યું અને એ જ્ઞાનની વર્તમાન પર્યાય દ્વારા જે બીજું અસ્તિત્વ એનાથી ભિન્ન છે એમ કહ્યું ને જુઓને ! બાહ્યપદાર્થના જાણવામાં રોકાયેલો. એનાથી ભિન્ન પદાર્થ છે એને જાણવામાં રોકાણો છે ! આહાહા ! એ કાન્તિભાઈ ! આ તો અવ્વલ-દોમની વાતું છે ભાઈ, એ જગતની હારે મેળ નહીં ખાય. સમજાણું કાંઈ ? આહાહા !

કહે છે કે જે વસ્તુ છે, સત્ અસ્તિ તત્ત્વ અનાદિ છે. એની કોઈ ઉત્પત્તિ નથી એનો કોઈ નાશ નથી ! સત્ છે એની ઉત્પત્તિ શું ? અને સત્ છે એનો અભાવ નાશ શું ? આહાહા. એવું જે સત્ સ્વરૂપ ભગવાન, એ એની દશાથી એને ક્યાં જેની પર્યાય છે એનું એ લક્ષણ છે જ્ઞાન, એ જ્ઞાનના લક્ષણ દ્વારા લક્ષ નામ પ્રભુ આત્મા એને જાણવો જોઈએ તો તે આત્મજ્ઞાન થયું આ જ્ઞાનની પર્યાય દ્વારા, બાહ્ય પદાર્થમાં જાણવામાં રોકાયેલો આત્મજ્ઞાનથી વંચિત છે. આહાહા ! એ આત્મજ્ઞાનથી પરાઙ્મુખ છે, એમ ભાષા છે ને ? ભગવાન આત્મા, આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતનઘન છે એના જ્ઞાનથી પરદ્વારા જ્ઞાનમાં રોકાયેલો આત્માના જ્ઞાનથી ઠગાઈ ગયો છે વંચિત છે. આહાહા ! કહો ગીરધરભાઈ ! આવી વાતું બાપુ ! આહાહા ! ઓલા કહે દયા પાળો, વ્રત પાળો ને, અપવાસ કરો ને એ શું કરે સાંભળને હવે, એ તો બધા વિકલ્પો છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

એ રાગ અને આત્મસ્વભાવ વચ્ચે તો અત્યંત અભાવ છે, એ તો આવે છે ને પહેલા, એ રાગ જે થાય છે દયાનો દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો, ભગવાનનું સ્મરણ કરવું એ બધો રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે વૃત્તિ ઉઠે છે એ રાગ એ રાગમાં ને કર્મના ઉદયમાં, જડનો જે ઉદય છે એની પર્યાયમાં ને આ રાગની પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે. છતાં એક એના સદ્ભાવને જાણવા રોકાઈ ગયેલો. આહાહા ! એય ! અને એ રાગને અને ભગવાન આત્માનું જે જ્ઞાન થાય. સ્વરૂપ ચૈતનનું જ્ઞાન થાય અનુભવ થાય એવી દશાને ને રાગને બે વચ્ચે પણ અત્યંત અભાવ છે. આહાહા ! સમજાણું કાંઈ ? એને અંતર અભાવસ્વભાવરૂપ મારો ભાવ છે, એને જાણવા નહીં આવતાં. આહાહા ! એ જ્ઞાનની દશા બાહ્ય પદાર્થ દ્વારાને એના મુખે દ્વારા જાણવા રોકાયેલો. આહાહા ! તેને અહીંયા બહિરાત્મા, મૂઢ, મિથ્યાદ્રષ્ટિ કહે છે. આહાહા ! ચાહે તો નવપૂર્વનો ભણેલો હોય અગિયાર

અંગના જાણપણાવાળો હો ! આહાહા ! પણ એ પદાર્થ દ્વારા તો બાહ્ય પદાર્થ જાણ્યાં એણે. સમજાણું કાંઈ ?

જ્યારે આને ચૈતન્ય કહીએ, તો આ રીતે જે પરપદાર્થનું જાણવું એ બધું અચેતન અને શરીર છે એમ કહ્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ? કહે છે, આત્મજ્ઞાનથી પરાઙ્મુખ જીવસ્વરૂપના જ્ઞાનથી બહિર્મુખ છે. આહાહા ! કેવી શૈલી લખી છે ! જે વર્તમાન જ્ઞાનના વિકાસના ક્ષયોપશમના અંશ દ્વારા એટલે ઈન્દ્રિયદ્વારા ભાવઈન્દ્રિય છે ને ? પરને જોવામાં રોકાયેલો પરને પકડવામાં નહીં. ભાઈ ! પર્યાય નથી લીધો આહીં, ફક્ત જ્ઞાન પરને જાણવાં રોકાયેલું એટલું કહ્યું. આહાહા ! સમજાણું કાંઈ ? ભાઈ, આ તો તત્ત્વની વાતું છે બાપુ ! એણે અનંતકાળથી એ જાણ્યું (નહિં) બાકી બધાં ડહાપણું કર્યાને મરી ગ્યો એ બધું કરી, કરીને. આહાહા ! અબજોપતિ અનંતવાર થયો, મનુષ્ય થઈને શું કર્યુ એમાં એણે ? પાખંડ સેવ્યો મિથ્યાત્વભાવ સેવ્યો. આહાહા ! આંહી તો બહારને જાણવામાં રોકાયેલો પર્યાયવાળાને બહિરાત્મા કહે છે. ગજબવાત છે ! આહાહા !

ભગવાન તારી ચીજ જે અંદર છે. 'ભગ્' એટલે આનંદ ને જ્ઞાનની લક્ષ્મી, 'વાન', એ તારું સ્વરૂપ છે એવા જ્ઞાન ને આનંદના સ્વરૂપને જોવાની પર્યાયને જોઈ નહીં અને એ પર્યાય જોવાની પર્યાય પરને જોવા રોકાઈ ગઈ. આહાહા ! સમજાણું કાંઈ ? એ આત્મજ્ઞાનથી વંચિત થઈ ગયો. આહાહા ! એ ભગવાન પોતાના જ્ઞાનથી એ પરાઙ્મુખ થઈ ગયો. આહાહા ! બાપુ ! આ તો પરમ સત્યની વાતું છે ! આ એટલે એ જરીક લાયક થવું પણ કઠણ છે. એણે અનંતકાળમાં એ કર્યું નથી, એણે સત્ય સાંભળ્યું નથી સત્ય સુણ્યું નથી એમ આવે છે ને ભાઈ, શ્રીમદ્માં આવે છે. એ સુણ્યું નથી એનો અર્થ કે જે સત્ આ વસ્તુ છે. આહાહા ! પૂરણ વસ્તુ છે એમાં શક્તિ ને સ્વભાવ તો પૂરણ છે. વસ્તુ છે ને આત્મતત્ત્વ ? આહાહા ! એ પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો પ્રભુ, એને જ્ઞાન દ્વારા એને જોવો જાણવો જોઈએ એમ મૂકી દઈને આત્મજ્ઞાનથી પરાઙ્મુખ થઈને. આહાહા ! એકલા શાસ્ત્રને જાણવા ગયો, ઈન્દ્રિય દ્વારા એ બાહ્ય પદાર્થને જાણ્યા. આહાહા ! સુજાનમલજી ! આ તો વાતું એવી છે બાપુ ! આહાહા !

એ જનમ મરણને ને છૂટવાની રીત કોઈ અલૌકિક છે, અને જનમ મરણ કરવાની રીતનો ભાવ પણ કોઈ સાધારણ નથી, અજ્ઞાન મોટું છે. આહાહા ! કહે છે એ એવો થયેલો, ભાષા એમ છે ને ? શું કહે છે કે ઈન્દ્રિયોરૂપ આ જડ અને અંદર ભાવઈન્દ્રિય એ એથી મુખથી બહારના પદાર્થોને શરીરને, વાણીને, કરમને, આ સ્ત્રીને, કુટુંબને,

પૈસાને, આબરૂને ધૂળ ને ધમાહા, પોપટભાઈ! એને જાણવા રોકણો કહે છે, નવનીતભાઈ! આહાહા ! એનો અર્થ થ્યો કે એને જાણવામાં રોકાણો એટલે ઈ 'હું' છું, એમ એને થઈ ગયું. કારણ કે ઓલું જે અસ્તિત્વ છે મહાપ્રભુ મહાચૈતન્યગંજ આત્મા આનંદનોનાથ પૂર્ણાનંદપ્રભુ એનાં અસ્તિત્વને અસ્તિ તરીકે સ્વીકારવામાં ન આવ્યો, ત્યારે ક્યાંક છું 'હું', એવાં સ્વીકાર વિના એ રહેશે શી રીતે એ? સમજાણું કાંઈ? આહાહા ! એ ટોળીયા, સમજાય છે કે નહિં આ? આરે આ, ભારે ભાઈ! આવી વાત ક્યાંથી કાઢી કહે છે, કોઈ કહે કે નવી કાઢી! અરે ભગવાન, તને ખબર નથી બાપુ! આ તો ભગવાનની અનાદિની વાત છે. આહાહા!

જુઓને, ગાથાની શરૂઆત કરતાં ઈન્દ્રિયો દ્વારા, આહાહા ! અતીન્દ્રિય સ્વરૂપ ભગવાન આત્મા પોતે તો અતીન્દ્રિયસ્વરૂપ છે ઈન્દ્રિયથી જણાય એવો એ છે નહીં! આ ઈન્દ્રિયો આ જડ માટી કે ભાવઈન્દ્રિય એનાથી જણાય, એવો છે નહિં. આહાહા! એવા ભગવાનનું જ્ઞાન ન કરતાં, ભગવાન એટલે આત્મા હોં, પાછો બીજો ભગવાન એને ઘરે રહ્યા. એ ભગવાન તો કાંઈ દેતા નથી ને લેતાં નથી. આહાહા! પોતાનો સ્વભાવ પૂરણ છે એકરૂપ છે સત્ત્વ છે. મહાપૂરણ સ્વભાવથી અસ્તિરૂપે સત્તારૂપે હોવાપણે રહેલો છે. આહા! એવા મહાઅસ્તિત્વના સત્તાને ન જાણતાં, એ આત્મજ્ઞાનથી વિમુખ થતાં પરાઙ્મુખ. જુઓ ને ભાષા જુઓ આહાહા! સુમનભાઈ ગ્યા નહીં? ગયા. સમજાણું કાંઈ?

એ આત્મજ્ઞાન જે આત્મા વસ્તુ છે, તેનું જ્ઞાન તે દશામાં તેનું જ્ઞાન તેની પર્યાયમાં અવસ્થામાં તેનું જ્ઞાન, એનું જ્ઞાન ન થતાં એમાં નથી એવી જે બાહ્ય ચીજો, એમાં ઈન્દ્રિયદ્વારા બાહ્યપદાર્થને જાણતાં, ત્યાં જ્ઞાન રોકાણું. એ રોકાણું એ બહિરાત્મા છે કહે છે. આહાહા! એણે શરીરને અને બાહ્ય પદાર્થને મારા માન્યા. આહાહા! સમજાણું કાંઈ? જેને જોવાની ગરજ થઈ એને એ પોતાના માન્યા! પોતાને જોવાની ગરજ થાય તો પોતાને માને આમ. આહાહા! અરેરે! મારગ તો મારગ! તે બહિર્મુખ જીવસ્વરૂપના જ્ઞાનથી બહિર્ભૂત લો, એ પરને જાણવાનો ભાવ જ બહિર્મુખ છે. હેં! આમ ચૈતન્ય ભગવાન મૂળની વાતું વિના પછી વ્રત કરોને, તપ કરોને, ફલાણું.

બહુ આજ આવ્યું'તું ઉપાદાન-નિમિત્તનું. મોટું લખાણ આજે વાંચ્યું, 'જૈન શાસન' કાલેય આવ્યુ'તું. વખત મળે ત્યારે આજ બપોરે વાંચ્યું'તું એવા ગોટા માર્યા છે આહીંના વિરૂદ્ધમાં કોઈક આર્યિકા છે આર્જિકા એની પાસે લખાવ્યું છે. બેથી કામ થાય, ઉપાદાન ને નિમિત્તથી. કોઈ કહે એકલા ઉપાદાનથી થાય. અરે! સાંભળને આહાહા! ઉપાદાન શું, એની પર્યાયથી થાય. એની વર્તમાન પર્યાય દ્રવ્યથી ન થાય. આહાહા અરે!

શું થાય ? લૂંટાણા છે જગત ને અને લૂંટાવે છે હોંશથી હોંશથી લૂંટાવે છે. નિમિત્ત ચીજ છે બીજી પણ નિમિત્ત બીજી ચીજ છે એની પર્યાયનું અસ્તિત્વ અને આની પર્યાયના અસ્તિત્વ એ બે વચ્ચે તો અત્યંત અભાવ છે, હવે અત્યંત અભાવ જેમાં છે, ઈ, ઈ, ચીજ આહીં કામ કર્યા કરે એનું ? બહુ આકરી વાતો, બહુ મારગ ! પંડિતો એ ભણી-ભણીને ભણ્યાં, કાશીના ભણતર કર્યા, આહાહા ! પણ આત્માને ભણ્યો નહિં. સમજાણું કાંઈ ? અરે જનમ-જરા-મરણના દુઃખો, બાપુ ચોર્યાશીના અવતાર. આહાહા !

આહીં કરોડોપતિ હોય ને જ્યાં આંખ મીંચાય તો જાય ઢેડગરોળીની કુંખે. આહાહા ! કો પોપટભાઈ ! આ અબજોપતિ હોય અબજોપતિ હમણાં મરી ન ગયો તે શાંતિલાલ ખુશાલ, ગોવા, ગોવા, દશાશ્રીમાળી વાણિયા નહિં બે અબજને ચાલીસ કરોડ બે અબજને એટલે ૨૪૦ કરોડ. ધૂળના ઢગલા જડના. હેં ? એ જડની પર્યાયને આત્માની દશામાં અત્યંત અભાવ છે, એ આહીં તો એમ કહેવું છે કે અત્યંત જેનો અભાવ એને જાણવામાં રોકાણું જ્ઞાન એમ કહેવું છે ! એમ કહેવું છે. આહાહા ! સમજાણું કાંઈ ? જેની વચ્ચે અત્યંત અભાવ છે, આ બે આંગળીઓ છે કે નહીં જુઓ તો આમાં આનો અભાવ છે, આનો આમાં અભાવ છે, નહીંતર બે સ્વતંત્ર રહી શકશે નહીં. પોતે પોતાથી રહેલ છે, અને આ આંગળીથી રહેલ નથી, જો એનાથી રહેલ હોય તો આ આંગળી તૂટતાં આ પણ તૂટી જવી જોઈએ. એમ આત્મા, પોતાના સ્વભાવના અસ્તિત્વથી રહેલ છે, એ પરના અસ્તિત્વથી ને રાગના અસ્તિત્વથી રહ્યો છે એમ એ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? જ્યારે આ બધા બાયડી, છોકરા, કુટુંબ, વિવાહ કરનારા છોકરાઓ પોપટભાઈ, તમારે છ છ છોકરા, ખમ્મા ખમ્મા કરે આમ, ઓલુ ગાંડુ થતું ત્યારે તો કોઈ નહોતું આવું કરતું કાંઈ. આહાહા !

અરે દુનિયા ! જેને જોવો, તેને જોતો નથી. જે ચીજ તારામાં છે, તેને તું જોતો નથી ને જે તારામાં નથી તેને જોવા રોકાયેલો, ભાષા વાપરી જુઓને ? આહાહા ! ઈ બહિરાત્મા છે. સમજાણું કાંઈ ? બહિર વસ્તુને તું જાણવાં રોકાણો એને બહિરાત્મા કહે છે, મૂંઢ મિથ્યાદ્રષ્ટિ અજ્ઞાનીમૂંઢ છે, આહાહા ! આ બધા એલ.એલ.બી.ના પૂંછડા વળગાડયા હોય ને એમ.એ.ના, ને આ વકીલો ને બધા મોટા. આહાહા ! કહે છે પ્રભુ, એકવાર સાંભળ શાંતિથી ભગવાન ! તારી ચીજની અંદર હૈયાતી વાળો પદાર્થ અને જેમાં એ ચીજ નથી અને એ ચીજમાં તું નથી. બરાબર છે ? આ શરીર માટી છે આ તો જડ છે માટી ધૂળ છે આમાં આત્મા છે ? અને આત્મામાં શરીર છે ? આત્મા આ તો આત્મા ચૈતન્યમૂર્તિ અને આ તો જડરૂપ છે, એમ બાયડી, છોકરા, કુટુંબ, દેહ એમાં આ આત્મા છે ત્યાં ? ને એ

આત્માના છે ઇ? અને એને લઈને આત્મા રહેલો છે? આહાહા! એવો જે આત્મા આ તો પહેલી ભાષામાં એવું નાંખ્યુ ને કે આત્મજ્ઞાનથી પરાઙ્મુખ છે, આ શું કહે છે ઈ? પરને જાણવાના જ્ઞાનમાં રોકાયેલો આત્મજ્ઞાનથી પરાઙ્મુખ છે આહાહા!

આ સમાધિશતક ચલતે હૈ ભૈયા, સમાધિશતક હૈ, પૂજ્યપાદસ્વામીકા હૈ. જીણોરવાળા આયા છે બધા વિનંતી કરવા ઓલાં, શ્રદ્ધાવાળા જીજ્ઞાસુ છે. એનાં પંડિત વાંચે, બોલે, એના ઉપર નહીં, મારગ આ છે બાપુ! આમાં પંડિતો શું કરે? ભણી ભણીને પંડિત, પંડયા પંડયા ફોતરા ખંડયા ફોતરા. આહાહા! ભગવાન ચિદાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, જેની પૂરણ શક્તિઓ એક-એક એવું પૂરણરૂપ જેનું એના જ્ઞાનથી પરાઙ્મુખ થઈને. આહાહા! જે એમાં નથી તેના જ્ઞાનમાં જાણવામાં રોકાયેલો આહાહા! એને બહિરઆત્મા, અંતરાત્મા જે પડયો રહ્યો એને એ બહિરાત્મા, મૂંઢ, અજ્ઞાની, ચારગતિમાં રખડનારો. આહાહા! ચાહે તો રાજા હોયને ચાહે તો મહંત હોય ને ચાહે તો કાશીના ભણેલા મોટા પંડિત હોય. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! સંતો, દિગંબર મુનિઓની શી વાતું? આહાહા! એક-એક પદમાં કેટલું ગંભીરપણું? કેટલું રહસ્યભર્યું છે? વાત કરે છે સાધારણ આમ, એ બહિરાત્મા ઈન્દ્રિય દ્વારા પરપદાર્થને જાણે છે એટલું એ આત્મજ્ઞાનથી પરાઙ્મુખ છે.

આ તો મંત્રો છે ભગવાન, આ તો સંતોના મંત્રો છે. સમજાણું કાંઈ? આહાહા ! તે જ્ઞાનથી બહિર્ભૂત જીવ-સ્વરૂપના જ્ઞાનથી બહિર્ભૂત, ઓલું પરાઙ્મુખ કર્યું'તું ઓલામાં વંચિત કર્યું ભાઇ અર્થમાં, પરાઙ્મુખ, વંચિત કર્યું'તું આહીં બહિર્ભૂત કર્યું છે એને એટલે કે આ ઈન્દ્રિયદ્વારા અરે! ત્રણ લોકના નાથને જાણવાં રોકાય, એ જ્ઞાન પણ બહિર્મુખ બહાર છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! ભારે વાતું આકરી! આ કાંઈ વાદવિવાદે પાર પડે એવું નથી કાંઈ. હેં? અંતરનો વિષય જ્યાં, આહાહા!

અરે, એને સાંભળવા મળે નહિં, અને આ જગતની ચીજો ઉંધી એને બધું સાંભળવાનું ને (એનું) જાણપણું અને ડાહ્યાનો દીકરો થઈને બેસે વાતું કરવા ત્યારે મલુકચંદભાઈ! ધંધાની વાતું કરવા બેસે તો કેવો હોંશિયાર? નહોતું કહ્યું એક ફેરે, કોલાબા કોલાબા ગ્યા'તાંને મુંબઈ. આહાહા! ઘડાઘડી, એ ચોસઠની (૬૪) ની સાલની વાત છે ચોસઠ (૬૪) ની સાલમાં દુકાનથી માલ લેવા ગયેલા પાલેજથી, ચોસઠમાં વરસ અઢાર વરસની ઉંમરે, ત્યાં ઓલા સવારે જોવા ગયો તો, મેં કીધું હાલોને શું કરે છે આ બધા સટ્ટાવાળા સટોડિયા એક મારવાડી છોકરો લીધા, દીધા, લીધા, દીધા કરતો'તો

અરે ભાઈ! આહાહા! ત્યાં કોલાબામાં આવે છે ને? આ ઓલો શું કહેવાય ભાઈ, ફોરેન હેં? અમેરિકાનો ભાવ આવે છે ત્યાં ગયા તો ચોસઠની સાલમાં જોવા, મેં કીધું આ શું કરે છે આ? લેય, લ્યો, મગજ ફાટી ગયેલા માણા મૂર્ખા મોટા પણ હોં! એય, એય એવું હશે? તમારા છોકરા ઘણા છે ને, લેવા ગ્યા છે ને આમ દૂધ પીધું'તું ને ત્યાં તમે હતા? એના ત્યાં દૂધ પીધું'તું પછી ઓલી નવી જમીન લીધી છે ને પાંચસો વારની, પાંચસો રૂપિયાની એકવાર, પંદરસોવાર? પંદરસોવાર લીધી છે. આંહી બંગલો બનાવવો છે. પાંચ કરોડ રૂપિયા નાંખવા હશે કાંઇક લાખ બે લાખ. આહાહા! એમાં તો આમ અંદરથી મહારાજ પગલાં કરો, શું છે કીધું આ? એટલે આ બંગલો સારો થાય ને અમે સુખી થઈએ. અરેરે!

બાપુ, તારું તત્ત્વ રાખવું છે ઠીક કે બહારનું રાખવું છે ઠીક! આહાહા! બહારનું ઠીક રાખવા મથે છે તે મૂંઢ બહિરાત્મા છે. અંદરનું ઠીક રાખવું ત્યાં ટળી જાય છે વંચિત થઈ જાય છે ઠગાઈ જાય છે. આહાહા! મલુકચંદભાઈ, આવી વાતું? ઈ તો કહે કાંઇક દયા પાળવી, દાન દેવા, ભૂખ્યાને આહાર દેવા, તરસ્યાને પાણી દેવા, રોગીને આહાર ઔષધ દેવા, ઠામ ન હોય એને ઓટલા બંધાવીને કાંઈક ધર્મશાળાઓ બનાવીને કરવું કપડાં દેવા, અરે ભગવાન! સાંભળ તો ખરો. એ બાહ્ય પદાર્થો દેવા લેવાનો તો તારો અધિકાર છે નહિં. આહાહા! એ તો સ્વતંત્ર તત્ત્વ છે પણ આંહી તો એટલું કે છે પ્રભુ. આહાહા! કે બાહ્ય પદાર્થ ને જ્ઞાન એ બાજુ ઢળીને એને જોવા રોકાય ત્યારે ભગવાન આત્માને જોવાનું બંધ થઇ ગ્યું ત્યાંથી તો. આહાહા! એય શાંતિભાઈ, માળા આવું શું હશે? આવું તત્ત્વ! પકડાય એવું છે.! કાંઈ સમજાય એવું છે! અરે ભગવાન! બધા કેવળજ્ઞાન પામીને, અનંતા મોક્ષે ગ્યાં. આહાહા!

ભાઈ, તને તારી ચીજ ન જણાય એમ કેમ હોય? કારણ કે એમાં એક પ્રમેયત્વ નામનો ગુણ છે જ્ઞેય થવાનો ગુણ છે જ્ઞાનમાં જ્ઞેય જણાય એને જાણવું મૂકી દઈને પર પ્રમેય જે છે, આહાહા! સમજાણું કાંઈ? પોતામાં એક પ્રમેયત્વ, જ્ઞેયશક્તિ છે કે નહિં? કે જે જ્ઞાન દ્વારા સ્વને પ્રમેય કરવો જોઈએ એટલે આત્મજ્ઞાન એને મૂકી દઈને, તે જ્ઞાનદ્વારા બહારનું જાણપણું કર્યું એ બહિર્ભૂત તત્ત્વ છે. આહાહા! બહારનું જાણવું એ બહિર્ભૂત તત્ત્વ છે, અંતર્ભૂત તત્ત્વ નથી. જાણવું, તો જાણવાની માંડી છે. આહાહા! ભગવાન આકરું પડે એવું છે હોં! જેણે સાંભળ્યું ન હોય, ને પચાસ-પચાસ, સાઈઠ વરસ (૫૦-૬૦) કાઢયા હોય મૂંઢપણામાં અને એને આવી વાત આવે તો શું છે આ? ગાંડા લાગે છે? વાત તો સાચી છે! આહાહા!

**'જગતડાં કહે છે રે ભગતડાં કાલા છે**
**જગતડા કહે છે રે ભગતડાં ઘેલાં છે,**
**પણ ઘેલાં ન જાણશો રે, વસ્તુમાં એ પહેલાં છે'**

આહાહા! સમજાણું કાંઈ? આહાહા! એ પોપટભાઈ! પાણી ઉતરી જાય એવું છે આ તો બધું. હેં? વાત સાચી છે. આહાહા!

આહા! આ ચૈતન વસ્તુ છે ને આત્મતત્ત્વ, એને જાણવાથી વંચિત થયેલો એના જાણવાથી પરાઙ્મુખ આમ પરાઙ્મુખ એટલે આત્માને જાણવો જોઈએ એને મૂકીને, પરાઙ્મુખ એનાથી ઉલટી ચીજો જે બહારની છે. આહાહા! એમાં જાણવા જ્ઞાનની પર્યાય રોકાણી અને જેને જાણવામાં રોકાણી તેના અસ્તિત્વને પોતાનું છે એમ એણે માન્યું. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! તે એવો થયેલો બહિરાત્મા શું કરે છે? પોતાના દેહને આત્મારૂપે માને છે, એનો અર્થ ઇ કે ચૈતન આનંદનો નાથ પ્રભુ ધ્રુવ અનાદિ અનંત શાશ્વત વસ્તુ એનું જ્ઞાન ભૂલી જઈને એના તરફનું વલણ છોડી દઈને આનું જ્ઞાન કરવું જોઈએ કે, હું કોણ છું? એનું જ્ઞાન ન કરતાં આહાહા! પરના જાણપણામાં રોકાણો એ બહિર્ભૂત દેહને જ આત્મા માને છે. એટલે કે આ ચૈતન્ય જેમાં નથી, આહાહા! આ ચૈતન્ય ત્રિલોકનાથ સચ્ચિદાનંદ પ્રભુ **पूर्णम् ईदम् आत्मा** એ જેમાં નથી તેને પોતાનો માને તો એનો અર્થ દેહને જ એ આત્મા માને છે. આહાહા! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? તો વિસામાનું વાક્ય છે. આહાહા!

એ પોતાનું શરીર તે જ હું છું, એનો અર્થ કે જે આ અસ્તિત્વ જે જાણપણું થાય છે પરનું એ બધું તે હું છું! આહાહા! એવી મિથ્યા માન્યતા કરે છે. આહાહા! એવી જૂઠી શ્રદ્ધા અસત્ય શ્રદ્ધા જૂઠાણને એ સેવે છે. સત્યનું સેવન એણે છોડી દીધું. આહાહા! સમજાણું કાંઈ?

**ભાવાર્થ** : આ તો ટીકા થઈ. બહિરાત્મા, ઈન્દ્રિયોદ્વારા જે બાહ્ય મૂર્તિક પદાર્થો ગ્રહણ કરે છે ઈન્દ્રિયદ્વાર તો મૂર્તિક જણાય છે ને? ઈન્દ્રિય દ્વારા એટલે આંહી પછી એને જ દેહ કહી દીધો. આહાહા! બાહ્ય મૂર્તિક પદાર્થો ગ્રહણ કરે છે. આહાહા! આંખ દ્વારા, કાન દ્વારા તો આ મૂર્તિક પદાર્થ છે ઈ જણાય કે આંખ ને કાન દ્વારા કાંઈ આત્મા જણાય? આહાહા! ઈન્દ્રિયાતીત મનાતીત વિકલ્પાતીત પ્રભુ આત્મા અંદર. આહાહા! એને જોવા જાણવાં કોઈ દિ' એણે પ્રયત્ન કર્યો નહીં! અને બાહ્યના પદાર્થમાં રોકાઈ ગયો જોવા. આહાહા! આ બધા જુઓને આ નથી મોટા શું, હાય હાય શું ફરવા નીકળે છે ને ભાઈ? હેં? શું કીધું

આ ? હેં ? દેશાટન. આહાહા ! તમારો મનોજ નહોતો આવ્યો આંહી સુરત, સુરતથી કે દેશાટન કરવા જાવું છે. પચ્ચીસ-ત્રીસ લાખ રૂપિયા થ્યા નહીં તો એના બાપની સાત પેઢીમાંય ક્યાંય નહોતા. આહાહા ! પણ એલાં તને નિવૃત્તી મળી નહીં સાંભળવાની કીધું અને આ રખડવાનું ? પણ પૈસા ભરી દીધા હશે કાંઈક ? વેલજીભાઈનો દીકરો, સુરત, શું કહેવાય એ દેશાટન રખડવાનો આ દેશ-દેશાવર દેશદેશાંતર જોવો છે હેં ? ધંધા માટે નહીં, આ તો જોવા સાટું આ તો જોવા, ધંધા તો એના ચાલે છે સારા, સુરતમાં દુકાન બે મોટી, બે છોકરાઓ, બધું સમજવા જેવું છે, બધાને લાખ-લાખ, બે બે લાખ, ત્રણ લાખની પેદાશ છે. એય ! તમારી વાત નથી હોં ! તમારો છોકરો આમ બે - ત્રણ લાખે કામ ન આવે આમાં, એને પાંચ કરોડ રૂપિયા છે માટે વધારે પેદાશ હશે, પેદાશ વધારે હશે. પેદાશ વધારે થાતી હશે પાપની. આહાહા !

કહે છે કે એ ઈન્દ્રિયદ્વારા બાહ્ય મૂર્તિક પદાર્થોને જાણે છે. ગ્રહણ કરવાનો અર્થ જાણે છે, પકડવું ક્યાં ? પકડે શું ? જડ પકડાય આત્મામાં ? શરીર પકડાય જાય છે ? એ સંબંધીનું જ્ઞાન જાણે છે. આ શરીરનું, વાણીનું પૈસાનું, બાયડીનું, છોકરાનું, કુટુંબનું, જે ચીજ પર છે જે ચીજમાં પોતે નથી ને જે ચીજ પોતે છે તેમાં એ ચીજ નથી. લોજીકથી તો વાત હાલે છે ભાઈ ! આ આંહી. હેં ? એને તો સાદી ભાષા છે ભાવ ભલે ઉંચા હોય, પણ ભાષામાં કાંઈ બહુ મોટપ નથી. બહુ ઝીણું આ સંસ્કૃતને વ્યાકરણને ફલાણું ને ઢીકણું. આહાહા ! ભગવાન તું તો સરળ સીધો છે પણ હવે એણે મૂકી દીધું ખબર ન મળે. આહાહા ! બાહ્યમૂર્તિક પદાર્થોનું જાણવું કરે છે તેને મોહવશાત્ પોતાના માને છે. જે જ્ઞાનમાં ચીજ જણાણીને એ મારા છે એમ માને છે. આહાહા ! સો દીકરા હોયને આમ લાઈનસર એનો એક દીકરો હોય બીજાનો દીકરા ૯૯ (નવ્વાણુ) હારબંધ ઉભા હોય હવે આમ ખરેખર તો જોવે છે ને જાણે છે, છે એમ ? ખરું, એમાં, આ મારો ? એમ ક્યાંથી આવ્યું ?

**શ્રોતા** : એના ઘરે જન્મયો છે એટલે.

**પૂ. ગુરુદેવ** : ક્યાં ઘર એનું હતું ?

એ સો (૧૦૦) ની આમ લાઈન ઉભી હોય, એ ખરેખર તો જેમ બીજાને નવ્વાણુંને (૯૯) જાણે છે એમ એનેય જાણે છે બાહ્ય તરીકે. હેં ! પણ એમ જાણતાં એને આ મારો દીકરો ! તું ચૈતન્ય બાપુ ! ક્યાંથી આવ્યું આવું, ક્યાંથી કાઢયું ? તે જાણવામાં તો સો એ જ્ઞેય તરીકે જાણતો'તો. આત્માનો સ્વભાવ જાણવાનો છે તો જ્ઞેય તરીકે જાણતો'તો, એમાં વળી આ મારો એમ ક્યાંથી આવ્યું ? એ મિથ્યાભ્રમ અજ્ઞાનીનો મૂઢતાના ભાવમાં ઈ

આ મારો છે એમ એણે માન્યું છે. હેં ? એય, પોપટભાઈ ? ન્યાં એના. એના દીકરા લઈ આવ્યા છે ને આ બધા અક્ષરોને હસમુખ, હસમુખ, ગ્યો'તો ને ઈટાલી. ઈટાલીથી સંચો લાવ્યો'તો હિન્દુસ્તાનમાં પહેલો વહેલો. સંચાથી આ અક્ષર થ્યાં'તા ઈ ઈ લાવ્યો'તો એમનો દીકરો મોટો. છ છોકરા છે ને ? ત્યાં રહેતાંને વીસ હજારનો ખરચ થ્યો'તો. પંદર હજારનાં પાઈપ, ઓગણત્રીસ હજારનું મશીન, ઓગણસિત્તેર હજારનું પડ્યું છે આપણને અહીં. આ એના છોકરા કો સાચે હાટુ થ્યું લાવ્યો ઈ. (**શ્રોતા** : હમણાં ના પાડશો)

એ વખતે બાહ્ય પદાર્થને જાણવાનું જ્ઞાન, આ છે ને આ આવશે ને આ સોનગઢ આવશે એટલું પણ એના બહારના જ્ઞાનમાં રોકાતાં સ્વનું જ્ઞાનથી તો વંચિત થઈ ગ્યું. આહાહા ! ગજબ વાત છે બાપા, આ તો એક દાખલો હોં ! બીજા બધાને એમ હાલે છે ને. આહાહા ! ઓહ !

તેને મોહવશાત્ પોતાના માને છે તેને અંદરના આત્મ તત્ત્વનું કાંઈપણ જ્ઞાન નથી. આહાહા ! આ બહિર અને અંતર વસ્તુ શું છે ? એની એને કાંઈ ખબર નથી. આહાહા ! તેથી તે પોતાના શરીરને જ આત્મા સમજે છે, એટલે એ બાહ્ય ચીજને જ પોતાની માને છે ! શરીર, મન ને વાણીની ક્રિયા, જુઓ, હવે થોડું લાંબુ લીધુ છે આ શરીરની ક્રિયા આમ આમ થાય એ મારી કારણ કે એના જ્ઞાનમાં એ આવ્યું છે પોતે છે એને જાણવામાં જ્ઞાન નથી, અને આ હાલવાની ક્રિયા થાય, ખાવાની ક્રિયા થાય, બોલવાની ક્રિયા થાય, એ બધી મારી, જડની ક્રિયા મારી. આહાહા ! હેં ? નામું લખવામાં હોંશિયાર હોય ને, એ તો જડની ક્રિયા છે કલમ જડ છે અક્ષર જડ છે એ અક્ષરના વળાંક કરે છે એ જડના છે આંહી તો એટલું કહેવું છે કે, એ જે બાહ્ય પદાર્થનું જ્યાં વલણ છે જોવાનું એને એ જાણવામાં આવતાં, એને એ, મને જાણવામાં આવ્યા એ ચીજ મારી ન હોય તો જાણવામાં કેમ (ન) આવે ? કેમ, કેમ આવે ? આહાહા !

એ મારી ચીજ છે એમ એણે માની, અક્ષરો મેં લખ્યાં, નામાં મોતીના દાણા જેવા નથી કહેતાં બધાં ? હોંશિયાર માણસ હોય ને તો કહે મોતીના દાણા જેવા અક્ષર લખાય. ગોળ-મરોડ, ગોળ-મરોડ. આહાહા ! સાંભળને હવે ! ગોળ મરોડ તો જડની ક્રિયા છે, એને જાણવા રોકાયો ત્યાં માન્યું કે આ મારાં છે, મારા અક્ષર છે, એ મારા અક્ષર છે જુઓ. આહાહા ! આ કાગળમાં નથી, સહુના અક્ષરો જુદી-જુદી જાતના નામ ન લખ્યું હોય તો એ અક્ષરો દ્વારા ઓળખાય કે આ અક્ષર આના છે આ અક્ષર આના છે, હેં ? છોકરાના અક્ષર હોય, બાયડીના અક્ષર હોય, ધણીના અક્ષર હોય, એમાં ધણી હોંશિયાર હોય, ધણા ધણી ઢબ હોય, પણ એ તો જડ શબ્દો છે. આહાહા !

એને જાણતાં પોતે મૂર્તને જ પોતાનું માને છે. અરે ! ખરેખર તો બાહ્ય પદાર્થને જાણવાનું જ્ઞાન જ મૂર્ત છે. મૂર્ત નું નિમિત્ત છે તેનું જ્ઞાન તે મૂર્ત છે આ. પ્રવચનસારમાં આવે છે ને ? સમજાણું કાંઈ ? કહો આવી વાત છે ! આવી વાત શું આ ! બાપુ મારગ તો આવો ભાઈ ! તને ન બેસે, એથી કાંઈ વિપરીત છે, એમ ન માનીશ. મારગનું સ્વરૂપ જ આવું છે ! તારી પરીક્ષા જ્યારે દેવી હોય તો આ રીતે પરીક્ષા દેવાશે ! સમજાણું કાંઈ ? આહાહા ! આત્મતત્ત્વનો, અંદરના આત્મતત્ત્વનો આ બહારનું આમ જાણવામાં રોકાણો. આહાહા !

એમાં અત્યારે તો આહીં થાય છે ને તમારે શું ? કારખાના બહુ અત્યારે હેં ? પચ્ચીસ હજાર છવ્વીસ હજારનું કારખાનું ખોલ્યું છે. બહું સાંભળીએ છીએ વડોદરામાં કારખાનાં, મુંબઈમાં કારખાનાં, તમારે થયું તું કાંઈક અમદાવાદમાં નહિં, કોઈક કહેતું'તું હેં મુંબઈ, અમદાવાદ આવ્યા છે ને છોકરાઓ જોવા આવ્યા'તાં અહિં કારખાનું કર્યું છે જુઓ. આ પૈસા થ્યાં તે નાંખવા ક્યાં ? એ પચાસ હજાર અહીં નાંખો, લાખ બે લાખ અહીં નાંખો, કહો મનુભાઈ એનેય કારખાનું છે કે નહીં ક્યાંક હેં ? ચશ્માની ફ્રેમનું કારખાનું લ્યો ? એ તો બહુ સાંભળ્યું'તું મુંબઈમાં. આહાહા ! આ અમારે આ ભુપેન્દ્ર, એનું કારખાનું છે ને આ કાંચનું ભુપેન્દ્ર હમણાં આવ્યા ત્યારે લઈ ગયો તો ઓલો કિશોર લઈ ગયો તો ત્યાં એ રંગને ધમાલ ધમાલ હતી ભુપેન્દ્ર પાંહે કિશોર લઈ ગયો તો. અરે ! ધૂળ છે આ બધું. આહાહા ! પૈસા પેદા થશે ને ખૂબ, ઘણી ખમ્મા, એ માને કે આપણે કાંઈક કમાઈએ છે અને આપણે કાંઈક વધ્યા છીએ પરના જાણવામાં રોકાયલું જ્ઞાનમાં વધ્યો એ મૂઢ છે !

પર મારા માન્યા એમાં રોકાણો એ મૂઢ છે એમ કહે છે. અરે ! વર છોડીને જાન જોડી દીધી. એ જાનને જાન ન કહેવાય, એ તો માણસના ટોળા કહેવાય. વર હોય તો માણસના ટોળાને જાન જાન કહેવાય. એમ આત્મનું જ્ઞાન જો હોય તો, પરનું જ્ઞાન વહેવારે છે, એમ કહેવામાં આવે છે ! પણ જ્યાં આત્માનું જ્ઞાન નથી ને એકલું પરનું જ્ઞાન, એ વર વિનાની જાન જોડી, એ જાન ન કહેવાય એને હેં ? એ ટોળા માણસનાં ભેગા થયા એમ કહેવાય. આહાહા ! સમજાણું કાંઈ ? વસ્તુ એવી છે ભાઈ ! આહાહા !

એને ગુલાંટ ખાધા વિના તત્ત્વ હાથ આવે એવું નથી. હેં ? એવી વાત છે. જે દશા બાહ્યમાં વળેલી છે એમ હોય છે એમ બતાવવા એ દશાને અંદર વાળ્યાં વિના સમ્યગ્જ્ઞાન નહીં થાય એને. આહાહા ! એમ કરીને આ તો બીજી રીતે વાત કરી છે, આમ વળેલી છે ! સ્વસન્મુખથી વિમુખ થઈ ગયેલી છે અને પરથી સન્મુખતા છે એને વિમુખ બનાવીને સ્વસન્મુખ કરવું એનું નામ સમ્યગ્જ્ઞાન ને ધરમની દશા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એને પોતાના શરીર સમજે છે અથવા શરીર આ જડ, માટી ધૂળ, મન,

અહિં મન વિચારવામાં નિમિત્ત છે એ અને વાણી આ જડ અવાજ ઉઠે છે એ જડનો છે. એ આત્માનો નહિં આત્મામાં નહિં આત્માથી નહિં. આરે આ! એ વાણીની ક્રિયા ક્રિયા એટલે બદલવું, પરિણતિ થઇ ભાષા છે ને, જે જડની ક્રિયા છે તેને પોતે કરી શકે છે તેને પોતે કરી શકે છે, એમ માનનાર તેનો સ્વામી છે એમ માને છે! આહાહા! પછી જાણવામાં રોકાયેલા જ્ઞાનની જ વાત કરે છે. આહાહા!

વાણી આ છે જડ છે આ તો, અવાજ ધૂળ છે. આહાહા! ઇ આમાં ઉતરે છે તે જડ ઉતરે કે ચૈતન્ય ઉતરે? એ કાંઈ ઉતરતું નથી આ તો કાંઇ નિમિત્ત છે ત્યાં ભૂલ થાય છે. આહાહા! એ વાણીની મનની ક્રિયા જડની ક્રિયા તેને પોતે કરી શકે છે અને તેનો પોતે ધણી છે એમ માને છે એ આત્મતત્વના ભાનથી ભૂલી ગયેલા છે. આહાહા! પોતાની જાતને ભૂલી અને પરજાતની ક્રિયાને પોતાના માનીને રખડી રહ્યો છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? જીવ ત્રિકાળીજ્ઞાનસ્વરૂપ છે, ભગવાન તો ચૈતન્ય સ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ પ્રજ્ઞાબ્રહ્મ પ્રજ્ઞા ને બ્રહ્મ નામ આનંદ, એ જ્ઞાનને આનંદ નો કંદ આત્મા છે. આહાહા! એ બહારની ચીજ ને જાણતાં તેને હરખ આવે છે એ બહારમાં એણે આનંદ માન્યો ઓલો આનંદ રહી ગયો અંદર! સમજાણું કાંઈ?

ક્હે છે ત્રિકાળીજ્ઞાન, અહીં એક સમયની પર્યાયવાળું નથી લેવું આહીં આખું લેવું છે ત્રિકાળીજ્ઞાનસ્વરૂપ છે, વસ્તુ ત્રિકાળ છે નિત્ય છે અવિનાશી પ્રભુ આત્મા છે આત્મા નવો થતો નથી, આત્મા નાશ પામતો નથી અને અવિનાશી ભગવાન આત્મા છે એ ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે. એનું સ્વરૂપ જ્ઞાન છે એમ કહે છે ત્રિકાળી છે પણ એનું સ્વરૂપ જ્ઞાન છે. જાણવું, જાણવું, જાણવું પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે. આહાહા! તેને બહિરાત્મા અજ્ઞાનવશ જાણતો નથી જોયું? આહાહા! ત્રિકાળીશાશ્વતજ્ઞાનસ્વરૂપ છે તેને જાણતો નથી, તેના પરિચયમાં તેનામાં આવતો નથી અંદર વસ્તુમાં. આહાહા! અજ્ઞાનવશ જાણતો નથી અને બાહ્ય ઈન્દ્રિયગોચર પદાર્થો જે ઈન્દ્રિયગમ્ય જાણવા લાયક પદાર્થો આ માટી, જડ, ધૂળ, શરીર, વાણી, સત્તા, પૈસા, આબરુ બધું આહાહા! જે માત્ર જ્ઞેયરૂપ છે, જે માત્ર પરજ્ઞેયરૂપ છે તેમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરી આ મને ઠીક છે આ મને અઠીક છે જાણવા લાયક જ એ તો છે. જણાવાલાયક જ્ઞેયો છે, જ્ઞાનમાં જાણવા બસ, એમાં બે ભાગ કેમ પાડયા કહે છે? એ પદાર્થો જાણવાલાયક આ જ્ઞાન જાણે પોતામાં રહીને એને ઠેકાણે જાણવાલાયક પદાર્થના બે ભાગ પાડયા તે કે આ ઈષ્ટ છે ને આ અનિષ્ટ છે, એ બુદ્ધિ મિથ્યાત્વ ને પાખંડ છે, એ તારા આત્મતત્ત્વની તને ખબર નથી.....

વિશેષ કહેશે.....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

નમઃ સિદ્ધેભ્યઃ

: પ્રકાશક :
શ્રી કુંદકુંદ-કહાન સત્ સાહિત્ય પ્રચાર
બોરીવલી